BAOU
Education for all

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

NAAC ACCREDITED A++ GRADE 3.55/4



## બી.એ. / બી.એ. ઓનર્સ - ઈતિહાસ

# HISM-205
# HISMJ/HISMN-301
# આધુનિક વિશ્વનો ઈતિહાસ

( નવજાગૃતિથી રાષ્ટ્રસંઘ સુધી )

# સ્વાધ્યાયનું અજવાળું

ભારતના સંવિધાનના સર્જક, ભારતરત્ન ડૉ. બાબાસાહેબ આંબેડકરની પાવન સ્મૃતિમાં ગરવા ગુજરાતમાં ગુજરાત સરકારશ્રીએ ઈ.સ. ૧૯૯૪માં યુનિવર્સિટી ગ્રાન્ટ કમિશન અને ડિસટન્સ એજ્યુકેશન કાઉન્સિલની માન્યતા મેળવી અમદાવાદમાં ગુજરાતના એકમાત્ર મુક્ત વિશ્વવિદ્યાલય ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની સ્થાપના કરી છે.

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫મી જન્મજયંતિના અવસરે જ ગુજરાત સરકાર દ્વારા યુનિવર્સિટી માટે અદ્યતન સગવડ સાથે, શાંત જગ્યા મેળવી, જ્યોતિર્મય પરિસરનું નિર્માણ કરી આપ્યું. BAOUના સત્તામંડળે પણ યુનિવર્સિટીના આગવા ભવિષ્ય માટે ખૂબ સહયોગ આપ્યો, આપતા રહે છે.

શિક્ષણ એટલે માનવમાં થતું મૂડીરોકાણ, શિક્ષણ લોકસમાજની ગુણવત્તા સુધારવામાં અધિક ફાળો આપી શકે છે. અહીં મને સ્વામી વિવેકાનંદનું શિક્ષણ વિષયક દર્શન યાદ આવે છે : 'જેનાથી ચારીત્ર્ય ઘડતર થાય, માનસિક ક્ષમતાનું નિર્માણ થાય, જેનાથી બૌદ્ધિક વિકાસ સાધી શકાય અને જેના થકી વ્યક્તિ પગભર બની શકે તેને શિક્ષણ કહેવાય.'

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી શિક્ષણમાં આવા ઉમદા વિચારને વરેલી છે. તેથી વિદ્યાર્થીઓને ગુણવત્તાયુક્ત, વ્યવસાયલક્ષી, જીવનલક્ષી, શિક્ષણની સગવડ ઘરે બેઠા મળી રહે એવા પ્રયત્નો મક્કમ બની કરે છે, બહોળા સમાજના લોકોને ઉચ્ચશિક્ષણ પ્રાપ્ત થાય, છેવાડાના માણસોને ઉત્તમ કેળવણી એમના રોજિંદા કામો કરતા પ્રાપ્ત થતી રહે. વ્યવસાયિક લોકોને આગળ ભણતરની ઉત્તમ તક સાંપડે અને જીવનમાં પોતાની ક્ષમતાઓ, કૌશલ્યોને પ્રગટ કરી સારી કારકિર્દી ઘડે, સ્વાવલંબી બની ઉત્તમ જીવન જીવતાં સમાજ અને રાષ્ટ્રનિર્માણમાં પોતાનું પ્રદાન આપે એ માટે પ્રયાસરત છે.

'સ્વાધ્યાય : પરમં તપઃ' સૂત્રને ઓપન યુનિવર્સિટીએ કેન્દ્રમાં રાખીને અહી પ્રવેશ કરતા છાત્રોને સ્વઅધ્યયન માટે સરળતાથી સમજાય એવો ગુણવત્તાલક્ષી શૈક્ષણિક અભ્યાસક્રમ ઉપલબ્ધ કરવી આપે છે. દરેક વિષયની પાયાની સમજણ મળે તેની કાળજી રાખવામાં આવે છે. વિદ્યાર્થીઓને રસ પડે અને રુચિ કેળવાય તેવા પાઠ્યપુસ્તકો નિષ્ણાંત અધ્યાપકો દ્વારા તૈયાર કરવામાં આવે છે. દૂરવર્તી શિક્ષણ પ્રાપ્ત કરવા ખેવના રાખતા કોઈ પણ ઉમરના છાત્રોને માટે અભ્યાસસામગ્રી તૈયાર કરી પુસ્તક સ્વરૂપે છાત્રોના કરકમળોમાં આપે છે. જેનો ઉપયોગ કરીને વિદ્યાર્થી સંતોષપ્રદ અનુભવ કરી શકે છે.

યુનિવર્સિટીના તજજ્ઞ અધ્યાપકો ખૂબ કાળજીથી આ અભ્યાસક્રમોનું લેખન કરે છે. વિષય નિષ્ણાત પ્રોફેસરો દ્વારા એમનું પરામર્શન થયા પછી જ પરિણામલક્ષી અભ્યાસ સામગ્રી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓને 'સ્વાધ્યાય ટેલિવિઝન', સ્વાધ્યાય રેડિયો' જેવા દૂરવર્તી ઉપાદાનો થકી પણ એમના ઘરમાં શિક્ષણ પહોંચાડવાનો પુરુષાર્થ થઈ રહ્યો છે. ઉમદા હેતુ, શ્રેષ્ઠ ધ્યેયને આંબવા પરિશ્રમરત યુનિવર્સિટીના જ્ઞાનની પરબમાં અધ્યાપકો તેમજ કર્મઠ કર્મચારીગણને અભિનંદન અને અમારી યુનિવર્સિટીના વિદ્યાર્થીઓ સફળ થવા ખૂબ મહેનત કરી, જીવન સફળ કરવાની સાથે જીવન સાર્થક કરે એવી પરમેશ્વરને પ્રાથના કરું છું.


**પ્રો.(ડૉ.) અમી ઉપાધ્યાય**

**કુલપતિ**

ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, જ્યોતિર્મય પરિસર સરખેજ-ગાંધીનગર હાઈવે, છારોડી, અમદાવાદ.

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. જગદીશ ચૌધરી* | *પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટસ કોલેજ, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ.હસમુખ પટેલ* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર.એચ.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવાવાડજ, વાડજ* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *શ્રી. ઘનશ્યામ ગઢવી* | *પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી, નિવૃત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.* |
| *ડૉ. હેતલ ગાંધી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી,અમદાવાદ.* |
| *પ્રો. યોગેન્દ્ર પારેખ* | *પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN : 978-93-91468-34-7**

# ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી

(ગુજરાત સરકાર દ્વારા સ્થાપિત)

## બી.એ./ બી.એ. ઓનર્સ- ઈતિહાસ

## HISM -205
## HISMJ/HISMN-301
## આધુનિક વિશ્વનો ઈતિહાસ

(નવજાગૃતિથી રાષ્ટ્રસંઘ સુધી)


**એકમ-1** **01**
નવજાગૃતિ : અર્થ, પરિબળો અને સાહિત્ય, કલા-સ્થાપત્ય તથા વિજ્ઞાન ઉપર તેનો પ્રભાવ

**એકમ-2** **13**
ધર્મસુધારણાઃ અર્થ, પરિબળો અને તેના પરિણામો

**એકમ-3** **24**
ભૌગોલિક શોધખોળોઃ કારણો અને પરિણામો

**એકમ-4** **32**
માર્કો પોલો, કોલંબસ, વાસ્કો-દ-ગામા, હેનરી ધ નેવીગેટર

**એકમ-5** **39**
ઇંગ્લેન્ડમાં ઈ.સ. 1688ની રકતવિહિત ક્રાંતિઃ તેના કારણો અને ઇંગ્લેન્ડના રાજ્ય બંધારણ ઉપર તેનો પ્રભાવ

**એકમ-6** **47**
હક્કનો ખરડો અને તેનું મહત્વ (1668 )

**એકમ-7** **54**
ઈ.સ. 1776નું અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધઃ કારણો,બનાવો,પરિણામો

**એકમ-8** **65**
અમેરિકન ક્રાંતિના નેતાઓ

**એકમ- 9** **75**
ઈ.સ. 1789ની ફ્રાંસ  ક્રાંતિઃ કારણો અને પરિણામો

**એકમ-10** **89**
નેપોલિયન બોનાપાર્ટ

**એકમ-11** **101**
ઔધોગિક ક્રાંતિઃ  કારણો અને અસરો

**એકમ -12** **115**
સમ્રાટ મેઈજીના  સુધારા અને જાપાનનો આધુનિક રાજ્ય તરીકે ઉદભવ

**એકમ -13** **126**
ઈ.સ. 1911ની ચીનની ક્રાંતિ -કારણો અને પરિણામો તથા ડૉ. સુન યાત સેન

**એકમ -14** **141**
ઈ.સ. 1917ની રશિયન ક્રાંતિઃ કારણો અને તેની રશિયા તથા  વિશ્વ ઉપર પ્રભાવ

**એકમ -15** **162**
રશિયન ક્રાંતિના નેતા તરીકે લેનિન

**એકમ--16** **171**
પ્રથમ વિશ્વ યુદ્ધઃ કારણો અને પરિણામો

**એકમ--17** **185**
રાષ્ટ્રસંઘ :  ઉદ્દશો, હેતુઓ,  સિધ્ધિઓ અને નિષ્ફળતા

## વિભાગ-1 નવજાગૃતિ,ધર્મસુધારણા,ભૌગોલિક શોધખોળો

**આધુનિક વિશ્વનો ઈતિહાસ પેપર-5 ના વિભાગ - 1** *નવજાગૃતિ,ધર્મસુધારણા,ભૌગોલિક શોધખોળો કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં નવજાગૃતિ,ધર્મસુધારણા,ભૌગોલિક શોધખોળો તથા જેમણે વિવિધ ખંડોને શોધવામાં અગત્યનુ પ્રદાન કરેલુ છેતેવા સાહસિક યુરોપીય મુસાફરો સુધીની વિસ્તૃત માહિતીને આ વિભાગમાં આવરી લેવામાં આવી છે.*

**એકમ-1** *માં યુરોપમાં થયેલ નવજાગૃતિ તથા તેના પરિબળો,કલા સ્થાપત્ય, વિજ્ઞાન ઉપર તેનો પ્રભાવ લોકોમાં નવુ વિચારવાની શક્તિ,તર્ક કર્યા પછી જ દરેક વસ્તુનો સ્વીકાર અને તેને લીધે યુરોપનો આધુનિક યુગમા પ્રવેશ વગેરેની જાણકારી આપવામાં આવી છે*

**એકમ-2** *માં ખ્રિસ્તી દેવાળોના આડંબરો સામે માર્ટીન લ્યુથરે કરેલુ આંદોલન પોપની સર્વોપરિતા સામેનો મોટો પ્રતિકાર હતો અને તેમાંથી ઉદ્દભવેલ ધર્મસુધારણાનુ આંદોલનની વિગતે ચર્ચા કરવામાં આવી છે*

**એકમ-3** *માં કોન્સ્ટન્ટીનોપલનું પતન,એશિયા અને ભારતમાંથી નિકાસ થતી ચીજવસ્તુઓની અછત વગેરે તથા સોનુ,કીર્તિ અને ધર્મપ્રચાર અને સંસ્થાનવાદી મહત્વાકાંક્ષાએ યુરોપીય મુસાફરોને ભૌગોલિક શોધખોળો માટે પ્રેરિત કર્યા જેની લગતી માહિતી આપવામાં આવી છે*

**એકમ-4** *માં નવા જળમાર્ગની શોધ, માર્કોપોલો, કોલંબસ દ્વારા અમેરિકા ખંડની શોધ,વાસ્કો-દ-ગામાની ભારત આવવા માટેના નવા જળમાર્ગની શોધ અને પોર્ટુગલના રાજકુમાર હેનરી-ધ-નેવીગેટર વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.*

| એકમ – 1 | નવજાગૃતિ :- અર્થ, પરિબળો અને સાહિત્ય, કલા, સ્થાપત્ય તથા વિજ્ઞાન ઉપર તેનો પ્રભાવ |
|---|---|

**રૂપરેખાઃ**

**1.0** ઉદ્દેશો
**1.1** પ્રસ્તાવના
**1.2** નવજાગૃતિ (રેનેસાં) નો અર્થ
**1.3** નવજાગૃતિનાં કારણો :-
  **1.3.1**કોન્સ્ટેન્ટિનોપલનું પતન ઈસ. 1453 (પંદરમી સદી)
  **1.3.2** શહેરોનો વિકાસ
  **1.3.3** ધર્મયુદ્ધો (ક્રુઝેડ્સ)
  **1.3.4** છાપકલાની શોધ (પ્રિન્ટિંગ પ્રેસ)
**1.3.5** ભૌગોલિક શોધખોળો
  (જ્યોગ્રાફિક્લ ડિસ્કવરીઝ)
  **1.3.6** માનવતાવાદનો વિકાસ
  **1.3.7** વ્યાપારનો વધેલો વ્યાપ
  **1.3.8** વૈજ્ઞાનિક ચેતના
  **1.3.9** જ્યોતિર્ધરોનો ફાળો
  **1.3.10** તમારી પ્રગતિ ચકાસો 1
**1.4** નવજાગૃતિનાં પરિણામો
  **1.4.1** ધર્મસુધારણા ( રેફર્મેશન)ને પ્રોત્સાહન
  **1.4.2** ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન
  **1.4.3** પ્રાદેશિક ભાષાઓનો વિકાસ
  **1.4.4** શિક્ષણ સંસ્થાઓ (યુનિવર્સિટીની સ્થાપના)
  **1.4.5** આધુનિક યુગની શરૂઆત
  **1.4.6** સામાજિક આર્થિક પરિવર્તન
  **1.4.7** રાજકીય પરિવર્તન
**1.5** નવજાગૃતિની વિવિધ ક્ષેત્રે અસરો :
  **1.5.1** સાહિત્યક્ષેત્રે અસર
  **1.5.2** કલાના ક્ષેત્રે અસર
  **1.5.3** વિજ્ઞાન પર પડેલી અસરો

**તમારી પ્રગતિ ચકાસો- 2**
**1.6 સારાંશ**
**1.7ચાવીરૂપ શબ્દો**
**1.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**1.9 સંદર્ભસૂચી**

**વ્યાખ્યા :-**

*"નવજાગૃતિ એટલે મધ્ય યુગના અંધકાર યુગમાંથી અર્વાચીન યુગની ઉષા તરફ પ્રયાણ"*
**- પંડિત જવાહરલાલ નહેરુ**

*"પુનર્જાગરણ પાશ્ચાત્ય દેશોંકી જાતિયોં કી ઉન પરિવર્તન મનોવૃતિયોં કા દ્યોતક હૈ; જો મધ્યયુગ ઔર આધુનિક યુગ મેં સમન્વય સ્થાપિત કરતા હૈ"*

## 1.0 ઉદ્દેશો

*આ એકમમાં યુરોપમાં મધ્યયુગના અંતમાં થયેલ નવજાગૃતિ* (Renaissance) *નાં સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે. નવજાગૃતિથી યુરોપમાં ચેતના ઊભી થઈ. આ ઘટનાએ યુરોપને મધ્યયુગમાથી આધુનિક યુગમાં પ્રવેશ કરાવ્યો, તે સમજાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ એકમનોઅભ્યાસ કર્યા બાદ નીચેની બાબતોની જાણકારી મળશે.*

- *યુરોપમાં મધ્યયુગની સ્થિતિ*
- *સમાજ પર ધર્મની મજબૂત પકડ*
- *જડતા, અંધશ્રદ્ધા, વહેમોમાંથી યુરોપીય સમાજની મુક્તિ*
- *નવજાગૃતિના જવાબદાર કારણો – પરિણામો*
- *સાહિત્ય, કલા, વિજ્ઞાન પર નવજાગૃતિની અસરો.*

## 1.1 પ્રસ્તાવના

*ચૌદમી થી સોળમી સદી દરમિયાન યુરોપમાં એક મહાન બનાવ બન્યો. જેણે સમગ્ર દુનિયાનું ધ્યાન ખેચ્યું. જડ અને સ્થગિત થયેલાં યુરોપને ચેતનવંતુ બનાવ્યું તથા યુરોપમાં આધુનિક યુગનો પ્રારંભ થયો. આ ઘટના નવજાગૃતિના નામે ઓળખાય છે. યુરોપને ધર્મના વધુ પડતા પ્રભાવમાંથી મહદઅંશે મુક્ત કરવાનું કામ નવજાગૃતિએ કર્યું. આ ઘટનાએ પૂર્વ યુરોપમાં નૈતિક અને બૌદ્ધિક જડતાનો પ્રભાવ હતો, નવજાગૃતિએ તેના મૂળમાં ઘા કર્યો. આ ઘટનાથી યુરોપમાં સામાજિક ધાર્મિક, રાજકીય, આર્થિક અને સાંસ્કૃતિક એમ માનવ જીવનને સ્પર્શતાં તમામ પાસાઓને અસર કરી. ભૌતિકવાદે માનવતાવાદને પ્રોત્સાહન આપ્યું. આ સમયને ઈતિહાસમાં 'રેનેસાંયુગ' તરીકે ઓળખવામાં આવે છે.*

## 1.2 નવજાગૃતિ (રેનેસાં) નો અર્થ

*રેનેસાં* (Renaissance) *ફ્રેંચ ભાષાનો શબ્દ છે. જેનો અર્થ 'પુનઃજન્મ' થાય છે. અંગ્રેજી ભાષામાં 'પુનઃ જાગરણ' એવો અર્થ થાય છે.*

*ઈતિહાસકાર સ્વેનના* (Swain) *ના મતે "મધ્યયુગનાં અંતમાં થયેલ બૌદ્ધિક વિકાસને સામૂહિકરૂપે પુનઃજાગરણ (નવજાગૃતિ) કહી શકાય.*

- *નવી દુનિયા અને નવા યુગનું સર્જન એટલે નવજાગૃતિ*
- *નવજાગૃતિ એટલે ધર્મની પકડમાંથી સાહિત્ય, કલા, વિજ્ઞાનને મળેલી મુક્તિ" આધુનિક યુરોપના મધ્યયુગ અને આધુનિક યુગ વચ્ચેનો સંક્રાંતિકાળ એટલે નવજાગૃતિ.*
- *સાહિત્ય, કલા-સ્થાપત્ય, વિજ્ઞાન અને પ્રાદેશિક ભાષાના વિકાસને નવજાગૃતિ કહી શકાય.*

## 1.3 નવજાગૃતિનાં કારણો

### 1.3.1 કોન્સ્ટેન્ટિનોપલનું પતન ઇ.સ. 1453 (પંદરમી સદી)

*બાયઝેન્ટાઈન* (Byzantine) *સામ્રાજ્યની રાજધાની કોન્સ્ટેન્ટિનોપલ મહંમદ બીજાએ (તુર્ક) જીતી લીધી* (*ઈ.સ.*1453) *કોન્સ્ટેન્ટિનોપલવિદ્વાનોઅને કલાકારોનું કેન્દ્ર હતું. તુર્કો ક્રૂર અને આક્રમક હતાં. તુર્કોએ ત્યાં ખ્રિસ્તીઓ પર અમાનુષી અત્યાચારો શરૂ કર્યા. છેવટે તેમણે સ્થળાંતર કર્યું અને ઈટાલીમા જઈને વસ્યા. સ્થળાંતર વખતે પોતાની સાથે પ્રાચીન ગ્રીક – રોમન સંસ્કૃતિના ગ્રંથો લઇ ગયા. ઈટાલીમાં જઈ સાહિત્ય, કલા અને વિજ્ઞાનની સાધના કરી. આમ ઈટાલી નવજાગૃતિનું પ્રથમ કેન્દ્ર (માતૃભૂમિ) બન્યું. જેમાં ઈટાલી રોમ, વેનિસ, ફ્લોરેન્સ વગેરે શહેરો કેન્દ્ર સ્થાને હતાં.*

### 1.3.2 શહેરોનો વિકાસ

*શહેરોનાં વિકાસ માટે ઘણાં કારણો જવાબદાર હતાં. તેમાં વ્યાપારનો વિકાસ મુખ્ય કારણ હતું. નગર-બજારો સ્થપાઈ ચૂક્યાં હતા. વ્યાપારની સુવિધા માટે મુદ્રાનો વિકાસ થઇ રહ્યો હતો. ધનિકો શહેરોમાં જ વસવાટ કરવા ઈચ્છુક હતા. ત્યાં તેમની ભૌતિક સગવડતા સચવાઈ જતી હતી. મોટા મોટા મહેલો (ઘર) બંધાયા તેથી સ્થાપત્યકલાનો વિકાસ થયો. વધતી જતી વસ્તી પણ શહેરોનાં વિકાસ માટેં જવાબદાર કારણ હતી.*

### 1.3.3 ધર્મયુદ્ધો (ક્રુઝેડ્સ)

*ખ્રિસ્તીઓ પોતાની પવિત્ર ભૂમિ જેરુસલેમને તુર્કો (મુસ્લિમો) પાસેથી મુક્ત કરવા માંગતા હતાં. આથી બન્ને ઘણાં સમય સુધી યુદ્ધો લડ્યા. જે ધર્મયુદ્ધો* (Crusades) *તરીકે ઓળખાયા. આ યુદ્ધોને કારણે ખ્રિસ્તીઓમાં એકતા* (Unity)*ની ભાવનાનો*

આવિર્ભાવ થયો. તથા આ યુદ્ધો લાંબા સમય સુધી (200 વર્ષ) લડ્યા હતા; તેથી યુરોપને આરબોના લાંબા સંપર્કને કારણે પૂર્વની સંસ્કૃતિનો (ખાસ કરીને ભારતીય, ઈરાની, ગ્રીક) ખૂબ પ્રચાર થયો. સાથે સાથે વેપારનો પણ વિકાસ થયો.આમ ધર્મયુદ્ધા નવજાગૃતિ માટે મહત્ત્વ નું પરિબળ બન્યું.

### 1.3.4 છાપકલાની શોધ (પ્રિન્ટિંગ પ્રેસ)

નવજાગૃતિનું આ મહત્ત્વનું કારણ હતું, છાપકલાનાં કારણે સાહિત્યિક અને વૈજ્ઞાનિક ગ્રંથો સામાન્ય માણસ સુધી પહોંચ્યાં. જર્મનનાં ગુટનબર્ગે ઈ.સ.1450માં સૌ પ્રથમ છાપખાનાની શરૂઆત કરી. તેણે ઈ.સ.1454 ઈ.સ.1458 સુધીમાં લૅટિન ભાષામાં બાઈબલ છાપ્યું, ત્યારબાદ યુરોપના બધા જ શહેરોમાં છાપખાના છપાયાં. આથી સામાન્ય લોકો પણ ગ્રંથો ખરીદવા લાગ્યાં. આથી જનસાધારણનો બૌદ્ધિક વિકાસ ઝડપથી બન્યો. આમ મુદ્રણકલાની શોધથી વિચારનું સાધન સસ્તું અને સરળ બન્યું. નવજાગૃતિનાં આંદોલનને આનાથી ઘણો વેગ મળ્યો.

### 1.3.5 ભૌગોલિક શોધખોળો (જ્યોગ્રાફિકલ ડિસ્કવરીઝ )

કોન્સ્ટેન્ટિનોપલ યુરોપના વેપારનું મુખ્ય બંદર હતું. તુર્કોએ જીતી લીધા બાદ તેના બંદર તરીકેનો વિકાસ નામશેષ થઇ ગયો. યુરોપ પૂર્વ સાથેના સંપર્કને અને વેપારને જાળવી રાખવા નવા જળમાર્ગ શોધવાની જરૂરિયાત ઊભી થઈ. તેમાંથી ભૌગોલિક અને પ્રદેશો શોધતા ગયા. યુરોપ તેમની સંસ્કૃતિના પરિચયમાં આવતા, જ્ઞાનમાં અનેક ઘણો વધારો થયો. (એશિયા, આફ્રિકા, અમેરિકા) વાસ્કો – દ- ગામા, કોલંબસ, માર્કોપોલો જેવાં સાહસિક મુસાફરોએ નવું જ્ઞાન જગતને આપ્યું. નવજાગૃતિના આંદોલનને પણ વેગ મળ્યો.

### 1.3.6 માનવતાવાદ (Humanism)

તર્કવાદ, બુદ્ધિવાદને સુસંસ્કૃત બનાવવા પર વધુ ભાર દેતાં હતાં. આ શબ્દનો પ્રથમ પ્રયોગ જર્મન વિદ્વાન હૈમરે કર્યો હતો, પેટ્રાર્ક માનવવાદનો ખૂબ પ્રચાર કર્યો. માનવતાવાદીઓના માટે આ જીવનને આનંદથી જીવવું જોઈએ. પુનઃજન્મની ચિંતા કરવી જોઈએ નહિ.

આ સમયે યુરોપમાં વિદ્યાલયોની સ્થાપના થઈ. દા.ત. સ્પેનના કાર્ડોવા શહેરમાં યુનિવર્સિટી સ્થપાઈ. પ્લેટો, ઑરિસ્ટૉટલ જેવાં તત્ત્વજ્ઞાનીઓના ગ્રંથોનો અભ્યાસ વધ્યો.વૈજ્ઞાનિકો અને ગણિતશાસ્ત્રીઓનું મહત્ત્વ વધ્યું. પ્રયોગ કે તર્ક દ્વારા સિદ્ધ થઈ શકે તે જ સાચું તેવી માન્યતા પ્રબળ બની. આમ નવજાગૃતિને વેગ મળ્યો.

### 1.3.7 વ્યાપારનો વધેલો વ્યાપ

ભૌગોલિક શોધખોળોનાં કારણે યુરોપનો વેપાર અનેક ઘણો વધ્યો.એશિયા, આફ્રિકા અને અમેરિકા વ્યાપારી કેન્દ્રો બન્યા. મુદ્રાપ્રથા અને ઉધાર લેવડ-દેવડ હૂંડી પ્રથા અસ્તિત્વમાં આવ્યા. પેરિસ, લંડન વગેરેએ મોટા બજારોનું સ્વરૂપ ધારણ કર્યું. કેથોલિક પાદરીઓ વ્યાજને પાપ ગણતા હતાં. વ્યાપારીઓએ આ વાતનો વિરોધ કર્યો. એટલું જ

*નહિ પરંતુ વેપારના વધેલાં પ્રભાવને કારણે રાજનીતિમાં પણ પરિવર્તનો આવ્યા. આમ યુરોપમાં નવીન વિચારોનો આવિર્ભાવ થયો.*

### 1.3.8 વૈજ્ઞાનિક ચેતના

*આ સમયગાળા દરમિયાન યુરોપમાં વિજ્ઞાનની ઝડપી પ્રગતિ થઈ. વૈજ્ઞાનિકોએ પોતાની શોધખોળો દ્વારા જનમાનસમાં પેસી ગયેલી જડતા, વહેમ અને અંધવિશ્વાસને દૂર કરવાનો પ્રયત્ન કર્યો. જેમાં રોજર બેકન, દેકાતનું યોગદાન વિશેષ હતું. જે કે રૂઢિવાદીઓએ વૈજ્ઞાનિકોનો વિરોધ કર્યો. પરંતુ અંતે તો વૈજ્ઞાનિકો અને સત્યનો જ વિજય થયો.*

### 1.3.9 જ્યોતિર્ધરોનો ફાળો

*સમાજમાં થતા કોઈપણ પરિવર્તન, ક્રાંતિના કેન્દ્રમાં વિચારકો હોય છે. વિદ્વાનોના વિચારોના પ્રભાવથી પરિવર્તનને દિશા મળે છે. એ રીતે જોઈએ તો નવજાગૃતિ તો વૈચારિક ક્રાંતિ હતી. તેથી સ્વાભાવિક રીતે યુરોપમાં આ સમયે થયેલાં બૌદ્ધિકોની ભૂમિકા તેમાં સવિશેષ હતી.*

*આ સમયગાળામાં યુરોપમાં રોજરબેકન, પીટર એલબર્ટ, લિયોનાર્દો-દ-વિન્ચી, દાન્તે, પેટ્રાર્ક, બોકેશિયો, કવિ ચોસર, થોમસ મૂર, શેક્સપિયર, મિલ્ટન, મેક્યાવેલિ,રેબેલ, સર્વેન્ટિસ, માર્ટિન લ્યૂથર વગેરે જ્યોતિર્ધરોએ નવજાગૃતિના આંદોલનને પોતાના વિચારોથી પ્રભાવિત કર્યા.*

- **તમારી પ્રગતિ ચકાસો 1**

1. *નવજાગૃતિનો અર્થ સમજાવો.*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. *છાપકામ (પ્રિન્ટિંગ પ્રેસ) પર નોંધ લખો*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

3. *નવજાગૃતિના જ્યોતિર્ધરો વિશે માહિતી આપો.*

**ક. ખાલીજગ્યા પુરો**

1. *કોન્સ્ટેન્ટિનોપલનું પતન _______________ વર્ષે થયું.*
   (ઈ.સ.1453,ઈ.સ.1553)
2. *માનવતાવાદ શબ્દનો પ્રથમ પ્રયોગ_________ વિદ્વાને કર્યો.*
   *(હેમર અને દાંતે)*
3. _________ *યુરોપના વ્યાપારનું મુખ્ય બંદર હતું.*
   *(કોન્સેન્ટિનોપલ ,ફ્લોરેન્સ)*

## 1.4 નવજાગૃતિનાં પરિણામો

### 1.4.1 ધર્મસુધારણા ( રેફર્મેશન)ને પ્રોત્સાહન

*નવજાગૃતિના આંદોલન પહેલાં યુરોપ પર ધર્મનો પ્રભાવ વિશેષ હતો. વહેમો, અંધશ્રધ્ધા, જડતા, અજ્ઞાનતા, સંકુચિતતા વગેરેથી સમાજ પીડાતો હતો. પરંતુ નવજાગૃતિએ જ્ઞાનના દ્વારા ખોલી નાખ્યાં. છાપકામની શોધે બાઈબલનું વાંચન સરળ બનાવ્યું. આથી સામાન્ય માણસ પણ ધર્મના સાચા તત્ત્વને સમજવા લાગ્યો. ધર્મગુરુઓ અને દેવળો સામે ઈરેજમસ,માર્ટિન લ્યૂથર જેવા આંદોલનકારોએ વિરોધ શરૂ કર્યા. આમ, ધર્મ સુધારણાના આંદોલનની ભૂમિકા તૈયાર થઈ.*

### 1.4.2 ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન :-

*નવજાગૃતિનાં સ્વતંત્ર વાતાવરણમાં લોકોની નવું કઈક કરવાની અને જાણવાની વૃત્તિ વધી. છાપકલાનાં વિકાસને કારણે સાહસિકોનાં પુસ્તકો છપાયા. આ જ અરસામાં ચીનમાં હોકાયંત્રની શોધ થઈ. ભૂગોળ અને ખગોળશાસ્ત્ર જેવા વિષયોમાં રસ વધ્યો. આથી નવી દુનિયાજાણવા અને જોવાની ઈચ્છા વધી. આ બધા પરિબળોએ ભૌગોલિક શોધખોળને ઉત્તેજન આપ્યું. વેપારવાણિજ્ય પણ આમાં એક મહત્ત્વનું પરિબળ હતું.*

### 1.4.3 પ્રાદેશિક ભાષાઓનો વિકાસ :-

*મધ્યયુગમાં યુરોપના વિદ્વાનો લેટિન અને ગ્રીક ભાષામાં અધ્યાપન અને સર્જનને પોતાનું ગૌરવ માનતા હતાં. ફ્રેંચ,અંગ્રેજી, જર્મન ભાષાઓનું કોઈ સાહિત્ય પણ નહોતુ અને વિદ્વાન પણ નહી, પરંતુ નવજાગૃતિએ પ્રાદેશિક ભાષાઓ જેવી કે અંગ્રેજી, ફ્રેંચ, જર્મન, ઈટાલિયન, સ્પેનિસ વગેરેનો ખૂબ સારો વિકાસ કર્યો. શાસકોએ પોતપોતાના દેશમાં પ્રાદેશિક ભાષાઓના વિકાસ માટે લેખકો અને અનુવાદકોને ખૂબ સગવડો પૂરી પાડી. આથી પ્રાદેશિક ભાષાઓમાં સારું એવું સાહિત્યિક ખેડાણ થયું.*

### 1.4.4 શિક્ષણ સંસ્થાઓની સ્થાપના :-

*નવજાગૃતિના આંદોલને શિક્ષણને સવિશેષ પ્રોત્સાહન આપ્યું. નવી નવી શાળાઓ, કૉલેજો સ્થપાઈ. નવી યુનિવર્સિટીઓ પણ સ્થપાઈ. જેમાં ઈંગ્લેન્ડમાં ઓક્સફર્ડ, ફ્રાંસમાં સોર્બોન, જર્મનીમાં ગુટનબર્ગ વગેરે યુનિવર્સિટીઓ વિશ્વ વિખ્યાત બની. શિક્ષણ પરથી ધીરે ધીરે ધર્મનો પ્રભાવ ઘટવા લાગ્યો. અને માનવતાવાદનો પ્રભાવ વધવા લાગ્યો. સોક્રેટિસ, એરિસ્ટૉટલ, પ્લેટોના ગ્રંથોનો અભ્યાસ વધ્યો. આ શિક્ષણ વ્યવસ્થાથી આધુનિકતાના ઉદય અને વિકાસને પ્રોત્સાહન મળ્યું.*

### 1.4.5 રાજકીય પરિવર્તન

*રાજકીય ક્ષેત્રે પણ આમૂલ પરિવર્તન થયુ. સંયુક્ત યુરોપ કેટલાંય રાષ્ટ્રીય રાજ્યોમાં વિભક્ત થયું. સામંતશાહી પ્રથાનો અંત આવવા લાગ્યો. શાસન પરથી પોપ અને દેવળનો પ્રભાવ લગભગ સમાપ્ત થઈ ગયો. લોકોમાં રાષ્ટ્રવાદનો વિકાસ થયો. લોકો રાજ્યને ઈશ્વરકૃત નહી પરંતુ માનવકૃત માનવા લાગ્યા. મેક્યાવેલીના 'પ્રિન્સ' તથા 'ધી આર્ટ ઓફ વોર' નામના ગ્રંથોએ પણ રાજકીય બદલાવમાં ભૂમિકા ભજવી.*

### 1.4.6 સામાજિક આર્થિક પરિવર્તન :-

*સમાજમાંથી જડતા દૂર થઈ. જૂની રૂઢિ પરંપરામા ઓટ આવી. શિક્ષણનું પ્રમાણ વધ્યું. સમાજમાં ધનિક વર્ગનો પ્રભાવ વધ્યો. ખેડૂતોની સામાજિક સ્થિતિમાં સુધાર આવ્યો.*

*મધ્યયુગમાં યુરોપનું આર્થિક સંગઠન ગિલ્ડસ* (Guilds) *નામક વ્યાપારી સંસ્થાઓ પર આધારિત હતું. પરંતુ નવજાગૃતિને કારણે આ પ્રણાલી બંધ થઈ. તેનું સ્થાન બેંક વ્યવસ્થાએ લીધું.વેપાર દિન પ્રતિદિન વધતો ગયો. વેપારીઓ ધનિક બન્યા. સમાજ, રાજકારણ પર તેમનો પ્રભાવ વધ્યો. ખેતપેદાશોની સ્થિતિમાં સુધારો થયો. સાથે સાથે બજાર પ્રાપ્તિ માટે યુરોપના રાષ્ટ્રોમાં અંદરો અંદર ઝઘડાઓ શરૂ થયાં.*

### 1.4.7 આધુનિક યુગની શરૂઆત

*નવજાગૃતિનો સમય એ મધ્યયુગના અંતનો અને અર્વાચીન યુગની શરૂઆતનો સમય હતો. મધ્યયુગીન અંધશ્રદ્ધા, જડતા, વહેમ, અજ્ઞાનતા, સંકુચિતતા, કુરિવાજો, દેવળનો પ્રભાવ વગેરે પર પડદો પડી ગયો અને ફરીથી પડદો ઊંચકાયો ત્યારે વિશાળ નગરો, વૈજ્ઞાનિક અભિગમ, માનવતાવાદ, ભૌતિકવાદ, જીજ્ઞાસાવૃત્તિ, વ્યક્તિવાદ,*

સ્વતંત્રતા, કલા સાહિત્ય પ્રત્યે રૂચી અને આધુનિક શિક્ષણ વગેરે રંગમંચ પર દેખાવા લાગ્યા. આમ યુરોપ અર્વાચીન યુગમાં કદમ મૂક્યાં.

## 1.5 નવજાગૃતિની અસરો :-

### 1.5.1 સાહિત્ય પર પડેલી અસર

સાહિત્ય સ્વસ્થ મનની સુંદર અભિવ્યક્તિ છે. નવજાગૃતિની સૌથી વધુ અસર સાહિત્ય પર પડી. સાહિત્યનાં પુનરૂત્થાનની શરૂઆર ઇટાલીથી થઈ. સાહિત્યના આ નવા યુગની શરૂઆત કરવાનો શ્રેય મહાકવિ દાંતે (ઈ.સ.1265 – ઈ.સ.1321)ના ફાળે જાય છે. તેણે માતૃભાષા ઈટાલિયનમાં 'ડિવાઈન કોમેડી' (Divine Comedy) નામનું સુંદર કાવ્ય લખ્યું. જેમાં તેણે નર્કનું મર્મસ્પર્શી કાલ્પનિક વર્ણન કર્યું છે. દાંતે સ્વતંત્રતા અને વ્યક્તિવાદી ભાવના પર વિશેષ ભાર આપતાં. ઇટાલીના બીજાં મહાન સાહિત્યકાર પેટ્રાર્ક હતા. તે માનવતાવાદી વિચારોનો હિમાયતી હતો. તેણે યુનાન અને લૅટીન ભાષાના બસ્સો જેટલા ગ્રંથોનું સંપાદન કર્યું. પેટ્રાર્કને ઇટાલીના પ્રથમ આધુનિક માનવી માનવામાં આવતો હતો. તેનો મિત્ર બોકેશિયો આધુનિક ઇટાલીનો ગદ્યનો જન્મદાતા ગણાય છે. તેણે 'ડેકામેરાન' નામનો વાર્તાસંગ્રહ લખ્યો. જેમાં 100 વાર્તાઓનો સંગ્રહ હતો. તેની શૈલી હાસ્યપ્રધાન હતી.તેણે તત્કાલીન સંતો અને પાદરીઓનાં ભૌતિક જીવનની ઠેકડી ઉડાડી છે.આ ઉપરાંત તેને 'જીનિયોલોજી ઓફ ધ ગોડ્સ' નામનો ગ્રંથ પણ લખ્યો હતો. આ ઉપરાંત મહાકવિ ચોસરનું 'કેન્ટરબરી ટેઈલ્સ', થોમસ મૂરનું'યુટોપીયા', સ્પેન્સરનું 'ફેરી ક્વીન', મિલ્ટનનું 'પેરેડાઈઝ લોસ્ટ', સર્વેન્ટીસનું 'ડોન ક્વીઝોટ, મેક્યાવેલીનું 'ધ પ્રિન્સ' અને 'ધ આર્ટ ઓફ વોર ; મોન્ટેઈનની સામંતશાહીની હાંસી ઉડાવતાં લેખો, રેબેલના વ્યક્તિવાદને પ્રાધાન્ય આપતા પુસ્તકો, શેક્સપિયરનાં નાટકો 'એઝ યુ લાઈક ઈટ', 'રોમિયો એન્ડ જુલિયટ', 'ટેમ્પેસ્ટ', 'મૅકબેથ', ઑથેલો, 'મીડ સમર નાઈટ્સ ડ્રીમ','કોમેડી ઓફ એરર્સ', 'કિંગ લીયર', હેમલેટ, મર્ચન્ટ ઓફ વેનિસ વગેરેના સાહિત્ય સર્જને સમગ્ર યુરોપમાં વૈચારિક પરિવર્તનમાં મહત્ત્વની ભૂમિકા ભજવી.

### 1.5.2 કલા સ્થાપત્ય પર પડેલી અસરો

સાહિત્યની માફક કલા-સ્થાપત્ય ઉપર પણ નવજાગૃતિની ઘેરી અસર પડી. નવજાગૃતિ પહેલાં દેવળોમાં જ ચિત્રકામ થયું હતું. દેવળો, પોપ પાદરીઓ અને ઈશુ ખ્રિસ્તનાં જ ચિત્રો દોરવામાં આવતા હતા. નવજાગૃતિના કારણે કલામાં પરિવર્તન આવ્યું. ચિત્રકારો પોતાની કલ્પના અને અનુભૂતિને વાચા આપવા લાગ્યાં. માનવીના હૃદયમાં રહેતી લાગણીઓ અને ઊર્મિઓ તેમજ ભાવનાઓ અને સંવેદનાઓ પણ કલા દ્વારા રજૂ થવા લાગી. પ્રકુતિનાં તત્ત્વો અને માનવીય સૌન્દર્ય કલાના વિષયો બન્યાં. યુરોપના શાસકોએ અને ધનિકોએ કલાને ખૂબ પ્રોત્સાહન અને ઉત્તેજન આપ્યું.

લિઓનાર્ડો-દ-વિન્ચી નવજાગૃતિનો મહાન કલાકાર હતો. તેણે દોરેલાં બે ચિત્રો "મોનાલિસા" અને "લાસ્ટ સપર" વિશ્વ વિખ્યાત બન્યાં. આજે પણ ચિત્રકલાના નમૂનામાં તે બેનમૂન ગણાય છે. માઈક્કા એન્જેલોએ સિસ્ટાઇનના દેવળની છત પર

*દોરેલાં* 145 *ચિત્રો એકથી એક ચડિયાતાં છે. માઈકલ એન્જેલોનુ "ધલાસ્ટ જજમેન્ટ" નુ ચિત્ર ખૂબ યાદગાર હતા. તે કહેતો કે 'ચિત્ર હાથથી નહિ પણ મનથી બનાવવામાં આવે છે.' રફાયેલ (રાફેલ) નું 'એથેન્સની શાળા' નામનું ચિત્ર સર્વોત્તમ ગણાય છે. આ ઉપરાંત લોરેન્જો, ગિબર્ટીન, પેન્ટેગ્રાફ, મેસેસિયો* (Masaccio) *જીઓતો* (Giotto) *હેન્સ રાલબેન, વેલેસક્લીઝ, વૈનડાયક, ડચ રેમ્બ્રા જેવાં ચિત્રકારોએ સમગ્ર યુરોપીય ચિત્રકલાને નવી દિશા આપી.*

*શિલ્પકલા ક્ષેત્રે પણ આ સમયમાં પ્રગતિ થઈ. નિકાલાપિસાનો કલાકારોનો પથદર્શક હતો. લિઓનાર્ડો, માઈકલ, એન્જેલો, ગિબર્ટીન આ સમયના જાણીતાં શિલ્પકારો હતા. ગિબર્ટીન ફ્લોરેન્સ શહેરનો દરવાજો બનાવ્યો હતો. જેને "સ્વર્ગના દરવાજા" તરીકે ઓળખવામાં આવે છે.*

*સંગીતકલા ક્ષેત્રે પણ ખૂબ વિકાસ થયો.ગિરજાઘરોમાં સંગીત વર્જિત હતું. પરંતુ સેંટ એબ્રોસે ગિરજાઘરોમાં સંગીતની આવશ્યકતા બતાવી. હવે ધર્મગીતો ગવાવા લાગ્યા. પૈલેસ્ટ્રિનાએ માસ્સેસ* (Masses) *નામના સંગીતગ્રંથની રચના કરી. જે આજે પણ લોકપ્રિય છે. નવી રાગ-રાગિણી અને સંગીતના નવા વાદ્યો શોધાયા. જેમાં હાર્પ્સિકાર્ડ અને વાયોલિન મુખ્ય છે. સંગીત પ્રધાન નાટકોની શરૂઆત થઈ. દા.ત. ઓપેરા.*

*નવજાગૃતિની સ્થાપત્યકલા પરની અસર વિશેષ જોવા મળે છે. સ્થાપત્ય કલામાં ઈટાલીએ એટલી પ્રગતિ કરી કે આધુનિક સ્થાપત્ય તેનું ઋણી બન્યું છે. ફિલિયો બ્રુનેશ્લેચી, માઈકલ એન્જેલો, બ્રામન્ટે, રાફેલ, ગિબર્ટીન* (Ghiberti) *દાંતેલો વગેરે સ્થપતિઓ આ સમયના નામાંકિત સ્થપતિઓ હતાં. રોમનું સેંટ પીટરનું દેવળ, લંડનનું સેન્ટ પોલનું દેવળ, વેનિસનું સેન્ટ માર્કનું દેવળ, રોમનો મેડીસી મહેલ વગેરે સ્થાપત્યકલા વિષે અભિરૂચી વધી તો સાથે સાથે યુનાની અને અરબી કલાનો પણ સમન્વય થયો. આમ પ્રાચીન-અર્વાચીન કલાથી નવીન કલાનો જન્મ થયો.*

*નવજાગૃતિની કલાની વિશેષતા નૈસર્ગિકતામાં હતી. આ સમયની કલાની લોકપ્રિયતાનું કારણ સ્વતંત્ર-ચિંતન અને વ્યક્તિવાદ પર આધારિત હતું.*

### 1.5.3 વિજ્ઞાન પર પડેલી અસર :-

*સાહિત્ય અને કલા ઉપરાંત નવજાગૃતિની વિજ્ઞાન પર ઘેરી અસર પડી. નવજાગૃતિની વૈચારિક ક્રાંતિએ માનવીની જીજ્ઞાસાવૃત્તિને ઉત્તેજન આપ્યું. પરિણામ સ્વરૂપે માનવી વિજ્ઞાનના ક્ષેત્રે અદ્દભૂત વિકાસ કરી શક્યો. રોજર બેકન (ઈ.સ.*1210 – *ઈ.સ.*1292) *ને પ્રાયોગીય વિજ્ઞાનનો જન્મદાતા (આધુનિક વિજ્ઞાનનો પિતા) માનવામાં આવે છે. તેણે વિમાન અને ટેલીફોનની કલ્પના કરી હતી. (રામાયણમાં રાવણના પ્રખ્યાત વિમાનની રજૂઆત થયેલી છે. જે રોજર બેકન પહેલાં લખાયેલ ગ્રંથ છે.*

**કોપરનિકસ :-** *પ્રાચીન સમયમાં ટોલેમીએ પૃથ્વીકેન્દ્રીયવાદ સ્થાપિત કર્યો હતો. એટલે કે સૂર્ય પૃથ્વીની આજુબાજુ પરિભ્રમણ કરે છે, પરંતુ પોલેન્ડના મહાન વૈજ્ઞાનિક કોપરનિક્સે (ઈ.સ.*1473-*ઈ.સ.*1543) *સૂર્યકેન્દ્રીયવાદ સ્થાપિત કર્યો અને ટોલેમીના સિદ્ધાંતને ખોટો ઠેરવતા સાબિત કર્યું કે પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે. પૃથ્વી પણ અન્ય ગ્રહ*

*જેવો જ એક ગ્રહ છે. પરંતુ ખ્રિસ્તી દેવાલોએ તેના આ સિદ્ધાંતને નકાર્યો અને ધર્મવિરુદ્ધ ગણાવ્યો.*

**કેટલરઃ- (***ઈ.સ.*1571 – *ઈ.સ.*1630) *જર્મનીના વૈજ્ઞાનિક કેટલરે ગણિતનાં સિદ્ધાંતો દ્વારા કોપરનિકસનાં સૂર્યકેન્દ્રીયવાદને અનુમોદન આપ્યું.*

**બ્રુનો :-** *ઇટાલીનાં વૈજ્ઞાનિક જાઈર્ડિની બ્રુનોએ ટોલેમીના સિદ્ધાંતનો વિરોધ કર્યો. અને કોપરનિકસના સિદ્ધાંતને સાચો ઠેરવ્યો. આથી રોઝન ચર્ચે તેને જીવતો સળગાવી દીધો.*

**ગેલેલિયોઃ** *ગેલેલિયોએ દૂરબીનની શોધ કરી. શક્તિશાળી દૂરબીનની મદદથી તેણે બધા ગ્રહો વિશે પુષ્ન સારી માહિતી મેળવી. કોપરનિકસનાં સિદ્ધાંતને તેણે ટેકો આપ્યો. જો કે દેવળોનો કોપ તેને સહન કરવો પડ્યો. તેણે લોલકનો નિયમ પણ શોધ્યો.*

**ન્યૂટન :-** (*ઈ.સ.*1642-*ઈ.સ.*1727) *તેણે ખૂબ જ મહત્ત્વનાં એવા ગુરુત્વાકર્ષણ* (LAW of Gravitation)*ના નિયમની શોધ કરી, જે ગણિત અને ભૌતિકશાસ્ત્રના આધારરૂપ બની રહી. તેણે ગતિનો નિયમ પણ શોધ્યો.*

**વિલિયમ હાર્વે** (*ઈ.સ.*1578-*ઈ.સ.*1657) :- *તેણે લોહીના પરિભ્રમણની શોધ કરી.*

**વેસાલિયસ :-** *તેણે રસાયણશાસ્ત્રના સહયોગથી અનેક ઔષધિઓ બનાવી. શરીરશાસ્ત્ર પર તેણે ગ્રંથો લખ્યા. પ્રાચીન વિદ્વાનોની અનેક ભૂલો તેણે સુધારી.*

*ઉપર મુજબનાં સાહિત્ય-કલા વિજ્ઞાનમાં આવેલા પરિવર્તનને માનવ સમાજને વિકાસનાં પથ પર અગ્રેસર કર્યો. અને યુરોપે ખરા અર્થમાં આધુનિક યુગમાં પ્રવેશ કર્યો.*

**તમારી પ્રગતિ ચકાસો 2**

**અ) નવજાગૃતિના પરિણામો ટૂંકમાં જણાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**બ) નીચેના વિધાન ખરાં છે કે ખોટાં તે જણાવો)**

1. *ઈ.સ.* 1453*માં કોન્સેન્ટિનોપલ નું પતન થયું.*
2. *મિલ્ટને 'રોમિયો એન્ડ જુલિયેટ' લખ્યું*
3. *ગેલેલિયોએ દૂરબીનની શોધ કરી.*

4. *ન્યૂટને 'ગતિનો નિયમ' ની શોધ કરી.*

**ક) ખાલી જગ્યા પૂરો**

1. *'ડિવાઈન કૉમેડી' ના લેખક ..................*
   *(પેટ્રાક, દાંતે)*
2. *બોકેશિયોએ .................... વાર્તાસંગ્રહ લખ્યો છે.*
   *(ડેકામેરાન, મેકબેથ)*
3. *'ધ પ્રિન્સ' ના લેખક .............*
   *(મેક્યાવેલિ, શેકસપિયર)*
4. *લિયોનાર્દો-દ-વિન્ચીનું ચિત્ર ...................*
   *('લાસ્ટ જજમેન્ટ', 'મોનાલિસા')*
5. *પૃથ્વી સૂર્યની આસપાસ પરિભ્રમણ કરે છે એવું સાબિત કરનાર ............. હતા.*
   *(કોપરનિક્સ, ન્યૂટન)*
6. *ગેલેલિયોએ ................... શોધ કરી.*
   *(રેડિયો, દૂરબીન)*

## 1.6 સારાંશ

*નવજાગૃતિના ઉપર મુજબના વિવરણ પરથી સિદ્ધ થાય છે કે આ આંદોલને ધર્મ, સાહિત્ય, કલા, વિજ્ઞાન, માનવસમાજ, માનવવિચારોમાં નવી ધારણોઓ ઊભી કરી. આ ક્રાંતિકારી પરિવર્તન પાછળ માનવતાવાદ પ્રમુખ કારણ હતું. નવજાગૃતિમાંથી આપણને એ પણ પ્રેરણા મળે છે કે ભૂતકાળને કેવી રીતે જોવો જોઈએ અને વર્તમાન સાથે તેને કેવી રીતે જોડવો જોઈએ. આર્થિક સંપન્નતા એ સાંસ્કૃતિક વિકાસનો પાયો છે. એ પણ નવજાગૃતિએ સિદ્ધ કર્યું. નવજાગૃતિનેપરિણામે આધુનિક યુગની નૂતન ઉષાના અજવાળા માત્ર યુરોપની ધરતી ઉપર જ નહિ; પરંતુ સમગ્ર વિશ્વની ધરતી પર પથરાયા. માનવજીવનને સ્પર્શતા તમામ પાસાંઓ પર નવજાગૃતિની ઘેરી અસર પડી.*

## 1.7 ચાવી રૂપ શબ્દો

1. *અમાનુષ – વધારે ખરાબ*
2. *સ્થળાંતર – એક જગ્યાએથી બીજી જગ્યાએ*
3. *કેથોલિક – ખ્રિસ્તી સંપ્રદાય*
4. *રૂઢીવાદી – જૂની પરંપરામાં માનનાર*
5. *જ્યોતિર્ધર – પ્રકાશ (જ્ઞાન)ને ધારણ કરી સમાજમાં ફેલાવો કરનાર*

**1.8 તમારી પ્રગતિ ચકાસો – 1 ના જવાબો**

**અ** *મુદ્દા 2ના આધારે.*

*બ મુદ્દા 3. 4ના આધારે.*

**ક ખાલી જગ્યા**

1. **1453** **2.** *હેમર ૩. કોન્સેન્ટિનોપલ*

- **તમારી પ્રગતિ ચકાસો -2 ના જવાબો**

**અ** *મુદ્દા 4ના આધારે.*

**બ ખરાં કે ખોટાં**

1. *સાચું* 2. *ખોટું* 3. *સાચું* 4. *સાચું*

**ક ખાલીજગ્યા**

1. *દંડે* 2. *ડેકામેરાન* 3. *મેક્યાવેલિ* 4. *મોનાલિસા*
5. *કોપરનિક્સ* 6. *દૂરબીન*

## 1.9 સંદર્ભસૂચી


1. H.A.L. Fisher *(અનુવાદક) કીકુભાઈ દેસાઈ, મણિભાઈ દેસાઈ – યુરોપનો ઈતિહાસ- 2*
2. *વિશ્વદર્શન – જ્ઞાનગંગોત્રી શ્રેણી , એસ.પી. યુનિ.*
3. *નહેરુ જવાહરલાલ, જગતના ઈતિહાસનું રેખાદર્શન*Trenchard Cox–Te Renaissance in Europe (1400-1600)
4. Janet Trerelyans A Short History of Italian People
5. Jerry Brotton – The Renaissance
6. John Merriman – A History of Modern Europe


x

## એકમ- 2 | ધર્મસુધારણા (Reformation) અર્થ,પરિબળ અને તેના પરિણામો

‘‘ખ્રિસ્તી દેવળની આપખુદી અને ભ્રષ્ટાચારની સામે જનતાએ ઉપાડેલો બળવો એટલે ધર્મસુધારણા.’’

એક અવલોકન

‘‘ ધર્મસુધારણા એ પોપની સાંસારિકતા અને ભ્રષ્ટાચારની વિરૂદ્ધ એક નૈતિક વિદ્રોહ હતો.’’

વાર્નર અને માર્ટિન

**રૂપરેખા :**

**2.0 ઉદ્દેશો**

**2.1 પ્રસ્તાવના**

**2.2 ધર્મસુધારણાનો અર્થ**

**2.3 ધર્મસુધારણાના હેતુઓ કે ઉદ્દેશો**

**2.4 ધર્મસુધારણાનાં કારણો :**

- **2.4.1 દેવળમાં વ્યાપેલ ભ્રષ્ટચાર અને પોપનું વિલાસી જીવન**
- **2.4.2 નવજાગૃતિની અસર**
- **2.4.3 રાજકીય કારણો**
- **2.4.4 રાષ્ટ્રીયતાની ભાવના**
- **2.4.5 ભૌગોલિક શોધખોળોનો પ્રભાવ**
- **2.4.6 છાપકલાની શોધ**
- **2.4.7 ધર્મસુધારકોનો ફાળો**
- **2.4.8 તાત્કાલિક કારણ :**
  **પાપવિમોચન પત્રિકાઓનું વેચાણ**

**2.5 ધર્મસુધારણાનાં પરિણામો :**

- **2.5.1 ખ્રિસ્તી ધર્મમાં ભાગલા**
- **2.5.2 પ્રતિ ધર્મ સુધારણા**
- **2.5.3 નવજાગૃતિથી પીછેહઠ**
- **2.5.4 રાષ્ટ્રીય રાજયોનો ઉદય**
- **2.5.5 શિક્ષણને ઉત્તેજન**
- **2.5.6 આર્થિક અસરો**

**2.6 સારાંશ**

**2.7 ચાવીરૂપ શબ્દો**

**2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**2.9 સંદર્ભ સૂચિ**

## 2.0 ઉદ્દેશો

*આ એકમમાં યુરોપમાં મધ્યયુગના અંતમાં થયેલ ધર્મ સુધારણા* (Reformation) *ના સંદર્ભમાં ચર્ચા કરવામાં આવી છે. ધર્મ સુધારણાનું આંદોલન એ ખ્રિસ્તી ધર્મમાં ઘર કરી ગયેલ નબળાઈઓને દૂર કરવા માટે થયેલ આંદોલન હતું. ધર્મ સુધારણા આંદોલન કેમ થયું અને આંદોલન બાદ ખ્રિસ્તી ધર્મમાં શું પરિવર્તન આવ્યું, એ સમજાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ નીચેની બાબતોની જાણકારી મળશે :*

- *મધ્યયુગમાં ખ્રિસ્તી ધર્મની સ્થિતિ*
- *સમાજ અને રાજય પર ધર્મની મજબૂત પકડ*
- *ધર્મ સુધારણાનો અર્થ*
- *અંધશ્રદ્ધા, વહેમ, જડતા, સંકુચિતતા વગેરેમાંથી યુરોપીય સમાજને મુક્ત કર્યો. તથા ધાર્મિક સ્વાતંત્ર્ય અને સ્વતંત્ર ચિંતનની ભાવના ઊભી કરી.*
- *ધર્મ સુધારણાના જવાબદાર પરિબળો*
- *ધર્મ સુધારણાની અસરો.*

## 2.1 પ્રસ્તાવના

*નવજાગૃતિની વૈચારિક ક્રાંતિએ તત્કાલિન ખ્રિસ્તી ધર્મની પરંપરાઓ સામે વિરોધનો સૂર ઊભો કર્યો. જેમાંથી ધર્મ સુધારણાના આંદોલનનો જન્મ થયો. ધર્મ સુધારણા એ વ્યાપક અને યુગાન્તકારી ઘટના હતી. ધર્મ સુધારણાનું આંદોલન એ યુરોપના કૅથલિક ધર્મની વિરૂદ્ધ થયેલો વિદ્રોહ હતો. જેણે લોકોના દિલ દિમાગમાં ધાર્મિક વિશ્વાસ પ્રત્યે અવિશ્વાસ અને શંકાઓ ઊભી કરી. આ આંદોલનોએ લોકોમાં ધાર્મિક સ્વાતંત્ર્ય અને સ્વતંત્ર ચિંતનની ભાવના ઊભી કરી.આ બનાવે યુરોપીય સમાજની કાયાપલટ કરી નાખી. વ્યક્તિ, રાષ્ટ્ર અને સમાજજીવનના પ્રત્યેક પાસાં પર તેની ઘેરી અસર થયેલી દેખાય છે. આ આંદોલનનું નેતૃત્વ માર્ટિન લ્યૂથર લીધું. ધર્મ સુધારણાએ કૅથલિક ધર્મને અનેક સંપ્રદાયમાં વહેંચી નાખ્યો. સુમિત સરકારે આ ઘટનાને "ક્રાન્તિકારી પગલું" ગણાવ્યુ છે.*

### 2.2 ધર્મ સુધારણાનો અર્થ

*ખ્રિસ્તી ધર્મમાં પેસી ગયેલી નબળાઈઓ, અંધશ્રધ્ધા, જડતા, વહેમ, સંકુચિતતા, વગેરે સામે માર્ટિન લ્યૂથરના નેતૃત્વમાં જનસમુદાયે શરૂ કરેલ બળવાને કે આંદોલનને ધર્મ સુધારણા કહી શકાય. પંડિત નહેરુના મતે-" ખ્રિસ્તી દેવળની આપખુદી અને તેમાં વ્યાપેલા ભ્રષ્ટાચારની સામે જનતાએ ઉપાડેલો બળવો એટલે ધર્મ સુધારણા."*

**2.3 ધર્મ સુધારણાના હેતુઓ કે ઉદ્દેશો**

1. *પોપ અને અન્ય ધર્માધિકારીઓના નૈતિક જીવનમાં સુધારો લાવવો.*
2. *પોપના અસીમિત અધિકારો પર અંકુશ લાવવો.*
3. *દેવળોમાં વ્યાપેલા ભ્રષ્ટાચારને દૂર કરવો.*
4. *ધર્માધિકારીઓને આધ્યાત્મિકતા તરફ વાળવા.*
5. *મોક્ષ પ્રાપ્તિ માટે લોકો પોપ પર આધારિત નહિ, પરંતુ ઈશ્વર પર આધારિત બને.*
6. *લોકો સામે સાચો ધર્મ પ્રસ્તુત કરવો.*

**2.4 ધર્મ સુધારણાનાં કારણો (પરિબળો) :-**

*કોઈપણ ઘટના આકસ્મિક થતી નથી. તેના માટે ઘણા લાંબા સમયથી બનાવો આકાર લેતા હોય. તે રીતે જોઈએ તો, ધર્મ સુધારણાના આંદોલનના બીજ* 14*મી સદીમાં જ રોપાઈ ગયા હતા.* 15*મી સદીની શરૂઆતમાં " ક્રાંસિલિયર " આંદોલને પોપના અધિકારોને સીમિત કરવાના પ્રયાસ કર્યા હતા. આ આંદોલન માટે નીચે મુજબનાં મહત્ત્વનાં કારણો જવાબદાર હતાં.*

**2.4.1 દેવળોમાં ભ્રષ્ટાચાર અને પોપનું વિલાસી જીવન :-**

*દેવળો પાસેથી અઢળક સંપત્તિ અને વ્યાપક સત્તાના કારણે ભ્રષ્ટાચારે માઝા મૂકી હતી. દેવળોનો આ ભ્રષ્ટાચાર જ આંદોલનનું મહત્ત્વનું કારણ હતું. દેવળોમાં કાવાદાવા, દાવપેચ, ખટપટ અને અનીતિની જ બોલબાલા હતી. ખુદ પોપ વિલાસી જીવન જીવતા હતા. પોપ એલેક્ઝાન્ડર છઠ્ઠા ભ્રષ્ટાચારી તરીકે પ્રખ્યાત હતા.*

**2.4.2 રાષ્ટ્રીયતાની ભાવના**

15*મી સદી સુધીમાં યુરોપમાં શક્તિશાળી રાજ્યોનો ઉદય થઈ ચૂક્યો હતો. નવજાગૃતિના કારણે યુરોપમાં રાષ્ટ્રવાદના વિચારોને બળ મળ્યું હતું. અને રાષ્ટ્રીયતાની ભાવના વધી હતી. ઈટાલીના રોમનું દેવળ તમામ દેવળોનું કેન્દ્રબિંદુ હતું. અન્ય રાષ્ટ્રોના દેવળોમાં ભેગા થયેલાં નાણાંનો મોટો હિસ્સો રોમમાં ચાલ્યો જતો હતો. આથી લોકો પોતાના દેશમાં પોતાનું દેવળના સિદ્ધાંતમાં માનવા લાગ્યા. રાજાઓએ પણ જનતાની આ ભાવનાને ઉત્તેજન આપ્યું. નગરોમાં રાષ્ટ્રીયતાની ભાવના વધુ જોવા મળતી હતી. કેટલાક પાદરીઓએ પણ રાષ્ટ્રીયતાની ભાવનાને પ્રોત્સાહન આપ્યું કારણ તેમને વિદેશી પોપનું શાસન ખૂંચતું હતું. આમ, રાષ્ટ્રીયતાની ભાવનાએ ધર્મ સુધારણાના આંદોલનને પ્રેરકબળ પૂરું પાડયું.*

**2.4.3 નવજાગૃતિની અસર**

*નવજાગૃતિની વૈચારિક ક્રાંતિની અન્ય પાસાંની માફક ધાર્મિક પાસા પર પણ અસર કરી. નવજાગૃતિએ જૂનાપુરાણા, જડ, અંધવિશ્વાસથી ભરેલા રૂઢિચુસ્ત ધાર્મિક ખ્યાલોને સ્વીકારવાને બદલે આધુનિક વિચારોને પ્રાધાન્ય આપ્યું. મૃત્યુપછીના જીવનને બદલે આ લોકના જીવનને મહત્ત્વનું ગણતી વિચારધારા રજૂ કરી. નવજાગૃતિએ સાહિત્ય-કલાના ક્ષેત્રને ધર્મના બંધનમાંથી મુક્ત કરાવી, તો વૈજ્ઞાનિક સંશોધનોએ*

*વિશ્વ વિષેની પુરાણી અને રૂઢ ધાર્મિક માન્યતાઓનું ખંડન કર્યુ. આથી ખ્રિસ્તી દેવળ સદીઓથી જે ધાર્મિક માન્યતાઓની પુષ્ટિ કરતી હતી, તેમાંથી લોકોનો વિશ્વાસ હચમચી ગયો. તાત્વિક રીતે જોઈએ તો, એક વડા ધર્મગુરુ તરીકે બ્રહ્મચર્યવ્રતનું પાલન કરવું જોઈએ તેને બદલે આ પોપ રખાતો રાખતા અને તેમાંથી થયેલ સંતાનોના જાહેરમાં લગ્ન સમારંભો પણ યોજતા ! તેનું અનુકરણ પાદરીઓ પણ કરતા દેવળોના હોદ્દાઓનું ખુલ્લેઆમ વેચાણ થતું. ખ્રિસ્તી ધર્મના ધર્મગુરૂઓમાં પદોની અસમાનતા હતી. ઉચ્ચ પદના પાદરીઓના વૈભવ વિલાસને જોઈએ નાના પદના ધર્માધિકારીઓ ઈર્ષા અને દ્વેષ કરતા હતા. આવા ભ્રષ્ટ દેવળ અને અપવિત્ર ધર્મગુરૂઓના જીવનને જોઈ લોકોની ખ્રિસ્તી ધર્મ પ્રત્યેનો વિશ્વાસ ડગવા લાગ્યા અને આમાં સુધારો થાય એવું ઈચ્છવા લાગ્યા. ઈરિઝમસે પોતાના પુસ્તક 'મુર્ખતાની પ્રશંસા'માં આ બધી બાબતોને આબેહૂબ રીતે રજૂ કરી.*

*કેટલાક પ્રામાણિક ધર્મગુરૂઓ હતા, પરંતુ તે સમુદ્રમાં ટીપાં સમાન હતા. તેમનાથી દેવળને લાગેલા કલંકને ધોવાનું મુશ્કેલ હતું. આમ દેવળનો ભ્રષ્ટાચાર અને પોપની પાપલીલા ધર્મ સુધારણાના આંદોલનનું સૌથી મહત્ત્વનું કારણ હતું.*

**2.4.4 રાજકીય કારણ**

*મધ્યયુગીન યુરોપીય શાસન વ્યવસ્થામાં દેવળ-ધર્મગુરૂઓનો પ્રભાવ સવિશેષ હતો. કેટલીક જગ્યાએ તો એક રાજાને ગાદીએથી ઉઠાવી બીજા રાજાને બેસાડી દેવાની સત્તા દેવળ-ધર્મગુરૂ ધરાવતા હતા. રાજાઓ દેવળના આ અંકુશમાંથી મુક્ત થવા માંગતા હતા. વળી દેવળની આવક કરવેરામાંથી મુકત ગણાતી, દેવળના હોદ્દાઓ રાજાની અદાલતના હકૂમત ક્ષેત્રથી પર ગણાતા. રૂા બધુ શાસકોથી સહન થતુ નહોતુ. આથી જયારે માર્ટિન લ્યુથરે બળવો કર્યો ત્યારે રાજાઓએ તેને સહાનૂભૂતિ બતાવી. કેટલાક શાસકોએ બળવાને સક્રિય મદદ પણ કરી તો મેકિયોવેલી જેવા બૌદ્ધિકોએ નિરંકુશ રાજાશાહીનું સમર્થન કર્યુ.*

**2.4.5 ભૌગોલિક શોધખોળોનો પ્રભાવ :-**

*નવજાગૃતિ દરમિયાન નવા પ્રદેશોની જાણકારી મળી. જિજ્ઞાસાવૃત્તિએ નવા પ્રદેશો સુધી પહોંચવા સાહસિકોના મનને તૈયાર કર્યું. આમ એશિયા, આફ્રિકા અને અમેરિકા ખંડમાં પહોંચવા માટે નવા જળમાર્ગો શોધાયા. વેપારના વિકાસની નવી દિશા ખૂલી. વ્યાપારીઓ અને શ્રીમંતોનો નવો મધ્યમવર્ગ ઊભો થયો. આ વર્ગના વિચારોમાં ક્રાંતિકારી પરિવર્તન આવ્યું. તેમને ધર્મ કરતા તથા ધર્મે પ્રબોધેલા મૃત્યુ પછીના જીવન કરતાં આ દુનિયામાં જ પ્રાપ્ત થતાં સુખ-સગવડો અને સમૃદ્ધિમાં વધારે રસ જાગ્યો. આમ, તેમના જીવનમાં ધર્મનું સ્થાન ગૌણ બન્યું. દેવળ તરફથી લેવામાં આવતાં કરવેરા પણ તેમને ખૂંચતા હતા.*

### 2.4.6 છાપકલાની શોધ

*નવજાગૃતિમાં છાપકલા* (Printing Press)*ની શરૂઆત હવે બાઈબલ અને અન્ય ધાર્મિક ગ્રંથ એ પોપ-પાદરીનો ઈજારો ના રહેતા સામાન્ય માણસ સુધી આ ગ્રંથો પહોંચ્યાં. આથી લોકોમાં ધર્મની સાચી સમજ ઊભી થઈ. ધર્મગુરૂઓના ખોટાં વચનો અને આડંબરોથી છેતરાવામાંથી મુક્ત બની આમ ધર્મસુધારણાના આંદોલને વેગ મળ્યો.*

### 2.4.7 ધર્મસુધારકોનો ફાળો

*કોઈપણ ક્રાંતિના મૂળમાં બૌદ્ધિકો, વિચારકો અને સુધારકોની ભૂમિકા મહત્ત્વની હોય છે. ધર્મ સુધારણામાં પણ ઘણા સુધારકોએ મૃત્યુ વહોરીને કે જાનને જોખમે પરિવર્તની મશાલ જલાવવાનું કાર્ય કર્યું છે. તેમાં મહત્વના નીચે પ્રમાણેના છે.*

**1. જર્હાન વિકલીફ (Wuclife –ઈ.સ. 1320-84)**

*જર્હાન વિકલફ ઈંગ્લેન્ડનો હતો. તે ઑક્સફર્ડ વિશ્વ વિદ્યાલયનો વિદ્વાન હતો. તેને" પ્રભાતનો તારો "* (The Morning Star of the Reformation) *કહેતા હતા. તેણે પોપની સર્વોપરિતા અને સંપત્તિનો સખત વિરોધ કર્યો. મોક્ષ માટે પાદરીની આવશ્યકતા નથી એવું જાહેર કર્યું. બાઈબલનું અંગ્રેજીમાં ભાષાંતર કર્યું. તેના આ પ્રકારના ક્રાંતિકારી વિચારોને લીધે તેને જીવતો બાળી મૂકવામાં આવ્યો. જો કે તેના અનુયાયીઓ તેના સિદ્ધાંતોનો પ્રચાર કરતા રહ્યા. તેના અનુયાયીઓ લોલાર્ડસ* (Lolard's) *કહેવાતા.*

**2. જર્હાન હસ (John Huss) (ઈ.સ. 1369-1415)**

*જર્હાન હસ બોહેમિયા (ઝેકોસ્લેવેકિયા)નો વતની હતો. વાઈક્લિફની રચનાઓ જેરોમ બોહેમિયામાં લઈ ગયો. જર્હાન હસ વાઈક્લિફના વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયો. જર્હાન હસે વાઈક્લિફના સિદ્ધાંતોનો ખૂબ પ્રચાર કર્યો. તેણે પોપલીલા અને પોપ પાખંડોની કડક આલોચના કરી. તથા રાષ્ટ્રવાદની ભાવનાને ઉત્તેજન આવ્યું. તેણે પાપ-વિ-મોચન પત્રિકાની પણ મઝાક ઉડાવી. પોતાના અનુયાયીઓને આવી પત્રિકા નહિ ખરીદવાનું આહવાન કર્યું. આથી પોપ ખૂબ જ ગુસ્સે થયો.* 1414 *માં કોન્સ્ટેટ નગરમાં એક સભાનું આયોજન કરવામાં આવ્યું. તેમાં જર્હાન હસને હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું. જર્હાન હસ આમંત્રણને માન આપી હાજર થયો તો છળકપટથી તેને પકડીને જીવતો સળગાવી દેવામાં આવ્યો.*

**૩. સેવોનારોલા (Savonarola) (ઈ.સ. 1452-1498)**

*સેવોનારોલા બચપણથી જ ગંભીર પ્રકૃતિનો હતો. પોત પોતાનો મોટાભાગનો સમય ઈશ્વર ઉપાસનામાં વ્યતીત કરતો હતો.* 1475*માં તેણે ઘર છોડી દીધું અને સન્ત ડોમિનીકનો અનુયાયી બન્યો.* 1490*માં તે પાદરી બન્યો. ખ્રિસ્તી ધર્મની તત્કાલિન સ્થિતિમાં તે સુધારો લાવવા માંગતો હતો. તે પોતાને ભવિષ્યવેતા સમજતો હતો તેણે કરેલી કેટલીક ભવિષ્યવાણી સાચી પડી હતી. તેણે પોપના ઠાઠ માઠ અને વૈભવ વિલાસનો*

*ભયંકર વિરોધ કર્યો. પોપે તેનો ઈસાઈ સમાજમાંથી બહિષ્કાર કર્યો અને તેની સાથે ક્રૂરતાપૂર્વક વ્યવહાર કરવામાં આવ્યો.*

**4. ઈરેઝમસ - (Erasmus) (ઈ.સ. 1466-1536)**

*ઈરેઝમસ હોલેન્ડનો વતની હતો તે માનવતાવાદી વિચારોનો પ્રચારક હતો. તેણે પ્રથમ પુસ્તક " પૉકેટ ડેગર" માં લખ્યું કે, મનુષ્ય વ્યક્તિગતરૂપે પરમાત્માનો ઉત્તરદાયી છે. ત્યારપછીના બીજા પુસ્તક " મૂર્ખતાની પ્રશંસામાં "* (The Praise of Folly).*સમગ્ર યુરોપમાં ચકચાર જગાવી. તેણે દેવળની ભૌતિક સંપત્તિ અને સત્તા, વિધિ વિધાનો, મઠ પદ્ધતિ વગેરેનો ઉપહાસ કર્યો.* 1516*માં તેનો ન્યૂ ટેસ્ટામેન્ટ* (New Testament) *નામનો ગ્રંથ પ્રકાશિત થયો. સમગ્ર યુરોપ આ ગ્રંથથી પ્રભાવિત થયુ. તેણે કેથોલિક ધર્મની બુરાઈઓ ખુલ્લી કરી.*

**5. માર્ટિન લ્યૂથર (Martin Luther) (ઈ.સ. 1483-1546)**

*માર્ટિન લ્યૂથરનો જન્મ* 1483*માં સૈક્સની* (Saxony) *ના આઈબેન નામના એક નાના ગામમાં થયો હતો. તેના પિતા તેને વકીલ બનાવવા માંગતા હતા; પરંતુ તેને ધર્મમાં રૂચિ હતી. ઈરફર્ટ વિદ્યાપીઠમાં તેણે ધર્મ વિશેનો અભ્યાસ કર્યો.* 1505*માં તે પાદરી બન્યો.* 1508 *માં તે ધર્મશાસ્ત્રનો પ્રાધ્યાપક બન્યો. ઘણા વર્ષે તેણે મનોમંથનમાં ગાળ્યા. દેવળનો ઉપદેશ હતો કે " મોક્ષ પ્રાપ્તિ દેવળે નક્કી કરેલા વિધિ વિધાનોથી જ મળી શકે છે. " પરંતુ લ્યૂથરને આ વાતમાં વિશ્વાસ નહોતો. તેને સંત પિટરના બોધ વચનોમાં વધુ વિશ્વાસ બેઠો. માર્ટિન લ્યૂથરે બાઈબલનું જર્મન ભાષામાં ભાષાન્તર કર્યું.* 1511*માં તેને રોમ જવાનું થયું. ત્યાં તેણે જોયુ કે રોમન કૅથલિક પોપ અને પાદરીઓ લોકોથી અંધ શ્રદ્ધાનો ગેરલાભ ઊઠાવી રહ્યા હતા. તે ખૂબ રોષે ભરાયો અને તેમાં "પાપ વિમોચન પત્રિકા"ના વેચાણને જોઈને તેનો ક્રોધાગ્નિ બેકાબૂ બન્યો.*

**2.4.8 તાત્કાલિક કારણ – પાપ વિમોચન પત્રિકાનું વેચાણ**

*પોપ લિયો* 10*માં એ ઈ.સ.* 1517 *(*31*, ઓક્ટોબર) નાં દિવસે " પાપ વિમોચન પત્રિકા " બહાર પાડી. પહેલાં આ પત્રિકા ઈ.સ.* 1300*માં અને પછી* 1400*માં પ્રગટ કરેલી; પરંતુ* 16*મી સદીની આ પત્રિકા મનુષ્યએ કરેલા ગુના (પાપ) બદલ મૃત્યુ પછી મળતી શિક્ષા (નર્ક) માંથી મુક્ત કરવાનું વચન આપતી હતી. પોપ આવી પત્રિકા શ્રદ્ધાળુ લોકોને વેચી, તેમાંથી નાણાં ઊભા કરતો હતો. માર્ટિનલ્યૂથરે આ પાપ વિમોચન પત્રિકાનો જોરદાર વિરોધ કર્યો. પત્રિકાની વિરુદ્ધમાં તેણે* 95 *મુદ્દાની પત્રિકા તૈયાર કરી વિટેનબર્ગના દેવળના દરવાજા પર ચોંટાડી દીધી. આ મુદ્દાઓમાં તેણે એવી રજૂઆત કરી કે " પાપ વિમોચન પત્રિકા " પાપમાંથી મુક્તિ ન અપાવી શકે, પરંતુ ઈશ્વરમાં શ્રદ્ધા અને સાચો દિલનો પસ્તાવો જ પાપમાંથી મુક્ત કરે. લ્યૂથર પાપ વિમોચન પત્રિકાનો વિરોધ કર્યો અને* 95 *મુદ્દાની પત્રિકા તૈયાર કરી ત્યારે તેનો હેતુ બળવોને કે નવો સંપ્રદાય સ્થાપવાનો નહોતા, પરંતુ પોપે તેની સામે*

*કડક પગલા લેવાની શરૂઆત કરી, પરંતુ લ્યૂથરના અનુયાયીઓ દિવસેને દિવસે વધવા લાગ્યા. તે પ્રોટેસ્ટન્ટ (વિરોધ કરનારા) તરીકે ઓળખાવા લાગ્યા. જ્યારે પોપને વફાદાર રહેનારા " કેથલિક " તરીકે ઓળખાવા લાગ્યા. આમ ખ્રિસ્તી ધર્મ બે સંપ્રદાયોમાં વહેંચાયો (1) કેથલિક સંપ્રદાય અને (2) પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય.*

- **તમારી પ્રગતિ ચકાસો.**

**1. ધર્મ સુધારણાનો અર્થ શું છે ?**

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

**2. ધર્મ સુધારણા પર નવજાગૃતિની શું અસર પડી ?**

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

**3. માર્ટિન લ્યૂથર પર નોંધ લખો.**

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
____________________________________________

## 2.5 ધર્મસુધારણાના પરિણામો (અસરો)

*ધર્મસુધારણાના આંદોલને સમગ્ર યુરોપ પર વ્યાપક અને લાંબાગાળાની અસરો ઊભી કરી જે નીચે પ્રમાણે વર્ણવી શકાય.*

### 2.5.1 ખ્રિસ્તી ધર્મમાં ભાગલા

*ધર્મસુધારણાના આંદોલને ખ્રિસ્તી ધર્મને મુખ્ય બે ભાગમાં વહેંચી દીધો (1) રોમન કેથલિક સંપ્રદાય અને (h) પ્રોટેસ્ટંટ સંપ્રદાય. પ્રોટેસ્ટંટ સંપ્રદામાં પણ ત્રણ ફાંટા પડયા લ્યૂથરવાદ, કાલ્વિનવાદ અને એવિસ્કોપલવાદ, જર્મની, ઈંગ્લેન્ડ, સ્કોટલેન્ડ, નોર્વે, ડેન્માર્ક, હલિન્ડ, સ્વીડન વગેરે પ્રોટેસ્ટંટ પંથી બન્યા. જ્યારે ફ્રાંસ, ઈટાલી, સ્પેન, પોર્ટુગલમાં કેથોલિકપંથનું પ્રભુત્વ રહ્યુ. બન્ને સંપ્રદાયના લોકો અને રાજ્યો વચ્ચે કટુતા વધતી ગઈ જે યુદ્ધોમાં પરિણમી.*

### 2.5.2 પ્રતિ ધર્મસુધારણા

*કેથલિક સંપ્રદાયમાં પેસી ગયેલા સડા, દૂષણો, અનીતિ દૂર કરવાના પ્રયત્નો શરૂ થયા. પોપ પોલ ત્રીજાએ ટ્રેન્ટ મૂકામે* (1945) *એક ધર્મ પરિષદ બોલાવી. તેમાં દેવળમાં વ્યાપક સુધારા કરવાના નિર્ણય લેવામાં આવ્યા. દેવળના હોદ્દાનું વેચાણ બંધ કરવામાં આવ્યુ. પાદરીઓને નીતિમય જીવન ગાળવાનો આદેશ આપવામાં આવ્યો. પાપ વિમોચન પત્રિકાનું વેચાણ બંધ કરવામાં આવ્યું. સેંટ લોપલાએ ' સેવા દ્વારા ધર્મ પ્રચાર' ની ઝૂંબેશ ઉપાડી તેઓ 'મિશનરી' કહેવાયા. તેમણે શાળાઓ, હોસ્પિટલો અને કુદરતી આફતો વખતે લોકોની સાચા દિલથી સેવા કરી. આમ પ્રતિ ધર્મસુધારણાથી લોકોમાં કેથોલિક સંપ્રદાય પ્રત્યેનો રોષ ઓછો થયો.*

### 2.5.3 નવજાગૃતિથી પીછેહઠ

*નવ જાગૃતિએ સમાજ ઉપરથી ધર્મનું વર્ચસ્વ ઓછું કર્યુ હતું. પરંતુ ધર્મસુધારણાના આંદોલને ફરીથી ધર્મનો પ્રભાવ વધાર્યો. રાજકીય અને સામાજિક જીવન પર ધર્મની અસર વધી. ધર્મમાં કલા સંગીતનો વિરોધ ફરી શરૂ થયો. આમ, આ આંદોલન નવજાગૃતિ યુગથી એક ડગલું પાછળ હટવા બરાબર હતું.*

### 2.5.4 રાષ્ટ્રીય રાજયોનો ઉદય

*ધર્મસુધારણાના કારણે પોપની સત્તા નબળી પડી. રાજાઓ ધર્મના સંકજામાંથી મુક્ત થયા. આંદોલન સમયે 'પોતાના રાષ્ટ્રમાં પોતાનો રાજા, અને પોતાનો ધર્મ ગુરૂ' એ સૂત્ર પ્રચલિત હતું. આંદોલન બાદ તેનો વધુ વિકાસ થયો. ઉપરાંત દરેક રાજયમાં તેની પોતાની ભાષામાં બાઈબલનો અનુવાદ થયો. આથી, રાષ્ટ્રીય ભાવનાને પ્રોત્સાહન મળ્યું, અને રાષ્ટ્રીય રાજ્યોનો ઉદય થયો.*

### 2. 5.5 શિક્ષણને ઉત્તેજન

*કેથલિક અને પ્રોટેસ્ટંટ બંને સંપ્રદાયોએ શિક્ષણ દ્વારા ધર્મપ્રચારના સિદ્ધાંતને સ્વીકાર્યો. સમગ્ર યુરોપ અને પાછળથી એશિયા- આફ્રિકામાં પણ ઠેર ઠેર શાળા – કૉલેજો સ્થાપવામાં આવી. એ રીતે પશ્ચિમી શિક્ષણ અને સંસ્કૃતિનો પ્રચાર કર્યો.*

### 2.5.6 આર્થિક અસર

*આ આંદોલને વેપાર- વાણિજ્યને ઉત્તેજન આપ્યું. જૂની પરંપરાગત માન્યતાઓનો છેદ ઊડી ગયો. હવે 'નફા'ને ધર્મની માન્યતા મળી, અને ખાનગી મિલ્કત ઈશ્વર કૃપા ગણાવા લાગી. વ્યાજ વટાવને માન્યતા મળી. ધંધા – ઉદ્યોગોનો ઝડપી વિકાસ થયો અને મૂડીવાદને ઉત્તેજન મળ્યું.*

- **તમારી પ્રગતિ ચકાસો**

**1. ધર્મસુધારણાનો અર્થ શું છે ?**

**2. ધર્મસુધારણા પર નવજાગૃતિની શું અસર પડી ?**

**3. માર્ટિન લ્યૂથર પર નોંધ લખો**

**3. પ્રતિ ધર્મસુધારણા**

અ. **ખરાં કે ખોટાં લખો.**

1. *ધર્મસુધારણા આંદોલન ખ્રિસ્તી ધર્મમાં થયું.*
2. *પોપ અને પાદરીઓનું વિલાસી જીવન આંદોલન માટે જવાબદાર કારણ હતું.*
3. *ધર્મસુધારણા આંદોલન પહેલા સમાજ અને રાજ્ય પર ધર્મનો પ્રભાવ ખૂબજ હતો.*
4. *ધર્મસુધારણા બાદ ખ્રિસ્તીધર્મમાં ભાગલા પડયા.*
5. *માર્ટિન લ્યૂથરે ઈ.સ.* 1945*માં ટ્રેન્ટ મુકામે ધર્મ પરિષદ બોલાવી.*

**બ. ખાલી જગ્યા પૂરો.**

1. *ધર્મ સુધારણા --------- યુગની ઘટના છે.*
   *(પ્રાચીન, મધ્ય)*
2. *---------- (પોપ) ભ્રષ્ટાચારી તરીકે પ્રખ્યાત હતો.*
   *(માર્ટિન લ્યૂથર, એલેકઝાન્ડર છઠ્ઠો)*
3. *'મુર્ખતાની પ્રશંસા' પુસ્તકના લેખક ------- હતા.*
   *(જ્હોન વીકલીફ, ઈરેઝમસ)*
4. *જ્હોન હસ ------- નો વતની હતો.*
   *(ઈંગ્લેન્ડ, બોહેમિયા)*
5. *માર્ટિન લ્યૂથરનો જન્મ ------ વર્ષે થયો.*
   ( 1183, 1483)

- **પાપ વિમોચન પત્રિકા પર નોંધ લખો.**

## 2.6 સારાંશ

*ધર્મસુધારણાનું લક્ષ્ય સત્યની શોધ હતું. આ આંદોલને ખ્રિસ્તીધર્મને યોગ્ય અર્થમાં જીવિત કર્યો. ધર્મસુધારણાએ જનસમૂહના માનસપટ પરથી વહેમ, જડતા, અંધશ્રદ્ધા, સંકુચિતતા, અંધ ભક્તિ વગેરેથી દૂર કરી પોતાના આત્માને અનુસરવાની પ્રેરણા આપી. ધર્મ એ વ્યક્તિગત કે દેવળનો ઈજારો નથી. તેની સમજ આપી. આ આંદોલન ખ્રિસ્તીધર્મને જગતધર્મ બનવા માટે પ્રેરણા આપી. સમગ્ર રીતે જોતા આ આંદોલન નવ જાગૃતિનું પૂરક બન્યું અને યુરોપને ખરા અર્થમાં અર્વાચીન યુગ તરફ લઈ ગયું.*

## 2.7 ચાવીરૂપ શબ્દો

*કેથલિક :- ખ્રિસ્તી ધર્મનો એક સંપ્રદાય*

*પ્રોટેસ્ટંટ :- ખ્રિસ્તી ધર્મનો એક સંપ્રદાય, પ્રોટેસ્ટંટ શબ્દનો અર્થ ‘પડકાર’ કે ‘ વિરોધ કરનાર’*

*પોપ :- ખ્રિસ્તી ધર્મના સર્વોચ્ચ વડા.*

*દેવળ :- ખ્રિસ્તી ધર્મનું ધર્મ સ્થાન.*

*પાદરી :- ખ્રિસ્તી ધર્મના સંત.*

*બાઈબલ :- ખ્રિસ્તી ધર્મગ્રંથ.*

*ભવિષ્યવેતાઃ- ભવિષ્યને જોઈ શકનાર.*

*પાપ વિમોચન :-પાપમાંથી મુક્તિ.*

## 2.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

**અ. ખરાં કે ખોટાં.**

(1) *સાચું*

(2) *સાચું*

(3) *સાચું*

(4) *સાચું*

(5) *ખોટું.*

**બ. ખાલી જગ્યા પૂરો.**

1. *મધ્ય*
2. *એલેકઝાન્ડર છઠ્ઠો*
3. *ઈરેઝમસ*
4. *બોહેમિયા*
5. 1483

## 2.9 સંદર્ભસૂચિ


1. F.A. Gasquet – The eve of Reformation.
2. *દેસાઈ કીકુભાઈ, દેસાઈ મણિભાઈ (અનુવાદક) યુરોપનો ઈતિહાસ મૂળ લેખક* H.A.L. Fisher *(ગુજરાતી અનુવાદ)*
3. L. Pastor – History of Popes
4. B.J. Kidd – Document illustivs of the Continental Reformation.
5. T.M. Lindsay – Luther and the German Reformation.
6. *નહેરુ જવાહરલાલ, જગતના ઈતિહાસનુ રેખાદર્શન.*

| એકમ – 3 | ભૌગોલિક શોધખોળો : કારણો અને તેના પરિણામો |
|---|---|

*"વર્તમાન ઈતિહાસકારો માત્ર યુધ્ધો અને શાસકોના ષડયંત્રોમાં જ નહિ પરંતુ ભૂતકાળના સામાજીક જીવનમાં પણ રૂચિ રાખે છે"* **- એલિન પાવર**

*"નવ જાગૃતિના પરિણામે યુરોપવાસીઓમાં જિજ્ઞાસાવૃત્તિ જાગૃત થઈ, તેની પ્રેરણાથી તુર્કોના અવરોધોને અવગણીને પૂર્વના દેશોની યાત્રા માટે આતુર બન્યાં. ધીરે ધીરે પરિસ્થિતિ તેમને અનુકૂળ બનતી ગઈ* **- બી.વી.રાવ**

**રૂપરેખા :**

**3.0 ઉદ્દેશો**
**3.1 પ્રસ્તાવના**
**3.2 કારણો (પરિબળો) :-**
- **3.2.1 કોન્સ્ટેન્ટિનોપલનું પતન**
- **3.2.2 નવજાગૃતિની અસર**
- **3. 2.3 ખ્રિસ્તી ધર્મને 'જગત ધર્મ' બનાવવાની મહેચ્છા.**
- **3. 2.4 સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદની લાલસા.**
- **3. 2.5 વેપારના ક્ષેત્રનું વિસ્તૃતીકરણ**
- **3. 2.6 યુરોપીય શાસકોનું યોગદાન**
- **3. 2.7 સાહસિક નાવિકોનો ફાળો**

**તમારી પ્રગતિ ચકાસો - 1**

**3.3. ભૌગોલિક શોધખોળોના પરિણામો (અસરો)**
- **3.1 યુરોપ સમગ્ર વિશ્વના સંપર્કમાં આવ્યું**
- **3.2 યુરોપની આર્થિક સધ્ધરતામાં વધારો**
- **3.3 ઔદ્યોગિક ક્રાંતિની શરુઆત**
- **3.4 એશિયા,આફ્રિકા,અમેરિકા,ઓસ્ટ્રેલિયાનું શોષણ**
- **3.5 વિશ્વ વેપારમાં વૃધ્ધિ**
- **3.6 સાંસ્કૃતિક સમન્વય**
- **3.7 ખ્રિસ્તીધર્મ 'જગત ધર્મ' બન્યો**

**3.4 સારાંશ**
**3.5 ચાવીરૂપ શબ્દો**
**3.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**3.7 સંદર્ભસૂચી**

## 3.0 ઉદ્દેશો

- *ભૌગોલિક શોધખોળનાં ઉદ્દેશો નીચે પ્રમાણે છે.*
- *આ પ્રકરણમાં નવા નવા ખંડો, પ્રદેશો કેવી રીતે શોધાયા તેની જાણકારી મળશે*
- *વિશ્વ એકબીજાના પરિચયમાં કેવી રીતે આવ્યું તેનો ખ્યાલ આવશે.*
- *સાહસિક નાવિકો વિશે જાણકારી મળશે.*
- *ભૌગોલિક શોધખોળોના કારણે વિશ્વ વ્યાપાર વધ્યો તેની જાણકારી મળશે*
- *વિશ્વ સાંસ્કૃતિક સમન્વય વિશે જાણકારી મળશે*
- *ઈચ્છાશક્તિ હોય તો ટાંચા, સાધનોથી પણ ઉદ્દેશ પાર પાડી શકાય, તેવું સાહસિક નાવિકો પાસેથી શીખાશે.*

## 3.1 પ્રસ્તાવના

14*મી સદી સુધી યુરોપના લોકોને યુરોપ સિવાયના ભૂખંડ સાથે ઓછો પરિચય હતો. જો કે સાતમી-આઠમી સદીમાં પૂર્વના દેશો સાથે વ્યાપારી સબંધો હતા. આરબો તેમાં કડીરૂપ હતા. આ વ્યાપાર મોટે ભાગે જમીન માર્ગે થતો. જે ખૂબ લાંબો અને અવરોધોવાળો હતો. પરંતુ* 15*મી સદીમાં હોકાયંત્ર* (Compass)*નો ઉપયોગ યુરોપના સમુદ્રી જહાજો માં શરૂ થયાં. યુરોપના નાવિકો ધીરે ધીરે પૂર્વના દેશો સાથે જોડાતા ગયા.*

*'પદ,પ્રતિષ્ઠા,પૈસો અને ધર્મપ્રચાર'ની ભૂખને સંતોષવા સાહસિક નાવિકો જીવને જોખમમાં મૂકીને નવા નવા પ્રદેશોની શોધમાં નીકળી પડયા. જો કે આમાંના મોટા ભાગના ક્રૂર અને અત્યાચારી હતા.આમ છતાં તેમની હિંમત અને સાહસે વિશ્વ ઈતિહાસના પાનાઓને રોમાંચથી ભરી દીધાં. આ રોમાંચકારી ઘટના એટલે ભૌગોલિક શોધખોળો. આ મહાન ઘટના બાદ સમગ્ર વિશ્વ એકબીજાંના પરિચયમાં આવ્યું.*

## 3.2 ભૌગોલિક શોધખોળોના કારણો

### 3.2.1 કોન્સ્ટેન્ટિનોપલનું પતન (ઈ.સ.1453)

*આક્રમક અને ક્રૂર તુર્કોએ કોન્સ્ટેન્ટિનોપલ (ઈસ્ટંબુલ)જીતી લીધું. ઈ.સ.*1453 *યુરોપના વેપારનું આ મહત્ત્વનું કેન્દ્ર હતું. આરબો જમીન માર્ગે અહીયા ચીજવસ્તુ લાવતાં અને લઈ જતાં; પરંતુ તુર્કોના હાથમાં આ શહેર આવતાં, જમીન માર્ગે થતો વેપાર બંધ થઈ ગયો. "જરૂરિયાત શોધખોળોની જનેતા છે." એ સિધ્ધાંતને આધારે અને કોન્સ્ટેન્ટિનોપલનું બારુ બંધ થતાં હવે નવા માર્ગો શોધવાની જરૂરિયાત ઊભી થઈ. અને તેમાંથી જ ટૂંકા સરળ અને સલામત દરિયાઈ માર્ગો શોધવાની શરુઆત થઈ.*

### 3.2.2 નવજાગૃતિની અસર

*નવજાગૃતિએ વૈચારિક ક્રાંતિને જન્મ આપ્યો તેમાંથી જિજ્ઞાસાવૃત્તિ પેદા થઈ. લોકોને પ્રાચીન વિદ્વાનોના ગ્રંથોમાં રસ વધ્યો. પ્રાચીન સમયમાં દોરાયેલાં વિશ્વના નકશાઓ તરફ લોકોનું ધ્યાન ખેચાયું. નકશામાં રહેલી નવી દુનિયા જોવા-જાણવાની તીવ્ર*

*જીજ્ઞાસા પેદા થઈ. પૂર્વના દેશોની સંપત્તિ (ભારત સોનાનો દેશ કહેવાતો) મેળવવાની ઝંખના જાગી. પૂર્વના દેશોમાં શાસ્ત્રો,કલા-સ્થાપત્ય,વિજ્ઞાનના વિષયોનું વિશિષ્ટ જ્ઞાન છે. તે મેળવવાની ઉત્કંઠા થઈ.*

### 3.2.3 ખ્રિસ્તી ધર્મને 'જગત ધર્મ' બનાવવાની મહેચ્છા

*ધર્મસુધારણાના આંદોલનને ખ્રિસ્તીધર્મને કેથોલિક અને પ્રોટેસ્ટંટ સંપ્રદાયમાં વિભાજીત કરી દીધો. બન્ને સંપ્રદાયના ધર્મગુરુઓ અને અનુયાયીઓ પોતાના સંપ્રદાયનો પ્રચાર અને પ્રસાર કરવા માંગતા હતા. સમગ્ર યુરોપમાં તેના પ્રચાર-પ્રસાર પછી પૂર્વના દેશોમાં તેનો ફેલાવો કરવા માંગતા હતા. પોર્ટુગિઝોએ ભારતમાં સ્થાયી થયા બાદ ખ્રિસ્તી ધર્મનો પ્રચાર શરૂ કર્યો. કુબલાઈબાં એનિકોલો પોલોને ખ્રિસ્તી ધર્મગુરુ ઓને પોતાને ત્યાં મોકલવાનું કહ્યું હતું એશિયાખંડની સાથે સાથે અન્ય ખંડોમાં પણ ખ્રિસ્તી ધર્મ પ્રચારકો પહોંચ્યા. આમ નવા પ્રદેશોમાં ખ્રિસ્તી ધર્મ લઈ જવાની ઝંખનાએ ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન આપ્યું.*

### 3.2.4 સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદની લાલસા

*યુરોપવાસીઓમાં વેપાર-વાણિજ્ય અને ધર્મપ્રચારની સાથે સાથે હવે નવા પ્રદેશો શોધી ત્યાં સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદની વિકસાવવો હતો. એ રીતે એ પ્રદેશની આર્થિક સમૃધ્ધિ ઝૂંટવી લેવી હતી અને રાજકીય સત્તા હસ્તગત કરવી હતી. આ સિલસિલામાં કેટલીક જગ્યાએ એવું બન્યું કે કેટલાક પ્રદેશોમાં પહેલા સત્તા સ્થાપી બાદમાં વેપાર હસ્તગત કર્યો, તો કયાંક પહેલા વેપાર અને પછી સત્તા પ્રાપ્ત કરી. આ સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદની ભૂખે પણ ભૌગોલિક શોધખોળોને ઉતેજન આપ્યું.*

### 3.2.5 વેપારના ક્ષેત્રનું વિસ્તૃતિકરણ

*પ્રોફે. વેબસ્ટર* (Webster) *ના મતે શરુઆતની મુસાફરીનું મુખ્ય કારણ વેપારની આવશ્યકતા હતી. ધીરે ધીરે વ્યાપાર વધતો,તેમ તેમ સ્પર્ધા પણ વધતી ગઈ વધતી સ્પર્ધાના કારણે નવા પ્રદેશોની તલાશ વધી શરુઆત પોર્ટુગિઝો એ કરી ચીન-જાપાન સુધી પહોંચ્યાં. ત્યારબાદ અંગ્રેજો, ડચો અને ફ્રેંચો પણ નવા પ્રદેશો શોધવામાં અને ત્યાં વ્યાપાર કરવા માટે આતુર બન્યાં. યુરોપના શાસકો પણ આવા સાહસિકોને પ્રોત્સાહન આપી રહ્યાં હતાં. આમ યુરોપનો વ્યાપાર વધ્યો. નફો વધ્યો.*

### 3.2.6 યુરોપીય શાસકોનું યોગદાન

*યુરોપીય શાસકો પોતાના સામ્રાજ્યનો વિસ્તાર વધારવા અને આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા માંગતા હતા. આથી આવા શાસકો-રાજાઓએ ભૌગોલિક શોધખોળોમાં સહયોગ આપ્યો; જેમાં સૌથી પહેલું નામ પોર્ટુગલના રાજા હેનરીનું મુકી શકાય. દરિયાઈ માર્ગો અને અન્ય જાણકારી માટે તેણે એક સ્કૂલની સ્થાપના કરી હતી. આ સ્કૂલમાં યુરોપના ખ્યાતનામ અને જિજ્ઞાસુ નાવિકો અને ભૂગોળની જાણકારીવાળા આવવા લાગ્યાં. તેમની વચ્ચે વિચારો અને જ્ઞાનનું આદાન-પ્રદાન થયું. આ સ્કૂલે દર વર્ષે આફ્રિકા*

*મહાદ્રિપના પશ્ચિમી કિનારાની જાણકારી મેળવવા નાવિકોને મોકલતાં હતાં. આવા નાવિકો દ્વારા જ મહાદ્રિપ, સુદાન, સેનેગલ પ્રદેશો શોધાયાં. ત્યાંથી પાછા ફરતાં પોતાની સાથે સોનું અને ગુલામો લઈને આવ્યાં. આથી તો રાજા હેનરીને 'નાવિકોનો રાજા'(ઑીહઅિ્ર રી દ્વઠ્ઠૈ્ષ્ઠ્ઠી) કહેવામાં આવે છે.*

*સ્પેનની રાણી ઈસબેલાએ પણ દરિયાખેડૂઓને વિવિધ સગવડો આપી,ભૌગોલિક શોધખોળો કરવા પ્રેર્યા હતાં.*

### 3.2.7 સાહસિક નાવિકોનો ફાળો

*વિશાળ સમુદ્રો,અફાટ રણો, દુર્ગમ પહાડો ને ખૂંદવાનું કામ સરળ નથી હોતું. આવુ કામ કરવા માટે ખૂબ હિંમત,સાહસ અને મોતને મુઠ્ઠીમાં લઈને જવાની તૈયારી હોય તો જ આ ભગીરથ કાર્યને પાર પાડી શકાય, ભૌગોલિક શોધખોળો કરનાર સાહસિકો પણ આવા નક્કર મનોબળવાળા હતાં.*

**બાર્થોલોમ્યુ ડએઝે,** *ઈ.સ.1488માં હિંદ શોધવા દરિયાઈ સફર શરૂ કરી હતી. તેણે આફ્રિકાના દક્ષિણે છેક તેના છેડા સુધી સફર કરીને કેપ-ઓફ-ગુડ હોપની શોધ કરી.*

**કોલંબસે** *ઈ.સ.1492માં હિંદ આવવા-સફર શરૂ કરી હતી,પરંતુ તેની ભૂલને લીધે તે એટલાંટિક મહાસાગરને ઓળંગીને અમેરિકા પહોંચ્યો હતો. અને આમ તેણે નવી દુનિયાની શોધ કરી.*

**વાસકો-ડી-ગામા**, *ઈ.સ.1498 માં ભારતમાં કાલિકટ બંદરે પહોંચીને ભારત આવવાનો નવો જળ માર્ગ શોધ્યો. (તેને માર્ગદર્શન ગુજરાતના કાનજી માડમે આપ્યું હતું) મોગેલને ઈ.સ.1519માં પૃથ્વીની પ્રદક્ષિણા કરવાની શરુઆત કરી હતી. તેના જહાજનું નામ 'વિક્ટરી' હતુ.*

*આ ઉપરાંત અમેરિગો વેસ્પુચી,વિલિયમ હોકિન્સ,સર વોલ્ટર રેલે,સર ફ્રાંસિસ ડ્રેઈક અને માર્કોપોલોનાં યાદગાર નામો સાહસિક નાવિકો તરીકે સુપ્રસિદ્ધ છે તેમણે ભૌગોલિક શોધખોળોમાં પોતાનું યોગદાન આપેલું છે.*

### તમારી પ્રગતિ ચકાસો : 1

**(અ) ખાલી જગ્યા પૂરો.**

1. *કોન્સ્ટેન્ટિનોપલનું પતન____________વર્ષ થયું હતું.*

(*ઈ.સ.1453 ઈ.સ.* 1493)

2. *પોર્ટુગિઝોએ ભારતમાં સ્થાઈ થયા બાદ __________ ધર્મનો પ્રચાર શરૂ કર્યો.*

(*મુસ્લિમ,ખ્રિસ્તી*)

3. *ભૌગોલિક શોધખોળોની શરૂઆત થવાનું કારણ ________ હતુ.*

(*સત્તા મેળવવાનું, વેપાર કરવાનું*)

4. __________એ દરિયાઈ માર્ગો અને અન્ય જાણકારી માટે સ્કૂલની સ્થાપના કરી.

(રાજા હેનરી, લૂઈ રાજા)

5. ઈસાબેલા ________ દેશની રાણી હતી.

(સ્પેન, ઈંગ્લેન્ડ)

**(બ) યુરોપીય શાસકોનું યોગદાન (દસ લીટીમાં)**

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

______________________________________________________________________

## 3.3 ભૌગોલિક શોધખોળોના પરિણામો (અસરો)

*ભૌગોલિક શોધખોળોમાં યુરોપે મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આથી તેને લાભ પણ સૌથી વિશેષ થયો. ભૌગોલિક શોધખોળોની અસર સમગ્ર વિશ્વ પર પડી જેને નીચે પ્રમાણે જાણી શકાય.*

### 3.3.1 સમગ્ર વિશ્વના સંપર્કમાં આવેલું યુરોપ

*પંદરમી સદી પહેલાં યુરોપ એશિયાના સંપર્કમાં પણ નહિવત હતુ. જ્યારે ભૌગોલિક શોધખોળો બાદ યુરોપ સમગ્ર વિશ્વના સંપર્કમાં આવ્યું. અત્યાર સુધી યુરોપ આફ્રિકા અને અમેરિકાથી સંપૂર્ણ અલગ હતું. પરંતુ હવે તેના ઘનિષ્ઠ સંપર્કમાં આવ્યું.*

### 3.3.2 યુરોપની આર્થિક સધ્ધરતામાં વધારો

*ભૌગોલિક શોધખોળોથી યુરોપને ઘણા બધા ફાયદા થયા, વિશેષ લાભ આર્થિક ક્ષેત્રમાં થયો. એશિયા, આફ્રિકા, ઓસ્ટ્રેલિયા વગેરે ખંડોમાંથી અઢળક સંપત્તિ યુરોપમાં ઠલવાઈ. ભૌગોલિક શોધખોળોથી પૂર્વનું ધન પશ્ચિમ ગયું. દુનિયાના આંતરરાષ્ટ્રીય વેપાર પર યુરોપનું પ્રભુત્વ સ્થપાયું. સંસ્થાનવાદ અને સામ્રાજ્યવાદ દ્વારા તેમાં વધારો કર્યો. આમ યુરોપ બધી જ રીતે સર્વશક્તિમાન બન્યું.*

**3.3.3 એશિયા,આફ્રિકા,અમેરિકા,ઓસ્ટ્રેલિયાનું શોષણ**

*યુરોપ એશિયા,આફ્રિકા,અમેરિકા અને ઓસ્ટ્રેલિયાના ભોગે સમૃધ્ધ બન્યું. આ બધા જ ખંડોમાં સંસ્થાનો સ્થાપી ત્યાંથી કાચો માલ સસ્તી કિંમતે પડાવી તૈયાર માલ આ બજારોમાં જ મોંઘા ભાવે વેચી અઢળક નાણાં કમાયા. કેટલાંક પ્રદેશોને પાયમાલ કરી નાખ્યાં. દા.ત. ભારત અને અમેરિકા કેટલાંકને મતે આફ્રિકાની ગરીબી માટે ભૌગોલિક શોધખોળો જવાબદાર હતી.*

**3.3.4 વિશ્વ વેપારમાં વૃધ્ધિ**

*નવા દરિયાઈ માર્ગોને કારણે વેપારમાં ખૂબ જ ઝડપથી વધારો થયો. કાચામાલ અને તૈયાર માલની મોટા પાયે હેરફેર થવા લાગી. વહાણવટાનો વિકાસ થયો કેટલાક દેશોએ તો પોતાને જરૂર ન હોય તેવી ચીજ વસ્તુઓ એક પ્રદેશમાંથી ખરીદી બીજા પ્રદેશમાં વેચી પુષ્કળ લાભ મેળવ્યો. યુરોપના મોટા ભાગના રાષ્ટ્રો વિશ્વના લગભગ તમામ પ્રદેશો સાથે વેપાર-ધંધાથી જોડાયા.*

**3.3.5 ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત**

*નવજાગૃતિ દરમ્યાન શરૂ થયેલ વૈજ્ઞાનિક શોધખોળોમાં ધીરે ધીરે વધારો થયો. વાહનવ્યવહાર અને ઉત્પાદનના સાધનોમાં આમૂલ પરિવર્તન આવ્યું. આ સમયમાં માંગ વધી માંગ વધતા પુરવઠો વધારવાની જરૂરિયાત ઊભી થઈ.તેમાંથી ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઈંગ્લેન્ડમાંથી થઈ ઈ.સ.*1750-1850 *ત્યારબાદ યુરોપના અન્ય રાષ્ટ્રોમાં પણ ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ.*

**3.3.6 સાંસ્કૃતિક સમન્વય**

*યુરોપની સંસ્કૃતિ દૂર દૂરના પ્રદેશોમાં ફેલાઈ પછાત વિસ્તારોમાં યુરોપીય પ્રજાએ વસવાટ શરૂ કર્યો. અમેરિકાનું તો પુરેપુરુ યુરોપીયકરણ થઈ ગયુ. ભારત,ચીન,જાપાન વગેરે પર પણ યુરોપ સંસ્કૃતિનો પ્રભાવ પથરાયો. સાથે સાથે અન્ય સંસ્કૃતિનો લાભ યુરોપને પણ મળ્યો. આમ સમગ્ર વિશ્વની સંસ્કૃતિની આપ-લે થઈ.*

**3.3.7 'વિશ્વ ધર્મ' બનેલો ખ્રિસ્તી ધર્મ**

*ભૌગોલિક શોધખોળોના અન્ય પરિબળોમાંનું એક પરીબળ ખ્રિસ્તીધર્મનો પ્રચારનો પણ હતો. જે નવા પ્રદેશો શોધાયા તેમાં,ખ્રિસ્તી દેવળે ધર્મપ્રચાર અને પ્રસારની તક ઝડપી લીધી. ખાસ કરીને જ્યાં રાજકીય સત્તા હસ્તગત કરી ત્યાં તો સામ, દામ, દંડ, ભેદની નીતિ અખત્યાર કરી. ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને પ્રસાર કર્યો તેમાં તેમને ખૂબ સફળતા પણ મળી અને એ રીતે તે "વિશ્વ ધર્મ" બન્યો.*

**તમારી પ્રગતિ ચકાસો – 2**

**(અ) ખરા કે ખોટા લખો.**

1. *ભૌગોલિક શોધખોળોના કારણે યુરોપ આર્થિક રીતે નબળું પડયું.*
2. *ભૌગોલિક શોધખોળોના કારણે એશિયા-અમેરિકાનું શોષણ થયું.*

3. ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત અમેરિકાથી થઈ
4. ભૌગોલિક શોધખોળોને કારણે ખ્રિસ્તીધર્મ વિશ્વ ધર્મ બન્યો.

**(બ) ભૌગોલિક શોધખોળોના પરિણામો ટૂંકમાં જણાવો (દસ લીટીમાં)**

## 3.4 સારાંશ

*ભૌગોલિક શોધખોળોને કારણે સમગ્ર વિશ્વ એકબીજાંના પરિચયમાં આવ્યું અને એમાંય અમેરિકાની શોધે વિશ્વના ચિત્રને બદલી નાંખ્યું. ભૌગોલિક શોધખોળોને પરિણામે સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદનો વિકાસ થયો. અને તેના કારણે યુરોપના રાષ્ટ્રોમાં અંદરોઅંદર હરિફાઈ શરૂ થઈ. આ હરીફાઈ લાંબાગાળે સંઘર્ષમાં પરિણમી.*

## 3.5 શબ્દાવલિ

*જિજ્ઞાસાવૃતિ – નવું જાણવાની ઈચ્છા*
*સામ્રાજ્યવાદ – શક્તિશાળી રાષ્ટ્રદ્વારા નિર્બળ રાષ્ટ્રના પ્રદેશને પડાવી લેવાની વૃત્તિ.*
*કેથોલિક – ખ્રિસ્તીધર્મનો સંપ્રદાય*
*પ્રોટેસ્ટન્ટ – ખ્રિસ્તીધર્મનો એક સંપ્રદાય*
*પેયજળ – પીવાનું પાણી*
*હોકાયંત્ર – દિશા સૂચક યંત્ર*
*દુર્ગમ – અઘરું*

## 3.6 તમારી પ્રગતિ ચકાસો-૧ ના જવાબો

**(અ) ખાલી જગ્યા**

(1) ઈ.સ. 1453
(2) ખ્રિસ્તી
(3) વેપાર કરવાનું
(4) રાજા હેનરી
(5) સ્પેન

**(બ) તમારી પ્રગતિ ચકાસો-2 ના જવાબો**

(1) X
(2) ✓
(3) X
(4) ✓
(5) X

**સ્વાધ્યાય**

*પ્રશ્ન-1 ભૌગોલિક શોધખોળોના કારણો જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

*પ્રશ્ન- 2 ભૌગોલિક શોધખોળોના પરિણામો જણાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

## 3.7 સંદર્ભસૂચી


1. *નહેરુ, જવાહરલાલ, જગતના ઈતિહાસનું રેખા દર્શન.*
2. *વિશ્વ દર્શન – જ્ઞાન ગંગોત્રી શ્રેણી, એસ.પી. યુનિવર્સિટી, વિદ્યાનગર.*
3. H.A.L. Fisher *(અનુવાદક) કોકુભાઈ દેસાઈ, મણિભાઈ દેસાઈ- યુરોપનો ઈતિહાસ-2.*
4. *પ્રા. બી.પી. દલાલ, પ્રો.અરુણા જી. ત્રિવેદી – અમેરિકાના ઈતિહાસની રૂપરેખા.*
5. Welch, Oliver J.G. and Others A morden History of Europe.
6. Biography of Vasco Da Gama Published By – Jivani. Org.
7. रामनाथ लाल सुमन – मार्को पोलो की यात्रा.

| એકમ - 4 | માર્કોપોલો, કોલંબસ, વાસ્કો-દ-ગામા, અને હેન્રી-ધ- નેવીગેટર |
|---|---|

**" ભૌગોલિક શોધખોળોથી સમગ્ર વિશ્વ એક બીજાના પરિચયમાં આવ્યું, તથા સામાજિક, આર્થિક, ધાર્મિક, રાજકીય અને સાંસ્કૃતિક સમન્વય થયો." - એક અવલોકન**

**" Gold, Glory અને Gospel ની મહત્ત્વકાંક્ષાએ ભૌગોલિક શોધખોળોને જન્મ આપ્યો "**
**- એક અવલોકન**

**રૂપરેખા :**

**4.0 ઉદ્દેશો**

**4.1 પ્રસ્તાવના.**

**4.2 માર્કોપોલો**

**4.3 કોલંબસ**

**તમારી પ્રગતિ ચકાસો.**

**4.4 વાસ્કો-દ-ગામા.**

**4.5 હેન્રી – ધ – નેવિગેટર.**

**4.6 સારાંશ**

**4.7 શબ્દાવલિ**

**4.8 સંદર્ભ સૂચિ**

## 4.0 ઉદ્દેશો

- *સાહસિક નાવિકો વિશે જાણકારી મળશે.*
- *ઈચ્છાશક્તિ હોય તો ટાંચા, સાધનોથી પણ ઉદ્દેશ પાર પાડી શકાય, તેવું સાહસિક નાવિકો પાસેથી શીખાશે*
- *યુરોપના શાસકો દ્વારા ભૌગોલિક શોધખોળો માટેના પ્રયત્નોમાં નાવિકોને મદદ કરવાની તત્પરતા વિશે માહિતી મળશે.*

## 4.1 પ્રસ્તાવના

*પંદરમી સોળમી સદીમાં વહાણવટાની સુવિધા વધી, હોકાયંત્રની શોધ થઈ. લાંબા અંતર સુધી મુસાફરી કરી શકે એવો નૌકા કાફલો બનાવા લાગ્યો. આથી ભૌગોલિક શોધખોળોને ઉત્તેજન મળ્યું. યુરોપવાસીઓમાં નવા નવા પ્રદેશો શોધવાની જાણે કે હોડ (સ્પર્ધા) શરૂ થઈ. તેની શરૂઆત પોર્ટુગલ અને સ્પેને કરી. બાદમાં યુરોપના ઘણા રાષ્ટ્રો તેમાં સામેલ થયા. તેમ છતાં એટલું કરી શકાય કે આ સમગ્ર પ્રક્રિયાના કેન્દ્રમાં યુરોપના સાહસિક નાવિકો હતા. જેમાં મહત્ત્વના નામોમાં માર્કોપોલો, કોલંબસ, વાસ્કો-દ-*

*ગામા, હેન્રી – ધ – નેવિગેટર, બાર્થોલોમ્યુ ડાયેઝ, વેશ્પુચી અમેરિગો, મેગેલન, જહોન કેબટ અને સેબેસ્ટ્રિયન કેબટ (પિતા-પુત્ર) ને ગણાવી શકાય.*

## 4.2 માર્કોપોલો- (ઇ.સ.1254 – ઇ.સ.1324)

*મધ્યયુગના અંત ભાગમાં શરૂ થયેલ ભૌગોલિક શોધખોળોમાં માર્કોપોલોનું નામ પ્રથમ સ્થાને મુકી શકાય. માર્કોપોલોના જન્મના સ્થળ અને તારીખ વિશે કોઈ ચોક્કસ માહિતી નથી મળતી. ઈ.સ. ૧૨૫૪ માં તેમનો જન્મ થયો હતો. મોટા ભાગના લેખકો માર્કોપોલોના વતન તરીકે વેનિસ તરફ ઈશારો કરે છે તેમના પિતા નિકોલોપોલો વેપારી હતા. માર્કોપોલોની માતાનું અવસાન થતાં કાકા-કાકીએ તેમનો ઉછેર કર્યો હતો. પોલોને યોગ્ય શિક્ષણ મળ્યું હતું. વિદેશી ચલણ, વસ્તુનું મૂલ્યાંકન અને સમુદ્રી જહાજોના સંચાલન, વગેરેનું જ્ઞાન તેમણે મેળવ્યું હતું.*

*ઈ.સ.*1271 *માં નિકોલોપોલો અને મેરીઓપોલો (નિકોલોના ભાઈ) એ ચીન તરફની મુસાફરી શરૂ કરી ત્યારે માર્કોપોલોને પણ સાથે લઈ ગયા. કુબ્લાઈખાન માર્કોપોલોથી ખૂબ પ્રભાવિત થયા.*

*માર્કોપોલો પૂર્વમાં જુદા જુદા પ્રદેશોમાં* 17 *વર્ષ રહ્યો. જુદા જુદા દેશોના શાસકો-વહેપારીઓઅને અન્યની મુલાકાત લેતો રહ્યો. તેની વિશેષતા એ હતી કે તે પોતાના પ્રવાસ સમયની મહત્વની બાબતોને ટૂંકમાં લખી રાખતો હતો. સમ્રાટ કુબ્લાઈખાન માર્કોપોલોના વ્યક્તિત્વ, રીત-ભાત, આવડત, જ્ઞાન, નિર્ણય શક્તિથી પ્રભાવિત થયો હતો, તેથી તો તેણે માર્કોપોલોને ચીનના એક જિલ્લા (હાંગ-ચો) નો ગવર્નર બનાવ્યો હતો.*

*ઈ.સ.*1292*માં શાહી કાફલા સાથે ત્રણે પોલો પર્શિયા (ઈરાન) જવા દક્ષિણ ચીનના ઝાઈતુનથી* 14 *સઢવાળા જહાજમાં નીકળ્યા. સિંગાપોર, સુમાત્રા, ભારતની દક્ષિણ ટોચ ફુરીને છેવટે અરબી સમુદ્ર પસાર કરીને હોર્મુઝ પહોંચ્યા. આ યાત્રામાં* 600 *લોકો હતા તેમાંથી માત્ર* 18 *જ જીવતા રહ્યા, તેમાં ત્રણેય પોલોનો સમાવેશ થાય છે. ત્યારબાદ પોલો કુટુંબ પોતાને વતન પરત ફર્યું. ત્યારબાદ માર્કોપોલોએ વેપાર ક્ષેત્રે ખૂબ ધન કમાયા. ઈ.સ.* 1300 *માં લગ્ન કર્યા અને ત્રણ દીકરીના પિતા બન્યા. ઈ.સ.* 1323 *માં માર્કોપોલો બીમાર પડયા અને ઈ.સ.*1324 *માં તેમનું અવસાન થયું.*

The Journey of Marco Polo.

*વતન પરત ફર્યા બાદ માર્કોપોલોએ પોતાની મુસાફરીનું વર્ણન કરતું પુસ્તક લખ્યું. જેમાં પૂર્વના દેશો વિશેષ ચીન વિષે માહિતીનો ભંડાર લખ્યો. મુસાફરી દરમ્યાન જે જે માર્ગોથી પસાર થયો તેના નકશા, જે તે પ્રદેશોના ચિત્રો દોરવાનું મહાન કાર્ય કર્યું. જુદા જુદા દેશોમાં કોને કોને મળ્યો તેની નોંધ કરી. જે તે પ્રદેશની પ્રજા ખાન-પાન પહેરવેશ, અલંકારો, વેપાર-રોજગારનું અદભૂત વર્ણન કર્યું છે. નગરો અને વેપારી કેન્દ્રોની નોંધ પણ કરી છે. સાથે સાથે રાજા-રાણીઓના નામો, વહીવટી-લશ્કરી બાબતોનો પણ ઉલ્લેખ જોવા મળે છે. આ પુસ્તકથી યુરોપીય પ્રજામાં ભૌગોલિક જ્ઞાનમાં અનેક ઘણો વધારો થયો. પૂર્વના દેશો કયાં આવેલા છે; કયા માર્ગે અને કેટલા સમયમાં ત્યાં પહોંચી શકાય તેનું જ્ઞાન*

યુરોપીયનોને મળ્યું. તેઓ ચીન સુધી દરિયાઈ માર્ગે જવા ઈચ્છતા હતા. પરંતુવહાણો દરિયામાં ચલાવવા લાયક ન હોવાથી, તેમણે જમીન માર્ગે પ્રવાસ ખેડી ચીનના ઝાન્ગજિયાકોઉ ( Zhangjiakou ) પાસે આવેલા કુબ્લાઈખાનના મહેલે પહોંચ્યા. આ મુસાફરીમાં તેમને સાડા ત્રણ વર્ષનો સમય લાગ્યો હતો. તેમના પહોંચવાની ચોક્કસ તારીખ મળતી નથી. પણ 1271 થી 1275 વચ્ચે પહોંચ્યા હોવાનું અનુમાન છે. મોન્ગોલ દરબારમાં પહોંચ્યા પછી જેરૂસલેમનું પવિત્ર તેલ અને પોપના પંત્રો કુબ્લાઈખાનને ભેટમાં આપ્યા હતા. પૂર્વના દેશો ચીન, જાપાન, સિંગાપુર, ઈરાન, ભારત, મોંગલિયા, જાવા, સુમાત્રામાં કઈ કઈ ચીજ વસ્તુઓનું ઉત્પાદન થાય છે તેની મૂલ્યવાન માહિતીથી યુરોપ પરિચીત બન્યું. પૂર્વની અઢળક સંપત્તિના માર્કોપોલોના વર્ણનથી યુરોપ પ્રભાવિત બન્યું. અને ભૌગોલિક શોધખોળો વધુ વેગવાન બની.

## 4.3 કોલંબસ- (ઈ.સ.1446 - ઈ.સ. 1506)

એક સારું પુસ્તક માનવીના જીવનને બદલી નાંખે છે. આ વિધાન કોલંબસના જીવનને કેટલેક અંશે સાચું પુરવાર કરે છે. The Journey of Marco Polo (માર્કોપોલોના પ્રવાસ વર્ણનો) નામના પુસ્તકના અભ્યાસ પછી કોલંબસને પણ નવા પ્રદેશો ખુંદી વળવાની તાલાવેલી જાગી હતી.

ક્રિસ્ટોફર કોલંબસનું મૂળ વતન ઈટાલી હતું. પરંતુ પોતાના સ્વપ્નને સિદ્ધ કરવા તે પોર્ટુગલ પહોંચ્યો. પોર્ટુગલના રાજા પાસે તેણે પૂર્વના દેશોની સફર માટે મદદ માંગી. પરંતુ રાજાએ તેની વાત માની નહીં. કોલંબસ છ વર્ષ પોર્ટુગલમાં રહ્યો. અને ફિલીયા નામની સ્ત્રી સાથે લગ્ન કર્યા.

ઈ.સ. 1485માં તે સ્પેન આવ્યો. સ્પેનના રાજા-રાણી સાથે તેણે મુલાકાત કરી. અને પૂર્વ દેશો સુધી પહોંચવાની પોતાની આખી યોજના રજૂ કરી. પૃથ્વી ગોળ છે હવે સિદ્ધ થઈ ચૂકયુ હતુ. તેથી તેણે કહ્યું કે જો આપણે પશ્ચિમ તરફ જ સમુદ્રમાં આગળ વધીએતો એક દિવસ પૂર્વમાં આવેલા ભારત સુધી પહોંચી શકાય. સ્પેનના રાજાએ શરૂઆતમાં તેની વાતને બહુ મહત્ત્વ ના આપ્યું. પરંતુ રાણી ઈસાબેલા તેની યોજનાથી પ્રભાવિત થઈ અને તેણે કોલંબસને મદદ કરવાનું વચન આપ્યુ.

ઈ.સ.1492ના ઓગસ્ટ માસ (લભભગ ૨ ઓગસ્ટ)માં શાન્તા મોરિયા, પિન્ટા અને નીના નામના ત્રણ જહાજોના કાફલા સાથે કોલંબસની મહાન સફર શરૂ થઈ. યુરોપથી નીકળી તે દક્ષિણ આફ્રિકા તરફ એટલે કે પૂર્વ તરફ જવાને બદલે આટલાન્ટિક મહાસાગરમાં પશ્ચિમ તરફ આગળ વધ્યો. મહાસાગરના તોફાનો અને ભયંકર પવનને ગણકાર્યા વિના તે સતત પશ્ચિમ તરફ આગળ વધતો રહ્યો. ૩૩માં દિવસે રાત્રે તેના એક સાથી (એલેન્ઝો)ને જમીનના દર્શન થયા. બધાએ આખી રાત આનંદમાં પસાર કરી અંતે તેઓ વેસ્ટ ઈન્ડિઝના ટાપુઓ પર પહોંચ્યા. અહિંયા તેઓ ત્રણ માસ રહ્યા અને અંતે સ્પેન પરત ફર્યા. પોતાની સાથે સોનુ કે સંપતિ લાવી શકયો નહોતો.

*પરંતુ ઉષ્ણકટિબંધના છોડ, રંગીન પોપટ અને અમેરિકાના આદિવાસીઓને પોતાની સાથે લાવ્યો હતો, અંતે 1506 ના મે મહિનામાં તેનું અવસાન થયું.*

*કોલંબસ મૃત્યુ સુધી એમ જ માનતો રહ્યો કે તેણે ભારત દેશ શોધ્યો છે. પરંતુ આ તેની ભૂલ હતી તેની આ ભૂલને સુધારી વેશ્યુચી એમરિગોએ, કોલંબસે કરેલી સફર પર વેશ્યુચી ચાલ્યો અને આ નવા પ્રદેશમાં પહોંચ્યો તો તે ભારત નહી પણ કોઈ નવો જ પ્રદેશ હતો.તેણે જાહેર કર્યું કે કોલંબસે ભારત નહી પણ કોઈ નવો દેશ, નવી દુનિયાની શોધ કરી છે, જે પછીથી 'અમેરિગો'ના નામ પરથી " અમેરિકા" તરીકે ઓળખાયો. કોલંબસે બીજી વખત પણ આ પ્રદેશની સફર કરી હતી પણ પોતાની ભૂલ સુધારી શકયો નહોતો. તેણે ભારત નહિ પણ વાસ્તવમાં કેરેબિયન અને મધ્ય અમેરિકાના કિનારાઓમાં શોધખોળ કરી હતી.*

*ક્રિસ્ટોફર કોલંબસ પોતાના નિશ્ચિત મિશનમાં નિષ્ફળ ગયો. પરંતુ ભૌગોલિક શોધખોળોમાં એક નવા પાનાને તેણે લખ્યું. એક નવી દુનિયાનું દ્વાર તેણે ખોલી આપ્યુ. આથી તેનું નામ અમર બની ગયું.*

## 4.4 વાસ્કો – ડી –ગામા

*વાસ્કો-ડી-ગામાનો જન્મ 1460 કે 1469 માં (જન્મનું વર્ષ બે માંથી એક છે. મોટા ભાગના લેખકો 1469ના વર્ષને જન્મ વર્ષ તરીકે સ્વીકારે છે.) પોર્ટુગલના સાઈન્સમાં થયો હતો. તેના પિતાનું નામ અસ્તેવાઓ-દ-ગામા હતું. વાસ્કો-દ-ગામાના પરિવારની બહુ વિગતો મળતી નથી. પોર્ટુગલના એક ઈતિહાસકાર (ટેકિસયેરા)ના મતે વાસ્કો-દ-ગામાએ અવોરા શહેરમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું. તેણે ગણિત, સમુદ્રી જહાજો અને ખગોળ વિદ્યાનું શિક્ષણ લીધુ હતું.*

*ઈ.સ.1492માં પોર્ટુગલના રાજાએ ફ્રાંસીસ જહાજો પકડી પાડવા ગામાને મોકલ્યો હતો.આ કામ તેણે કુશળતા પૂર્વક પાર પાડયું. વાસ્કો-ડી-ગામાની પ્રથમ ભારત યાત્રા ઈ.સ.1497માં શરૂ થઈ. જેમાં 170 માણસો અને ૪ જહાજો હતા. પહેલા તે "કેપ ઓફ ગુડ હોપ" પહોંચ્યો ત્યાંથી તે અરબી સમુદ્રમાં પહોંચ્યો.ત્યાં તેને એક આરબ ખલાસી મળ્યો તેણે હિંદ આવવાનું માર્ગદર્શન આપ્યુ. અંતે તે 21 મે 1498 ના દિવસે દક્ષિણ ભારતના કાલિકટ બંદરે પહોંચ્યો. ગામાનો એક સાથી લખે છે કે, 'આ દેશના લોકો નાના કદના અને મતલબી છે. પુરુષો કમર ઉપર કાંઈ પહેરતા નહી. કેટલાક લોકો લાંબા વાળ રાખતા તો કેટલાક મુંડન કરાવતા હતા. સ્ત્રીઓ દેખાવે બહુ સુંદર નહોતી.'*

*કાલિકટાના રાજા ઝામોરિન સાથે વાસ્કો-ડી-ગામાની મુલાકાત થઈ. પોતાની સાથે લાવેલ કેટલીક ભેટો તેણે રાજાને આપી. દુભાષિયાની મદદથી રાજા સાથે વાર્તાલાપ કર્યો અને ભારત સાથે વેપાર કરવાની અનુમતિ લઈ લીધી.*

*ત્યારબાદ હિંદમાં ઘણી જગ્યાએ ફરી ઢાકાની મલમલ, સોપારી, મરી-મસાલા, સોનું-ચાંદી, રત્નો વગેરે લઈ ઈ.સ.1499માં તે લિસ્બન બંદરે પાછો ફર્યો. આ મુસાફરીમાં તેણે ઘણું સહન કર્યુ. તેના જહાજોને નુકશાન થયું તેમજ ઘણા બધા સાથીઓનું*

મૃત્યુ થયું તેમાં તેના ભાઈ પૉલો-દ-ગામાનું પણ અવસાન થયું હતું. તેમ છતાં તે પોતાની સાથે અઢળક કિંમતી ચીજો અને પોર્ટુગલના રાજા માટે મલયાલમ ભાષામાં રાજા ઝામોરિન દ્વારા લખાયેલ પ્રશસ્તિ પત્ર લઈને વતન પહોંચ્યો હતો.

પોર્ટુગલમાં તેનું જોરદાર સ્વાગત કરવામાં આવ્યુ. તેને 'ભારતના નૌસેનાપતિ'(Admiral of Indies)---- નો ઈલકાબ (ઉપાધિ) આપવામાં આવી.

વાસ્કો-ડી-ગામાની આ સફળ યાત્રાનું મહત્વ પોર્ટુગલ કે યુરોપ પુરતું મર્યાદિત ના રહેતા એશિયા માટે પણ તે મહત્વપૂર્ણ સાબિત થયું. ગામાની સફળતાએ અને અઢળક ધનને જોઈને પોર્ટુગીઝોના મોઢાંમાં પાણી આવી ગયું. ત્યારબાદ પૂર્વ તરફની તેમની યાત્રા દિન-બ-દિન વધતી ગઈ અને એશિયામાંથી  રેશમ, મસાલા, ઝવેરાત તથા અન્ય ચીજોના જહાજો ભરી પોતાના દેશમાં ઠાલવવા લાગ્યા. એટલુ જ નહી ત્યારબાદ ભારતના સમુદ્રીતટો પર પોતાની વ્યાપારી કોઠીઓ સ્થાપી જેમાં ગોવા તેમનું મુખ્ય વહેપારી મથક હતું.

ભારત ઉપરાંત શ્રીલંકા, જાવા, સુમાત્રા, બાલિ, કંબોડિયા, ચીન વગેરે જગ્યાએ પણ પોતાના વ્યાપારનો વિસ્તાર કર્યો અને કેટલીક જગ્યાએ રાજકીય સત્તા પણ હસ્તગત કરી.

વાસ્કો-ડી-ગામાની હિંદ આવવાના જળ માર્ગની શોધના કારણે યુરોપના નાનકડા દેશ પોર્ટુગલ ટૂંકાગાળામાં સમૃદ્ધ અને તાકતવર દેશ બન્યો. પોર્ટુગલના વેપારી જહાજો સાથે ધર્મ પ્રચારકો પણ મોકલવામાં આવતા જે ખ્રિસ્તી ધર્મનો પ્રચાર અને પ્રસારનું કામ કરતા હતા. જેમાં સંત ફ્રાન્સિસ ઝેવિયરનું નામ આગળ પડતું છે.

## 4.5 હેન્રી – ધ- નેવિગેટર

હેન્રીનો જન્મ ઇ.સ.1394માં પોર્ટુગલમાં થયો હતો તેમના પિતા જહોન ત્રીજા પોર્ટુગલના રાજા હતા. હેન્રીને ભૌગોલિક સંશોધનમાં ખૂબ રસ હતો. પિતા પછી પોર્ટુગલની ગાદીએ હેન્રીનો રાજ્યાભિષેક થયો. પોર્ટુગલનું સુકાન સંભાળ્યા પછી રાષ્ટ્રનો વેપાર વધારવા, આર્થિક સધ્ધરતા પ્રાપ્ત કરવા હેન્રીએ અથાગ પ્રયત્નો કર્યા તેમાં ભૌગોલિક શોધખોળોને અગ્રસ્થાને મૂકી શકાય. હેન્રીએ નીચે મુજબના કારણોસર નાવિકોને એશિયા (પૂર્વના દેશો) ની સફર માટે પ્રોત્સાહન આપતો હતો.

1. આરબ અને મુસ્લિમ વ્યાપારીઓ પાસેથી વ્યાપાર પડાવી લેવા માંગતો હતો.
2. એશિયામાં ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરવા માંગતો હતો.
3. આફ્રિકામાંથી તે સોનુ અને ગુલામો પ્રાપ્ત કરવા માંગતો હતો.
4. હેન્રીએ યુરોપથી પૂર્વના દેશોને શોધવા મહત્ત્વની ભૂમિકા અદા કરી નવા – નવા જળ માર્ગો શોધવા સાહસિક નાવિકોને બધા જ પ્રકારની મદદ કરી. જેમાં વહાણો, સૈનિક- રક્ષકો, ખોરાક, પીવાનું પાણી વગેરેનો સમાવેશ થાય છે.

ભૌગોલિક શોધખોળોના અભ્યાસ માટે વિદ્યાલયો શરૂ કરી. વિદ્વાનો દ્વારા નકશાઓ તૈયાર કરાવ્યા. યુરોપથી કેપ ઓફ ગુડ હોપનો જળ માર્ગ તથા કેપ ઓફ ગુડ

*હોપથી કાલિકટ બંદર સુધીના જળ માર્ગના નકશાઓ તૈયાર કરાવ્યા. આ ઉપરાંત શ્રીલંકા, ચીન, જાપાન, જાવા-સુમાત્રા જવાના નકશો પણ તૈયાર કરાવ્યા. સાથે સાથે સમુદ્રી તોફાનો સામે ટકી શકે તેવા વહાણો તૈયાર કરાવ્યા. મેગ્નેટિક હોકા યંત્ર અને ઓસ્ટ્રોલોબ નામના યંત્રો, જેવી તમામ જરૂરી ચીજ-વસ્તુ, માલ સામાન હેન્રીએ પુરા પાડયા. આમ એક નાનકડો દેશ યુરોપમાં નામાંક્તિ બન્યો. તેમાં હેન્રીનું પ્રદાન અદભૂત હતું. એટલે તો તેને " નાવિકોનો રાજા " (*Henry The Navigator) *નું બિરુદ મળ્યુ. ભૌગોલિક શોધખોળોના ઈતિહાસમાં અમર નામના પ્રાપ્ત કરી. તેના પ્રયત્નોના કારણે જ બાર્થોલોમ્યુ ડાયઝ અને વાસ્કો-ડી-ગામા પોતાના કાર્યને સફળતા અપાવી શકયા હતા. જો કે તે જોવા જેટલું રાજા હેન્રી જીવ્યો નહિ. પરંતુ પોતાના દેશ પોર્ટુગલને વિશ્વના નકશામાં શક્તિશાળી રાષ્ટ્ર તરીકે સ્થાયી કર્યું. અને ખરા અર્થમાં આધુનિક યુગમાં પ્રવેશ કરાવ્યો.*

- **તમારી પ્રગતિ ચકાસો.**

**1. કોલંબસ અને માર્કોપોલોનું પ્રદાન વર્ણવો.**

**2. વાસ્કો-દ-ગામા અને હેનરી-ધ-નેવિગેટરનું મૂલ્યાંકન કરો.**

**3. ટૂંક નોંધ લખો.**

**(1)** માર્કોપોલો **(3)** હેનરી ધ નેવીગેટર

**(2)** કોલંબસ **(4)** વાસ્કો-દ-ગામા

## 4.6 સારાંશ

*ઘણા ઈતિહાસકારોએ યુરોપના મધ્યયુગમાંથી આધુનિક યુગમાં પ્રવેશવાની પ્રક્રિયાને "જ્ઞાનનું પુનઃ જાગરણ" નામ આપ્યુ છે. પુનઃ જાગરણની એક વિશેષતા જિજ્ઞાસા હતી. ૧૪મી સદી સુધી યુરોપ બહારની દુનિયા સાથે અંશતઃ પરિચિત હતું. માત્ર* 100 *વર્ષમાં જ એટલે કે* 15*મી સદીમાં તો યુરોપ સમગ્ર વિશ્વથી પરિચિત બન્યું, તે યુરોપની જિજ્ઞાસાવૃત્તિનું પરિણામ હતું તેના શ્રેય ઉપર શબ્દચિત્રોમાં રજૂ થયેલ સાહસિક નાવિકોને અને શાસકોને ફાળે જાય છે.*

## 4.7 શબ્દાવલિ

| | |
|---|---|
| **હોકાયંત્ર – દિશાસૂચક યંત્ર;** | **હોડ – સ્પર્ધા;** |
| **નાવિક – સમુદ્રી નાવ,જહાજ ચલાવનાર;** | **મૂલ્યવાન - કિંમતી;** |
| **વેગવાન – ઝડપી;** | **તાલાવેલી – જિજ્ઞાસા;** |
| **સફર – મુસાફરી;** | **ખલાસી – વહાણમાં સફર ખેડનાર વ્યક્તિ;** |
| **દુભાષિયા – અલગ અલગ ભાષાના જાણકાર;** | **અનુમતિ – મંજુરી;** |
| **મલમલ - એક પ્રકારનું કાપડ;** | **રાજયાભિષેક – રાજગાદી પર બેસવાની વિધિ;** |
| **અથાગ – થાકયા વગર, ખૂબજ;** | **અંશત – થોડે ઘણે અંશે;** |

## 4.8 સંદર્ભ સૂચિ


- *નહેરુ, જવાહરલાલ, જગતના ઈતિહાસનું રેખા દર્શન*
- *વિશ્વ દર્શન – જ્ઞાન ગંગોત્રી શ્રેણી, એસ.પી. યુનિવર્સિટી, વિદ્યાનગર*
- H.A.L. Fisher *(અનુવાદક) કોકુભાઈ દેસાઈ, મણિભાઈ દેસાઈ- યુરોપનો ઈતિહાસ-૨*
- *પ્રા. બી.પી. દલાલ, પ્રો.અરુણા જી. ત્રિવેદી – અમેરિકાના ઈતિહાસની રૂપરેખા*
- Welch, Oliver J.G. and Others A morden History of Europe
- Biography of Vasco Da Gama Published By – Jivani. Org.
- रामनाथ लाल सुमन –मार्को पोलो की यात्रा

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો.(ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ.હસમુખ પટેલ* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર.એચ.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવાવાડજ, વાડજ.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *શ્રી. ઘનશ્યામ ગઢવી* | *પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી, નિવૃત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.* |
| *ડૉ. ધ્વનિલ પારેખ* | *સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા* |
| *ડૉ. યોગેન્દ્ર પારેખ* | *પ્રોફેસર, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. જાગૃતિ મહેતા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *શ્રી. પ્રવીણ વણકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |



**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN : 978-93-91468-35-4**

## વિભાગ-2 ઈંગ્લેન્ડની ક્રાંતિ,હક્કનો ખરડો અને અમેરિકન ક્રાંતિ

*આધુનિક વિશ્વનો ઈતિહાસ પેપર-5 ના વિભાગ-2 માં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે.જેમાં ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિ (1688)ના કારણો અને ઈંગ્લેન્ડના રાજ્યબંધારણ ઉપર તેનો પ્રભાવ,હક્કનો ખરડો તેનુ મહત્વ,અમેરિકન ક્રાંતિ,અને અમેરિકન ક્રાંતિના નેતાઓ વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-5***માં ઈંગ્લેન્ડની પ્રજા દ્રારા લોહીનુ એક ટીપુ વહેડાવ્યા વગર કેવી રીતે ઈંગ્લેન્ડ માં સત્તા પલટો કરે છે અને ઈંગ્લેન્ડની ક્રાંતિ સફળ થાય છે અને ઈંગ્લેન્ડ ના રાજ્યબંધારણ ઉપર તેનો કેવો પ્રભાવ પડ્યો તેની વિગતે માહિતી આપવામાં આવી છે*

**એકમ-6***માં હક્કના ખરડાનુ મહત્વ સમજાવામાં આવ્યુ છે જેને મેગ્નાકાર્ત્તા તરીકે ઓળખવામાં આવે છે.*

**એકમ-7***માં ઈગ્લેન્ડ દ્રારા અમેરિકા ખંડમાં સંસ્થાનોની સ્થાપના,વધારે પડતા કરવેરા,અમેરિકન લોકોનો પ્રતિકાર અંતે અમેરિકન ક્રાંતિ માટે એક થતી અમેરિકન જનતા અને સફળ થતી ક્રાંતિ વિશે વિસ્તૃત માહિતી આપવામાં આવી છે*

**એકમ-8***માં અમેરિકન ક્રાંતિમાં નેતૃત્વ કરનાર અને ક્રાંતિને સફળ બનાવનાર વિવિધ અમેરિકન નેતાઓ વિશે ચર્ચા કરવામાં આવી છે.*

## એકમ – 5
## ઈંગ્લેન્ડમાં ઈ.સ 1688ની રક્તવિહિન ક્રાંતિ : તેના કારણો અને ઈંગ્લેન્ડના રાજ્ય બંધારણ ઉપર તેનો પ્રભાવ

*'ઈ.સ 1688ની ઈંગ્લેન્ડની રક્તવિહિન ક્રાંતિ એક ગૌરવપૂર્ણ અને સુખદ ઘટના હતી'*

**- ટ્રેવેલિયન**

*'1688ની ક્રાંતિના મૂળભૂત પ્રશ્નો હતા, રાજ્યમાં આખરી સત્તા કોની ? રાજાને કાયદો બંધનકર્તા ખરો કાયદો કોની ઈચ્છાનું પરિણામ છે ? આ પ્રશ્નોના ઉત્તર રૂપે 1688ની ક્રાંતિ થઈ.'*

**- એક અવલોકન**

**રૂપરેખા :**


**5.0 ઉદ્દેશો**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ક્રાંતિ પહેલાંનો ઈંગ્લેન્ડનો ઈતિહાસ**

**5.3 રક્તવિહિન ક્રાંતિના કારણો (પરિબળો)**

- **5.3.1 જેમ્સ બીજો અને ક્રાંતિની ભૂમિકા**
- **5.3.2 મન્મથનો બળવો (1685)**
- **5.3.3 હત્યારી અદાલત**
- **5.3.4 પાર્લામેન્ટનો અનાદર**
- **5.3.5 કસોટીના કાયદા (ટેસ્ટ એક્ટ)નો ભંગ**
- **5.3.6 ઉદારતાનું જાહેરનામું**
- **5.3.7 સાત ધર્મગુરુઓનો કેસ**
- **5.3.8 તાત્કાલિક કારણ-રાજાને ત્યાં પુત્ર જન્મ**

**5.4 ઈંગ્લેન્ડના રાજ્ય બંધારણ ઉપર તેનો પ્રભાવ**

- **5.4.1 હક્કનો ખરડો**
- **5.4.2 પાર્લામેન્ટની સર્વોપરિતા**
- **5.4.3 રાજાશાહી મર્યાદિત બની**
- **5.4.4 રાજગાદી પાર્લામેન્ટની સંમતિથી**
- **5.4.5 બંધારણીય વિકાસ**
- **5.4.6 નવી રાજાશાહીનું સ્વરૂપ**
- **5.4.7 આંતરરાષ્ટ્રીય અસર**

**5.5 સારાંશ**

**5.6 ચાવી રૂપ શબ્દો**

**5.7 સંદર્ભ સૂચિ**

## 5.0 ઉદ્દેશો

*ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતના હેતુઓ કે ઉદ્દેશો નીચે પ્રમાણે છે.*

- *આધુનિક વિશ્વની પ્રથમ રાજકીય ક્રાંતિ વિશે જાણકારી મેળવશો.*
- *ઈંગ્લેન્ડના રાજા જેમ્સ બીજાના આપખુદી વલણનો ખ્યાલ મેળવશો.*
- *રાષ્ટ્રમાં પ્રજા સર્વોપરી છે, રાજા નહી.*
- *રાજકીય ક્રાંતિ લોહી રેડાયા વગર પણ થઈ શકે છે તેનો ખ્યાલ આવશે.*
- *ક્રાંતિના સૌથી મહત્વના પરિણામ હક્કના ખરડા વિશે જાણકારી મેળવશો.*
- *સંસદીય પ્રકારની રાજાશાહીની જાણકારી મેળવશો.*

## 5.1 પ્રસ્તાવના

*આધુનિક વિશ્વની ક્રાંતિઓની માળામાં ઈંગ્લેન્ડની રક્તવિહિન એ પહેલો મણકો હતો.આ રાજ્ય ક્રાંતિ વિશ્વ ઈતિહાસની એક અદભૂત ઘટના ગણાય છે. 1685માં ઈંગ્લેન્ડની ગાદીએ આવનાર જેમ્સ બીજાએ સર્વ સ્વીકૃત બનેલા ધારા-ધોરણોનો ઉઘાડે છોગ અનાદર કર્યો. આથી સંસદ અને રાજા વચ્ચે કટુતા ઊભી થઈ જે છેવટે 1688ની રક્તવિહિન ક્રાંતિમાં પરિણમી.*

*સામાન્ય રીતે રાજકીય ક્રાંતિ લોહી અને તલવારની પરિભાષાને અનુસરે છે, અને તે  હિંસક તથા લોહિયાળ હોય છે. પરંતુ ઈંગ્લેન્ડની 1688ની ક્રાંતિમાં સહેજ પણ લોહી રેડાયું નહોતું. લોહીનું એક ટીપુ પણ રેડ્યા વિના આ ક્રાંતિએ પોતાના ઉદ્દેશને પૂર્ણ કર્યો હોવાથી આ ક્રાંતિને 'રક્તવિહીન ક્રાંતિ' તરીકે ઓળખવામાં આવે છે.*

## 5.2 ક્રાંતિ પહેલાનો ઈંગ્લેન્ડનો ઈતિહાસ

*ઈંગ્લેન્ડ વિશિષ્ટ ભૌગોલિક સ્થાન ધરાવતો ટાપુઓનો દેશ છે. 11મી સદીમાં અહિયા નોર્મનવંશ (ફ્રાંસ)ની સ્થાપના થઈ. આ વંશમાં જહોન નામનો આપખુદ રાજા ગાદીએ આવ્યો. તેના અત્યાચારી શાસન સામે બળવો થયો. જેમાં રાજાનો પરાજય થતાં 'મેગ્નાકાર્ટા' (મહાન ખતપત્ર)નો રાજાએ સ્વીકાર કરવો પડ્યો. જેમાં જનતાના મૂળભૂત અધિકારોની ઘોષણા કરવામાં આવી હતી. અને રાજાના આપખુદ શાહી પર અંકુશ મૂકયો.*

*જહોન પછી હેનરી ત્રીજો ગાદીએ આવ્યો. હેનરી સામે ઉમરાવ-બળવો થયો. પ્રજાનો ટેકો મેળવવા મહાસભા બોલાવવામાં આવી. જેમાં અત્યાર સુધી ધર્મગુરુઓ અને ઉમરાવો જ બેસતા હતા. પરંતુ હવે તેમાં આમ જનતાના પ્રતિનિધિઓ હાજર રહેવા આમંત્રણ આપવામાં આવ્યું. તેથી તે હવે પાર્લામેન્ટના નામે જાણીતી બની ત્યારબાદ પાર્લામેન્ટ(પ્રતિનિધિ સભા) બોલાવવાની પરંપરા બની ગઈ. ત્યારબાદ તેના બે ગૃહો બન્યા ઉમરાવ સભા અને આમ સભા. ત્યાર પછીના ૨૦૦ વર્ષમાં પાર્લામેન્ટનો ઘણો વિકાસ થયો. આ પાર્લામેન્ટે ઘણી સત્તા અને મહત્ત્વના અધિકારો મેળવ્યા.*

*16મી સદીમાં ઈંગ્લેન્ડમાં ટ્યુડર વંશ સત્તા સ્થાને આવ્યો.તેમણે પાર્લામેન્ટ સાથે સુમેળ સાધી રાખ્યો પરંતુ ત્યારબાદ ગાદીએ આવનાર સ્ટુઅર્ટવંશના રાજાઓ પાર્લામેન્ટ સાથે સુમેળ શાધી શકયા નહી આથી ક્રાંતિ થઈ.*

## 5.3 રક્તવિહિન ક્રાંતિના કારણો (પરિબળો)

### 5.3.1 જેમ્સ બીજો અને ક્રાંતિની ભૂમિકા

*ચાર્લ્સ બીજાના મૃત્યુ પછી તેનો ભાઈ જેમ્સ બીજો ગાદીએ આવ્યો. તેના સમયે પરિસ્થિતિ ઘણી સારી હતી પણ તે આ પરિસ્થિતિનો લાભ ના લઈ શકયો. કારણ કે તે હઠીલો અને ધર્માંધ હતો તેનામાં આવડતનો અભાવ હતો. તેની બે ઈચ્છાઓ હતી (1) રાજસત્તા સર્વાંશે પોતાની પાસે રહે અને (2) રોમન કેથોલિક પંથનો ઈંગ્લેન્ડમાં ફેલાવો કરવો.*

### 5.3.2 મન્મથનો બળવો (1685)

*ચાર્લ્સ બીજાના અનૌરસ (ગેરકાયદેસર) પુત્ર મન્મથે ઈંગ્લેન્ડની ગાદી પડાવી લેવા જેમ્સ બીજા સામે બળવો કર્યો. ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે મન્મથનો બળવો દબાવી દેવા રાજાને સંપૂર્ણ સહકાર આપ્યો. રાજાને વધારાના સૈન્ય માટે મંજૂરી આપી, આથી જેમ્સ બીજાએ થોડા સમયમાં જ બળવો દબાવી દીધો.મન્મથને કેદ કરવામાં આવ્યો રાજદ્રોહનો આરોપ મુકી તેનો શિરચ્છેદ કરવામાં આવ્યો.*

### 5.3.3 હત્યારી અદાલત

*મન્મથને સમાજના નીચલા વર્ગનો અને થોડા લોકોનો જ ટેકો હતો. એટલે જો બળવો દબાવી દીધા બાદ રાજાએ દયા બતાવી હોત તો તેની લોકપ્રિયતા વધી જાત. પરંતુ રાજાએ જરાપણ દયા ના બતાવી અને મન્મથ તથા તેને સાથ આપનારા લોકોને સખત શિક્ષા કરી. આ માટે તેણે જેફ્રિઝ નામના ક્રૂર વ્યક્તિની ન્યાયાધિશ તરીકે નિમણૂંક કરી. કેટલાંકને કેદ પકડ્યા, કેટલાંકને દેશનિકાલ કર્યા. કેટલાંકને જીવતા બાળી નાખ્યા તો કેટલાંકને ફાંસી આપી. તેની આવી ક્રૂરતાએ ઈંગ્લેન્ડમાં હાહાકાર મચાવી દીધો.જેફ્રિઝની અદાલત 'હત્યારી અદાલત' તરીકે ઓળખાવા લાગી. રાજાના આવા અવિચારી કૃત્યથી ઈંગ્લેન્ડની પ્રજામાં અસંતોષ વધ્યો.*

### 5.3.4 પાર્લામેન્ટનો અનાદર

*જેફ્રિઝની કુરતા લોકોને થોડા ઘણા વિરોધ સાથે સહન કરી લીધી. પરંતુ તે પછી મળેલી પાર્લામેન્ટમાં રાજાને બળવા સમયે અપાયેલી વિશિષ્ટ સત્તા જેમાં કરવેરા ઉધરાવવાની સત્તા (ટનેજ અને પાઉન્ડ) તથા નવું ભરતી કરાયેલ લશ્કરને વિખેરી નાખવા વિનંતી કરી. રાજાએ આ વિનંતી કાને ના ધરી એટલું જ નહી પરંતુ આવી માંગણી કરતા*

*સભ્યોને બેઠક છોડી જતાં રહેવાનું ફરમાન કર્યું આથી પાર્લામેન્ટના બીજા સભ્યો પણ નારાજ થયા આમ રાજા અને પાર્લામેન્ટ વચ્ચે ખાઈ ઊભી થઈ. જે ક્યારેય ના પુરાઈ.*

### 5.3.5 કસોટીના કાયદા (ટેસ્ટ એક્ટ)નો ભંગ

*ટેસ્ટ એક્ટની જોગવાઈ એવી હતી કે રાજ્યની કોઈપણ મહત્ત્વની જગ્યા પર રોમન કેથોલિક સંપ્રદાયમાં માનનારી વ્યક્તિની નિમણૂંક થઈ શકતી નહિ.આ સંપ્રદાય પર બીજા પણ ધાર્મિક બંધનો હતા. પરંતુ રાજા પોતે રોમન કેથોલિક કેથોલિક હોવાથી તેણે આ સંપ્રદાયમાં શ્રધ્ધા ધરાવતા લોકોની મુશ્કેલી દૂર કરવાનો નિશ્ચય કર્યો. રોમન કેથોલિકોને પણ મોભાદાર હોદ્દાઓ મળશે એવી જાહેરાત રાજાએ કરી.*

*રાજાએ દેશના કાયદાને બાજુ પર રાખી સર એડવર્ડ હેલ્સ નામના રોમન કેથોલિકને લશ્કરમાં મોટા હોદ્દા પર બેસાડી દીધો. તેની સામે કેસ દાખલ કરવામાં આવ્યો. ન્યાયાધીશોએ રાજાની તરફેણમાં ચુકાદો આપ્યો. યુનિવર્સિટી અને ન્યાયતંત્રમાં પણ રોમન કેથોલિકોની નિમણૂંક કરી લોકોએ જોરદાર વિરોધ કર્યો. વિરોધીઓને દબાવી દેવાં રાજાએ લશ્કરનો ઉપયોગ કર્યો. આ પગલાંથી રાજા પ્રત્યેની રહીસહી સહાનુભૂતિ પણ અદ્રશ્ય થઈ ગઈ.*

### 5.3.6 ઉદારતાનું જાહેરનામું

*ૐાજાએ 1687માં 'ઉદારતાનું પ્રથમ જાહેરનામું' બહાર પાડ્યું. જેમાં દેશના તમામ નાગરિકો માટે સમાન કાયદાની રજૂઆત કરવામાં આવી. પ્રસ્થાપિત કાયદા વિરુધ્ધ રાજાથી આવું જાહેરનામું બહાર પાડી શકાય નહિ. આ જાહેરનામું પાર્લામેન્ટના 'ટેસ્ટ એક્ટ' ને નિરર્થક બનાવી દેતું હતું. આ જાહેરનામાનો લોકોએ વિરોધ કર્યો.*

### 5.3.7 સાત ધર્મગુરુઓનો કેસ

*1688ના એપ્રિલ માસમાં રાજા એ બીજું ઉદારતાનું જાહેરનામું બહાર પાડ્યું અને બધા જ પાદરીઓને જાહેરમાં વાંચવાનો હુકમ કર્યો. પરંતુ આ કેન્ટરબરીના ધર્માધ્યક્ષ અને બીજા છ(૬) પાદરીઓએ આ જાહેરનામુ વાંચવાની ના પાડી. રાજા ગુસ્સે થયો અને સાતેય ધર્મગુરુઓને રાજદ્રોહના ગુના હેઠળ કેદ કરવામાં આવ્યા ખાસ અદાલત સમક્ષ તેમનો કેસ ચાલ્યો, અદાલતે આ ધર્મગુરુઓને નિર્દોષ જાહેર કર્યા. આમ રાજાની આપખુદ સતાને ઠેસ પહોંચી.*

### 5.3.8 તાત્કાલિક કારણ-રાજાને ત્યાં પુત્ર જન્મ

*રાજાના ઉપર મુજબના અવિચારી અને આપખુદ કાર્યો કદાચ પ્રજા સહન કરી લેત, કારણ કે રાજાની ઉંમર પણ થઈ હતી અને રાજાને કોઈ પુત્ર પણ ન હતો. રાજા જેમ્સ પછી તેની પુત્રી મેરી જે પ્રોટેસ્ટંટ પંથી હતી તે ગાદીએ આવવાની હતી. પરંતુ રાજાને ઢળતી ઉંમરે પુત્ર જન્મ (10, જૂન 1688) થતાં લોકોને ભય લાગ્યો કે 'બાપ જેવો બેટો'*

*થાય તો ઈંગ્લેન્ડની ગાદી પર કેથોલિક રાજાઓની પરંપરા ચાલુ થાય. આના ઉપાય તરીકે ક્રાંતિ એક જ માર્ગ હતો.*

*ઈંગ્લેન્ડના આગેવાન નેતાઓ ભેગા થયા અને સર્વાનુમતે હોલેન્ડના રાજા વિલિયમ અને મેરીને ઈંગ્લેન્ડ આવવા આમંત્રણ આપ્યું. વિલિયમ સૈન્ય સાથે ઈંગ્લેન્ડ આવી પહોંચ્યા. રાજાને પોતાની હાર નિશ્ચિત જણાતા રાણી અને નાનકડા પુત્રને લઈ ફ્રાંસ ભાગી ગયો. ઈંગ્લેન્ડની ગાદી વિલિયમ અને મેરીને સયુંકતપણે સોંપવામાં આવી. આમ, લોહીનું એક પણ ટીપું રેડાયા વગર સત્તા પલટો થયો.*

## 5.4 ઈંગ્લેન્ડના રાજ્ય બંધારણ ઉપર તેનો પ્રભાવ

### 5.4.1 હક્કનો ખરડો

*હક્કનો ખરડો એ આ ક્રાંતિનું સીધું પરીણામ હતું. મેગ્નાકાર્ટા જેમ હક્કનો ખરડો પણ મહત્વનું સ્થાન ધરાવે છે. આ ખરડા મુજબ રાજા-રાણીને કરવા યોગ્ય કામોની યાદી આપી તેની બાંહેધરી લેવામાં આવી. હક્કના ખરડાએ સર્વોપરિતાના પ્રશ્નનું નિરાકરણ લાવી દીધુ એટલે કે હવે રાજસત્તા કરતા પ્રજાસત્તા સર્વોપરી છે, એ બાબત સ્થાપીત કરી. હક્કનો ખરડો 'ઈંગ્લેન્ડની બંધારણીય ઈમારતના પાયાનો પથ્થર' બન્યો. કેટલાંક તેને 'ઈંગ્લેન્ડના બંધારણનો આત્મા' કહે છે. (હક્કના ખરડાની વિગતે ચર્ચા પાછળ કરવામાં આવી છે.)*

### 5.4.2 પાર્લામેન્ટની સર્વોપરિતા

*આ ક્રાંતિનું સૌથી મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે ઘણા લાંબા સમયથી રાજા અને પાર્લામેન્ટ વચ્ચે ચાલતા સત્તાના ગજગ્રાહનો અંતિમ ચુકાદો આપી દીધો. રાજા કરતા પાર્લામેન્ટની સત્તા વધુ છે તે આ ક્રાંતિએ સિધ્ધ કર્યું. હવે પાર્લામેન્ટ 'સાર્વભૌમ સત્તા' બની ગઈ.*

### 5.4.3 રાજાશાહી મર્યાદિત બની

*પાર્લામેન્ટની સંમતિ વગર કોઈને ગાદીએ બેસાડવામાં આવતા નથી. તેમજ ગાદીએ આવ્યાપછી રાજાએ પોતાના જન્મસિધ્ધ અધિકારોના ખ્યાલોને હવે કોઈ સ્થાન નથી. જો તે આવા રાજાશાહીના ખ્યાલોમાં રાચતો થાય તો ગાદી ત્યાગ કરવો પડે આમ રાજાશાહી મર્યાદિત બની. જો કે રાજા પાસે સત્તાઓ તો હતી પણ તેનો ઉપયોગ પાર્લામેન્ટની સંમતિથી જ કરવાનો હતો.* 1688 *સુધી રાજા ઈંગ્લેન્ડના બંધારણનું એકમહત્ત્વનું અંગ હતો. પરંતુ હવે પરિસ્થિતિ બદલાઈ ગઈ. આમ રાજાશાહી મર્યાદિત બની.*

### 5.4.4 રાજગાદી પાર્લામેન્ટની સંમતિથી

*હક્કના ખરડાની શરતોને આધિન વિલિયમ અને મેરીને ગાદી મળી. આથી એ બાબત નિર્વિવાદ બની કે રાજાનું પદ પ્રજા સાથેના કરાર પર આધારિત છે. જો રાજા*

*કરારભંગ કરે તો ગાદીનો અધિકાર ત્યાગવો પડે છે. આ ઉપરાંત રાજાનો પુત્ર રાજા બને એ વંશ પરંપરાની પરંપરા ફગાવી દેવામાં આવી.*

### 5.4.5 બંધારણીય વિકાસ

1688*ની આ રક્તવિહીન ક્રાંતિએ પરંપરાગત બંધારણને નાબૂદ કરવાને બદલે તેમાં જરૂરી સુધારા કરી બંધારણને પુનઃસ્થાપિત કર્યું જુના બંધારણનો નાશ ન થયો પણ વિકાસ થયો એમ કહી શકાય ઈંગ્લેન્ડનું બંધારણ મૌખિક પરંપરા પર આધારિત છે તેમાં હક્કના ખરડાએ લેખિત બંધારણીય સ્થિતિ નિર્માણ કરી આમ, આ રીતે પણ બંધારણીય વિકાસ થયો.*

### 5.4.6 નવી રાજાશાહીનું સ્વરૂપ

*હક્કના ખરડાએ રાજાશાહીના જન્મસિધ્ધ અધિકારો મર્યાદિત કર્યા. પરંતુ રાજાશાહી સંપૂર્ણ નાબૂદ ના થઈ રાજા પાસે કેટલાંક મહત્ત્વના અધિકારો રહયાં. પાર્લામેન્ટના ખરડાને રાજા સંમતિ ના આપે તો કાયદો ન બને. ન્યાયની સર્વોપરી સત્તા રાજા પાસે રહી. ગુનેગારને માફી આપી શકે. ઈંગ્લેન્ડની ધર્મસંસ્થાનો એ વડો છે તેના આદેશથી જ પાર્લામેન્ટ મળે છે. લશ્કરનો સર્વસત્તાધિશ છે. પાર્લામેન્ટને વિખેરી નવી ચૂંટણી જાહેર કરી શકે છે.જોકે આ બધી કાયદાઓમાં રહેલી સત્તા છે.રાજાના નામે કેબિનેટ જ આ સત્તાનો ઉપયોગ કરે છે.*

### 5.4.7 આંતર રાષ્ટ્રીય અસર

*આ ક્રાંતિનો પ્રભાવ ઈંગ્લેન્ડ ઉપરાંત વિશ્વ પર પણ પડ્યો. ક્રાંતિ બાદ યુરોપના રાજકારણ પર ઈંગ્લેન્ડનો પ્રભાવ વધ્યો.આ ક્રાંતિએ અમેરિકાના સંસ્થાનવાસીઓને પણ ક્રાંતિની પ્રેરણા આપી.* 1776*માં ખુદ ઈંગ્લેન્ડના આપખુદ વલણ સામે જનસાર્વભૌમત્વના તેના પોતાના જ સિદ્ધાંતોનો ઉપયોગ કરી સંસ્થાનવાસીઓએ ક્રાંતિ સફળ બનાવી. ત્યારબાદ લૂઈ* 16*માં(ફ્રાંસ)ના આપખુદ-નિરંકુશ શાસન સામે પ્રજાએ ક્રાંતિ કરી લોકશાહી સ્થાપી.*

- **તમારી પ્રગતિ ચકાસો.**

  1. *ઈ.સ.* 1688*ની ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિના કારણો જણાવો.*

2. ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિ (1688)ના પરિણામો (અસરો)ની સવિસ્તાર ચર્ચા કરો.

3. ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિના કારણો (પરિબળો) અને પરિણામો (અસરો) ટૂંકમાં જણાવો.

## 5.5 સારાંશ

*રાજકીય ક્રાંતિ હંમેશાં લોહિયાર જ હોય એવું જરૂરી નથી. આ બાબતને 1688ની ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિએ સાબિત કર્યું. ફ્રાંસ – અમેરિકા – રશિયાની ક્રાંતિ જેવી 'નાટ્યાત્મકતા' આ ક્રાંતિમાં નથી. તેમજ નેપોલિયન અને એલેક્ઝાંડરની વિજયગાથા જેવો 'રોમાન્સ' પણ નથી. પરંતુ આ ક્રાંતિએ પ્રજાની શાંત પણ દઢ પ્રતિકારનું ઉદાહરણ પુરું પાડ્યું છે. આ ક્રાંતિ બાદ ઈંગ્લેન્ડમાં રાજકીય સ્થિરતા આવી. આથી આર્થિક પ્રગતિ થઈ. જેને ઔધોગિક ક્રાંતિની ભૂમિકા તૈયાર કરી. આ ક્રાંતિએ ઈંગ્લેન્ડને મહાસત્તા બનાવવાનો પાયો નાંખ્યો એમ કહીએ તો અતિશયોક્તિ નહી ગણાય.*

## 5.6 ચાવી રૂપ શબ્દો

1. *રક્ત વિહિન ક્રાંતિ - લોહી રેડ્યા વગરની ક્રાંતિ*
2. *અનૌરસ – ગેરકાયદેસર*
3. *મેગનાકાર્ટા – મહાન ખતપત્ર*
4. *પાર્લામેન્ટ – પ્રતિનિધિ સભા*
5. *ધર્માંધ – ધર્મમાં અંધ બનેલો*
6. *કેથોલિક – ખ્રિસ્તી ધર્મનો સંપ્રદાય*
7. *પ્રોટેસ્ટંટ – ખ્રિસ્તી ધર્મનો સંપ્રદાય*

## 5.7 સંદર્ભ ગ્રંથો


1. *પટેલ મુંગાભાઈ : વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય*
2. *પ્રો. દેસાઈ કે. સી : ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ*
3. *પ્રો. ભટ્ટ દેવેન્દ્ર : ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ*
4. *જ્ઞાન ગંગોત્રી શ્રેણી -૧૨ એસ. પી. યુનિવર્સિટી, વલ્લભ વિદ્યાનગર*
5. *પ્રો. કાગી સલીમ એન. – ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ*
6. *નહેરૂ જવાહરલાલ – જગતના ઈતિહાસનું રેખાદર્શન*
7. *દેસાઈ કીકુભાઈ, દેસાઈ મણીભાઈ – અનુવાદક યુરોપનો ઈતિહાસ – ભાગ-*2 *(ગુજરાતી અનુવાદ) મૂળ લેખક-* H.A.L. Fisher
8. R.Gardiner – History of England
9. L.M Trevelyam – History of England

# એકમ 6 | હક્કનો ખરડો ઈંગ્લેન્ડના બંધારણની વિશિષ્ટતા

*હક્કનો ખરડો એ ઈંગ્લીશ પ્રજાની સ્વતંત્રતાનું ત્રીજુ મહાન ખતપત્ર છે અને તે બંધારણની ઈમારતના પાયાની આધારશીલા સમાન છે.* **- પરસવેલ લેંગમીડ**

*હક્કનો ખરડો એ પ્રજાના અવાજનો અને અધિકારનો પડઘો છે.* **- એક અવલોકન**

**રૂપરેખાઃ**

**6.0 ઉદ્દેશો**
**6.1 પ્રસ્તાવના**
**6.2 જેમ્સ બીજાના ગેરકારદેસર કાર્યોની સૂચિ**
**6.3 પાર્લામેન્ટ (પ્રજા) ના હક્કો સ્થાપિત કરતી કલમો**
**તમારી પ્રગતિ ચકાસો**
**6.4 હક્કના ખરડાનું મહત્વ**
**તમારી પ્રગતિ ચકાસો**
**6.5 સારાંશ**
**6.6 ચાવીરૂપ શબ્દો**
**6.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો**
**6.8 સંદર્ભ ગ્રંથ**

## 6.0 ઉદ્દેશો

*આ એકમમાં આધુનિક વિશ્વની પ્રથમ ક્રાંતિ એટલે કે* 1688*ની ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિની સફળતા બાદ ઈંગ્લેન્ડમાં હક્કનો ખરડો પસાર થયો. આ એકમનો અભ્યાસ કર્યા બાદ નીચેની બાબતોની જાણકારી મળશે.*

- *રાજાના ગેરકારદેસર કાર્યોની યાદી જે* 1688*ની ક્રાંતિ માટે જવાબદાર હતા.*
- *લોકો દ્વારા ચૂંટાયેલ પ્રતિનિધિની સભા (પાર્લામેન્ટ)ના અધિકારો.*
- *હક્કના ખરડાનું મહત્વ.*

## 6.1 પ્રસ્તાવના

1688*ની ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિએ આધુનિક વિશ્વની ક્રાંતિઓની માળાનો પહેલો મણકો હતો. આ ક્રાંતિનું વિશિષ્ટ અને અસરકારક પરિણામ એટલે હક્કનો ખરડો (જેમ્સે છૂંદી નાખેલુ સ્વાતંત્ર્ય અખંડિત છે એમ હક્ક પત્રિકા કહે છે.) આ ક્રાંતિએ પ્રજાની*

*સર્વોપરિતા સ્થાપીત કરી અને આ બાબતને લેખિત સ્વરૂપે હક્કના ખરડામાં સમાવિષ્ટ કરવામાં આવી. લોર્ડ ચેધામે મેગ્નાકાર્ટા, હકની અરજી તથા હક્કના ખરડાને, ઈંગ્લેન્ડના બંધારણના બાઈબલ ગણ્યા છે.*

*હક્કના ખરડાની શરૂઆતમાં જેમ્સ બીજાએ, જે રીતે ઈંગ્લેન્ડના પ્રોટેસન્ટન્ટ સંપ્રદાયનો તથા કાયદાઓ અને સ્વતંત્રતાનો ભંગ કર્યો હતો તેનું વર્ણન કરવામાં આવ્યુ છે તથા છેલ્લે ઈંગ્લેન્ડના રાજા માટે કયા કાર્યો ગેરકાયદેસર ગણવામાં આવ્યા છે તેની યાદી આપવામાં આવી છે.*

*જેમ્સ બીજાએ જુદી જુદી બાર રીતે ઈંગ્લેન્ડની પ્રજાની સ્વતંત્રતાનો ભંગ કર્યો હતો. જે નીચે મુજબ છે.*

## 6.2 જેમ્સ બીજાના ગેરકાયદેસર કાર્યો

1. *પાર્લામેન્ટના કાયદાના અમલમાંથી મુક્તિ આપી, તથા એ કાયદાઓનો અમલ સદંતર મોકુફ રાખીને*
2. *ખ્રિસ્તી ધર્મગુરુઓ જેમણે ઉદારતાનું જાહેરનામુ ન વાંચવા અરજી કરી હતી, તેમને કેદ પકડીને.*
3. *ધાર્મિક અદાલતની સ્થાપના કરીને.*
4. *પોતાના શાસનની શરૂઆતમાં પાર્લામેન્ટની સંમતિ વગર કરવેરા ઉઘરાવીને*
5. *શાંતિના સમયમાં વધારાનું (ખાસ) લશ્કર રાખીને.*
6. *કેથોલિકોને હથિયાર રાખવાની છૂટ આપીને તથા પ્રોટેસ્ટન્ટો પાસેથી હથિયાર પડાવી લઈને.*
7. *ચૂંટણીમાં દરમ્યાનગીરી (દખલ) કરીને.*
8. *પાર્લામેન્ટના ન્યાય આપવાના અધિકારોમાં દખલગીરી કરીને.*
9. *લાયકાત વગરના માણસોને જ્યૂરીમાં સ્થાન આપીને.*
10. *કેદીઓ પાસેથી ખૂબ જ વધારે જામીન માગીને.*
11. *ખૂબ જ આકરો દંડ માંગીને*
12. *ગૂનેગારનો ગુન્હો સાબિત થાય તે પહેલા દંડ વસૂલ કરીને તથા જપ્તી લાવીને.*

**તમારી પ્રગતિ ચકાસો - 1**

*(અ) જેમ્સ બીજાના ગેરકાયદેસર કાર્યોની સૂચિ જણાવો. (દસ લીટી)*

## 6.3 પાર્લામેન્ટ (પ્રજા)ના હક્કો સ્થાપિત કરતી કલમો

*ઉપર મુજબના જેમ્સબીજાના ગેરકાયદેસર કૃત્યોની યાદી બાદ પ્રજાના અધિકારો સ્થાપિત કરતી 13કલમોનો સમાવેશ કરવામાં આવ્યો. જે નીચે મુજબ છે:*

1. *પાર્લામેન્ટની સંમતિ વગર પાર્લામેન્ટના કાયદાના અમલ મોકૂફ રાખવાની સત્તા ગેરકાયદેસર છે.*
2. *છેલ્લે છેલ્લે રાજાએ ધારણ કરેલી પાર્લામેન્ટના કાયદાના અમલમાં મુક્તિ આપવાની સત્તા પણ ગેરકાયદેસર છે.*
3. *ધાર્મિક અદાલતો અને તેના જેવી બીજી અદાલતો ગેરકાયદેસર છે.*
4. *પાર્લામેન્ટની સંમતિ વગર રાજાના પોતાના અંગત ખર્ચ માટે કરવેરા વસૂલ કરવા તે ગેરકારદેસર છે.*
5. *રાજાને અરજી કરવાનો પ્રજાને હક્ક છે. પરિણામે તેમ કરતાં તેના પર કોઈપણ જાતના પગલાં ભરવામાં આવે તો તે ગેરકાયદેસર છે.*
6. *પાર્લામેન્ટના સભ્યોને વાણી સ્વાતંત્ર્ય છે આથી પાર્લામેન્ટની ચર્ચાઓના કારણે કોઈ સભ્ય પર કામ ચલાવવામાં આવશે નહિ.*
7. *પાર્લામેન્ટની ચૂટણી મુક્ત, ન્યાયી અને કોઈપણ પ્રકારની દખલ વગર થવી જોઈએ.*
8. *શાંતિના સમયમાં રાજા લશ્કર રાખી શકશે નહિ.*
9. *પ્રોટેસ્ટંટોને પણ હથિયાર ધારણ કરવાનો અધિકાર છે.*
10. *ક્રૂર અને અસામાન્ય પ્રકારની સજા બંધ કરવામાં આવે.*
11. *જ્યૂરીની પસંદગી ન્યાયી રીતે અને સમિતિ દ્વારા થવી જોઈએ.*
12. *ગૂન્હો સાબિત થયા પહેલાં કરાયેલાં દંડ, જપ્તી કે સજા ગેરકાયદેસર ગણવા જોઈએ.*
13. *બધાં જ દુઃખોના નિવારણ માટે તથા રાજ્યના કાયદાઓને સુધારવા માટે દૃઢ કરવા માટે કે તેમને ચાલુ રાખવા માટે પાર્લામેન્ટની બેઠક વારંવાર બોલાવવી જોઈએ. પાછળથી તેમાં એક વધારાની કલમ ઉમેરવામાં આવી કે ઈંગ્લેન્ડની ગાદી પર કેથોલિકપંથી અથવા તો કેથોલિકપંથી સાથે લગ્ન કર્યા હોય તેવા રાજા કે રાણી આવી શકશે નહિ.*

- **તમારી પ્રગતિ ચકાસો – 2**

(અ) *પ્રજાના હક્કો સ્થાપિત કરતી કલમો જણાવો. (દસ લીટી)*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

(બ) **ખરાં ખોટાં**

1. *જેમ્સ બીજાએ લાયકાત વગરના માણસોને જ્યુરીમાં સ્થાન આપ્યું*
2. *જેમ્સ બીજાએ ધાર્મિક અદાલતોની સ્થાપના કરી.*
3. *જેમ્સ બીજો ચૂંટણીમાં દાખલગીરી કરતો હતો.*
4. *જેમ્સ બીજાના સમયમાં કેદીઓ પાસેથી આકરો દંડ માંગવામાં આવતો.*

## 6.4 **હક્કના ખરડાનું મહત્વ**

1688*ની ક્રાંતિ રક્તવિહીન તો હતી જ સાથે સાથે હક્કના ખરડામાં અને બંધારણમાં કેટલાક પાયાના સિધ્ધાંતો સ્થાપિત કર્યા.*

*હક્કના ખરડાએ એ પૂરવાર કર્યુ કે રાજા કાયદાનો મુખ્ય સેવક છે, તેનો સ્થાયી નથી. રાજાને કાયદા ઘડવાનો અધિકાર નથી. ઈંગ્લેન્ડમાં બંધારણની સર્વોપરિતા રાજા અને સંસદના સહકારમાં રહેલી છે.*

*પાર્લામેન્ટે પસાર કરેલુ હકોનું જાહેરનામુ મિતાક્ષરી, શુધ્ધ, સ્પષ્ટ ભાષામાં રજૂ કરવામાં આવ્યુ હતું. જેના શબ્દે શબ્દે ઈંગ્લેન્ડની વ્યવહારપટુતાના દર્શન થાય છે. હકનો ખરડો બંધારણીય ઈતિહાસનો મહાન દસ્તાવેજ છે. ઈંગ્લેન્ડમાં જે પ્રશ્નો ઊભા થયા તેનો ઉકેલ હક્કના ખરડાએ લાવી આપ્યો. આ દસ્તાવેજમાં લાંબી લાંબી ચર્ચાને બદલે તત્કાલીન પ્રશ્નોનો જવ્યવહાર ઉકેલ શોધવાનો પ્રયત્ન કર્યો. પરિણામે હકના ખરડામાં* 17*મી સદીના મૂળભૂત બંધારણીય પ્રશ્નોનો ઉલ્લેખ કરવાને બદલે જેમ્સની આપખુદ કૃત્યોની યાદી આપી, ભવિષ્યના રાજાઓ માટે લક્ષ્મણ રેખા અંકિત કરવામાં આવી.*

*હક્કનો ખરડો અને રાજા અને પ્રજા વચ્ચેના કરાર છે. હક્કના ખરડાએ રાષ્ટ્રમાં કાયદો સર્વોપરી છે, પ્રજા સર્વભૌમ છે એ સિદ્ધાંતની સ્થાપના કરી. આદમ્સના મતે ઈંગ્લેનડના ઈતિહાસમા લેખિત બંધારણ જેવું કાંઈ પણ હોય તો તે હક્કનો ખરડો છે.*

*આમ હક્કના ખરડાએ એક પ્રકારનું બંધારણીય સ્વરૂપ આપ્યું. પાર્લામેન્ટે પ્યુરીટન બળવા પછી રાજાશાહીને પુનઃસ્થાપિત કરતી વખતે જ ૧૬૬૦માં કરવું જોઈતું હતું તે હવે હક્કના ખરડા દ્વારા* 1689*માં થયું. એટલા જ માટે આદમ્સ 'ઈંગ્લેન્ડના ઈતિહાસમાં લેખિત બંધારણ જેવું કંઈપણ હોય તો તે હક્કનો ખરડો છે." તેમ કહેવાનું ઉચિત માને છે. હક્કના ખરડાએ જ્યારે બધા કાર્યોને ગેરકાયદેસર ગણ્યા, ત્યારે તેણે એક પ્રકારની લેખિત બંધારણીય જોગવાઈ કરી એમ માની શકાય. ટૂંકમાં ઈંગ્લેન્ડની શાસનપ્રથાના મૂળભૂત કાયદાઓને હકનો ખરડો લેખિત સ્વરૂપ આપે છે. તેને ઈંગ્લેન્ડનાં બંધારણીય દસ્તાવેજ તરીકે સ્વીકારીએ તો ઈંગ્લેન્ડનાં બંધારણીય વિકાસનું હદે અહીં રજૂ થાય છે. "રાજાને રાજ્યના મૂળભૂત કાયદાઓનો ભંગ કરવાનો અધિકાર નથી" આ સિદ્ધાંત ખરડામાં આડકતરી રીતે રજૂ થયો એમ કહી શકાય. અન્ય દ્દષ્ટિકોણથી આ હક્કના ખરડાને જોઈએ તો જહોનનો મેગ્નાકાર્ટા, રાજા અને સામંતશાહી ઉમરાવો વચ્ચેનો કરાર ગણી શકીએ. તે જ અર્થમાં આ હક્કનો ખરડો એ રાજા અને રાષ્ટ્ર(પ્રજા) વચ્ચેનો એક કરાર હતો. રાજાએ કેમ વર્તવાનું તેની પ્રજાને બાંહેધરી આપી. તત્વતઃ ઈ.સ.૧૬૮૮ની ક્રાંતિ અને હક્કનો ખરડો એ બંને બ્રિટિશ બંધારણીય વિકાસનું સર્વોચ્ચ બિંદુ સાધે છે. કારણ આ વિશિષ્ટ રક્તવિહીન ક્રાંતિએ અને હક્કનો ખરડો એ બંને બ્રિટીશ બંધારણીય વિકાસનું સર્વોપરી છે, પ્રજા સાર્વભૌમ છે, - એ સિદ્ધાંતની કાયમી સ્થાપના કરી.*

- **તમારી પ્રગતિ ચકાસો –3**

**અ. ખરાં ખોટાં**

1. 1688*ની ઈંગ્લેન્ડની ક્રાંતિનું સૌથી મહત્વનું પરિણામ હક્કનો ખરડો હતું.*
2. *હક્કનો ખરડો ઈંગ્લેન્ડના બંધારણીય ઈતિહાસનો મહાન દસ્તાવેજ છે.*
3. *હક્કનો ખરડો રાજા અને પ્રજા વચ્ચેનો કરાર છે.*
4. *'ઈંગ્લેન્ડના ઈતિહાસમાં લેખિત બંધારણ જેવું કંઈપણ હોય તો તે હક્કનો ખરડો છે' – આ વિધાન આદમ્સનું છે.*
5. *ઈંગ્લેન્ડ શાસનપ્રધાન મૂળભૂત કાયદાઓને હક્કનો ખરડો લેખિત સ્વરૂપ આપે છે.*
6. *મેગ્નાકાર્ટા, રાજા અને સામંતશાહી ઉમરાવો વચ્ચેનો કરાર હતો.*
7. *હક્કના ખરડાએ રાષ્ટ્રમાં કાયદો સર્વોપરી નથી, પ્રજા સાર્વભૌમ નથી – એ સિદ્ધાંતની કાયમી સ્થાપના કરી.*

**બ. હક્કના ખરડાની વિગતે ચર્ચા કરી તેનું મહત્વ સમજાવો.**

ક. *ટૂંકનોંધ : હક્કના ખરડાનું મહત્ત્વ.*

**ડ. ખરા કે ખોટા લખો.**

1. *કેથોલિક અને પ્રોટેસ્ટટ આ બે ખ્રિસ્તીધર્મના સંપ્રદાય છે.*
2. *શાંતિના સમયે રાજા લશ્કર રાખી શકશે નહિ –હક્કનો ખરડો.*
3. *પ્રોટેસ્ટંટને હથિયાર ધારણ કરવાનો અધિકાર નથી.*
4. *ક્રૂર સજા બંધ કરવામાં આવે.*
5. *ધાર્મિક અદાલતો ગેરકાયદેસર ગણાવી.*

## 6.5 સારાંશ

1688*ની ઈંગ્લેન્ડની ક્રાંતિએ આધુનિક વિશ્વની ક્રાંતિઓ માટે ભૂમિકા તૈયાર કરી.પ્રજા પોતાના અધિકારો માટે શાસકો સામે પડકાર ફેંકી શકે તે સાબિત કર્યું.આ ક્રાંતિના પરિણામોની સૌથી મોટી વિશેષતા હક્કનો ખરડો*(Bill of Rights) *છે. ઈંગ્લેન્ડના બંધારણમાં જે કાંઈ લેખિત છે તે હક્કનો ખરડો છે. આ ખરડાએ એ પુરવાર કર્યું કે રાજા કાયદાનો મુખ્ય સેવક છે, પ્રજા સાર્વભૌમ છે.*

## 6.6 ચાવીરૂપ શબ્દો

1. *પ્રોટેસ્ટન્ટ સંપ્રદાય – ધર્મસુધારણાના આંદોલન પછી ખ્રિસ્તી ધર્મમાં શરૂ થયેલ નવો સંપ્રદાય તેનો શાબ્દિક અર્થ 'પડકાર' થાય.*
2. *પાર્લમેન્ટ- પ્રજાના પ્રતિનિધિઓની બનેલી સભા*
3. *કેથોલિક – ખ્રિસ્તી ધર્મના એક સંપ્રદાયનું નામ*
4. *જ્યૂરી – ન્યાયાધીશોની બનેલી સમિતિ*

## 6.7 તમારી પ્રગતિ ચકાસો ના જવાબો

- **તમારી પ્રગતિ ચકાસો – ૨**

*(બ) ખરાં કે ખોટાં*

1. *ખરું* 2. *ખરું* 3. *ખરું* 4. *ખરું*

- **તમારી પ્રગતિ ચકાસો – 3**

*(અ) ખરાં કે ખોટાં*

1. *ખરું* 2. *ખરું* 3.*ખરું* 4. *ખોટું* 5. *ખરું*

(ડ) **ખરાં કે ખોટાં**

1. ખરું 2. ખરું 3. ખરું 4. ખરું 5.ખરું

## 6.8 સંદર્ભ ગ્રંથો


1. *પ્રો. સલીમ એન. કાઝી - ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ.*
2. *પ્રો. કે. સી. દેસાઈ - ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ, ગુજરાત યુનિવર્સિટી.*
3. *પ્રો. દેવેન્દ્ર ભટ્ટ, ઈંગ્લેન્ડનો બંધારણીય ઈતિહાસ.*
4. *જ્ઞાન ગંગોત્રી શ્રેણી (૧૨) સરદાર પટેલ યુનિવર્સિટી.*
5. F. W. Maitland – The Constitutional History.
6. S.B. Chrimes – English Constitutional History.

| | |
|---|---|
| **એકમ -7** | **ઈ.સ. 1776નું અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધ : કારણો, બનાવો અને પરિણામો** |

*આપણી ક્રાંતિ માનવજાતિના મોટા ભાગને જાગૃત કરશે અને એથી જગતભરમાં માનવીની સ્થિતિ સુધરશે. 18મી સદીના અંત ભાગમાં થયેલી વિશ્વની બે મહાન ક્રાંતિ અમેરિકન ક્રાંતિ અને ફ્રેન્ચ ક્રાંતિઓએ આપખુદ રાજાશાહીને પ્રાણઘાતક ઘટકો લગાવ્યો છે અને માનવીની ભાવિ પેઠીના ઈતિહાસ પર ઠીક ઠીક અસર ઊભી કરી છે.* **-ઈતિહાસકાર ડેવિસ**

**રૂપરેખાઃ**

**7.0 ઉદ્દેશો**

**7.1 પ્રસ્તાવના**

**7.2 અમેરિકાની ક્રાંતિનાં કારણો**

- **7.2.1 સપ્તવાર્ષિક યુદ્ધો**
- **7.2.2 ધાર્મિક કારણ**
- **7.2.3 લશ્કરી રહેઠાણનો કાયદો**
- **7.2.4 નૌકાયાનનો કાયદો**
- **7.2.5 ખાંડ અંગેનો કાયદો**
- **7.2.6 ચલણી નાણાનો કાયદો**
- **7.2.7 મુદ્રા ધારો**
- **7.2.8 ટાઉનશેન્ડની નીતિ**
- **7.2.9 ચા પર જકાત**
- **7.2.10 તાત્કાલિક કારણ - બોસ્ટન ટી પાર્ટીનો બનાવ**
- **7.2.11 અમેરિકન નેતાઓનો ફાળો**

**7.3 ક્રાંતિના બનાવો**

**7.4 સ્વાધીનતાનું જાહેરનામું**

**7.5 સશસ્ત્ર યુદ્ધ – (1775 – 1783)**

**7.6 પેરિસ સંધિ :**

**7.7 ક્રાંતિનું મહત્ત્વ**

**7.8 અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામ (ક્રાંતિ)નાં પરિણામો.**

- **7.8.1 એક નવા સ્વતંત્ર (રાષ્ટ્રની) સ્થાપના.**
- **7.8.2 પ્રથમ લેખિત અને સમવાયતંત્રી બંધારણ.**

**7.8.3 બ્રિટીશ સામ્રાજયની પડતી**

**7.8.4 સામ્રાજયવાદના પતનનો પ્રારંભ**

**7.8.5 અન્ય ક્રાંતિઓને પ્રેરણા**

**7.8.6 ધર્મનિરપેક્ષ રાજ્યની સ્થાપના**

**7.8.7 ક્રાંતિનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ**

**7.9 સારાંશ**

**7.10ચાવીરૂપ શબ્દો**

**7.11 અ  તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**7.12 સંદર્ભ ગ્રંથો :**

---

## 7.0 ઉદ્દેશો

*આ પ્રકરણમાં ઈંગ્લેન્ડના આધિપત્યમાંથી મુક્ત થવા અમેરિકાએ કરેલ ક્રાંતિ વિશે નીચેની જાણકારી મળશે.*

1. *ક્રાંતિનાં કારણો*
2. *ક્રાંતિનાં પરિણામો*

---

## 7.1 પ્રસ્તાવના

*અમેરિકાની ક્રાંતિ માનવઈતિહાસની એક અજોડ ઘટના છે. કારણ કે આ ક્રાંતિએ અન્ય ક્રાંતિઓ કરતા રાજનીતિમાં વિશેષ પ્રભાવ પાડયો છે. આ ક્રાંતિની સૌથી મોટી વિશેષતા એ હતી કે તેણે બંધારણીય પ્રજાતંત્રની શરૂઆત કરી. અન્ય ક્રાંતિઓની માફક આ ક્રાંતિ માટેનાં જવાબદાર પરિબળો ઘણા લાંબા સમયથી કામ કરી રહ્યાં હતાં. અમેરિકાની ક્રાંતિએ પોતાની શાશ્વત સફળતા દ્વારા લોકશાહી રાષ્ટ્રવાદી રાજ્યોની સ્થાપનાને પ્રાત્સાહન આપ્યું. આ ક્રાંતિનાં કારણો જોઈએ તે પહેલા અમેરિકા કેવી રીતે શોધાયું અને ત્યાં વસવાટ કેવી રીતે શરૂ થયો તેની ટૂંકમાં માહિતી જોઈએ.*

**અમેરિકાની શોધ અને વસવાટઃ** -

1492 *માં કોલંબસ ભારત આવવા નીકળ્યો પરંતુ ભૂલથી તે એક નવા જ પ્રદેશમાં જઈ ચડયો જે પાછળથી અમેરિકા તરીકે ઓળખાયો. જો કે કોલંબસ મૃત્યુ સુધી એમ જ માનતો રહ્યો કે તે ભારતનો કોઈ ભાગ છે.* 1501*માં વેશ્યુચી અમેરિગોએ કોલંબસની ભૂલ સુધારી અને જાહેર કર્યું કે આ કોઈ નવો જ પ્રદેશ છે. તેના નામ અમેરિગો પરથી અમેરિકા પડયું.*

*સૌ પ્રથમ સ્પેને આ ખંડ પર કબજો જમાવવાનો પ્રયત્ન કર્યો. ત્યારબાદ ફ્રાંસ, ઈંગ્લેન્ડ, હોલેન્ડ, સ્વીડન અને પોર્ટુગલ જેવા લોકો પણ રસ લેવા લાગ્યા. સૌ પ્રથમ* 1578*માં ઈંગ્લેન્ડે પોતાની વસાહતી સામ્રાજયનો પાયો નાંખ્યો અને આ પ્રદેશને વર્જીનીઆ નામ આપ્યું.* 1620 *માં હેન્રી રડસન નામનો અંગ્રેજ મેં ફલાવર નામના*

*જહાજમાં સો (100) જેટલા સ્ત્રી-પુરુષો લઈને આવી પહોંચ્યો. ધીરે ધીરે અન્ય યુરોપિયન પ્રજાઓ પણ અહીં આવીને વસવા લાગી અને 13સંસ્થાનો સ્થપાયાં.*

## 7.2 અમેરિકાની ક્રાંતિના કારણો

*સાંસ્થાનિક સમય દરમ્યાન યુરોપના લગભગ તમામ રાષ્ટ્રોના અને ધર્મોના અનેક માણસો અમેરિકામાં શા માટે ઊતરી આવ્યા તે સમજવું તથા અમેરિકાએ શા માટે ક્રાંતિનો માર્ગ અપનાવ્યો તે સમજવું હોય તો સ્વાભાવિક રીતે તેનાં જવાબદાર કારણો સમજવા પડે જે નીચે મુજબ છે.*

### 7.2.1 સપ્તવાર્ષિક યુદ્ધો

*અમેરિકન સંસ્થાનો પર પ્રભુત્વ સ્થાપવા ઈંગ્લેન્ડ અને ફ્રાંસ વચ્ચે સાત વર્ષ સુધી (1756-1763) યુદ્ધો લડાયા. આ યુદ્ધમાં ઈંગ્લેન્ડનો વિજય થયો. ફ્રાંસનો પરાજય થયો. ઈંગ્લેન્ડની તાકાતમાં અને રાજકીય પ્રતિષ્ઠામાં વધારો થયો. પરંતુ આ યુદ્ધમાં તેને 14કરોડ પાઉન્ડનો ખર્ચ થયો તેથી આર્થિક સ્થિતિ નબળી પડી. આ ખર્ચનું વળતર ઈંગ્લેન્ડ અમેરિકન સંસ્થાનો પાસેથી લેવા માંગતુ હતું. યુદ્ધ ખર્ચની જવાબદારી પણ તેમણે લેવી જોઈએ. સંસ્થાનવાસીઓએ ઈંગ્લેન્ડના આ પ્રસ્તાવનો જોરદાર વિરોધ કર્યો. આમ બંને વચ્ચે સંઘર્ષની શરૂઆત થઈ.*

### 7.2.2 ધાર્મિક કારણ

*સંસ્થાનવાસીઓમાં ધાર્મિક અસંતોષ હતો. ખાસ કરીને એંગ્લીકન ચર્ચના કઠોર અનુશાસને અમેરિકનોમાં વિદ્રોહની ભાવના ભરી દીધી હતી. જનતાનો બે બાબતોમાં વિરોધ હતો. એક ધાર્મિક બીજા પાદરીઓના વિલાસી અને ભ્રષ્ટ જીવન સામે સંસ્થાનોના ચર્ચોને બ્રિટન સમર્થન કરતુ હતું. આથી પ્રજામાં બ્રિટન પ્રત્યે અસંતોષ વધ્યો.*

### 7.2.3 લશ્કરી રહેઠાણનો કાયદો

*સપ્તવાર્ષિક યુદ્ધ બાદ ઈંગ્લેન્ડે 10 હજારનું લશ્કર સંસ્થાનોમાં રાખ્યું હતું. કારણ હજુ તેને ફ્રાંસનો ભય હતો. પરંતુ ઈંગ્લેન્ડે બહાનું એમ કાઢયું કે સંસ્થાનવાસીઓ રેડ ઈન્ડિયના સંભવિત આક્રમણથી પોતાનું રક્ષણ કરી શકે તેમ નથી. આ લશ્કરનો નિભાવ ખર્ચ સંસ્થાનવાસીઓએ ભોગવવાનો હતો. (વાર્ષિક 3 લાખ 60હજાર પાઉન્ડ) આકાયદાનો પણ સંસ્થાનવાસીઓ જોરદાર વિરોધ કર્યો.*

### 7.2.4 નૌકાયાનનો કાયદો

*સંસ્થાનવાસીઓ પર ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે નૌકાયાનનો કાયદો ઠોકી બેસાડ્યો જે સંસ્થાનોના આર્થિક હિતોને નુકસાનકારક હતો આ કાયદાની જોગવાઈઓ નીચે મુજબ હતી.*

*(અ) માલ-સામાનની આયાત નિકાસ ઈંગ્લેન્ડ સાથે જ કરવી.*

*(બ) ઈંગ્લેન્ડના જહાજોમાં જ ચીજવસ્તુઓની આયાત નિકાસ કરવી.*

*(ક) જે ચીજવસ્તુઓનું ઉત્પાદન ઈંગ્લેન્ડ કરતું હોય તેનું ઉત્પાદન સંસ્થાનવાસીઓ કરી શકે નહિ.*

*(ડ) આયાત અને નિકાસ કરતું પ્રત્યેક જહાજ પ્રથમ ઈંગ્લેન્ડના બંદરે લઈ જવું ત્યારબાદ જ જે તે સ્થળે લઈ જવાનું.*

*સંસ્થાનવાસીઓએ આવા અન્યાયી અને જોહુકમીવાળા કાયદાનો પ્રતિકાર કર્યો અને સમગ્ર તાકાતથી તેનો સામનો કરવાનો નિર્ધાર કર્યો.*

### 7.2.5 ખાંડ અંગેનો કાયદો (Sugar Act.)

*સંસ્થાનો પાસેથી વધુ કર લેવાના ઈરાદાથી ગ્રંનવેલ (વડાપ્રધાન) ના સમયમાં* Sugar Act *પસાર કરવામાં આવ્યો. આ કાયદાની જોગવાઈ મુજબ ખાંડની સાથે સાથે કોફી, રેશમ અને દારૂ ઉપર પણ જકાત (કર) નાખવામાં આવી. આ જકાત ઉઘરાવવા ખાસ અધિકારીઓની નિમણૂક કરવામાં આવી. એટલું જ નહિ પરંતુ ગુનેગારોને કડક શિક્ષા કરવાની તેમને વિશાળ સત્તાઓ આપવામાં આવી. આ કાયદા સામે સંસ્થાનવાસીઓએ બંધારણીય વાંધો ઉઠાવ્યો. એમાંથી જ ક્રાંતિનું મહાન સૂત્ર "પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ" સંસ્થાનવાસીઓએ ગૂંજતું કર્યું.*

### 7.2.6 ચલણી નાણાંનો કાયદો

1765 *માં બ્રિટિશ પાર્લામેન્ટે ચલણી નાણા અંગેનો કાયદો પસાર કરી અમેરિકન સંસ્થાનોની ચલણી નોટ છાપવાની સત્તા પર અંકુશ મુકયો. હવેથી સંસ્થાનો ચલણી નાણાં છાપી શકશે નહિ. આ કાયદાની સામે બધા જ સંસ્થાનોમાં ઉગ્ર વિરોધ થયો.*

### 7.2.7 મુદ્રા ધારો (Stamp Act)

*ઉપર મુજબના એક પછી એક અન્યાયી કાયદા બ્રિટીશ પાર્લામેન્ટે પસાર કર્યે જતી હતી. સંસ્થાન વાસીઓમાં દિન-બ-દિન રોષ વધતો જતો હતો. આવા સમયે જ ઈંગ્લેન્ડની પાર્લામેન્ટે સ્ટેમ્પ એકટ પસાર કરી બળતામાં ઘી હોમવાનું કામ કર્યું.*

*આ કાયદાની જોગવાઈ મુજબ પ્રત્યેક કાનૂની દસ્તાવેજ પર ઈંગ્લેન્ડે નક્કી કરેલી રકમનો સ્ટેમ્પ(ટીકીટ) લગાડવો ફરજિયાત હતો. આ કાયદા દ્વારા ખાસ્સી આવક થવાની સંભાવના હતી. અને આ આવકનો ઉપયોગ સંસ્થાનોના હિતમાં કરવાનું ઈંગ્લેન્ડે કહ્યું હતું. પરંતુ સંસ્થાનોને ઈંગ્લેન્ડના કોઈ વચનમાં વિશ્વાસ નહોતો. તેથી આ કાયદાનો જોરદાર વિરોધ થયો. છેક દેવળોમાં ઘંટારવ કરી વિરોધ પ્રદર્શિત કરવામાં આવ્યો. વર્તમાનપત્રો સ્ટેમ્પ લગાવવાની જગ્યાએ ખોપરી ચિહ્ન મૂકી વિરોધ નોંધાવ્યો ઘણી જગ્યાએ સ્ટેમ્પોની હોળી (સળગાવવામાં) કરવામાં આવી. તેમ જ આ કાયદાની વિરોધમાં ઠેરઠેર સભાઓ ભરાઈ અને સરઘસો નીકળ્યાં. અંતે બ્રિટીશ સરકારે નમતું જોખવું પડ્યું અને સ્ટેમ્પ એકટ પાછો ખેંચવો પડ્યો.*

### 7.2.8 ટાઉનશેન્ડની નીતિ

*ઈંગ્લેન્ડના રાજાની મંજૂરીથી નાણામંત્રી ટાઉનશેન્ડે સંસ્થાનો માટે નવી આર્થિકનીતિ તૈયાર કરી. જેમાં કરવેરાનું પ્રમાણ ઘટાડવામાં આવ્યું. ટાઉનશેન્ડે કાચ, કાગળ, રંગ અને ચા પર કર નાખ્યો. કર ઉઘરાવવાની કડક નીતિ અમલમાં મૂકી તથા ન્યૂયોર્કની વિધાનસભાનો ભંગ કરવાનો પ્રસ્તાવ ઈંગ્લેન્ડની સંસદમાં રજૂ કર્યો. ટાઉનશેન્ડની આ નીતિનો સંસ્થાનોમાં પ્રખર વિરોધ થયો.*

### 7.2.9 ચા પર જકાત

*લૉર્ડ નોર્થ પ્રધાનમંત્રી બનતા ટાઉનશેન્ડે નાખેલા બધા કર રદ કર્યા. પરંતુ પાર્લામેન્ટે અમેરિકન સંસ્થાનો પર કર નાખવાનો અધિકાર છે એવું પુરવાર કરવા ચા ઉપર માત્ર ત્રણ પેન્સનો કર ચાલુ રાખવામાં આવ્યો. પરંતુ હવે જાણે કે સંસ્થાનવાસીઓ બ્રિટનના આધિપત્યને જ માનવા તૈયાર ના હોય એમ આ નજીવા કરનો સખત વિરોધ થયો.*

### 7.2.10 અમેરિકન નેતાઓનો ફાળો

*ઉપર મુજબના વિવિધ અન્યાયી કાયદાઓથી ત્રાસી ગયેલી પ્રજાએ વિવિધ રીતે પોતાનો વિરોધ નોંધાવ્યો. તેમના આ કાર્યમાં લેખકો, વિચારકો અને વર્તમાનપત્રોએ મદદ કરી અને ખાસ તો આવા સંઘર્ષમય સમયે જેફરસન, સેમ્યુઅલ એડમ્સ તથા જ્યોર્જ વોશિંગ્ટન જેવા નેતાઓએ સાથ સહકાર આપ્યો અને નેતૃત્વ કર્યું.*

### 7.2.11 તાત્કાલિક કારણ બોસ્ટન પાર્ટીનો બનાવ

*ચા પર નાખેલા કરનો ઠેરઠેર વિરોધ થઈ રહ્યો હતો, કારણ હવે આ પ્રશ્ન લાભાલાભનો નહિ પરંતુ સિદ્ધાંતનો બની ગયો હતો. 16 ડિસેમ્બર 1773ના દિવસે હિંદથી ચાની 340 પેટીઓ ભરીને ત્રણ જહાજો બોસ્ટન બંદરે આવ્યા.*

*કેટલાક સંસ્થાનવાસીઓ રેડ ઈન્ડિયનોનો વેશ ધારણ કરી રાત્રે ચાના જહોજો પર ચડયા તેમણે ચાની બધી પેટીઓ દરિયામાં પધરાવી દીધી. આ બનાવ ઈતિહાસમાં બોસ્ટન ટી-પાર્ટીના બનાવ તરીકે ઓળખવામાં આવે છે.*

*ગુસ્સે ભરાયેલી ઈંગ્લન્ડની સરકારે લશ્કરી કાયદો જાહેર કર્યો. બોસ્ટન બંદર વેપાર માટે બંધ કરવામાં આવ્યું. વીજળી પાણીનો પુરવઠો બંધ કરવામાં આવ્યો. કેટલાંક લોકોને પકડીને જેલમાં પૂરી દેવામાં આવ્યા. આથી સંસ્થાનવાસીઓ વધુ ઉશ્કેરાયા અને ઈંગ્લેન્ડ સામે સશસ્ત્ર ક્રાંતિનું રણશિંગું ફૂંકવામાં આવ્યું.*

## 7.3 ક્રાંતિના બનાવો

*ઈંગ્લેન્ડના અત્યારચારી વલણ સામે 1774 માં પ્રથમ કોંગ્રેસ બોલાવવામાં આવી. જેમાં જ્યોર્જ વોશિંગ્ટન, સેમ્યુઅલ આદમ્સ, હેનરી, જહોન રટલેજ જેવા આગેવાનો હાજર રહ્યા. અમેરિકન સંસ્થાનોની વર્તમાન પરિસ્થિતિ અને ઈંગ્લેન્ડની જોહુકમી પર*

*વિચાર વિમર્શ કરવામાં આવ્યો. આ કોગ્રેસે પોતાના હકકોનું જાહેરનામું ઘડીને ઈંગ્લેન્ડ મોકલી આપ્યું. આ જાહેરનામામાં સંસ્થાનોની સ્વતંત્રતા પર પાર્લામેન્ટે તરાપ મારી છે એ સામે વિરોધ વ્યક્ત કરવામાં આવ્યો. તથા સંસ્થાઓએ કરેલ વિરોધ વાજબી છે તેવું જાહેર કર્યું. આ ઉપરાંત બીજી બે જોગવાઈઓ પણ કરવામાં આવી. એક સંસ્થાનોએ પોતાનું લશ્કર રાખવું અને બે બ્રિટિશ માલનો બહિષ્કાર કરવો. ઈંગ્લેન્ડના રાજા જ્યોર્જ ત્રીજાએ સંસ્થાનવાસીઓની અરજીને નકારી દીધી એટલું જ નહી પણ ધમકી પણ આપી કે તાબે થાવ અથવા જીત મેળવો.*

1775 *માં ફિલોડેલ્ફિયામાં જ બીજી કોંગ્રેસ મળી. સંસ્થાનના રક્ષણ માટે લશ્કર તૈયાર કરવાનું સૌથી પહેલું વિચારવામાં આવ્યું. તે મુજબ જયોર્જ વોશિંગ્ટનના નેતૃત્વમાં અમેરિકન કોન્ટિનેન્ટલ આર્મીની સ્થાપના કરવામાં આવી.બંને વચ્ચે ' બંકર હીલ' નું યુદ્ધ લડાયું* (1775) *જેમાં અંગ્રેજોની જીત થઈ. હવે ઈંગ્લેન્ડ સામે સંપૂર્ણ યુદ્ધ અને સંપૂર્ણ સ્વતંત્રતાની નીતિ નક્કી થઈ.*

## 7.4 સ્વાધીનતાનું જાહેરનામું

*સ્વાધીનતાનું જાહેરનામુ ઘડી કાઢવા માટે બેન્જામીન ફ્રેંકલીન, થોમસ જેફરસન, જહોન આદમ સહિત પાંચ સભ્યોની એક સમિતિ નીમવામાં આવી.* 1776 *ની જુલાઈની ચોથી તારીખે ફિલાડેલ્ફિયામાં તેમની ઐતિહાસિક મહાસભા મળી. તેમાં તેમણે સ્વતંત્રતાનું જાહેરનામુ બહાર પાડયું. આ જાહેરનામામાં જણાવવામાં આવ્યું કે, બધા મનુષ્યો સમાન રીતે સર્જાયા છે. તેમને ઈશ્વરે કેટલાક મૂળભૂત અધિકારો આપ્યા છે . આ અધિકારોમાં જીવન સંરક્ષણ, સ્વતંત્રતતા અને સુખપ્રાપ્તિનો સમાવેશ થાય છે. આ અધિકારોની રક્ષા માટે સરકારોની રચના કરવામાં આવી છે અને સરકારો શાસિત પ્રજાની અનુમતિથી જ સત્તા પ્રાપ્ત કરે છે. સરકારો જ્યારે પણ આ ધ્યેયની અવગણના કરે છે ત્યારે તેમને બદલવાનો કે નાશ કરવાનો અને નવી સરકારો રચવાનો પ્રજાને અધિકાર છે.*

## 7.5 સશસ્ત્ર યુદ્ધ – (1775 – 1783)

*સંસ્થાનો અને ઈંગ્લેન્ડ વચ્ચે* 1775 *થી* 1883 *સુધી યુદ્ધ લડાયું. આ યુદ્ધમાં સંસ્થાનોને સ્પેન, હોલેન્ડ, ફ્રાંસની લશ્કરી મદદ મળી હતી. ઈંગ્લેન્ડ સાથેની દુશ્મનાવટને કારણે ફ્રાંસે આ યુદ્ધમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો હતો. ફ્રાંસ અને તેના સેનાપતિ લાફાયેતની મદદથી જ યોર્કટાઉનનું નિર્ણાયક યુદ્ધ સંસ્થાનો જીતી શકયા હતા.*

*શરૂઆતમાં સંસ્થાનોને યુદ્ધમાં પીછેહઠ કરવી પડી હતી. પરંતુ જયોર્જ વોશિંગ્ટનની કુનેહ, સાહસ, નિઃસ્વાર્થ અને કર્તવ્યનિષ્ઠ નેતૃત્વએ ધીરેધીરે બાજી બદલી નાખી. આ ઉપરાંત બ્રિટિશ સૈન્યને પોતાની ભૂમિથી* 3000 *માઈલ દૂરથી આવવાનું હતું. અમેરિકાનો વિશાળ સમુદ્ર કિનારો તેમના માટે આપત્તિજનક હતો તેમજ આ યુદ્ધને બ્રિટિશ સંસદ અને પ્રજાનો પણ ટેકો મળ્યો નહોતો.*

## 7.6 પેરિસ સંધિ

*1781ની 19 ઓક્ટોબરના નિર્ણાયિક યુદ્ધ (યોર્ક ટાઉન) માં અમેરિકન સંસ્થાનો વિજય થયો ઈંગ્લેન્ડનો પરાજય થયો. છેવટે ફ્રાંસના પેરિસમાં 1983 ની 3 જી સપ્ટેમ્બરે પેરિસ સંધિ પર સહી – સિક્કા થયા. ઈંગ્લેન્ડે સંપૂર્ણપણે અમેરિકાના સંસ્થાનોની સ્વતંત્રતા માન્ય રાખી. સંયુક્ત રાજયોની સરહદો પણ નક્કી કરવામાં આવી.*

## 7.7 ક્રાંતિનું મહત્ત્વ

*આ ક્રાંતિ વિશ્વ ઈતિહાસમાં મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આ ક્રાંતિમાંથી પ્રેરણા લઈ અન્ય ક્રાંતિઓ થઈ છે. આ ક્રાંતિ માટે એક વાત નોંધવી જોઈએકે સરકાર લોકસંપત્તિના પાયા પર ચાલે છે. એ જ ખ્યાલને એમણે વ્યવહારમાં ઉતરવા નોંધપાત્ર પ્રયાસ કર્યો. આ ક્રાંતિમાં આમ જનતાનું નેતૃત્વ હતું. આ ક્રાંતિમાં પણ અન્ય ક્રાંતિઓની માફક આર્થિક પરિબળો જ મહત્ત્વના હતા.*

*જો કે એક અભિપ્રાય એવો પણ છે કે અમેરિકામાં ક્રાંતિ થઈ જ નહોતી કારણ સાંસ્થાનિક સમયમાં પણ અમેરિકામાં લોકશાહી હતી જ. કેટલાક ટીકાકારો અમેરિકાની ક્રાંતિને 'રૂઢિચુસ્ત' ક્રાંતિ ગણાવે છે. એમ પણ કહેવાય છે કે ઈંગ્લેન્ડમાંથી અમેરિકાનું અલગ થવું એ માત્ર યાંત્રિક ક્રિયા જ હતી, અમેરિકામાં આ ક્રાંતિથી ખાસ કોઈ ફેરફાર થયો નહોતો. મહત્ત્વની બાબત તો એ હતી કે અમેરિકન ક્રાંતિકારી એક બાજુ એમ કહેતા હતા કે, 'બધા માણસો જન્મે છે ત્યારથી સ્વતંત્ર હોય છે' જયારે ક્રાંતિ પછી પણ લાખો હબસીઓને તેમાં આવા અધિકારોથી વંચિત રખાયા હતા. અમેરિકન ક્રાંતિ માટે એમ પણ કહેવાય છે કે તેમાં કોઈ સામાજિક વિચારસરણી વણાઈ નહોતી.*

*સમગ્ર રીતે જોતા અમેરિકન ક્રાંતિ ખરેખર જ ક્રાંતિ હતી. કારણ તેમાં સંસ્થાનવાસીઓએ ઈંગ્લેન્ડની સરકારને ઉથલાવી પાડી હતી. આ ક્રાંતિએ માનવઅધિકારો અને લોકશાહીને જીવંત કર્યા. ઉદાર અને પ્રગતિશીલ લોકશાહીએ આ ક્રાંતિની મૂલ્યવાન ભેટ છે.*

## 7.8 અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામ (ક્રાંતિ) નાં પરિણામો

*સંસ્થાનવાસીઓએ ઈંગ્લેન્ડની જોહુકમી સામે સશસ્ત્ર ક્રાંતિ કરીને વિજય મેળવ્યો. તેમાં સંસ્થાનવાસીઓની બહાદુરી, સહનશીલતા અને વફાદારીના ગુણોએ તેમને સફળતા અપાવી. આ ક્રાંતિનાં ટૂંકાગાળાનાં અને લાંબાગાળાનાં પરિણામો કે અસરો નીચે મુજબ છે.*

### 7.8.1 એક નવા સ્વતંત્ર રાષ્ટ્રની સ્થાપના

*આ ક્રાંતિનું સૌથી મહત્ત્વનું પરિણામ એ આવ્યું કે વિશ્વના નકશામાં એક નવા સ્વતંત્ર રાષ્ટ્રનો ઉદય થયો. ઈંગ્લેન્ડે તેને માન્યતા આપી. 13સંસ્થાનો એક સંયુક્ત*

*અમેરિકન રાજ્યમાં સંમિલિત થઈ ગયાં. સ્વતંત્ર અમેરિકાએ રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક, લશ્કરી ક્ષેત્રે નોંધપાત્ર વિકાસ સાધ્યો. આંતરરાષ્ટ્રીય રાજકારણમાં વિશિષ્ટ સ્થાન પ્રાપ્ત કર્યું. માનવીને ચંદ્ર પર મોકલવાનું બહુમાન પણ અમેરિકાને શિરે જાય છે.*

### 7.8.2 લેખિત અને સમવાયતંત્રી બંધારણ

*અમેરિકાએ નવું લેખિત બંધારણ તૈયાર કર્યુ. જે પ્રથમ લેખિત બંધારણ હતું. આ બંધારણને 13સંસ્થાનોએ સ્વીકાર્યુ અને એક સંઘીય સરકારનો સ્વીકાર કર્યો. અમેરિકાએ સમવાયતંત્રી લોકશાહીનો એક નવો જ પ્રકાર વિશ્વ સમક્ષ રજૂ કર્યો. આ પ્રકારની શાસન-વ્યવસ્થા ખૂબ સફળ થઈ. આથી વિશ્વના અન્ય રાષ્ટ્રોએ પણ તેને અપનાવી. આજે આ નવો જ પ્રકાર વિશ્વ સમક્ષ રજૂ કર્યો. આ પ્રકારની શાસન-વ્યવસ્થા ખૂબ સફળ થઈ. આથી વિશ્વના અન્ય રાષ્ટ્રોએ પણ તેને અપનાવી. આજે આ રાષ્ટ્ર વિશ્વની એક મહાસત્તા તરીકેનું સ્થાન ભોગવી રહી છે.*

### 7.8.3 બ્રિટીશ સામ્રાજયની પડતી

*આ ક્રાંતિની સફળતા પહેલાં એવું કહેવાતું હતું કે ઈંગ્લેન્ડનો સૂર્ય ક્યારેય આથમતો નથી. પરંતુ આ વિધાન અમેરિકાએ ખોટુ પુરવાર કર્યું. ઈંગ્લેન્ડ જેવી મહાસત્તાનો અમેરિકા જેવા રાષ્ટ્ર સામે પરાજય થતા તેની આંતરરાષ્ટ્રીય પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો. હવે ઈંગ્લેન્ડમાં પણ રાજાના આપખુદી વલણ સામે પ્રજા જાગૃત બની.*

### 7.8.4 સામ્રાજયવાદના પતનનો પ્રારંભ

*આ ક્રાંતિની સફળતાએ વિશ્વમાંથી સામ્રાજ્યવાદના પતની શરૂઆત કરી. આ વિજયે રાષ્ટ્રભક્તોને આપખુદ અને સામ્રાજ્યવાદી સત્તાઓ સામે ઝૂજમવાની એક નવી જ દષ્ટિ પૂરી પાડી. આ સમયે યુરોપ સહિતનું મોટાભાગનું વિશ્વ આપખુદ નિરંકુશ અને દૈવી સિદ્ધાંતોમાં માનનારી રાજાશાહીના પગ તળે કચડાઈ રહ્યું હતું. આ ક્રાંતિએ સામ્રાજ્યવાદ સામે જેહાદ જગાવવાની પ્રેરણા આપી.*

### 7.8.5 અન્ય ક્રાંતિઓને પ્રેરણા

*વિદેશી શાસનના અત્યાચારોથી પીડાતી પ્રજાને આ ક્રાંતિએ સ્વતંત્રતાનો મંત્ર આપ્યો. ત્યારબાદ થયેલી વિશ્વની મોટાભાગની ક્રાંતિઓએ અમેરિકાની ક્રાંતિમાંથી પ્રેરણા લીધી. દા.ત. ફ્રાંસની 1789ની ક્રાંતિ લૂઈ રાજાઓની આપખુદ અને નિરંકુશ શાસન સામે અમેરિકન સંસ્થાનોને મદદ કરવા ફ્રાંસે લશ્કર મોકલ્યું હતુ. આ લશ્કર અમેરિકાથી પાછુ ફર્યું ત્યારે પોતાની સાથે સ્વતંત્રતા, સમાનતા, લોકશાહીના વિચારો લઈને આવ્યું.*

### 7.8.6 ધર્મ-નિરપેક્ષ રાજ્યની સ્થાપના

*અમેરિકાના બંધારણમાં ધર્મ નિરપેક્ષતા સ્વીકારવામાં આવી. પહેલાં રાજ્યનો ધર્મ સાથે ઘનિષ્ઠ સંબંધ હતો. ધાર્મિક પરંપરા શાસનને પ્રભાવિત કરતી હતી. લોકશાહીના*

*દષ્ટિકોણથી અમેરિકા પ્રથમ દેશ હતો, જેણે રાજ્યને ધર્મથી અલગ કર્યું અને આમાં થોમસ પેઈનનું પ્રદાન વિશેષ હતું.*

### 7.8.7 ક્રાંતિનો આંતરરાષ્ટ્રીય પ્રભાવ

*આ ક્રાંતિએ સમગ્ર વિશ્વ પર અસર કરી. વિશ્વમાં લોકશાહીને લોકપ્રિય બનાવવામાં આ ક્રાંતિનું પ્રદાન વિશેષ હતું. યુરોપ, એશિયા અને આફ્રિકામાં આ ક્રાંતિના વિચારોનો પ્રભાવ પથરાયો. ખાસ કરીને વિશ્વના પ્રથમ લેખિત બંધારણે શાસનવ્યવસ્થા અને રાજકારણને સીધી અસર કરી. વિશ્વમાં ત્યારબાદ તૈયાર થયેલ બંધારણોમાં અમેરિકાના બંધારણની અસર જોવા મળે છે.*

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

1. *બોસ્ટન-ટી-પાર્ટીના બનાવ વિશે નોંધ લખો.*

**અ એક વાકયમાં જવાબ આપો.**

1. *સપ્તવાર્ષિક યુદ્ધ કયા કયા દેશો વચ્ચે લડાયું હતું ?*
2. *અમેરિકા નામ કેવી રીતે પડયું ?*
3. *અમેરિકનવાસીઓને ક્રાંતિ સમયે કયું સૂત્ર આપ્યું ?*
4. *ચલણીનાણાનો કાયદો કયા વર્ષે પસાર થયો હતો ?*

5. *ટાઉનશેન્ડ કોણ હતો ?*

**બ ખરા કે ખોટા લખો.**

1. *ક્રાંતિ સમયે અમેરિકામાં કુલ 18સંસ્થાનો હતાં.*
2. *આ ક્રાંતિ બાદ પ્રથમ લેખિત બંધારણ અસ્તિત્વમાં આવ્યું.*

## 7.9 સારાંશ

*અમેરિકાની ક્રાંતિ વિશ્વ ઈતિહાસની મહત્ત્વપૂર્ણ ઘટના હતી. આ ક્રાંતિએ સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદને પડકાર ફેંક્યો. આપખુદ-નિરંકુશ રાજાશાહીના મૂળમાં ઘા કર્યો. સ્વતંત્રતાના સમાનતાના વિચારો સ્થાપિત કરી વિશ્વમાં માનવતાની નવી આશાનું કિરણ બન્યું. આ ક્રાંતિએ વિશ્વસમક્ષ આદર્શ રાજ્યનું ઉદાહરણ પૂરું પાડયું. થોમસ જેફરસન જણાવે છે કે 'પૃથ્વી પર જીવતો પ્રત્યેક માનવ અને માનવસમૂહ સ્વરાજ્યનો' અધિકાર ધરાવે છે.*

## 7.10 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| *સંસ્થાન* | *વસાહત* |
| *મેં ફલાવર* | *જહાજનું નામ* |
| *પાઉન્ડ* | *ઈંગ્લેન્ડના ચલણનું નામ* |
| *પાદરી* | *ખ્રિસ્તીધર્મના પદાધિકારી* |
| *રેડ ઈન્ડિયન* | *મૂળ અમેરિકન નિવાસી* |
| *મુદ્રાધારો* | *ટિકિટ અંગેનો કાયદો* |
| *કર* | *સરકાર દ્વારા નાખવામાં આવતો વેરો* |
| *સમવાયતંત્ર* | *જુદાંજુદાં રાજ્યો દ્વારા એક સંઘની સ્થાપના (રાજ્ય અને કેન્દ્ર સરકાર વચ્ચે સત્તાની વહેંચણી)* |

## 7.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

*અ. એક વાક્યમાં જવાબ આપો.*

1. *ઈંગ્લેન્ડ અને ફ્રાંસ વચ્ચે*
2. *વેશ્પુચી અમેરિગો નામના અક નાવિકના નામ પરથી*

3. *પ્રતિનિધિત્વ નહિ તો કર નહિ*
4. *ઈ.સ.* 1765
5. *ઈંગ્લેન્ડનો નાણામંત્રી*

**બ તમારી પ્રગતિ ચકાસોના જવાબો**

**બ 1. ખોટું 2. ખરું**

---

**સ્વાધ્યાય**

---

*પ્રશ્ન* -1 *અમેરિકાની* 1776*ની ક્રાંતિનાં કારણો (પરિબળો)ની સવિસ્તાર ચર્ચા કરો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

*પ્રશ્ન-* 2 *અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામ* (1776)*નાં પરિણામો (અસરો) આલેખો.*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 7.12 સંદર્ભ ગ્રંથો


1. *મંગુભાઈ રા. પટેલ - વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલનો, ગુજરાત યુનિવર્સિટી.*
2. *પ્રો. (ડૉ.) સુરેશ ચી. શેઠ- વિશ્વની ક્રાંતિઓ (ઐતિહાસિક દષ્ટિએ), યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.*
3. *પ્રવીણ ન. શેઠ – વિશ્વદર્શન-*1 *(ક્રાંતિ) જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી* 12, *સરદાર પટેલ યુનિવર્સિટી.*
4. *દલાલ બી. પી., ત્રિવેદી અરુણા જી. – અમેરિકાના ઈતિહાસની રૂપરેખા.*
5. Frances Whitney – An Outline of American History.
6. *દેવેન્દ્ર ભટ્ટ; યુરોપનો ઈતિહાસ. યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ અમદાવાદ.*

| એકમ- 8 | અમેરિકાની ક્રાંતિના નેતાઓ |
|---|---|

*1776 ની 4 થી જુલાઈએ ફિલાડેલ્ફિયામાં એક પરિષદ મળી, જેમાં બે નિર્ણય લેવાયા એક તો અમેરિકાને સ્વતંત્ર જાહેર કર્યું અને ઈંગ્લેન્ડ સામેના સ્વતંત્ર્ય યુદ્ધના સેનાપતિપદે જયોર્જ વોશિંગ્ટન વરણી,* **- એક અવલોકન**

*જીવતર શું એટલું બધુ વહાલું છે ?શું એટલી બધી મીઠી છે કે જંજીરો અને ગુલામી સ્વીકારીને તેને ખરીદવા જોઈએ ? એ હું જણતો નથી, પણ હું તો એટલુ જ માંગુ છું કે, કાં તો મને મુક્તિ આપ અથવા મોક્ષ આપ. - પેટ્રીકહેની (અમેરિકાની ક્રાંતિના નેતા)*

**રૂપરેખા :**

**8.0 ઉદ્દેશો**

**8.1 પ્રસ્તાવના**

**8.2 જયોર્જ વોશિંગ્ટન (1732-1799)**

- **8.2.1 શરૂઆતની જીવન કારકિર્દી**
- **8.2.2 અમેરિકાની ક્રાંતિના સેનાપતિ તરીકે**
- **8.2.3 સ્વતંત્ર અમેરિકાના પ્રથમ પ્રમુખ તરીકે**
- **8.2.4 અંતિમ વર્ષો અને અવસાન**

**8.3 જોહન એડમ્સ ( 1735-1826)**

- **8.3.1 શરૂઆતની જીવન કારકિર્દી**
- **8.3.2 અમેરિકાની ક્રાંતિ અને જહોન એડમ્સ**
- **8.3.3 સ્વતંત્ર અમેરિકા અને જહોન એડમ્સ**
- **8.3.4 અવસાન**

- **તમારી પ્રગતિ ચકાસો - 1**

**8.4 થોમસ જેફરસન (1743-1826)**

- **8.4.1 શરૂઆતની જીવન કારકિર્દી**
- **8.4.2 અમેરિકાની ક્રાંતિ અને જેફરસન**
- **8.4.3 સ્વતંત્ર અમેરિકાના પ્રમુખ તરીકે**
- **8.4.4 અવસાન**

**8.5 બેન્જામિન ફ્રેકલિન – (1706-1790)**

**8.5.1 શરૂઆતની જીવન કારકિર્દી**
**8.5.2 અમેરિકાની ક્રાંતિ અને બેન્જાનિન ફ્રેકલિન**
**8.5.3 બંધારણના ઘડવૈયા તરીકે**
**8.5.4 અવસાન**
• **તમારી પ્રગતિ ચકાસો -2**
**8.6 સારાંશ**
**8.7 ચાવીરૂપ શબ્દો :**
**8.8 તમારી પ્રગતિ ચકાસાના જવાબો**
**8.9 સંદર્ભ સૂચિ**

## 8.0 ઉદ્દેશો

*આ એકમમાં ઈંગ્લેન્ડના આધિપત્ય નીચે કચડાતાં અમેરિકાના સંસ્થાનવાસીઓ દ્વારા 1776માં કરવામાં આવેલ ક્રાંતિમાં પોતાનું સર્વસ્વ હોમી અમેરિકાને ઈંગ્લેન્ડની ચુંગલમાંથી મુક્ત કરાવવા મથતા નેતાઓ વિશે જાણકારી મળશે.*

1. *જયોર્જ વોશિંગ્ટન*
2. *જહોન એડમ્સ*
3. *થોમસ જેફરસન*
4. *બેન્જામિન ફ્રેકલિન*

## 8.1 પ્રસ્તાવના

*ઈંગ્લેન્ડના અન્યાયી અને શોષણયુકત કાયદાઓ સામે સંસ્થાનવાસીઓને લેખકો અને બૌદ્ધિકોએ જાગૃત કર્યા સાથે સાથે સમગ્ર સ્વાંતંત્ર્ય સંગ્રામને નેતૃત્ત્વ પુરું પાડનાર નેતાઓએ પણ પ્રજામાં જોમ અને જુસ્સો ભર્યો. ગુલામીમાંથી મુક્ત થવા સર્વસ્વનું બલિદાન આપવા લોકોના માનસને તૈયાર કર્યું. થોમસ જેફર સન, જેમ્સ ઓટીસ, સેમ્યુલ એડમ્સ, પેટ્રીકહેન્ની, થોમસ પેઈન, બેન્જામીન ફ્રેન્કલીન, જહોન એડમ્સ અને જયોર્જ વોશિંગ્ટન વગેરેના નેતૃત્વએ અમેરિકાની ક્રાંતિને સફળ બનાવવામાં મહત્ત્વની ભૂમિકા અદા કરી.*

## 8.2 જયોર્જ વોશિંગ્ટન (1732-1799)

### 8.2.1 શરૂઆતની જીવન કારકિર્દી

*જયોર્જ વોશિંગ્ટનનો જન્મ 24 ફેબ્રુઆરી 1732 ના રોજ અમેરિકાના વર્જિનીયામાં થયો હતો. તેમના પિતા ખેડૂત હતા. જયોર્જ વોશિંગ્ટનને શિક્ષણમાં રસ નહોતો પરંતુ વાચનનો શોખ હતો. સપ્તવાર્ષિક યુદ્ધમાં તેમણે સૈનિક તરીકે ઈંગ્લેન્ડના પક્ષે ખૂબ સારી કામગીરી બજાવી હતી. આ યુદ્ધમાં ઈંગ્લેન્ડનો વિજય થયો હતો.*

1776ની અમેરિકાની ક્રાંતિના પ્રથમ હરોળના નેતા જ્યોર્જ વોશિંગ્ટન હતા. 1776ની 13 સંસ્થાનોની એક પરિષદ મળી હતી. તેના પ્રમુખ જેફરસન હતા. આ પરિષદે સર્વાનુમતે બે નિર્ણય લીધા

(1) અમેરિકાને ઈંગ્લેન્ડના શાસનમાંથી સ્વતંત્ર જાહેર કરાયું અને (2) ઈંગ્લેન્ડ સામેના અમેરિકન સ્વાતંત્ર્ય યુદ્ધના સેનાપતિ તરીકે જ્યોર્જ વોશિંગ્ટનની વરણી કરવામાં આવી.

આ સમયે એવું કહેવાતુ હતું કે ઈંગ્લેન્ડ નો સૂર્ય ક્યારેય આથમતો નથી આવા મોટા સામ્રાજ્ય અને અખૂટ શક્તિ ધરાવતા ઈંગ્લેન્ડની સામે બાથ ભીડવાની જવાબદારી વોશિંગ્ટનના માથે હતી. વોશિંગ્ટને લશ્કરને સફળ નેતૃત્વ પુરૂ પાડ્યું અને યુદ્ધ કૌશલ્ય, રણનીતિ તૈયાર કરી પૂરી પાડી. આ યુદ્ધમાં અમેરિકાનો વિજય થયો. આ વિજયથી તેમને અનહદ લોકપ્રિયતા મળી.

### 8.2.2 સ્વતંત્ર અમેરિકાના પ્રથમ પ્રમુખ તરીકે

ઈંગ્લેન્ડની ગુલામીમાંથી મુક્ત થયા બાદ અમેરિકામાં લોકશાહી સરકારની સ્થાપના થઈ. આ લોકશાહીના પ્રથમ પ્રમુખ તરીકે જ્યોર્જ વોશિંગ્ટનને ચુંટી કાઢવામાં આવ્યા. આ સ્થાન પર તે સતત બે વખત એટલે કે આઠ વર્ષ સુધી રહ્યા. આ આઠ વર્ષના શાસનકાળમાં તેમણે અમેરિકાની પાંગરતી લોકશાહીનું એક પિતાની જેમ જતન કર્યું. કેટલીક આગવી લોકશાહી પ્રણાલિઓ વિકસાવી. દા.ત. પોતાના વિરોધપક્ષના બે નેતાઓને પોતાની સરકારમાં નાણાખાતુ અને રાજ્યખાતુ આપ્યું હતું. તેમના શાસનકાળ દરમ્યાન યુરોપમાં રાજકીય અરાજકતા અને યાદવાસ્થળી જેવો માહોલ હતો પરંતુ વોશિંગ્ટને અમેરિકાને તેનાથી અલિપ્ત રાખ્યું. આ તેમની મોટી સિદ્ધિ ગણાવી શકાય.

### 8.2.3 અંતિમ વર્ષો અને અવસાન

1796માં જ્યોર્જ વોશિંગ્ટને પ્રમુખ તરીકેનો હોદ્દો છોડી દીધો. બાકીના વર્ષો પોતાના વતન માઉન્ટ વરનોનમાં ગાળ્યા. તેમણે નિવૃત્તિ જાહેર કરી ત્યારે અમેરિકાની બંધારણીય સરકારને સફળતાપૂર્વક કામ કરતી કરી દીધી હતી. પોતાના વિદાય પ્રવચનમાં તેમણે પોતાના દેશબાંધવોને એક જૂથ થઈને કામ કરવાની અને કોઈપણ પરદેશી રાષ્ટ્ર જોડે કાયમી મૈત્રી કરાર કરી બંધનોમાં ન બાંધવાની સલાહ આપી. આજની મહાસત્તા અમેરિકાની મહાસત્તા બનવાનો પાયો જ્યોર્જ વોશિંગ્ટન નાખ્યો હતો એમ કહી એ તો તે અતિશ્યોક્તિ નહી ગણાય અને એટલે જ જ્યોર્જ વોશિંગ્ટનને પોતાના દેશબાંધવો તરફથી આદર, પ્રેમ સન્માન મળતા રહ્યા. અમેરિકાના રાજતંત્રમાં બહુ ઓછા પ્રમુખો આ રીતે લોકાદર પામ્યા છે.

1799 ના ડિસેમ્બર માસમાં આ મહામાનવનું અવસાન થયું. અમેરિકા સહિત વિશ્વએ એક મહામાનવ, મહાનનેતા ગુમાવ્યો. વિવિધ રાષ્ટ્રોના નેતાઓએ તેમને આદરપૂર્વક શ્રદ્ધાંજલિ આપી. વોશિંગ્ટન યુદ્ધમાં પ્રથમ, શાંતિની સ્થાપનામાં પ્રથમ અને

*દેશની પ્રજાના હૃદયમાં સ્થાન પામનાર પણ પ્રથમ જ હતા. વોશિંગ્ટન મહાન સેનાપતિ અને રાજનીતિજ્ઞ તો હતા પણ એથી વિશેષ તે ચારિત્ર્યવાન હતા.*

## 8.3 જહોન એડમ્સ (1735-1826)

### 8.3.1 શરૂઆતની જીવન કારર્કિદી

*જહોન એડમ્સનો જન્મ ક્વિનસમાં* 1735 *ની* 30*મી ઓક્ટોબરે થયો હતો. તેમના પૂર્વજો* 1638*માં ઈંગ્લેન્ડથી અમેરિકામાં સ્થળાંતર થયા હતા. જહોન એડમ્સનું કુટુંબ સાધારણ હતું. તેમના પિતા ખેતીનો વ્યવસાય કરતા હતા. એડમ્સનું કુટુંબ ટયુરિટન ખ્રિસ્તી સંપ્રદાયનું અનુયાયી હતું. એડમ્સ બચપણમાં મહેનતુ અને અભ્યાસુ હતા.*

1755*માં હાર્વર્ડ યુનિવર્સિટીમાંથી ગ્રેજ્યુએટ કર્યું. શરૂઆતમાં હાઈસ્કૂલના શિક્ષક તરીકે કારર્કિદી શરૂ કરી. આ સમય દરમ્યાન કાયદાનું શિક્ષણ મેળવ્યું અને વકીલાતનો વ્યવસાય અપનાવ્યો. વકિલ તરીકે તેમણે ઠીક ઠીક નામના મેળવી. બંધારણીય બાબતોના વકીલ તથા ઐતિહાસિક હકીકતોના પૃથ્થકરણકર્તા તરીકે તેમની ખ્યાતિ સારી હતી. તેમની આ આવડતે રાજકીય કારર્કિદી ઘડવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી.*

### 8.3.2 અમેરિકાની ક્રાંતિ અને જહોન એડમ્સ

*બ્રિટીશ પાર્લામેન્ટ* 1765*માં સ્ટેમ્પ એકટ નામનો કાયદો પસાર કર્યો. આ કાયદા સામે એડમ્સે જોરદાર વિરોધ નોંધાવ્યો. આ કાયદાથી સંસ્થાનવાસીઓને કેટલું અને કેવી રીતે નુકશાન છે તે અંગે એક પત્ર તૈયાર કરી, સંસ્થાનોના જુદા જુદા પ્રતિનિધિઓને મોકલી આપ્યો. આ ઉપરાંત ગવર્નર અને કાઉન્સિલ સમક્ષ એવી રજૂઆત કરી કે સંસ્થાનવાસીઓની સંમતિ વગર સ્ટેમ્પ એકટ લાગુ કરવાની બાબત અન્યાયી છે. જે સંસદ (બ્રિટીશ પાર્લામેન્ટ) માં સંસ્થાનવાસીઓના પ્રતિનિધિ ન હોય તે સંસદને કર નાખવાનો કે કાયદો ઘડી અમલ કરાવવાનો અધિકાર નથી. તેમની આ દલીલોની ખૂબ અસર થઈ. બોસ્ટન શહેરમાં થયેલા ગોળીબાર અને પાંચ નાગરિકોના મૃત્યુને તેમણે બોસ્ટનનો હત્યાકાંડ તરીકે ઓળખાવી.* 1776*માં અમેરિકન સ્વાતંત્ર્યનામાને મંજૂર કરાવવાની અપીલ કરતી દલીલો જહોન એડમ્સે રજૂ કરી હતી, જે ખૂબ જ અસરકારક હતી. તેથી તેમને ધ પીલર ઓફ ડેકલેરેશન ઓફ ઈન્ડિપેન્ડ્સ નું બિરુદ મળ્યું હતું. આ દિવસ અમેરિકાના સ્વાતંત્ર્યની* 50*મી વર્ષગાંઠનો પવિત્ર દિવસ હતો.*

### 8.3.3 સ્વતંત્ર અમેરિકા અને જહોન એડમ્સ

*સ્વતંત્ર અમેરિકાના પ્રથમ લોકશાહી સરકારમાં તે ઉપપ્રમુખપદે ચૂંટાયા. આ કાર્યકાળમાં તેમણે જ્યોર્જ વોશિંગ્ટન સાથે ખભેખભો મિલાવી કામ કર્યું.*

1796*ની પ્રમુખની ચૂટણીમાં ત્રિપાંખીયા જંગમાં જેફરસન સામે એડમ્સનો વિજય થયો હતો. આમ જ્યોર્જ વોશિંગ્ટન પછી અમેરિકાની ધૂરા એડમ્સે સંભાળી તેમણે મોટેભાગે અગાઉની પરંપરા (વોશિંગ્ટનની નીતિરીતિ)ને આગળ ધપાવી હતી.*

જહોન એડમ્સ શક્તિશાળી અને બુદ્ધિશાળી હતા. પરંતુ કડક અને તામસી પ્રકૃતિના હતા. તેમના શાસન દરમિયાન આંતરરાષ્ટ્રીય પરિસ્થિતિ પણ પ્રતિકૂળ હતી. અમેરિકાના ફ્રાંસ સાથેના સંબંધો બગડયા હતા અને યુદ્ધની પરિસ્થિતિ નિર્માણ પામી હતી. એડમ્સે ખંત અને ધીરજથી કામ લીધું આથી અમેરિકા યુદ્ધથી બચી ગયું.

એડમ્સની આંતરિકનીતિ સંકુચિત અને કડક હતી. એડમ્સ અને સંઘવાદી કોંગ્રેસે ચાર સંકુચિત કાયદાઓ પસાર કર્યા. આ કાયદાએ એડમ્સને બદનામી આપી. કારણ કે આ કાયદાઓ સ્વતંત્રતા પર કાપ મૂકતા હતા.

### 8.3.4 અવસાન

90 વર્ષનું લાંબુ આયુષ્ય ભોગવનાર જહોન એડમ્સનું અવસાન 1826ની 4 થી જુલાઈએ થયું.

- **તમારી પ્રગતિ ચકાસો : 1**

(અ) જયોર્જ વોશિંગ્ટન વિશે નોંધ લખો. (૧૦ લીટી)

(બ) ખાલી જગ્યા પૂરો.

1. જયોર્જ વોશિંગ્ટનનો જન્મ --------વર્ષમાં થયો હતો.
2. સ્વતંત્ર એમરિકાના પ્રથમ પ્રમુખ ------- હતા.
3. જયોર્જ વોશિંગ્ટને પ્રમુખપદ ------વર્ષ છોડી દીધુ.
4. જહોન એડમ્સ --------- યુનિવર્સિટીના સ્નાતક હતા.
5. જહોન એડમ્સ ---------વર્ષ અમેરિકાના પ્રમુખ બન્યા.

## 8.4 થોમસ જેફરસન – (1743-1826)

### 8.4.1 શરૂઆતની જીવન કારકિર્દી

થોમસ જેફરસનનો જન્મ 1743ની 13મી એપ્રિલે વર્જિનિયા પ્રાંતમાં થયો હતો. તેમના પિતાનું નામ પીટર જેફરસન અને માતાનું નામ જેન રેન્ડોલ્ફ હતું. જેફરસન સહિત

10ભાઈ-બહેન હતા. તેમાં જેફરસન ત્રીજા નંબરના સંતાન હતા. અભ્યાસમાં તેજસ્વી હતા. નાની ઊંમરમાં જ તેમણે ગ્રી લેટિન અને ફ્રેન્ચ ભાષાઓ શીખી લીધી હતી. ઈતિહાસ અને વિજ્ઞાન તેમના પ્રિય વિષયો હતા. વિલિયમ બર્સમાં આવેલી કોલેજમાં તેમણે અભ્યાસ કર્યો હતો. કોલેજના અભ્યાસ દરમ્યાન તેમણે ગણિત અને પ્રાકૃતિક વિજ્ઞાનમાં ઊંડો રસ દાખવ્યો હતો. તેમણે રાજકારણ અને કાયદાનો પણ અભ્યાસ કર્યો. થોડો સમય વકીલાત કરી. સામાજિક સુધારણામાં પણ યોગદાન આપ્યું. પાછળથી પોતાનો સમય સક્રિય રાજકારણમાં ફાળવ્યો.

### 8.4.2 અમેરિકાની ક્રાંતિ અને જેફરસન

4જુલાઈ 1776ના રોજ 13સંસ્થાનોની ફિલડેલ્ફિયામાં મળેલી પરિષદમાં સ્વાધીનતાનું જાહેરનામું ઘડી કાઢવા થોમસ જેફરસન સહિત પાંચ સભ્યોની એક સમિતિ બનાવવામાં આવી. જેફરસને આ જાહેરનામાં મહત્વની ચાર બાબતોનો સમાવેશ કર્યો હતો. 1. ઈશ્વરે બધાને સમાન બનાવ્યા છે, સ્વતંત્રતાનો અધિકાર પણ બધાને છે. અધિકારોની પ્રાપ્તિ માટે જ સરકાર બનાવવામાં આવે છે.

અધિકારો છીનવતી સરકારને હટાવી દેવી જોઈએ. સરકારની સ્થાપના જનતાની સુરક્ષા સમૃદ્ધિ માટે થવી જોઈએ.

જેફરસને દૈવી અધિકારો પર પણ પ્રહાર કર્યા. આ ઘોષણા પત્રનું અમેરિકાવાસીઓએ જોરદાર સ્વાગત કર્યું. ત્યારબાદ 1783ની પેરિસ સંધિ સુધીની ક્રાંતિયાત્રામાં થોમસ જેફરસન જોડાયેલા રહ્યા.

### 8.4.3 સ્વતંત્ર અમેરિકાના પ્રમુખ તરીકે :

ઈ.સ. 1801માં થોમસ જેફરસન અમેરિકાના તૃતીય પ્રમુખ બન્યા જેફરસને અમેરિકન લોકશાહીના વિકાસમાં મહત્વનો ભાગ ભજવ્યો તેમની સોગંદવિધિ નવી બંધાયેલી રાજધાની વોશિંગ્ટનના શ્વેતગૃહ કોમેજરના મત પ્રમાણે જે રીતે પ્રમુખપદ પ્રાપ્ત કર્યું હતુ,, તેનાથી ભારપૂર્વક પ્રતીતિ થતી હતી કે લોકશાહી સત્તાસ્થાને બિરાજી છે. જેફરસને પ્રમુખ માટેના બધા જ ઉચ્ચ અને મોભાશીલ ઉપનામોનો ત્યાગ કર્યું. તેમને મન એક સામાન્ય નાગરિક અને પ્રમુખ વચ્ચે કોઈ ભેદભાવ નહોતો. સ્વતંત્રતાની જાહેરાતમાં તેમણે જ કર્યુ હતુ કે ઈશ્વરે બધાને સમાન રીતે જન્મ આપ્યો છે. અમલદારોને પણ શીખવ્યુ કે તે અમલદાર નહી પણ પ્રજાના ટ્રસ્ટીઓ છે. જેફરસને અમેરિકન નાગરિકત્વનો કાયદો હળવો બનાવ્યો તે રીતે ઉત્તેજન આપ્યું. તેણે અમેરિકાને યુદ્ધમાંથી દૂર રાખ્યું. તેમને સમયમાં આર્થિક વિકાસ થયો. તેણે 1803માં લુસીઆના પ્રદેશને પોલિયન પાસેથી ખરીદયો. જેથી અમેરિકાને રાજકીય અને આર્થિક લાભ થયો.

જેફરસન અમેરીકાના પ્રમુખ તરીકે બે વખત ચૂંટાયા આઠ વર્ષ શાસન કર્યું. આ સમગ્ર સમયમાં અમેરિકા પર જેફરસોનિયન લોકશાહીનું મોજું ફરી વળ્યું હતું.

### 8.4.4 અવસાન

*અમેરિકાની ક્રાંતિના મહાનનેતા સ્વતંત્રતાનું જાહેરનામુ ઘડનાર, વર્જિનીયા યુનિવર્સિટીના સ્થાપક સ્વતંત્ર અમેરિકાના બે બે વાર ચૂંટાયેલા પ્રમુખ થોમસ જેફરસનનું મૂલ્યાંકન કરવામાં શબ્દો ઓછા પડે પણ એક દ્રષ્ટિએ તેમના યુગના તે અમેરિકાન એરિસ્ટોટલ હતા તેમ કહીએ તો અતિશયોક્તિ નહી ગણાય.*

*આ મહામાનવનું અવસાન અમેરિકન સ્વાંતંત્ર્યના જાહેરનામાની* 50*મી વર્ષગાંઠને દિવસે* 1826 *માં થયું હતું. આ જ દિવસે તેમના મિત્ર જહોન એડમ્સનું પણ અવસાન થયું હતું.*

## 8.5 બેન્જામિન ફ્રેકલિન – (1706-1790)

### 8.5.1 શરૂઆતની જીવન કારકિર્દી

*બેન્જામિન ફ્રેંક્લીનનો જન્મ* 1706*ની* 1*લી જાન્યુઆરીએ બૉસ્ટન (મિલ સ્ટ્રીટ)માં થયો હતો. તેમના પિતાનું નામ જોશિયા ફ્રેંક્લીન અને માતાનું નામ આબિયા બોલ્ગર હતું (બીજી પત્ની) જોશિયા ફ્રેંકલિનને કુલ* 17*બાળકો (બન્ને પત્નીઓના) હતા તેમાં બેન્જામિન* 15*મું સંતાન હતા.* 10*વર્ષની ઊંમર સુધી અભ્યાસ કર્યા બાદ પોતાના ભાઈની સાથે સમાચારપત્રમાં જોડાયાં. પેંસિલ્વેનિયાના ગવર્નર (સર વિલિયમકીથ) ના કહેવાથી બેન્જામિન લંડન ગયા.* 1726*માં ફિલાડેલ્ફિયા પરત ફર્યા.*

21 *વર્ષની ઉંમરે* 1727*માં બેન્જામિને જુન્ટો નામની સંસ્થા શરૂ કરી, લાયબ્રેરી શરૂ કરી અને વર્તમાન પત્ર (ધ પેંસિલ્થેનિયા ગેજેટ) શરૂ કર્યું.* 1730*માં ડબોરા પ્રકાશન શરૂ કર્યું અને આત્મકથા પણ લખી. વિજ્ઞાનક્ષેત્રે પણ શોધખોળ કરી અને પોતાની શોધખોળની પેટંટ ન કરાવી; જે તેમની ઉદારતા હતી.*

### 8.5.2 અમેરિકાની ક્રાંતિ અને બેન્જામિન ફ્રેંકલિનઃ

*બેન્જામિન ફ્રેંક્લીન પોતાના લખાણો દ્વારા લોકોમાં જાગૃતિ લાવવાનું કામ કર્યુ.* 1748*માં તેમણે ફિલોડેલ્ફિયાની રાજનીતિમાં પ્રવેશ કર્યો. સ્થાનિક પેંસિલ્વેનિયાની વિધાનસભામાં ચૂંટાઈ આવ્યા. સ્થાનિક રાજનીતિમાં ટપાલ વ્યવસ્થામાં સુધારો લાવવાનું કામ પ્રસંશનીય બન્યું હતું.*

4 *જુલાઈ* 1776*માં દિવસે* 13*સંસ્થાનોની લાડેલ્ફિયામાં મળેલી પરિષદમાં સ્વાધીનતાનું જાહેરનામું ઘડી કાઢવા પાંચ* (5) *સભ્યોની એક સમિતિ બનાવવામાં આવી જેમાં એક બેન્જામિન ફ્રેંકલિન પણ હતા. સ્વતંત્રતાના જાહેરનામા પર સહી કરતી વખતે બેન્જામિન ફ્રેંક્લીને કહેલું કે આપણે બધાએ મળીને રહેવાનું છે, નહી તો આપણને એક એક કરીને ફાંસીએ લટકાવી દેવામાં આવશે.*

*ડિસેમ્બર*1776*માં સંયુક્ત રાજય અમેરિકાના કમિશ્નર તરીકે બેન્જામીનને ફ્રાંસ મોકલવામાં આવ્યા. ફ્રાંસમાં તેઓ* 1785 *સુધી રહ્યા. ફ્રાંસમાં પોતાના દેશની સમસ્યાને વ્યવસ્થિત રીતે રજૂ કરી. તેમના પ્રયત્નોથી જ ફ્રાંસે ઈંગ્લેન્ડ સામે અમેરિકાની મદદ માટે*

*એક લશ્કર લાફાયેતના નેતૃત્વમાં મોકલ્યું હતુ. ફ્રાંસમાં સ્વીડનના રાજદૂત સાથે મુલાકાત કરી. આ મુલાકાતને કારણે જ કદાચ સ્વીડને અમેરિકી ગણતંત્રને માન્યતા આપી. બંને દેશો વચ્ચે મિત્રતા અને વેપારની સંધિ કરાવી.*

### 8.5.3 બંધારણના ઘડવૈયા તરીકે

*સ્વતંત્ર અમેરિકાના બંધારણ ઘડવા માટે 55 સભ્યોની એક સભા ફિલાડેલ્ફિયામાં મળી હતી. તેના પ્રમુખ જ્યોર્જ વોશિંગ્ટન હતા. બેન્જામિન ફ્રેંકલીને પણ તેમાં હાજરી આપી હતી. જો કે તેમણે ચર્ચામાં ખાસ ભાગ નહોતો લીધો પરંતુ તેની પ્રાસંગિક ટીકાઓ અને મડાગાંટ પડે ત્યારે ઉકેલ શોધી આપવાની બેન્જામિન ફ્રંકલિનની શક્તિએ બંધારણનું કામ સરળ બનાવ્યું હતું.*

### 8.5.4 અવસાન

*બેન્જામિન ફ્રેંકલિન સંયુકત રાજ્ય અમેરિકાના સ્થાપકોમાંના એક હતા. ફ્રેંકલિન એક લેખક મુદ્રક, વ્યંગકાર, રાજનીતિજ્ઞ રાજનૈતિક વિચારક નાગરિક કાર્યકર્તા, સૈનિક, રાજનાયક અને વૈજ્ઞાનિક એમ બહુમુખી પ્રતિભા ધરાવતા હતા.*
*અમેરિકાના આ મહામાનવનું અવસાન 17 એપ્રિલ 1790માં થયું.*

**અમેરિકાની ક્રાંતિના નેતાઓ :**

- **તમારી પ્રગતિ ચકાસો : 2**

*(અ) થોમસ જેફરસન વિશે ટૂંકમાં નોંધ લખો. (૧૦ લીટી)*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

**(બ) ખરા કે ખોટા લખો.**

1. *4જુલાઈ 1778માં ફિલાડેલ્ફિયામાં મળેલી પરિષદમાં થોમસ જેફરસને મહત્વની ભૂમિકા ભજવી.*

2. 1901માં થોમસ જેફરસન અમેરિકાના પ્રમુખ બન્યા.
3. બેન્જામિન ફ્રેંકલિને જુન્ટો નામની સંસ્થા શરૂ કરી.
4. બેન્જામિન ફ્રેંકલિનનું અવસાન 1890માં થયુ હતું.

## 8.6 સારાંશ

અમેરિકાની ક્રાંતિ એ જગતના ઈતિહાસની મહાન ઘટના હતી. આ ક્રાંતિએ ત્યાર પછીના વિશ્વ રાજકરણને મૂળભૂત રીતે બદલવાની પહેલ કરી. લોકશાહીનો પાયો નાંખ્યો અને લેખિત બંધારણ આપ્યું. આ સમગ્ર ઘટનાક્રમમાં અમેરિકાના આગેવાન નેતાઓનો ફાળો બહુમુલ્ય હતો. આથી તો ટોકબીલ લખે છે કે (આ વખતે ) શાંતિનો સમય અને બીજું ક્રાંતિએ જન્મ આપેલી મહાન અમેરિકા (U.S.A.) ને મહાસત્તા બનવા માટેનો મજબૂત પાયો ક્રાંતિ સમયના નેતાઓએ નાખ્યો હતો.

## 8.7 ચાવીરૂપ શબ્દો

| | |
|---|---|
| શોષણયુક્ત | શોષણ કરનારુ |
| સપ્તવર્ષિક યુદ્ધ | સાતવર્ષ સુધી ચાલેલુ યુદ્ધ |
| સંસ્થાન | વસાહત |
| અનહદ | ખૂબ જ |
| અલિપ્ત | જુદુ |
| મહાસત્તા | શક્તિશાળી રાષ્ટ્ર, વિશ્વનું નેતૃત્વ કરતુ રાષ્ટ્ર |
| રાજનીતિજ્ઞ | રાજકારણ વિશે ઊંડુ જ્ઞાન ધરાવનાર |
| તાપસીપ્રકૃતિ | ગુસ્સાવાળુ વ્યક્તિત્વ |
| ગણતંત્ર | લોકશાહી |
| મડાગાંઠ | જેનો ઉકેલ અઘરો હોય તે |

## 8.8 તમારી પ્રગતિ ચકાસોના જવાબો- 1

ખાલી જગ્યા બ ના જવાબો

1. ઈ.સ. 1732
2. જયોર્જ વોશિંગ્ટન
3. ઈ.સ. ૧૭૯૬
4. હાવર્ડ યુનિવર્સિટી
5. ઈ.સ. 1796

**તમારી પ્રગતિ ચકાસો - 2**

ખરા કે ખોટા

1. ખરું 2. ખોટું 3. ખોટું

**સ્વાધ્યાય**

*પ્રશ્ન-* 1 *એમરિકાની ક્રાંતિ* (1776) *ના મહત્ત્વના નેતાઓનું પ્રદાન વર્ણવો.*

*પ્રશ્ન* - 2 *અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામને સફળ બનાવવામાં જ્યોર્જ વોશિંગ્ટન અને જહોન એડમ્સનો ફાળો નોંધો.*

*પ્રશ્ન-* 3 1776 *ની અમેરિકાની ક્રાંતિમાં થોમસ જેફરસન અને બેન્જામિન ફ્રેકલિનની ભૂમિકા નોંધો.*

**પ્રશ્ન- 4 ટૂંકનોંધ લખો**

1. *જહોર્જ વોશિંગ્ટન*
2. *જહોન એડમ્સ*
3. *થોમસ જેફરસન*
4. *બેન્જામિન ફ્રેંકલિન*

## 8.9 સંદર્ભ સૂચિ


1. *મંગુભાઈ રા. પટેલ - વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલનો, ગુજરાત યુનિવર્સિટી.*
2. *ત્રિવેદી અરુણા જી. – અમેરિકાના ઈતિહાસની રૂપરેખા.*
3. *પ્રો. (ડૉ.) સુરેશ ચી. શેઠ – વિશ્વની ક્રાંતિઓ (ઐતિહાસિક દષ્ટિે, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.*
4. *પ્રવીણ ન. શેઠ – વિશ્વ દર્શન-*1 *(ક્રાંતિ), જ્ઞાન ગંગોત્રી ગ્રંથ શ્રેણી* 12, *સરદાર પટેલ યુનિવર્સિટી.*
5. Frances Wuitney – An Outiline Of American History

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. જગદિશ ચૌધરી* | *પ્રિન્સીપાલ, એસ. વી. આર્ટસ કોલેજ, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ.હસમુખ પટેલ* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ, આર.એચ.પટેલ આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, નવાવાડજ, વાડજ.* |
| *ડૉ. માનસિહ ચૌધરી* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગર્વમેન્ટ આર્ટસ કોલેજ, સાંતલપુર.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *શ્રી ઘનશ્યામ ગઢવી* | *પ્રિ. ઘનશ્યામ કે. ગઢવી, નિવૃત આચાર્ય, શ્રીમતી ચૌધરી સાર્વજનિક કૉલેજ, મહેસાણા.* |
| *ડૉ. ધ્વનિલ પારેખ* | *સહ પ્રાધ્યાપક, મહાદેવ દેસાઈ ગ્રામસેવા સંકુલ, ગૂજરાત વિદ્યાપીઠ, સાદરા.* |


**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN : 978-93-91468-39-2**

## વિભાગ-3 ફ્રાંસની ક્રાંતિ અને ઔદ્યોગિક ક્રાંતિ

**આધુનિક વિશ્વનો ઈતિહાસ પેપર-5, વિભાગ-3** *માં કુલ ત્રણ એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં ફ્રાંસની ક્રાંતિ* (1789) *નેપોલિયન બોનાપાર્ટ તથા ઔદ્યોગિક ક્રાંતિની વિગતે માહિતી આપવામાં આવી છે*

**એકમ-9** *માં લુઈ રાજાઓનુ અત્યાચારી શાસન,પ્રજાની બદતર હાલત અને અસંતોષમાંથી ઉદ્દભવેલ ફ્રાંસની ક્રાંતિના કારણો અને પરિણામોની વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-10** *માં ફ્રાંસમાં નેપોલિયન બોનાપાર્ટનુ સત્તા ઉપર આવવુ સરમુખત્યાર બનવુ,યુરોપના મોટાભાગના પ્રદેશો જીતવા અંતે વોટર્લુના યુદ્ધમાં હાર અને સેન્ટહેલેના ટાપુ ઉપર તેનુ મૃત્યુ વગેરે વિશેની માહિતી આપવામાં આવી છે.*

**એકમ-11** *માં* 1760 *થી* 1850 *સુધી યુરોપમાં ઔદ્યોગિક ક્ષેત્રે આમૂલ પરિવર્તન થયુ જે ઔદ્યોગિક ક્રાંતિ તરીકે ઓળખાય છે જેના કારણો અને પરિણામોની વિસ્તૃત માહિતી આપવામાં આવી છે.*

| એકમ–9 | ઈ.સ.1789ની ફ્રાન્સ ક્રાંતિ : કારણો અને પરિણામો |
|---|---|

રૂપરેખા :

**9.0** ઉદ્દેશો
**9.1** પ્રસ્તાવના
**9.2** ફ્રાંસ ક્રાંતિના કારણો
- **9.2.1**રાજકીય કારણો
- **9.2.2** સામાજીક કારણો
- **9.2.3** આર્થિક કારણો
- **9.2.4** ધાર્મિક કારણ
- **9.2.5** અમેરિકાની ક્રાંતિમાંથી પ્રેરણા
- **9.2.6** તત્ત્વચિંતકોનુ પ્રદાન
- **9.2.7** તાત્કાલિક કારણ

તમારી પ્રગતિ ચકાસો - 1
**9.3** ફ્રાન્સ ક્રાંતિના પરિણામો તત્ત્વ
- **9.3.1** આપખુદ રાજાશાહીનો અંત
- **9.3.2** માનવ હક્કોની જાહેરાત
- **9.3.3** વિશેષાધિકારોનો ત્યાગ
- **9.3.4** સ્ત્રીઓનો સત્યાગ્રહ
- **9.3.5** પ્રથમ લેખિત બંધારણ
- **9.3.6** લૂઈ – સોળમાને ફાંસી
- **9.3.7** ક્રાંતિની વિકૃતિ અને ત્રાસનું શાસન
- **9.3.8**નવું બંધારણ (ઈ.સ.1795) અને ડિરેકટરીનું શાસન

**9.4** ફ્રાંસ ક્રાંતિની અસર
- **9.4.1** ફ્રાંસ પર પડેલી અસર
- **9.4.2** યુરોપ પર પડેલી અસર
- **9.4.3** વિશ્વ પર થયેલી અસર

તમારી પ્રગતિ ચકાસો-II
**9.5** સારાંશ
**9.6** શબ્દાવલિ
**9.7** તમારી પ્રગતિ ચકાસોના જવાબો.
**9.8** સંદર્ભ ગ્રંથો

## 9.0 ઉદ્દેશો

*આ એકમમાં ફ્રાંસની મહાન રાજ્યક્રાંતિ વિષે માહિતી મેળવશો. ફ્રાંસ ક્રાંતિએ આપખુદ, નિરંકુશ અને દૈવી સિદ્ધાંતો માનતી રાજાશાહી સામે પ્રજાનું આંદોલન હતું. અસામાન્ય સત્તા ભોગવતી રાજાશાહી સામે પ્રજાએ શા માટે બંડ પોકાર્યું ? અને એનું પરિણામ શું આવ્યું ? યુરોપ અને વિશ્વએ એમાંથી શું બોધપાઠ લીધો એ સમજાવવાનો મુખ્ય ઉદ્દેશ છે. આ એકમનો અભ્યાસ કર્યા બાદ નીચેની બાબતોની જાણકારી મળશે.*

- *ઈ.સ. 1789 પહેલાં ફ્રાંસની સ્થિતિ*
- *ક્રાંતિનું રાજકીય, સામાજીક, આર્થિક, ધાર્મિક સ્વરૂપ*
- *ક્રાંતિની મૂળમાં સામાજીક – આર્થિક અસમાનતા*
- *ધીરે ધીરે વિશ્વની લોકશાહી તરફ પ્રગતિ*
- *ફ્રાંસની ક્રાંતિના કારણો*
- *ફ્રાંસ ક્રાંતિના પરિણામો*
- *ફ્રાંસ ક્રાંતિની અસરોસત્તર*

## 9.1 પ્રસ્તાવના

*ઈંગ્લેન્ડની રક્તવિહીન ક્રાંતિ, નવજાગૃતિ, ધર્મસુધારણા અને ભૌગોલિક શોધખોળો એ પંદરમી સોળમી સદીના મહત્ત્વના બનાવો હતા. ખાસ કરીને યુરોપ તેનાથી વધુ પ્રભાવિત બન્યું હતું.સત્તરમી અઢારમી સદીમાં બુધ્ધિવાદનો વિકાસ થયો. અઢારમી સદીના મધ્યથી અંત ભાગમાં ઔદ્યોગિક ક્રાંતિ, અમેરિકાની ક્રાંતિ, ફ્રાંસની રાજ્ય ક્રાંતિ જેવી મહાન અને યુગપરિવર્તક ક્રાંતિઓ થઈ આ ક્રાંતિઓ વસ્તુતઃ જૂના અને નવા વિચારો વચ્ચેનો સંઘર્ષ જ હતો. ફ્રાંસ ક્રાંતિ પણ જૂના અને નવા વિચારો વચ્ચેની ગાથા છે. ફ્રાંસ ક્રાંતિ ફ્રાન્સમાં વિવિધ ક્ષેત્રે પ્રવર્તતા અસંતોષમાંથી જન્મી હતી. અને એટલે જ એકી સાથે રાજકીય, આર્થિક, સામાજીક અને ધાર્મિક સ્વરૂપની હતી. જ. નહેરુ લખે છે કે " આ ક્રાંતિ વીજળીના કડાકાની પેઠે એકાએક ગાજીને ફાટી નીકળી અને તેણે યુરોપના લોકોને આ કાર્યમાં ડુબાડી દીધા." જો કે કોઈપણ ક્રાંતિ અચાનક થતી નથી. ફ્રાંસ ક્રાંતિના પરિબળો પણ ઘણા ઊંડા હતા. ફ્રાંસ ક્રાંતિના પરિબળો પણ ઘણા લાંબા સમયથી કામ કરતા હતા, જે નીચેના કારણો પરથી સમજી શકાશે.*

## 9.2 ફ્રાંસ ક્રાંતિના કારણો

### 9.2.1રાજકીય કારણો

- **આપખુદ અને નિરંકુશ રાજાશાહી –**

*ઈ.સ.1789 ની ક્રાંતિ પહેલાં ફ્રાંસમાં બુર્બોન વંશના શાસકોની સત્તા હતી જે નિરંકુશ, એક તંત્રી અને દૈવી સિદ્ધાંતોમાં માનનારી નીતિનું પોષણ કરનાર હતી. તેઓ એમ*

માનતા હતા કે "ઈશ્વરે જ તેમને રાજ્ય કરવાનો હક્ક" આપ્યો છે. તેથી તેઓ રાજ્યમાં કોઈની દખલગીરી સહન કરવા તૈયાર ન હતા. લૂઈ–ચૌદમો ઘમંડમાં એમ કહેતો હતો કે " હું જ રાજ્ય છુ." તેનો વારસદાર લૂઈ પંદરમો મૂર્ખ, આળસુ, વિલાસી અને અત્યંત ખર્ચાળ હતો. રાજ્યનો વહીવટ કરવામાં તેને જરાપણ રસ ન હતો. મોટે ભાગે તે પોતાનો સમય નાચગાન માણવામાં અને જુગારખાનામાં પસાર કરતો હતો. તેણે ખોટા ખર્ચાઓ કરી વહીવટીતંત્રને વધુ અવ્યવસ્થિત કરી નાખ્યું હતું. લૂઈ – પંદરમાં એ આગાહી કરેલી કે " મારા પછી પ્રલય આવશે." તેની આ અવળવાણી લૂઈ સોળમાના સમયમાં સાચી પડી.

લૂઈ સોળમો અત્યંત મૂર્ખ અને બુધ્ધિહીન હતો. તેને શાસનનું કાર્ય કરવામાં રસ નહોતો, પણ નાટકો જોવાનું અને શિકાર કરવાનું ગમતુ હતું. તે ગાદી પર બેઠો ત્યારે લોકોને આશા હતી કે શાસનમાં સુધારો આવશે.પરંતુ આશા ઠગારી નીવડી. લૂઈ – સોળમો પોતાની મૂર્ખ, ઉડાઉ અને જિદ્દી પત્ની મેરી આત્વોની સલાહ પ્રમાણે કામ કરતો હતો. આ રાણીએ વૈભવ વિલાસ પાછળ પુષ્કળ ખર્ચ કરીને ફ્રાન્સને દેવાળિયુ બનાવ્યુ હતુ. મેરી ઓસ્ટ્રિયાની રાણી મેરિયા થેરેસાની પુત્રી હતી. ખુદ તેની માતા થેરેસાએ તેને ચેતવી હતી કે તેનું ખુદનું વર્તન જ તેનો વિનાશ નોતરશે. શાહી દરબારમાં સોળ હજાર તો તેના નોકરો હતા. ટૂંકમાં એમ કહી શકાય કે લૂઈ રાજાઓ નિરંકુશ રાજાશાહીના કેફમાં આપખુદ બન્યા હતાં અને પ્રજાના કલ્યાણ પ્રત્યે બેધ્યાન હતા. આવા શાસકો હોય ત્યાં ક્રાંતિના થાય તો બીજુ શું થાય ?

- **અન્યાયી વહીવટીતંત્ર :**

આ સમયમાં ફ્રાંસનું વહીવટીતંત્ર સડેલુ, ભ્રષ્ટાચારયુક્ત અને બિનકાર્યક્ષમ હતુ. મધ્યસ્થ અને પ્રાંતીય વહીવટીતંત્ર એમ બે વિભાગો હતા. જેમાં એકસૂત્રતાનો અભાવ હતો. મધ્યસ્થ તંત્રમાં રાજાને સહાય કરવા માટે પાંચ (5) સમિતિઓ હતી. પ્રાંતીય વહીવટમાં આખાય દેશને બે પ્રકારના પ્રાંતોમાં વહેંચી નાખવામાં આવ્યો હતો. એક પ્રકારના પ્રાંતને ગવર્નમેન્ટ તરીકે ઓળખવામાં આવતો હતો જેની સંખ્યા 40 જેટલી હતી. બીજા પ્રકારના પ્રાંતો વહીવટી એકમો તરીકે ઓળખાતા જેની સંખ્યા 34 જેટલી હતી. સ્થાનિક સ્વશાસનનું અસ્તિત્વ જ ન હતુ. નાના નાના કામો માટે પણ તેઓને કેન્દ્રના આદેશો લેવા પડતા. વહીવટીતંત્રના હોદ્દાઓ લાયકાતના ધોરણે આપવાના બદલે હરાજીથી અપાતા હતા. ટરગોટ અને નેકર જેવાં નાણામંત્રીઓએ વહીવટી ખર્ચ ઘટવાનો પ્રસ્તાવ મૂકયો. ઉમરાવો એ તેનો વિરોધ કર્યો. રાજા તેમાં દરમ્યાનગીરી કરી શકયો નહિ. આવા નિર્બળ અને સડેલા વહીવટીતંત્રના કારણે પ્રજાની હાડમારીમાં વધારો થયો. મહિલાઓએ લખ્યું છે. 'ખરાબ વ્યવસ્થાનો કોઈ પ્રશ્ન જ ન હતો, કોઈ વ્યવસ્થા જ  ન  હતી. ફ્રાંસની પ્રજાને લાગ્યું  કે હવે રાજા પાસેથી સુધારા મેળવવા મુશ્કેલ છે, ત્યારે તેમણે જાતે તે મેળવી લેવા માટે ક્રાંતિનો માર્ગ અપનાવ્યો.

- **પક્ષપાતી ન્યાય વ્યવસ્થા : -**

*ફ્રાંસમાં એક જ પ્રકારનો કાયદો કે એક જ પ્રકારના ન્યાયાલયો ન હતા. એક જ પ્રકારના ગુનાની સજા જુદી જુદી જગ્યાએ જુદી જુદી હતી. ફ્રાંસની શાસન વ્યવસ્થાની આ સૌથી મોટી નબળાઈ હતી. એક ગણતરી પ્રમાણે સમગ્ર ફ્રાંસમાં કોઈ એક કાયદા સંગ્રહને બદલે* 360 *જેટલા કાયદાસંગ્રહો અસ્તિત્વમાં હતા. ફ્રાંસના તત્ત્વચિંતક વોલ્તેરના શબ્દોમાં કહીએ તો 'ટપાલના ઘોડા બદલાય તેટલા અંતરે કાયદા બદલાતા હતા.' ન્યાયસંહિતા લૅટિન ભાષામાં લખાયેલી ન હતી. રાજાઓની નિરંકુશતા અને આપખુદીનું જીવતું જાગતું બીજું પ્રમાણ 'મુદ્રાયુક્ત પત્ર'* (Lettres de Eachet) *હતા, જેના વડે રાજા અથવા રાજાની મહેરબાની પ્રાપ્ત કરનાર કોઈપણ વ્યક્તિ પોતાના વિરોધી કે દુશ્મનને કારાવાસમાં નાખી શકતી. ઉમરાવો આ પત્રનો છૂટથી ઉપયોગ કરતા હતા. પ્રજાને કોઈપણ પ્રકારના મૂળભૂત હક્કો ન હતા. વિવિધ પ્રકારની અદાલત અને લશ્કરી અદાલત, તેમનાં કાર્યક્ષેત્ર નક્કી થયાં ન હતા. તેથી કયો કેસ કઈ અદાલતના અધિકારક્ષેત્રમાં આવે તે અંગે ગૂંચવાડો પ્રવર્તતો હતો. રાજયની અદાલતોના હોદ્દાઓનું વેચાણ કરવામાં આવતુ હતુ. ન્યાય ખુલ્લેઆમ વેચાતો હતો. આવા ન્યાયાલયો પાસેથી સાચા ન્યાયની અપેક્ષા કેમ રાખી શકાય. બોર્ડ એલ્ટને લખે છે કે 'ફ્રાંસ ની ક્રાંતિ મુખ્યત્વે અવ્યવસ્થાની વિરુધ્ધ વ્યવસ્થા માટેનું એક આંદોલન હતુ.'*

### 9.2.2 સામાજીક કારણો

- **સામાજીક અસમાનતા**

*આ સમયના ફ્રાંસમાં અસમાન સમાજ વ્યવસ્થા હતી સમાજ ત્રણ વર્ગોમાં વહેંચાયેલો હતો.* (1) *ધર્મગુરુઓ* (2) *ઉમરાવો* (3) *આમ વર્ગ. આ સમયે ફ્રાંસમાં એવું કહેવાતુ હતુ કે ' પાદરીઓ પ્રાર્થના કરે, ઉમરાવો યુદ્ધો કરે અને આમવર્ગ કરવેરા ભરે.' પ્રથમ વર્ગના લોકો સમાજમાં ઉચ્ચ સ્થાન અને વિશેષ અધિકારો ભોગવતાં હતાં, જયારે ત્રીજા વર્ગને કોઈપણ પ્રકારના અધિકારો ન હતા. તેઓ સામાન્ય અધિકારો મેળવવા ઉત્સુક હતા. પરંતુ ઉપલા બે વર્ગ પોતાના અધિકારોમાંથી કાંઈપણ જતું કરવા તૈયાર ન હતા. તેથી તેમની વચ્ચે દુશ્મનાવટ ઊભી થઈ.*

- **ધર્મગુરુઓનું વૈભવી જીવન : -**

*ફ્રાંસના સમાજના આ પ્રથમ વર્ગની કુલ વસ્તી એક લાખથી વધારે ન હતી. આમ છતાં પાંચમા ભાગની જમીન પર તેમની માલિકી હતી. સરકારી કરોમાંથી તેઓ મુક્ત હતા, અને તેમને 'તાઈથ' નામનો ધાર્મિક કર ઉઘરાવવાનો અધિકાર હતો. જેમાં ખેડૂતે આવકનો દસમો ભાગ આપવો પડતો. ફ્રાંસની ધાર્મિક સંસ્થાઓ દેશની સામાજિક, રાજકીય, આર્થિક બાબતોમાં હસ્તક્ષેપ કરતી હતી. ધર્મગુરુઓ સાદા જીવનને બદલે વૈભવ વિલાસવાળું જીવન જીવતા હતા. તેમનું નૈતિક જીવન પણ શિથિલ હતુ. ધર્મગુરુઓના*

*વર્ગમાં પણ બે વિભાગ હતા. ઉપલા વર્ગના અને નાના પાદરીઓ હતા. આ બંને વર્ગ વચ્ચે પણ અસમાનતા હતી. કંઈક અંશે નાના પાદરીઓનું ચારિત્ર્ય ઉપલા વર્ગ કરતા સારુ હતુ. તેઓ સામાન્ય વર્ગમાંથી આવતા હતા તેથી સામાન્ય વર્ગની સ્થિતિનો તેમને ખ્યાલ હતો અને એટલે જ જયારે ક્રાંતિ થઈ ત્યારે પાદરીઓ આમવર્ગની સાથે હતા.*

- **ઉમરાવો : -**

*ક્રાંતિ પહેલાં ફ્રાંસમાં રાજા પછીનું મહત્ત્વનું સ્થાન ઉમરાવોનું હતુ. રાજયના મહત્ત્વના લગભગ બધા જ પદો તેમની પાસે હતા. તેમનું જીવન પણ અતિશય વિલાસી અને ખર્ચાળ હતુ. તેઓ પણ પ્રથમ વર્ગની માફક રાજયના લગભગ બધા જ કરોમાંથી મુકત હતા. તેઓ ગરીબ ખેડૂતો પાસેથી ભયંકર કામ કરાવતા અને વળતર ઓછું આપી તેમનું શોષણ કરતા. જો કે આ વર્ગમાં પણ બે ભાગ હતા. ઉપલા ઉમરાવો વિશેષ અધિકારોવાળા અને સધ્ધર હતા. જયારે તેમની સરખામણીમાં નાના ઉમરાવો આર્થિક દ્રષ્ટિએ નબળા હતા. ક્રાંતિ થઈ ત્યારે નાના ઉમરાવવર્ગે આમવર્ગને ટેકો આપ્યો હતો.*

*બીજી એક મહત્ત્વની બાબત એ હતી કે બુર્બોન રાજાઓએ ઉમરાવોનું વર્ચસ્વ ઘટાડી દીધું હતું. આથી પોતાનું વર્ચસ્વ પાછુ મેળવવા રાજતંત્ર વિરુધ્ધને ઉત્તેજન આપ્યુ હતુ. ગુડવીન લખે છે કે 'ફ્રાંસ ક્રાંતિનું તાત્કાલિક કારણ ફ્રાંસના ઉમરાવ વર્ગની પ્રતિક્રિયાવાદી આકાંક્ષાઓ હતી.'*

- **નિર્બળ ત્રીજો વર્ગ : -**

*સૌથી ખરાબ સ્થિતિ આ ત્રીજા વર્ગની હતી. આ વર્ગમાં દેશની ચોરાણું ટકા પ્રજાનો સમાવેશ થતો હતો. જેમાં શિક્ષકો, વકીલો, દુકાનદારો, શરાફો, કારીગરો, મજૂરો, ખેડૂતો, ભિખારીઓ વગેરેનો સમાવેશ થતો હતો. ત્રીજા વર્ગમાં પણ બે ભાગ હતા. એક મધ્યમવર્ગ જેમાં વકીલ, શિક્ષક, લેખક, વેપારીઓ, ડૉક્ટરો , શરાફો, વગેરેનો સમાવેશ થતો હતો. આ લોકોની આર્થિક સ્થિતિ કંઈક અંશે સારી હતી. આ વર્ગ શિક્ષિત હતો તેમ છતાં તેમની યોગ્યતા પ્રમાણે તેને પદ કે પ્રતિષ્ઠા પ્રાપ્ત થતાં ન હતા. આ વર્ગ રાજાશાહીની વિરુધ્ધ ન હોતા, લોકશાહીના ખ્યાલોથી દૂર હતા તેઓ બંધારણીય વ્યવસ્થા ઈચ્છતા હતા. આ વર્ગ તત્ત્વચિંતકોના વિચારોથી જાગૃત બન્યા હતા અને એટલે જ ક્રાંતિની શરૂઆતની બાગડોર તેમણે સાંભળી હતી.*

*સમાજના છેવાડાના વર્ગમાં ખેડૂતો, મજૂરો, કારીગરો અને ભિખારીનો સમાવેશ થતો હતો. ખેડૂતોની સ્થિતિ દયનીય હતી કારણ તેમની આવકનો એંશી ટકા હિસ્સો કરવેરા ભરવામાં જતો રહેતો હતો બાકી વધેલાં 20 ટકામાં ખેતીના સાધનો, બિયારણ, કુટુંબનું ભરણપોષણ કરવાનું તેને માટે અઘરું હતુ. આથી કેટલાંકે ખેતી છોડી ભિખારી બની જતા. ક્રાંતિ સમયે એકલા પેરિસમાં જ એક લાખ વીસ હજાર ભિખારી હતાં. ફ્રાન્સની ક્રાંતિનો ઈતિહાસ લખનાર કર્વાઈલ લખે છે કે "પ્રજાના ત્રીજા ભાગને વર્ષના ત્રીજા ભાગના સમય સુધી સડેલા બટાકા જ ખાવાના હતા !" મજૂરો અને કારીગરોની સ્થિતિ પણ ખરાબ હતી.*

**9.2.3 આર્થિક કારણો**

- **રાજ પરિવારનું વૈભવી જીવન : -**

*રાજ પરિવારનું જીવન અત્યંત વૈભવ વિલાસવાળું હતુ. વર્સેલ્સના વૈભવી રાજમહેલમાં શાહી કુટુંબ રહેતુ હતુ. શાહી દરબારમાં 18,000 માણસો હતા, તેમાંથી સોળ હજાર તો રાજ પરિવારના નોકરો હતા. બાકીના બે હજાર ખુશામતિયા ઉમરાવો અને મહેમાનો હતા. ક્રાંતિના વર્ષમાં રાજાના મોજશોખ અને વૈભવ વિલાસ પાછળ છ કરોડ રૂપિયાનો ખર્ચ થયો હતો. ક્રાંતિ પહેલાના પંદર વર્ષમાં ત્રીસ કરોડ રૂપિયા વેડફી નાખ્યાં હતાં. રાજદરબારના અવિચારી ખર્ચાને કારણે લોકો રાજ દરબારને (વર્સેલ્સનો આયના મહેલ) "રાષ્ટ્રની કબર" ગણતા હતા. અને રાણી મેરીને "શ્રીમતી ખાદ્ય" નું ઉપનામ આપ્યું હતું.*

- **અયોગ્ય કર – વ્યવસ્થા : -**

*ક્રાંતિ પહેલાની ફ્રાંસની કર વ્યવસ્થા અયોગ્ય, અન્યાયી અને પક્ષઘાતી હતી. ધનિક વર્ગ કર ભરવામાંથી મુક્ત હતો. જયારે ત્રીજા વર્ગ પર અતિશય કરબોજ હતો. ફ્રાંસમાં બે પ્રકારના કર હતા. સીધા કરવેરા અને આડકતરા કરવેરા, સીધા કરવેરા વ્યક્તિની મિલકત અને આવક પર નાંખવામાં આવતા હતા. પ્રથમ બે વર્ગ આમાંના કેટલાંક કરોમાંથી મુક્ત હતા. ખેડૂતોની જમીન કે મિલકત પર નાંખવામાં આવતો 'ટેલ' નામનો કર ખૂબ જ અપ્રિય હતો. તેપ્પનટકા આવક તો આ કર ભરવામાં જતી રહેતી હતી. મીઠા પરનો કર પણ અપ્રિય હતો. ખેડૂતની આવકના એંશીટકા તો કર ભરવામાં જતા રહેતા.*

- **ખરાબ આર્થિક સ્થિતિ : -**

*ઉપર મુજબની સ્થિતિના કારણે રાજયનો ખર્ચ આવક કરતા વધી જતો હતો. સરકારની તિજોરી તળિયાઝાટક બની ગઈ. સરકાર દેવાના બોજ નીચે દબાતી ગઈ આ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે લૂઈ સોળમાએ એક પછી એક નાણાંમંત્રી બદલ્યા જેવાં કે ટરગોટ, નેકર, કૈલાન અને બ્રીએન. આ નાણાંમંત્રીઓએ નવું દેવુ, નવા કરો પર પ્રતિબંધ મૂકવાની રજૂઆત કરી. રાજકીય તથા વહીવટી ખર્ચ ઘટાડી ઉમરાવો અને ધર્મગુરૂઓ પર આમવર્ગ જેટલો જ કર ભરે તેવી રજૂઆત કરી, પરંતુ તેમના પ્રયત્નો નિષ્ફળ ગયા. આમ ફ્રાંસની આર્થિક સ્થિતિ દિવસે ને દિવસે કંગાળ બનતી ગઈ. જેમાં આમવર્ગ વધુ પિસાતો ગયો, અંતે તેણે ક્રાંતિનો માર્ગ અપનાવ્યો.*

- **કુદરતી આફતો : -**

*ફ્રાંસ નાણાંકીય કટોકટીમાંથી પસાર થઈ રહ્યુ હતુ ત્યારે જ ઈ.સ.1788માં કુદરતી આફત સમાન દુકાળ પડ્યો. આથી આર્થિક સ્થિતિ વધુ ડામાડોળ બની. તેથી રાજા એ ફ્રાંસની સંસદ એવી એસ્ટેટ જનરલની બેઠક બોલાવવા ફરજ પડી. જેણે ક્રાંતિના દ્વાર ખોલી દીધાં.*

### 9.2.4 ધાર્મિક કારણ

*સમાજના ત્રણ વર્ગોમાં ધર્મગુરૂઓ પ્રથમ વર્ગમાં આવતા હતા. તેઓ વિશેષ અધિકારો ભોગવતા હતા.રાજ્યની વીસ ટકા જમીન દેવળોની માલિકીની હતી. તેઓ કોઈ કર ભરતા નહોતા. ઊલટાનું તેઓ ખેડૂતો પાસેથી તેમની ઊપજનો દસ ટકા ભાગ 'તાઈથ' નામના કરરૂપે ઉઘરાવતા હતા. આ આવકનો ઉપયોગ તેઓ પ્રજા કલ્યાણને બદલે પોતાના વૈભવવિલાસમાં કરતા હતા આથી પ્રજામાં તેમના પ્રત્યે ભયંકર અણગમો હતો. નાના પાદરીઓ કે જે મોટેભાગે ગામડાંઓ સાથે સંકળાયેલાં હતાં તેઓ ચારિત્ર્યવાન જીવન જીવતા અને ગ્રામ્યપ્રજા સાથે સમભાવ અને સેવાભાવ રાખતા હતા એટલું જ નહિ પણ ઉચ્ચવર્ગના ધર્મગુરૂઓ પ્રત્યે તેમને પણ અણગમો હતો. એટલે જ ક્રાંતિ સમયે નાના પાદરીઓએ આમવર્ગ સાથે હાથ મિલાવ્યાં હતાં.*

### 9.2.5 અમેરિકાની ક્રાંતિમાંથી પ્રેરણા : -

*ફ્રાંસ ક્રાંતિ પહેલા ઈંગ્લેન્ડમાં ઈ.સ.*1688 *અને અમેરિકામાં ઈ.સ.*1776*માં ક્રાંતિઓ થઈ હતી. તેમાંથી પણ પ્રેરણા મળી. ફ્રાન્સે સપ્તવાર્ષિક યુદ્ધના પરાજયનું વેર લેવાના હેતુથી અમેરિકાના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઈંગ્લેન્ડ વિરુધ્ધ અમેરિકાને મદદ કરી હતી. અમેરિકાને સ્વતંત્ર કરાવી ત્યાંથી પાછા ફરેલા ફ્રેંચ સૈનિકો પોતાની સાથે વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને સમાનતાના આદર્શો લાવ્યા. ક્રાંતિ દરમ્યાન અને પછી પણ આ સૈનિકોએ મહત્ત્વની ભૂમિકા ભજવી હતી.*

### 9.2.6 તત્ત્વચિંતકોનુ પ્રદાન : -

*ફ્રાન્સની પ્રજા દુઃખી, દબાયેલી, કચડાયેલી છે અને તેમની સામેનો વર્તાવ અન્યાયપૂર્ણ છે એવું પ્રજાને ભાન કરાવનાર કેટલાંક તત્ત્વચિંતકો ફ્રાન્સમાં હતા. મધ્યમવર્ગના લોકો જેઓ શિક્ષિત અને સાધન સંપન્ન હતા તેઓ વિચારકોના વિચારોથી ખૂબ જ પ્રભાવિત થયા. કેટલાંક ઈતિહાસકારો તો ત્યાં સુધી માને છે કે જો ફ્રાન્સમાં બૌધ્ધિક ક્રાંતિ ન થઈ હોત તો રાજ્યક્રાંતિ પણ ન થઈ હોત. આ ચિંતકોએ રાજા અને દેવળોની સત્તાની અને તેમના ભોગ વિલાસની ઝાટકણી કાઢી અને પ્રજાના અસંતોષને વાચા આપી. ફ્રાંસની ભૌતિક ક્રાંતિ પહેલા માનસિક ક્રાંતિનું બીજ વાવનાર ફ્રાંસના મુખ્ય ચાર તત્ત્વજ્ઞાનીઓ હતા. મોન્તેસ્ક, વોલ્તેર, રૂસો અને ડિડેરો. આ ચિંતકોને ફ્રાંસ ક્રાંતિના અગ્રદૂતો માનવામાં આવે છે. તેમણે રાજ્ય અને સમાજનાં દૂષણો ઉપર પ્રહાર કર્યો. રાજ્યનાં વહીવટનો અંધકાર અને ધર્મગુંરુઓ તથા ઉમરાવોના અનાચાર પણ તેમણે ખુલ્લા પાડ્યા. આમ પ્રજાની આંતરિક શક્તિઓને જાગૃત કરી તેમનામાં એક પ્રકારની નવી ચેતનાનો સંચાર કર્યો અને પ્રજામાં ક્રાંતિકારી માનસ પેદા કર્યું.*

*મોન્તેસ્ક* (*ઈ.સ.*1689 – *ઈ.સ.*1755) *ખુદ ઉમરાવ હતો. તેમજ કુશળ ધારાશાસ્ત્રી અને ન્યાયાધીશ પણ હતો. તેણે ઈંગ્લેન્ડની પ્રજાની સ્વતંત્રતાની પ્રશંસા કરી અને ફ્રાન્સમાં ઈંગ્લેન્ડ જેવું બંધારણીય રાજાશાહી તંત્ર સ્થાપવાનું સૂચવ્યું. તેણે 'કાનૂનની ભાવના'* (Spirit of Laws) *નામે ગ્રંથ પ્રગટ કર્યો હતો. રૂસોસે "સામાજિક કરાર"* (Social

Contract) નામના પુસ્તક દ્વારા પ્રજાકીય સાર્વભૌમત્વ અને રાજકીય સમાનતાના ખ્યાલનો પ્રચાર કર્યો. આ પુસ્તક 'ફ્રાંસ ક્રાંતિનું બાઈબલ' ગણાય છે અને રૂસોને ક્રાંતિનો 'પયગંબર' ગણવામાં આવે છે. નેપોલિયને તો ત્યાં સુધી કહ્યું કે " જો રૂસો ન હોત, તો ફ્રાંસ ક્રાંતિ ન થાત." રૂસોએ સડેલા સમાજ સામે આંગળી ચીધીને કહ્યું કે 'માનવી જન્મે મુક્ત હતો, પરંતુ આજે તે સર્વત્ર બંધનમાં છે.' રૂસો આર્થિક અસમાનતાનો પણ વિરોધી હતો. તેના અનુયાયીઓ ઉગ્ર ક્રાંતિકારીઓ બની ગયા જેમણે જૂની સંસ્થાઓનો નાશ કરી નવી સંસ્થાઓ સ્થાપવા માટે બીડુ ઝડપ્યુ. વોલ્તેર વિચાર અને વાણીમાં ઘણો ઉગ્ર હતો. પોતાના લખાણ દ્વારા તેણે તત્કાલીન ધર્મવ્યવસ્થા સામે લાલબત્તી ધરી. દેવળનો વિરોધી હોવા છતાં તે નાસ્તિક ન હતો. તેણે ફ્રેંચ શાસન, દેવળનું સ્વરૂપ અને તેની અબાધિત સત્તા અને તેમાંથી નિપજતાં દૂષણોની સખ્ત ઝાટકણી કાઢી હતી. જો કે તે રાજાશાહીની વિરુધ્ધ નહોતો. પણ લોકકલ્યાણવાદી રાજાશાહીનો હિમાયતી હતો. ડીડેરોએ પણ શાસનતંત્ર અને સામાજિક વ્યવસ્થાની ટીકા કરી. તેની 'વિશ્વજ્ઞાનકોષ'ની શ્રેણી ખૂબ પ્રસંશા પામી હતી. આમ આ વિચારકોએ લોકોના વિચારોને વાચા આપીને તથા બૌધ્ધિક જાગૃતિ લાવીને ક્રાંતિને ઝડપી બનાવી હતી.

**9.2.7 તાત્કાલિક કારણો : -**

- **એસ્ટેટ જનરલની બેઠક : -**

છેલ્લા 175 વર્ષથી 'એસ્ટેટ જનરલ' (સંસદ) ની બેઠક બોલાવવામાં આવી ન હતી. જે લૂઈ સોળમાં એ પહેલીવાર ઈ.સ. મે, ઈ.સ.1789માં બોલાવી આ સંસદમાં ઉમરાવો, ધર્મગુરુઓ અને આમવર્ગના એમ ત્રણ ગૃહો હતાં. ત્રણે વચ્ચે મતદાન બાબતે મતભેદ હતા. આમ જનતા સંયુક્ત મતદાનની તરફેણ કરતા હતા. કારણ તેમનું મતદાન વધુ (625)હતુ જ્યારે પ્રથમ બે વર્ગ તેનો વિરોધ કરતા હતા અને રાજા પણ તેમને સાથ આપતો હતો. આમ શરૂઆતથી જ 'એસ્ટેટ જનરલ'માં પ્રશ્નો ઊભાં થયાં. જેનુ પરિણામ ક્રાંતિમાં આવ્યુ.

- **રાષ્ટ્રીય સભાની સ્થાપના : -**

એસ્ટેટ જનરલમાં ઊભા થયેલા પ્રશ્નોના કારણે આમવર્ગે 17 જૂન, ઈ.સ.1789 ના રોજ પોતાને 'રાષ્ટ્રીય સભા' તરીકે જાહેર કરી, રાજ્ય બંધારણને નવેસરથી ઘડવાનો પોતાનો દાવો રજૂ કર્યો. આ હિંમતભર્યા પગલાને ફ્રાંસ ક્રાંતિનું 'લઘુ સ્વરૂપ' ગણવામાં આવે છે. રાજાએ આ રાષ્ટ્રીય સભા ખંડને બંધ કરાવી દીધો. આથી રાષ્ટ્રીય સભા બાજુમાં આવેલ ટેનિસના મેદાનમાં બોલાવવામાં આવી. ત્યાં શપથ લેવામાં આવ્યા કે જ્યાં સુધી આપણે "દેશને બંધારણ ન આપીએ ત્યાં સુધી છૂટા પડીશું નહિ." એસ્ટેટ જનરલની સ્થાપના ઈ.સ.1302 માં ફિલીપ –દૂ – ફેયરે કરી હતી. ઈ.સ.1614 પછી તેની કોઈ બેઠક બોલાવાઈ નહોતી. છેવટે રાજાએ નમતુ જોખી ત્રણેય વર્ગને રાષ્ટ્રીય સભામાં બેસવાનો આદેશ આપ્યો. પ્રજાનો આ પ્રથમ વિજય હતો.

- **બેસ્ટાઈલનું પતન**

*રાજાએ મધ્યમવર્ગીય ક્રાંતિને દબાવી દેવા પેરિસમાં સેના બોલાવી. લોકોએ સ્વરક્ષણ માટે હથિયારો ભેગા કરવાનું શરૂ કર્યું. ઉશ્કેરાયેલા હથિયારધારી ટોળાએ જ્યાં કેદીઓને રાખવામાં આવતા હતા તે પ્રખ્યાત બેસ્ટાઈલ કિલ્લા પર 14 જુલાઈના રોજ હુમલો કર્યો, કેદીઓને મુક્ત કર્યા અને કિલ્લાનો કબજો લીધો. બેસ્ટાઈલનું પતન ફ્રાન્સની પ્રજા માટે અત્યંત મહત્ત્વનો દિવસ બની ગયો.આજે પણ તે 'રાષ્ટ્રીય તહેવાર' તરીકે ઉજવાય છે. રાજાએ પણ ગભરાઈને સૈનિક ટૂકડી હટાવી લીધી.*

- **તમારી પ્રગતિ ચકાસા- 1**

**(અ) પ્રશ્નોના જવાબ આપો.**

(1) *'હું જ રાજય છું.' – આ વિધાન કોનું છે ?*

(2) *લુઈ – સોળમાંની પત્નીનું નામ જણાવો.*

(3) *'સામાજીક કરાર' પુસ્તક કોણે લખ્યું છે ?*

(4) *ફ્રાંસના દેવળો કયો કર ઉઘરાવતાં હતાં ?*

(5) *'જો રૂસો ન હોત તો ક્રાંતિ ન થાત' – આ વિધાન કોણે કહ્યું હતું ?*

(બ) *તત્ત્વચિંતકોનો ફાળો –(દસ લીટીમાં લખો.)*

## 9.3 ફ્રાંસ ક્રાંતિના પરિણામો

### 9.3.1 આપખુદ રાજાશાહીનો અંત : -

*ફ્રાંસની પ્રજાને લાંબા સમયથી પીડા આપતી આપખુદ, નિરંકુશ અને દૈવી સિદ્ધાંતોમાં માનનારી રાજાશાહી નો અંત આવ્યો. રાજાશાહીને નાબૂદ કર્યા પછી રાજાના ભાવિ અંગે શરૂઆતથી જ જેરોન્ડિસ્ટ અને જેકોબિનો વચ્ચે સંઘર્ષ થયો હતો. છેવટે સર્વસંમતિથી રાજાને દેશદ્રોહી જાહેર કરવામાં આવી.*

### 9.3.2 માનવ હક્કોની જાહેરાત : -

*ફ્રાંસની રાષ્ટ્રીય સભાએ 20 ઓગસ્ટ, ઈ.સ.1789ના રોજ 'માનવ હક્કો ની જાહેરાત' કરી. આમાં કુલ , કલમો હતી. તેમાં માનવીમાત્ર સ્વતંત્ર અને સમાન છે. જનતા સાર્વભૌમ છે. કાયદો એ જનતાની ઈચ્છાનું પરિણામ છે. વિચાર અને વાણીસ્વાતંત્ર્ય એ માનવીના સૌથી કિંમત અધિકારોમાંનો એક છે, વગેરે મહત્ત્વના મુદ્દાઓ હતા.*

### 9.3.3 વિશેષાધિકારોનો ત્યાગ : -

*કેટલાંક ઉમરાવો અને ધર્મગુરુઓ પણ સામાન્ય પ્રજાના સૂરમાં પુરાવો રાષ્ટ્રીય સભાની બેઠક (4, ઓગસ્ટ, ઈ.સ.1789)માં હાજર રહેલાં ઉમરાવો અને ધર્મગુરુઓના પોતાના વિશેષાધિકારો સ્વેચ્છાએ જતા કરવાની એક પછી એક જાહેરાત કરી. ફ્રાન્સમાં*

*ત્રણેય વર્ગ સમાન બન્યા અને સામાજિક સમાનતા સ્થપાઈ. આને સામાજિક ક્રાંતિ કહી શકાય.*

**9.3.4 સ્ત્રીઓનો સત્યાગ્રહ : -**

*માનવહક્કોની જાહેરાતના ઠરાવ પર લૂઈ સોળમાએ સહી કરવાની ના પાડતા, પેરિસની પ્રજા ક્રોધે ભરાઈ. લગભગ દસહજાર જેટલી સ્ત્રીઓ 'રોટી આપો અને લોહી આપો'ના પોકારો કરતી 5ઓક્ટો, ઈ.સ.1789ના રોજ પેરિસથી કૂચ કરીને વર્સેલ્સ ગઈ અને રાજાના મહેલને ઘેરો ઘાલ્યો છેવટે રાજા-રાણીને પેરિસ આવવાની ફરજ પડી.*

**9.3.5 પ્રથમ લેખિત બંધારણ :-**

*રાષ્ટ્રીયસભાએ ઈ.સ.1991માં નવુ બંધારણ તૈયાર કર્યું. તેમાં ઈંગ્લેન્ડ જેવી બંધારણીય રાજાશાહી, એકગૃહી ધારાસભા, ચૂંટાયેલા ન્યાયાધીશો, અદાલતોમાં જ્યૂરી પ્રથા વગેરેની જોગવાઈ કરી. રાજાએ પણ બંધારણ પર સહી કરી હતી. આ બંધારણ ફ્રાન્સનું પ્રથમ લેખિત બંધારણ બન્યુ.*

**9.3.6 લૂઈ – સોળમાને ફાંસી :-**

*ઈ.સ.1791 માં રાજા અને રાણી છૂપાવેશે ભાગી છૂટ્યા પણ ફ્રાન્સની સરહદે પકડાઈ ગયા. તેના પર અદાલતી કાર્યવાહી કરવામાં આવી અને 21જાન્યુ. ઈ.સ.1793 ના રોજ તેને ફાંસી આપવામાં આવી. પછીથી મેરીની પણ હત્યા કરવામાં આવી.*

**9.3.7 ક્રાંતિની વિકૃતિ અને ત્રાસનું શાસન :-**

*રાજાને ફાંસી આપ્યા પછીના બે વર્ષ સુધી ફ્રાન્સમાં ત્રાસનું શાસન રહ્યુ. અનેક નિર્દોષ લોકોની હત્યા થઈ. જો કે પછીથી તો 'ત્રાસના રાજ્ય' ના સર્જક એવા ડેન્ટન અને રોબેસ્પિયરને પણ ફાંસી આપવામાં આવી હતી અને મારાની પણ હત્યા થઈ.*

**9.3.8 નવુ બંધારણ (ઈ.સ.1795) અને ડિરેકટરીનું શાસન :-**

*રાષ્ટ્રીયસભાએ ઈ.સ.1795માં ફ્રાન્સનું નવુ બંધારણ ઘડી કાઢયું. આ નવા બંધારણ પ્રમાણે રાજ્યની સત્તા પાંચ સભ્યોની બનેલી ડિરેકટરીને સોંપવામાં આવી. ઈ.સ.1799 માં આ ડિરેકટરીનું પતન થયું તેની જગ્યાએ 'કોન્સલ સરકાર'ની સ્થાપના થઈ. જેમાં નેપોલિયન બૉનાપાર્ટ પ્રથમ કોન્સલ હતો. પાછળથી તે દેશનો સર્વેસર્વા બની, ઈ.સ.1804માં ફ્રાન્સનો સમ્રાટ બની ગયો.*

## 9.4 ફ્રાંસ ક્રાંતિની અસર

### 9.4.1 ફ્રાંસ પર પડેલી અસરો

*ફ્રાંસમાં આપખુદ રાજાશાહીનો અંત આવ્યો અને લોકતંત્રની સ્થાપના થઈ.જો કે આ લોકતંત્ર પણ લાંબુ ચાલ્યું નહિ અને નેપોલિયનનું એકચક્રી શાસન સ્થપાયું. ફ્રાન્સમાં*

ઉમરાવશાહી નાબૂદ થઈ. ધર્મગુરુઓના વિશેષ અધિકારો પણ નાબૂદ થયા. ફ્રાન્સમાં સામાજિક સમાનતા સ્થપાઈ. ખેડૂતોને પોતાની જમીનોનો સ્વતંત્ર ઉપયોગ કરવાનો હક મળ્યો. દેશ છોડી ચાલ્યા ગયેલાં ઉમરાવોની જમીનો ખેડૂતોને વહેંચી દેવામાં આવી. માનવહક્કોની જાહેરાતમાં ક્રાંતિના મુખ્ય સૂત્ર "સ્વતંત્રતા, સમાનતા અને બંધુતા' નો સમાવેશ કરવામાં આવ્યો. મધ્યમ વર્ગ, ખેડૂતો અને શ્રમજીવીઓને ભારે કરવેરામાંથી મુક્ત કરવામાં આવ્યા. ગુલામીપ્રથા ગેરકાયદેસર જાહેર કરવામાં આવી. સ્ત્રીઓને પણ વારસાઈ હક્કો મળ્યા. તોલયાની મેટ્રિક પધ્ધતિ (દશાંશ પધ્ધતિ) દાખલ કરવામાં આવી.

### 9.4.2 યુરોપ પર પડેલી અસર :-

ફ્રાન્સમાં પ્રજાતંત્ર આવતા યુરોપના અન્ય રાજાશાહી રાજ્યોને સલામતીનો દર લાગ્યો. તેથી તેમણે ફ્રાંસ સામે યુદ્ધ જાહેર કર્યું. જો કે તેમાં તેમને સફળતા ના મળી. આ ક્રાંતિથી યુરોપમાં રાષ્ટ્રીયતાની ભાવનાએ પ્રોત્સાહન મળ્યુ. આ ક્રાંતિમાંથી પ્રેરણા લઈ ગ્રીસ અને બેલ્જીયમે સ્વતંત્રતા મેળવી. ફ્રાન્સ ક્રાંતિના 'સ્વતંત્રતા, સમાનતા, બંધુતા'ના સિદ્ધાંતોની યુરોપને ભેટ આપી.આથી ઈ.સ.1789ની પૂરક ક્રાંતિઓ ઈ.સ.1830 અને ઈ.સ.1848માં ફ્રાન્સમાં થઈ જેણે આખા યુરોપ પર ઘેરી અસર કરી.

### 9.4.3 વિશ્વ પર થયેલી અસર : -

માનવજાતના ઈતિહાસ પર આ મહાન ક્રાંતિએ ઘેરી અસર પાડી છે. આ ક્રાંતિ સમગ્ર વિશ્વની દિશાસૂચક બની. ખાસ કરીને સમગ્ર વિશ્વમાં રાજાશાહીની વિરુધ્ધ અને લોકતંત્રની તરફેણમાં તેણે માર્ગદર્શન પૂરું પાડ્યુ. ઓગણીસમી સદીની બધી જ ક્રાંતિઓના મૂળ આ ક્રાંતિમાં જોવા મળે છે. આ ક્રાંતિએ વિશ્વમાં રાષ્ટ્રવાદની ભાવના જાગૃત કરવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી. આ ક્રાંતિએ વિશ્વને પણ 'સ્વતન્ત્રતા, સમાનતા, બંધુતા' ના સિધ્ધાંતની ભેટ આપી. કવિ વર્ડ્ઝ વર્થે કહેલું કે, 'ફ્રાન્સની ક્રાંતિએ, માનવ સંસ્કૃતિને ઘણું એવું આપ્યુ છે, જે અમર રહેવાને સર્જાયું છે.

- **તમારી પ્રગતિ ચકાસો : - 2**

**(**અ) ખાલી જગ્યા પૂરો.

(1) લુઈ – સોળમાને ______________ વર્ષે ફાંસી આપવામાં આવી.
(ઈ.સ.1789, ઈ.સ.1793)

(2) માનવહક્કોની જાહેરાતમાં કુલ ______________ કલમો હતી.
(17, 71)

(3) ફ્રાન્સ ક્રાંતિનો નેતા ______________ હતો.
(લેનિન, રોબસ્પિયર)

(4) 1795 ના નવા બંધારણનો નવો 'કોન્સલ' ____________ હતો.
(નેપોલિયન બૉનાપાર્ટ, મિરાબો)

(5) આ ક્રાંતિ બાદ ફ્રાંસ માં ____________ પ્રકારનું શાસન સ્થાપાયુ.
(લોકશાહી, રાજાશાહી)

*(બ) ફ્રાંસ ક્રાંતિની અસરો ટૂંકમાં જણાવો (દસ લીટીમાં લખો.)*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

## 9.5 સારાંશ

*ઈ.સ.1789ની ફ્રાંસ ક્રાંતિ સીમાચિન્હરૂપ ઘટના ગણાવી શકાય. કારણ આ ક્રાંતિ યુરોપ સહિત વિશ્વને નવુ માર્ગદર્શન પૂરું પાડ્યું. સરકારમાં એકલ- દોકલ વર્ગનો ઈજારો નથી, પણ સમગ્ર પ્રજા ભાગીદાર છે એ બાબત આ ક્રાંતિએ સિધ્ધ કરી. આ ક્રાંતિએ લોકશાહીને મૂર્તિમંત કરી પ્રજાને માનવ અધિકારો આપ્યા. વીસમી સદીમાં પણ ફ્રાંસની ક્રાંતિ જ એશિયા, આફ્રિકા અને લેટિન અમેરિકાના દેશોની દબાયેલી, કચડાયેલી અને ગુલામી ભોગવતી પ્રજામાં પ્રેરણાનું ઝરણું બની.*

## 9.6 શબ્દાવલિ

*નિરંકુશ - જેના પર કોઈનો અંકુશ ન હોય તેવું.*

*યુગ પ્રવર્તક – યુગમાં પરિવર્તન લાવનારી.*

*પ્રાંત – વહીવટ સરળતા ખાતર વહેંચવામાં આવેલ વિસ્તાર.*

*ઉમરાવ – સત્તા સાથે જોડાયેલ, અમીર વ્યક્તિ.*

*આર્ક બિશપ – બિશપ – ખ્રિસ્તી ધર્મગુરુ*

*'તાઈથ' – ધાર્મિક કર.*

*સપ્તવાર્ષિક યુદ્ધ – અમેરિકન સંસ્થાનો પર આધિપત્ય સ્થાપવા માટે ઈંગ્લેન્ડ – ફ્રાંસ વચ્ચે સાત વર્ષ(ઈ.સ.1756 –ઈ.સ.1763)લડાયેલુ યુદ્ધ.*

*સાર્વભૌમત્વ – કોઈ ભૌગોલિક વિસ્તાર પર સ્વતંત્ર અને સર્વોચ્ચ સત્તા ધરાવવાની વિશેષતાને સાર્વભૌમત્વ કહેવાય છે.*

## 9.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.

*તમારી પ્રગતી ચકાસો – 1 ના જવાબો.*

(અ) (1) લૂઈ– 14 મો  (2) મેરી આંત્વાનેત

(3) રૂસો  (4) તાઈથ

(5) નેપોલિયન બૉનાપાર્ટ

**તમારી પ્રગતિ ચકાસો – 2 ના જવાબો**

(અ) (1) ઈ.સ.1793 (2) 17

(3) રોબસ્પિયર (4) નેપોલિયન બૉનાપાર્ટ

(5) લોકશાહી

## 9.8 સંદર્ભ ગ્રંથો


(1) પ્રો. ડૉ. સુરેશ ચી. શેઠ, વિશ્વની ક્રાંતિઓ, યુનિ.ગ્રંથ નિર્માણ બોર્ડ.

(2) વિશ્વદર્શન – 1(ક્રાંતિ), જ્ઞાન ગંગોત્રી કોણી 12, એસ.પી. યુનિ.

(3) Gershoy, The French Revolution and Napoleon.

(4) Medelin – The Revolutionaries.

(5) H.A.L. Fiser (અનુવાદક) કીકુભાઈ દેસાઈ , મણિભાઈ દેસાઈ – યુરોપનો ઈતિહાસ – 2

(6) મંગુભાઈ રા. પટેલ – વિશ્વની ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલનો.

(7) નહેરુ, જવાહરલાલ, જગતના ઈતિહાસનું રેખાદર્શન.

(8) Belloc, Hilaire – The French Revolution

| એકમ-10 | નેપોલિયન બોનાપાર્ટ |
|---|---|

રૂપરેખા :

**10.0** ઉદ્દેશો
**10.1** પ્રસ્તાવના
**10.2** ઇટાલિયન લશ્કરનો સેનાપતિ
**10.3** ડાયરેકટરીનું પતન
**10.4** કોન્સલપદે નેપોલિયન
**10.5** સમ્રાટ નેપોલિયન
- **10.5.1** ઈંગ્લેંડ સાથે યુદ્ધ
- **10.5.2** ઓસ્ટ્રિયા સાથે યુદ્ધ
- **10.5.3** પ્રશિયા સાથે યુદ્ધ
- **10.5.4** રશિયા સામે યુદ્ધ
- **10.5.5** પોર્ટુગલ પર આક્રમણ
- **10.5.6** સ્પેન સાથે યુદ્ધ
- **10.5.7** ઓસ્ટ્રિયા સાથે ફરી યુદ્ધ
- **10.5.8** રશિયા સાથે યુદ્ધ
- **10.5.9** પ્રશિયા સાથે યુદ્ધ
- **10.5.10**નેપોલિયનનો પરાજયઅને પતન

**10.6** નેપોલિયનના પતનના કારણો
- **10.6.1** ઈંગ્લેંડ સાથેનો વ્યવહાર
- **10.6.2** પોપ સાથેના સંબંધો
- **10.6.3** રશિયા સાથેની દુશ્મનાવટ
- **10.6.4** અન્ય કારણો

તમારી પ્રગતિ ચકાસો-1
**10.7** નેપોલિયનની આંતરિકનીતિ
- **10.7.1** વહીવટી સુધારા
- **10.7.2** આર્થિક ક્ષેત્ર
- **10.7.3** સામાજિક સુધારા
- **10.7.4** શૈક્ષણિક સુધારા
- **10.7.5** પોપ સાથે સમાધાન
- **10.7.6** કાયદાસંગ્રહો

10.8નેપોલિયન-એકઅસાધારણ વ્યક્તિત્વ

- તમારી પ્રગતિ ચકાસો-2

10.9 સારાંશ

10.10 શબ્દાવલી

10.11 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

10.12 સંદર્ભસૂચિ

## 10.0 ઉદ્દેશો

*નેપોલિયન બોનાપાર્ટ- આ પ્રકરણમાં ફ્રાંસ ક્રાંતિ પછી લોકશાહીને ગળે ટૂંપો દઈ ફ્રાંસ ગાદીના સર્વસત્તાધીશ બનેલા નેપોલિયન બોનાપાર્ટના જીવનની શરૂઆતની કારકિર્દી અને લશ્કરના સેનાપતિ તરીકે તેને મળેલી સફળતા સમ્રાટ બન્યા બાદ તેની લશ્કરી કૂનેહ, ઉ. યુરોપ પર તેનો પ્રભાવ વિશે જાણકારી મેળવશે. નેપોલિયનના શાસનકાળ દરમ્યાન ફ્રાંસમાં જુદા જુદા ક્ષેત્રોમાં તેણે કરેલા સુધારા અને તેને મળેલી સફળતા વિષે માહિતી મળશે. વિદ્યાર્થીઓ નેપોલિયનને એક આદર્શ તરીકે પણ મૂલવી શકે કે સાવ સામાન્ય સ્થિતિનો યુવાન પણ જો પરિમય બુદ્ધિ અને મહત્ત્વાકાંક્ષાના જોરે ફ્રાંસનો સર્વસત્તાધીશ બની શકે છે.*

## 10.1 પ્રસ્તાવના

*નેપોલિયનનો જન્મ 15 ઓગસ્ટ 1769માં કોર્સીકાના એક શહેર અજેસિયોમાં સામાન્ય કુટુંબમાં થયો હતો. નેપોલિયને બ્રિટન અને પેરિસની લશ્કરી શાળાઓમાં શિક્ષણ પ્રાપ્ત કર્યું હતું. શરૂઆતથી જ તે ગંભીર, અતડો અને અધ્યયન પ્રિય વિદ્યાર્થી હતો. તેના ગમતા વિષયોમાં ગણિત, ભૂગોળ, ઈતિહાસ, સાહિત્ય, રાજ્યશાસ્ત્ર,દર્શનશાસ્ત્રનો સમાવેશ કરી શકાય. નેપોલિયન દ્રસોના ક્રાંતિકારી વિચારોથી પ્રભાવિત થયો હતો. તેને પોતાની માતૃભૂમિ કોર્સીકા પ્રત્યે અત્યંત લગાવ હતો. 16 વર્ષની ઉંમરે તે લશ્કરમાં ભરતી થયો હતો. માતૃભૂમિ પ્રત્યેના આકર્ષણથી તે લાંબી રજાઓ પર કોર્સીકા ચાલ્યો જતો. આથી તેને બરતરફ કરવામાં આવ્યો હતો. કેટલાક ઉમરાવો ફ્રાંસ છોડી જતા નેપોલિયનને લશ્કરમાં પહેલાંનો હોદ્દો ફરીથી પ્રાપ્ત થયો. અહીયા તે ક્રાંતિનો સાક્ષી બન્યો. તેની સહાનુભૂતિ જેકોલીયન વિચારસરણીતરફી હતી. એપ્રિલ 1593માં રાજાશાહી બળવાને તેણે વીરતા અને બુદ્ધિપૂર્વક દબાવી દીધો. આથી તેની પ્રતિષ્ઠા વધી અને તેને લશ્કરમાં બઢતી મળી. જો કે તેને થોડો વખત જેકોલીયનનો સાથે જેલમાં પણ જવું પડ્યું. પણ નિર્દોષ છૂટી ગયો.*

*આ જ સમયે ફ્રાંસની બંધારણ સભાએ ઘડેલા નવા બંધારણ સામે પેરિસનાં ટોળાઓ અને કેટલાક રાજાશાહી તરફી તત્ત્વોએ બળવો કરી બંધારણસભા પર હુમલો કર્યો ત્યારે તેનું રક્ષણ કરવાની જવાબદારી નેપોલિયનને સોપવામાં આવી. આમાં પણ તેને સંપૂર્ણ*

*સફળતા મળી. નવા બંધારણ પ્રમાણે રચાયેલી 'ડાયરેકટરી'એ તેની આ સેવાની કદરરૂપે તેને ફ્રાંસના આંતરિક લશ્કરનો સેનાપતિ બનાવ્યા હતો.*

## 10.2 ઈટાલિયન લશ્કરનો સેનાપતિ

*નેપોલિયન બહુ જ મહત્ત્વકાંક્ષી હતો. આથી 'ડાયરેક્ટરી'ના સભ્યો તેને પેરિસથી દૂર રાખવા માગતા હતા. 1796માં નેપોલિયનને ઈટાલિયન લશ્કરનો સેનાપતિ બનાવવામાં આવ્યો. આ સમયે તેણે જોસેફાઈન બોહાનો* (Beauharnais) *સાથે લગ્ન કર્યા. લશ્કરમાં નેપોલિયનના આગમનથી જુસ્સો વધ્યો. એક વર્ષના ટૂંકાગાળામાં ઈટાલીમાં તેણે* 18 *મોટી અને* 65 *નાની લડાઈઓ લડી. અહી મળેલા વિજયોના કારણે ઈટાલીએ રાષ્ટ્રીય એકીકરણની દિશામાં પ્રથમ પગલું ભર્યું. આમ તેણે વિજયો જ નહી પણ એક મુત્સદ્દી અને રાજપુરુષ તરીકેની પ્રતિભાનો પણ પરિચય આપ્યો. તે ફ્રાંસ પરત ફર્યો ત્યારે લોકોએ તેને ઉત્સાહભેર વધાવી લીધો.*

### ઈજિપ્ત પર આધિપત્ય

*નેપોલિયને ઈંગ્લેન્ડને નમાવવા એક અકલ્પનીય યોજના તૈયાર કરી. જેમાં ઈજિપ્ત કબ્જે કરી. અફઘાનિસ્તાન થઈ હિન્દુસ્તાન પહોચવું. હિન્દુસ્તાનનું વેપારી સામ્રાજ્ય નાશ પામતાં ઈંગ્લેન્ડ જરૂર નમી પડશે.*

21 *જુલાઈ* 1798*માં તેણે ઈજિપ્ત પર વિજય પ્રાપ્ત કર્યો. પરંતુ અંગ્રેજ સેનાપતિ નેલ્સન તેની પાછળ આવી પહોંચ્યો હતો. નેપોલિયનને તેણે નાઈલ નદીના મુખ પાસે હરાવ્યો. દરમ્યાન ફ્રાંસમાં ડાયરેકટરીનો વહીવટ સંપૂર્ણ નિષ્ફળ ગયો હતો. ઈટાલી પણ હાથમાંથી જતું રહ્યું હતું. આથી તે ફ્રાંસ પરત ફર્યો.*

## 10.3 ડાયરેકટરીનું પતન

*ઈજિપ્તથી નેપોલિયન ફ્રાંસ પરત ફર્યા ત્યારે લોકોએ તેનું ભવ્ય સ્વાગત કર્યું. ફ્રાંસમાં પરત ફર્યા બાદ ડાયરેકટરીને પદભ્રષ્ટ કરી એબેસિયેસ, ડ્યુકોસ અને નેપોલિયનની બનેલી ત્રણ કોન્સલોની નવી કામચલાઉ સમિતિની રચના કરી. આ કોન્સેલોને નવું બંધારણ ઘડવાનો આદેશ આપીને ધારાસભા ચાર મહિના માટે મોકૂફ રહી. કોન્સેલોએ પ્રજાસત્તાકને તથા સ્વતંત્રતા, સમાનતા અને પ્રતિનિધિત્વના સિદ્ધાંતવાળી સરકારને સંપૂર્ણ વફાદાર રહેવાના શપથ લીધા. લોકોએ આ સત્તા પલટાને વધાવી લીધો.*

## 10.4 કોન્સલપદે નેપોલિયન

*કોન્સલોએ ક્રાંતિ પછીનું ચોથું બંધારણ તૈયાર કર્યું. નેપોલિયનને પોતાને અનુકૂળ લાગે તેવા ફેરફાર કર્યા નેપોલિયન પ્રથમ કોન્સલના હાથમાં મૂકવામાં આવી. આમ ફ્રાંસમાં નામ પૂરતી પ્રજાસત્તાક સરકાર રહી.*

*આ સમયમાં તેણે નીચેની સિદ્ધિઓ પ્રાપ્ત કરી.*

1. ઓસ્ટ્રિયાને પરાજય આપ્યો. (જૂન,1806)

2. દક્ષિણ ઈટાલીમાં નેપલ્સના રાજ્યે પણ સંધિ સ્વીકારી.

3. સ્પેને સંધિ સ્વીકારી લૂઈઝિયાના (ઉ.અમેરિકા)પ્રદેશ ફ્રાંસને સુપરત કર્યો.

4. ઈંગ્લેન્ડ સિવાય દ્વિતીય સંઘના બધા જ સભ્યો નેપોલિયન સામે હાર્યા અને સંઘમાંથી ખસી ગયા.

5. ઈંગ્લેન્ડ સાથે આમિયાની શાંતિ સંધિ

6. ફ્રાંસની આંતરિક વ્યવસ્થા સુધારી

7. ફ્રાંસની આર્થિક સ્થિતિ સદ્ધર બનાવી.

8. કાનૂની વ્યવસ્થામાં સુધારો કર્યો.

ટૂંકમાં કોન્સલ- સમયમાં તેણે ફ્રાંસને સ્થિર, પ્રગતિશીલ અને વિકાસશીલ બનાવ્યું.

## 10.5 સમ્રાટ નેપોલિયન

કેન્સલ સમયની તેની કામગીરીથી 10 વર્ષને બદલે જિંદગીભરનો કોન્સલ બનાવ્યો. તેમાંથી તે 1804માં ફ્રાંસનો સમ્રાટ બની બેઠો સમ્રાટ નેપોલિયનની સિદ્ધિઓ નીચે પ્રમાણે છે.

### 10.5.1 ઈંગ્લેંડ સાથે યુદ્ધ

1802 માં નેપોલિયને ઈંગ્લેન્ડ સાથે આમ્યિાંની સંધિ કરી હતી. પરંતુ આ સંધિ લાંબી ટકી નહી. 18 મે 1803માં ઈંગ્લેન્ડ ફ્રાંસ વચ્ચે યુદ્ધ થયું. આ યુદ્ધ માં ફ્રાંસના નૌકાકાફલાને ઘણુ નુકસાન થયું. ઈંગ્લેન્ડને સમુદ્ર પર હરાવવાની આશા નેપોલિયને કાયમ માટે છોડી દીધી. એટલુ જ નહી ઈંગ્લેન્ડે નેપોલિયન સામે તૃતીયસંઘ રચ્યો. જેમાં ઓસ્ટ્રીયા, રશિયા, નેપલ્સ, સ્વીડન જોડાયા હતા.

### 10.5.2 ઓસ્ટ્રિયા સાથે યુદ્ધ

સૌ પહેલા નેપોલિયને ઓસ્ટ્રિયા પર આક્રમણ કર્યું. ઓસ્ટ્રિયા અને રશિયાના સંયુક્ત લશ્કરને ઓસ્ટરલીઝના યુદ્ધ માં હરાવીને પ્રેસબર્ગની સંધિ કરવાની ફરજ પાડી. જેમાં ઓસ્ટ્રિયાએ જર્મન રાજ્યના વડા તરીકેનું પદ જતું કરવું પડ્યું.

### 10.5.3 પ્રશિયા સાથે યુદ્ધ

નેપોલિયને હેનોવર રાજ્ય ઈંગ્લેંડને સોપી દેતા પ્રશિયાનો સમ્રાટ ગુસ્સે ભરાયો. 1806માં પ્રશિયાએ ફ્રાંસ સામે યુદ્ધ જાહેર કર્યું. આ યુદ્ધ માં ફ્રાંસનો વિજય અને પ્રશિયાનો પરાજય થયો.

### 10.5.4 રશિયા સામે યુદ્ધ

નેપોલિયને ઉપરાછાપરી બે વખત આક્રમણ કરી બન્ને યુદ્ધ માં રશિયાને હરાવ્યું. પરિણામે રશિયાના રાજા (એલેક્ઝાન્ડર પહેલા) એ હાર સ્વીકારી ટીલસિટની સંધિ સ્વીકારી. ટીલસીટની સંધિથી યુરોપનો મોટોભાગ નેપોલિયનની તાબામાં આવી ગયો.

### 10.5.5 પોર્ટુગલ પર આક્રમણ

*ઈંગ્લેંડને નમાવવા નેપોલિયને ખંડીય પદ્ધતિની નીતિ અમલમાં મૂકી હતી. પોર્ટુગલે આ પદ્ધતિ કમને સ્વીકારી હતી. પોર્ટુગલના બંદરેથી બ્રિટીશ માલ-સામાન છુપી રીતે યુરોપના અન્ય રાજ્યોમાં જઈ રહ્યો છે, એવી માહિતી નેપોલિયનને મળી. પોર્ટુગલને કડક નિયંત્રણો લાદવા કહ્યું પણ પોર્ટુગલે નેપોલિયનની વાત ના માની, આથી ફ્રાંસે પોર્ટુગલ પર આક્રમણ કરી જીતી લીધું.*

### 10.5.6 સ્પેન સાથે યુદ્ધ

*સ્પેનના રાજાને ડર બતાવી ગાદી ત્યાગ કરવાની ફરજ પાડી નેપોલિયને પોતાના ભાઈ જોસેફને ગાદીએ બેસાડ્યો. સ્પેન અને ઈંગ્લેંડના લશ્કરે ફ્રાંસના સેનાપતિને હરાવ્યો* (1808) *આથી જોસેફને સ્પેન છોડી ભાગી જવુ પડ્યું. આથી નેપોલિયન ખુદ બે લાખના સૈન્ય સાથે સ્પેન આવ્યો અને પોતાના ભાઈને ગાદીએ બેસાડ્યો. જો કે ફરીથી સ્પેન-ઈંગ્લેન્ડના લશ્કરે ફ્રાંસના લશ્કરને સ્પેનની બહાર કાઢી મૂક્યું હતું.*

### 10.5.7 ઓસ્ટ્રિયા સાથે ફરી યુદ્ધ

*નેપોલિયન સ્પેન સામે યુદ્ધ માં રોકાયેલો હોવાનો લાભ લઈ ઓસ્ટ્રિયાએ ફ્રાંસ સાથે યુદ્ધ જાહેર કર્યું. નેપોલિયન સ્પેનથી પાછો ફર્યો. ઓસ્ટ્રિયા-ફ્રાંસ વચ્ચે યુદ્ધ થયું જેમાં ઓસ્ટ્રિયાનો પરાજય થયો. ઓસ્ટ્રિયાની કુંવરી એરિયા લૂઈસ સાથે નેપોલિયનના લગ્ન થયા.*

### 10.5.8 રશિયા સાથે યુદ્ધ

*નેપોલિયને ઈંગ્લેન્ડ સામે ખંડીય યોજના જાહેર કરી હોવા છતાં રશિયાએ ઈંગ્લેન્ડ સાથે વેપારી સંબંધો બાંધ્યા હતા. પરિણામે ફ્રાંસે રશિયા સામે યુદ્ધ જાહેર કર્યું. જેમાં નેપોલિયનનો વિજય થયો તેણે મોસ્કોમાં પ્રવેશ કર્યો, પરંતુ મોસ્કો તરફ જતાં ગરમી, ઠંડી અને બીમારીથી તેના લશ્કરની ભારે ખુવારી થઇ હતી. મોસ્કોની કાતિલ ઠંડી અને રશિયાની લડવાની પદ્ધતિએ નેપોલિયનને હેરાન પરેશાન કરી દીધો.* 6 *લાખમાંથી માત્ર* 1 *લાખનું લશ્કર જીવતું ફ્રાંસ પહોંચ્યું હતું. આ યુદ્ધ નેપોલિયનના પરાજયનો પહેલો અંક ગણાવી શકાય.*

### 10.5.9 પ્રશિયા સાથે યુદ્ધ

*નેપોલિયનના રશિયા પરનાં નિષ્ફળ આક્રમણોથી પ્રોત્સાહિત થઈને પ્રશિયાએ ફ્રાંસ સાથે યુદ્ધ કરવા માટે રશિયા સાથે સંધિ કરી. ફ્રાંસ સામે યુદ્ધ જાહેર કર્યું. નેપોલિયને પ્રશિયા અને રશિયાના લશ્કરને હરાવ્યું, પરંતુ નેપોલિયન ઓસ્ટ્રિયાની ચાલબાજીમાં ફસાઈ ગયો. નેપોલિયને મેટરનિકે મૂકેલા યુદ્ધ વિરામનો સ્વીકાર કર્યો. પાછળથી તેણે*

*મેટરનિકે મૂકેલી શાંતિની શરતોનો અસ્વીકાર કર્યો. તેથી મેટરનિકે ઓસ્ટ્રિયા, ઈંગ્લેન્ડ, પ્રશિયા અને સ્વીડનના ચોથા સંઘની રચના કરી. જે નેપોલિયના પરાજય માટે જવાબદાર બની.*

### 10.5.10 નેપોલિયનનો પરાજય અને પતન

12 *ઓગસ્ટ* 1813*ના રોજ નેપોલિયન સામે યુરોપવ્યાપી યુદ્ધ  શરૂ થયું. લિયસિંગ (ñૈંહપ્ર)ની લડાઈમાં નેપોલિયનનો ભયંકર પરાજય થયો. નેપોલિયનનું યુરોપીય સામ્રાજ્ય તૂટી ગયું. ખંડીય પદ્ધતિ તૂટી પડી.મિત્રરાજ્યો હજુ પણ નેપોલિયન સાથે સમજૂતી કરી તેને ફ્રાંસની ગાદી અને ફ્રાંસની કુદરતી સરહદો રહેવા દેવા તૈયાર હતા. નેપોલિયને આ દરખાસ્ત ફગાવી દીધી. 'વિનાશ કાળે વિપરીત બુદ્ધિ'. મિત્ર રાજ્યોના સંયુક્ત લશ્કરે પેરિસ જીતી લીધુ. નેપોલિયનને શરત વગર ગાદી ત્યાગ કરવો પડ્યો. નેપોલિયનને એલ્બાના નાના ટાપુના રાજા તરીકે મોકલી આપ્યો.*

*વિયેના સંમેલનમાં મિત્રરાજ્યોના પ્રતિનિધિઓ ભેગા થયા. ત્યારે નેપોલિયન એલ્બામાંથી નાસી છૂટ્યો અને ફ્રાંસ પહોંચ્યો. નેપોલિયનના ફ્રાંસ પહોંચ્યાના સમાચાર મળતા જ વિયેના સંમેલનના મિત્રરાજ્યોએ નેપોલિયનેને હરાવવા ફરી વોટરલૂના મેદાનમાં મુકાબલો કર્યો. આ યુદ્ધ માં નેપોલિયનનો સંપૂર્ણ પરાજય થયો. નેપોલિયનને કેદ કરી. સેન્ટહેલેના ટાપુ પર મોકલી દેવામાં આવ્યો. જ્યાં તેનું અવસાન (*52 *વર્ષ) થયું.*

## 10.6 નેપોલિયનના પતનના કારણો

### 10.6.1 ઈંગ્લેંડ સાથેનો વ્યવહાર

*નેપોલિયનના પતન માટે સૌથી જવાબદાર પરિબળ ઈંગ્લેન્ડ સાથેની દુશ્મનાવટ હતી. ઈંગ્લેન્ડની નૌકાતાકાતને તે તોડી શક્યો નહી. ઈંગ્લેન્ડ સામેની ખંડીય યોજના નિષ્ફળ ગઈ.*

### 10.6.2 પોપ સાથેના સંબંધો

*નેપોલિયને શરૂઆતમાં પોપ સાથે મિત્રચારીપૂર્ણ સંબંધો રાખ્યા. પરંતુ પોપે ખંડીય યોજનામાં સહકાર ના આપતા પોપને કેદ કર્યા. આથી કેથોલિક જનતાની લાગણી દુભાઈ અને તે નેપોલિયન વિરોધી બની.*

### 10.6.3 રશિયા સાથેની દુશ્મનાવટ

*રશિયા સાથે સંબંધો બગડવામાં પણ ખંડીય યોજના જ જવાબદાર હતી. રશિયા સાથેના યુદ્ધ માં તે લાખો સૈનિકોનું બલિદાન તૈયાર કરી શક્યો નહી.*

### 10.6.4 અન્ય કારણો

*આ ઉપરાંત તેણે યુરોપના રાષ્ટ્રોની રાષ્ટ્રીય ભાવનાનો સામનો કરવો પડ્યો. તેની વધુ પડતી મહત્ત્વકાંક્ષા અને અહંકારી સ્વભાવ, તેના ભાઈ, સેનાપતિ અને ટેલિરાં જેવા*

*વિશ્વાસુ સાથીદારોની બેવફાઈ વગેરે કારણો જવાબદાર હતા. જો કે નેપોલિયને પોતાના પતન માટે ત્રણ કારણો આપ્યાં હતાં. સ્પેન, પોપ અને રશિયા*

- *તમારી પ્રગતિ ચકાસો-૧*

**(અ) ખાલી જગ્યા પૂરો.**

1. *નેપોલિયનનો જન્મ _____ વર્ષે થયો.*
   (1769, 1796)
2. *ત્રણ કોન્સલોમાં એક _____ છે.*
   *(ડ્યુકોસ, ટેલીરાં)*
3. 1802 *માં નેપોલિયને ઇંગ્લેન્ડ સાથે ____ સંધિ કરી.*
   *(આમિયાં, વર્સેલ્સ)*
4. *મેરિયા લૂઈસ ____ રાજ્યની કુંવરી હતી.*
   *(ઓસ્ટ્રિયા, ઇંગ્લેન્ડ)*
5. *ખંડીય યોજના ____ વિરુદ્ધ કરવામાં આવી હતી.*
   *(ઇંગ્લેન્ડ, રશિયા)*

**(બ) નેપોલિયનના પતનના કારણો**

___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________
___________________________________________________________

## 10.7 નેપોલિયનની આંતરિકનીતિ (વિવિધ સુધારાઓ)

*નેપોલિયન સેનાપતિ, મુત્સદ્દી ઉપરાંત એક સારો વહીવટકર્તા પણ હતો. તેણે શાસનકાળ દરમ્યાન તેણે ફ્રાંસને આંતરિક રીતે સુદ્રઢ કરવા કેટલાંક પગલાં ભર્યાં જે નીચે મુજબ છે.*

### 10.7.1 વહીવટી સુધારા

*નેપોલિયને વહીવટી સરળતા માટે સમગ્ર દેશને પ્રાંતમાં, પ્રાંતને જિલ્લામાં અને જિલ્લાને તાલુકામાં વહેચી નાખ્યા હતા. નેપોલિયને સ્થાનિક સભાઓ નાબૂદ ના કરી પરંતુ તેમની રાજકીય સત્તાઓ લઈ લીધી. હવે તે પ્રાંત અને જિલ્લાના વડાના અંકુશ નીચે આવી. આ પ્રકારની વ્યવસ્થાને કારણે ફ્રાંસની જનતાના રાજનૈતિક અધિકારો તથા સ્વાતંત્ર્ય ઉપર કાપ મુકાયો, પરંતુ વહીવટમાં એકસૂત્રતા, કુશળતા, કાર્યદક્ષતા અને પ્રામાણિકતા આવી. પરિણામ સ્વરૂપે ફ્રાંસમાં શાંતિ અને સલામતી સ્થપાઈ અને આર્થિક પ્રગતિ વેગવાન બની. ફ્રાંસ યુરોપમાં આર્થિક રીતે આગેવાન રાષ્ટ્ર બન્યું.*

### 10.7.2 આર્થિક ક્ષેત્ર સુધારા

*નેપોલિયને જૂની કરપદ્ધતિને બદલે નવી કરપદ્ધતિ દાખલ કરી. ખેડૂત પર કરબોજ ઘટતો ગયો. નેપોલિયને બેંક ઓફ ફ્રાંસની સ્થાપના* (1800)*માં કરી. નવા રોડ રસ્તાઓ અને પુલો બનાવ્યા, નહેરો અને બંદરોની મરામત કરી આધુનિક બનાવ્યા. આંતરિક જકાતો નાબૂદ કરી. વિદેશી ચીજ-વસ્તુ પર જકાત વધારી દીધી આથી ફ્રાંસના ઉદ્યોગ-ધંધાને રક્ષણ મળ્યું અને વિકાસ થયો. નેપોલિયને નવી તોલમાપ પદ્ધતિ દાખલ કરી નવું ચલણ પણ શરૂ કર્યું.*

*ઉપર મુજબના આર્થિક નિર્ણયોના કારણે ફ્રાંસમાં વહીવટી અરાજકતા અને નાણાકીય અવ્યવસ્થા દૂર થયા. આમ કહી શકાય કે નેપોલિયને* 1789*ની ક્રાંતિનું અધૂરું કાર્ય પૂરું કર્યું અને ફ્રાંસની વિકાસની ગતિને ઝડપી બનાવી.*

### 10.7.3 સામાજિક સુધારા

1789*ની ક્રાંતિએ ફ્રાંસમાં સમાનતાના સિદ્ધાંતને લાગુ કર્યો હતો. પરંતુ હજુ ઘણી જગ્યાએ તેને અમલ થતો નહોતો. ખાસ કરીને સરકારી નોકરીમાં ભેદભાવ ચાલુ હતો. નેપોલિયને સરકારી નોકરીમાં કોઈપણ ભેદભાવ વગર માત્ર લાયકાતના ધોરણે જ ભરતી કરવાનું શરૂ કર્યું. ઉમરાવો તથા દેવળના નવા બંધારણને વફાદાર રહેવાનાં જેમણે શપથ લીધા ના હોય તેવા પાદરીઓની વિરુદ્ધના કાયદાઓ તેણે રદ કર્યા. જો કે તેણે બુર્બોનવંશ તરફી લોકો માટે કોઈ છૂટછાટ ના આપી.*

### 10.7.4 શૈક્ષણિક સુધારા

*નેપોલિયને શિક્ષણક્ષેત્રે પણ મહત્ત્વના સુધારા કર્યા. પ્રાથમિક શિક્ષણ ફરજિયાત કરવામાં આવ્યું. માધ્યમિક શિક્ષણનું પણ વ્યવસ્થિત આયોજન કરવામાં આવ્યું. ફ્રાંસમાં ઉચ્ચશિક્ષણ માટે યુનિવર્સિટીની સ્થાપના કરવામાં આવી. શિક્ષણમાં દેશભક્તિ અને દેશના વડા પ્રત્યે ભક્તિભાવ તેમજ ધર્મને મહત્ત્વનું સ્થાન આપવામાં આવ્યું.*

### 10.7.5 પોપ સાથે સમાધાન

*નેપોલિયનની ધાર્મિક ક્ષેત્રે સૌથી મોટી સિદ્ધિ પોપ સાથે સમાધાનને ગણાવી શકાય. નેપોલિયને* 1801*માં પોપ (પાયસ* 7*મો) સાથે વાટાઘાટો કરી સમાધાન સાધ્યું. તે પ્રમાણે*

*ફ્રાંસમાં કેથોલિક પંથની રાજ્યધર્મ તરીકે પુનઃસ્થાપના કરવામાં આવી, જ્યારે તેના બદલામાં ક્રાંતિ સમયમાં દેવળની જપ્ત કરાયેલી મિલકતો પાછી નહી માગવા તથા બિશપો અને પાદરીઓની નિમણૂક રાજ્ય દ્વારા કરવામાં આવે તેમાં વાંધો નહિ લે તેવી પોપે સંમતિ આવી. આથી ફ્રાંસની કેથોલિક પ્રજા ખુશ થઈ તેમજ જે કેથોલિકો બુર્બોનવંશના સમર્થક હતા તેઓ પણ હવે નેપોલિયનના સમર્થક બન્યા. આમ નેપોલિયનનો ભવિષ્યમાં સમ્રાટ બનવાનો માર્ગ મોકળો બન્યો.*

*જો કે પાછળથી ખંડીત યોજનામાં પોપનો સહકાર ના મળતા નેપોલિયને પોપને કેદ કર્યા હતા. જેની નેપોલિયને ખૂબ મોટી કિંમત ચૂકવવી પડી. તેણે ખુદ કબુલ્યું હતું કે તેના પતન માટેનું એક કારણ પોપ સાથેનો વ્યવહાર પણ હતો.*

### 10.7.6 કાયદાસંગ્રહો (ન્યાયવિષયક સુધારો)

*ફ્રાંસની જૂની વ્યવસ્થામાં અનેક કાયદાસંગ્રહો હતા. એક જ પ્રકારના ગુના માટે ફ્રાંસમાં જુદી જુદી જગ્યાઓ જુદી જુદી સજાઓ થતી હતી. આના કારણે લોકોમાં ન્યાય પરથી વિશ્વાસ ઉઠી ગયો હતો. કાયદાઓને વ્યવસ્થિત અને સરળ બનાવવા નેપોલિયને એક સમિતિની રચના કરી. આ સમિતિમાં તેણે અંગત રસ લઈ માર્ગદર્શન પણ આપ્યું.*

*આ સમિતિએ ખૂબ જ ટૂંકગાળામાં પાંચ કાયદાસંગ્રહો તૈયાર કર્યા. આ કાયદાઓને સામાન્ય માણસ પણ સમજી શકે તેવા સરળ બનાવવામાં આવ્યા. આ કાયદાની વિશિષ્ટતા એ હતી કે તે સમાજના બધા જ વર્ગોને સમાન રીતે લાગુ પડતા હતા. તેમાં કોઈપણ પ્રકારના પક્ષપાતને સ્થાન નહોતું. આ કાયદાસંગ્રહો 'નેપોલિયનના કાયદા સંગ્રહો'* (Code Nepoleon) *તરીકે જાણીતા થયા. નેપોલિયનને તેના વિજયો કરતાં આ કાયદાસંગ્રહોએ વધુ કીર્તિ આપી અને અમર બનાવ્યો.*

## 10.8 નેપોલિયન- એક અસાધારણ વ્યક્તિત્વ

*સાધારણ પરિવારમાં જન્મેલ નેપોલિયન અસાધારણ વ્યક્તિત્વનો ધણી હતો. તેની વિચારશક્તિ, કલ્પનાશક્તિ અને યાદશક્તિ અસાધારણ હતી. એપસન લખે છે કે "નેપોલિયનને કદી અકસ્માતે વિજય મળ્યો નથી. રણમેદાનમાં લડાઈ જીતવા પહેલાં તે તેને પોતાના મગજમાં ભૂલી લેતો હતો.*

*તેની કામ કરવાની ક્ષમતા અદભૂત હતી.* 20-20 *કલાક સુધી થાક્યા વગર કામ કરી શકતો. દિવસભરના યુદ્ધ બાદ તે થાક્યા વગર રાત્રિ દરમ્યાન પોતાના મંત્રીઓ પાસે પત્રો, આદેશો અને જાહેરનામાઓ લખાવતો. તે દિવસો સુધી ઘોડેસવારી કરી શકતો. વોટરલૂની લડાઈમાં તે* 96 *કલાકમાંથી* 20 *કલાક જ ઊંઘ્યો હતો. જો કે તેના સારા સ્વભાવની સાથે સ્વાર્થીપણું, ઘમંડ, તકવાદી, અને અતિસત્તાલાલસા પણ હતી.*

*તેનામાં સેનાપતિના કેટલાક મહત્ત્વના ગુણો હતા, જેમાં સ્પષ્ટ સૂઝ અને નિશ્ચિત ધ્યેય, આત્મવિશ્વાસ તથા સૈન્યસંચાલનની ઉચ્ચકળાનો સમાવેશ થાય છે. આથી તેને કોષ્ઠ સેનાપતિઓસિકંદર જુલિયસ સીઝર અને શાર્લમેનની હરોળમાં મૂકી શકાય. તેના વિરોધી સેનાપતિઓ કબૂલતા કે નેપોલિયનની હાજરી એટલે* 40,000 *સૈનિકો વધારે સમજવા.*

*નેપોલિયન દુશ્મનની ભૂલને તરત પકડી પાડતો, અને કુદરતી તત્ત્વોનો લાભ લઈ શકતો હતો.*

*નેપોલિયનની વહીવટી પ્રતિભા પણ અદ્વિતીય હતી. તેણે કરેલા સુધારા (આર્થિક, સામાજિક, શૈક્ષણિક, વહીવટી, ન્યાય વિષયક)એ ફ્રાંસની પ્રગતિને ચાર ચાંદ લગાવી દીધા. એમાંય તેના કાયદાસંગ્રહો તેની અનુપમ ભેટ ગણાય છે. તેની વહીવટી આવડતના કારણે જ તે 15 વર્ષ શાસન કરી શક્યો.*

*નેપોલિયન કુશળ રાજનીતિજ્ઞ હતો. પોપ સાથેનું સમાધાન તેની મુત્સદ્દીગીરીનું પરિણામ હતું. જનતાની ઈચ્છા-આકાંક્ષાને ઝડપી સમજી યોગ્ય પગલા લેતો. ઈટાલી, જર્મની, પોલેન્ડમાં ત્યાંની પ્રજાની રાષ્ટ્રીય આકાંક્ષાઓને સમજી તેને અનુરૂપ શાસન-વ્યવસ્થા ગોઠવી હતી. ટીલસીટની સંધિ તેની મુત્સદ્દીગીરીનો ઉત્તમ નમૂનો ગણાવી શકાય. તેની સામે રચાયેલા સંઘોને વેખેરી નાખવામાં પણ તેની રાજનૈતિક આવડત જોઈ શકાય છે.*

*1789ની મહાન ક્રાંતિ આપખૂદ રાજાશાહી સામે હતી. ક્રાંતિ પછી સત્તા પર આવનાર નેપોલિયને લોકશાહીને બદલે આપખુદશાહી શાસન સ્થાયી ફ્રાંસનો સમ્રાટ બન્યો છતાં લોકોએ તેને સહર્ષ સ્વીકારી લીધો અને ફ્રાંસનો હીરો ગણાવા લાગી. આ જ બાબત તેના વ્યક્તિત્વની વિશેષતા હતી.*

**તમારી પ્રગતિ ચકાસો-2**

- *ખરા કે ખોટા લખો.*

1) *નેપોલિયન ઉચ્ચ સેનાપતિની સાથે સાથે સારો વહીવટકર્તા પણ હતો.*
2) *નેપોલિયને જૂની કરપદ્ધતિને બદલે નવી કરપદ્ધતિ દાખલ કરી.*
3) *નેપોલિયને લાયકાતના ધોરણે નોકરીમાં ભરતી પ્રક્રિયા શરૂ કરી.*
4) *નેપોલિયનનો પોપ સાથેનો વ્યવહાર શરૂઆતથી જ ખરાબ હતો.*
5) *નેપોલિયનના કાયદાસંગ્રહોએ ફ્રાંસમાં જંગલરાજ ઊભુંકર્યું.*

**(બ) નેપોલિયનના વ્યક્તિત્વનું મૂલ્યાંકન કરો.(15 લીટીમાં)**

___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________
___________________________________________

______________________________________________________________

_______________________________________________________

## 10.9 સારાંશ

*યુરોપના જ નહિ વિશ્વ ઈતિહાસમાં નેપોલિયન મહત્ત્વનું સ્થાન ધરાવે છે. યુરોપના મહાન સામ્રાજ્યોને તેણે ઝૂકાવ્યા. તેણે જે જે પ્રદેશો જીત્યા ત્યાં પુરાણી વ્યવસ્થાને બદલે 'નૂતન વ્યવસ્થા' સ્થાપિત કરી. જાણે સમગ્ર યુરોપને એક નવાયુગમાં લઈ ગયો. એટલેકે જે શરૂઆતમાં ફ્રેંચ ક્રાંતિ હતી તેને યુરોપીય ક્રાંતિ બનાવી દીધી. એટલે તો ઈતિહાસકારો યુરોપના ઈતિહાસના આ સમયગાળાને 'નેપોલિયન યુગ' તરીકે ઓળખાવે છે, તે યોગ્ય જ છે.*

## 10.10 *શબ્દાવલી*

*અધ્યયનપ્રિય- અભ્યાસમાં રસ ધરાવતો*

*દર્શનશાસ્ત્ર- તત્ત્વજ્ઞાન*

*ઉમરાવ- સામાજિક, લશ્કરી હોદ્દો*

*મુત્સદ્દી-* diplomat, *રાજકારણમાં કાબેલ*

*આધિપત્ય- અંકુશ, જીતી લેવું.*

*ડાયરેક્ટરી- ફ્રાંસ ક્રાંતિ બાદ બંધારણે કારોબારી સત્તા એક વ્યક્તિને બદલે પાંચ વ્યક્તિના હાથમાં સોંપી હતી. આ પાંચ વ્યક્તિઓનું મંડળ 'ડાયરેક્ટરી'* (Directory)*ને નામે ઓળખાતું હતું.*

*ખંડીય પદ્ધતિ- વ્યાપારિક બહિષ્કાર*

*ખુવારી- નુકસાની*

*પોપ- ખ્રિસ્તીધર્મના સર્વોચ્ચ વડા*

*જકાત- ચીજ-વસ્તુ પર નાખવામાં આવતો કર*

*કેથોલિક- ખ્રિસ્તીધર્મનો એક સંપ્રદાય*

## 10.11 તમારી પ્રગતિ ચકાસો- 1 જવાબો

*(અ) ખાલી જગ્યા*

1) 1769

2) *ડ્યુકોસ*

3) *આમિયાં*

4)*ઓસ્ટ્રિયા*

5) *ઈંગ્લેન્ડ*

**● તમારી પ્રગતિ ચકાસો-2 ના જવાબો**

**(અ) ખરા કે ખોટા**

1. *ખરું*
2. *ખરું*
3. *ખરું*
4. *ખોટું*
5. *ખોટું*

**સ્વાધ્યાયઃ**

*પ્રશ્ન-1 નેપોલિયનનું સેનાપતિ તરીકે મૂલ્યાંકન કરો.*

*અથવા*

*નેપોલિયનના વિજયોની સમીક્ષા કરો.*

*પ્રશ્ન-2 નેપોલિયનના વિવિધ સુધારા જણાવો.*

## 10.12 સંદર્ભે સૂચિ

**1. પ્રા.દેવેન્દ્ર વૃ. ભટ્ટ – યુરોપનો ઈતિહાસ (1589-1950)**
**2. એચ.એ.એલ.ફિશર – યુરોપનો ઈતિહાસ-ii (ગુજરાતી અનુવાદ)**
**3. નહેરુ જવાહરલાલ – જગતના ઈતિહાસનું રેખાદર્શન**
**4. Ketelbey C.D.M.– A History of Modern Times.**
**5. Fisher, H.A.L. –History of Europe Vol-ii**
**6. Thomson David – Europe Since Nepoleon**
**7. T. Carlyle – French Revolution, Vol.ii**
**8. Abbot Joseph, S.C.–The Life of Nepoleon Bonaparte.**
**9. મંગુભાઈ રા. પટેલ – વિશ્વક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન**
**10 Mederlin - French Revolution**

| એકમ - 11 | ઔદ્યોગિક ક્રાંતિ : કારણો અને અસરો |
|---|---|

રૂપરેખા :

11.0 ઉદ્દેશો

11.1 પ્રસ્તાવના

11.2 ઔદ્યોગિક ક્રાંતિનો અર્થ તથા સમય

11.3 ઔદ્યોગિક ક્રાંતિ માટે જવાબદાર કારણો

11.3.1 નવજાગૃતિ

11.3.2 વસ્તીવધારો

11.3.3 ફ્રેન્ચરાજ્ય ક્રાંતિ

11.3.4 લોખંડ અને કોલસાના ઉદ્યોગ

11.3.5 સંસ્થાનવાદ અને પર્યાપ્ત બજારો

11.3.6 વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારમાં ક્રાંતિ

11.3.7 નવી શોધખોળો દ્વારા ભૌતિકતામાં વધારો

11.3.8 ખેતક્રાંતિ

11.3.9 રાષ્ટ્રીયતાની ભાવના

11.4 ઔદ્યોગિક ક્રાંતિની અસરો

11.4.1 આર્થિક અસરો

11.4.1.1 કુટિરઉદ્યોગોને સ્થાને કારખાના પધ્ધતિનો ઉદય

11.4.1.2 શ્રમવિભાજન

11.4.1.3 મૂડીવાદ તથા વર્ગ સંઘર્ષનો પ્રારંભ

11.4.1.4 યંત્રયુગ અને બેકારીમાં વધારો

11.4.1.5 ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો તથા આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો

11.4.2 સામાજિક અસરો

11.4.2.1ગામડાઓનું પતન તથા ઔદ્યોગિક શહેરોનો ઉદય

11.4.2.2 મજૂરો-કામદારોની કફોડી સ્થિતિ

11.4.2.3 મધ્યમવર્ગનો ઉદય

11.4.2.4 જીવનધોરણમાં સુધારો

11.4.2.5 મજૂર સંગઠનો

11.4.3 રાજકીય અસરો

**11.4.3.1 સંસ્થાનવાદ-સામ્રાજ્યવાદનો પ્રારંભ**

**11.4.3.2 નવી વિચાર-સરણીનો ઉદ્દભવ**

**11.4.3.3 કાર્લમાર્કસ અને સામ્રાજ્યવાદનો ઉદય**

**તમારી પ્રગતિના ચકાસો 1**

**11.5 સમાપન**

**11.6 ચાવીરૂપ શબ્દો**

**11.7 તમારી પ્રગતિના જવાબો ચકાસો**

**11.8 સંદર્ભસૂચિ**

*''ઔદ્યોગિક ક્રાંતિ એ કાંઈ આકસ્મિક ઘટના નથી, પરંતુ વિકાસની એક પ્રક્રિયા છે તેનો વિકાસ ધીરે ધીરે થયો પરંતુ તે હજુ સુધી ચાલુ છે.''* **- આર્નોલ્ડ ટોયન્બી**

*''આધુનિક વિશ્વના માનવજીવનમાં આટલી વિસ્તૃત અસરપહોંચાડનાર માનવ પ્રગિતની ક્ષિતિજોને વિકસાવનાર તેમજ દુ:ખ અને અસંતોષની લાગણીઓને જન્માવનાર 'ઔદ્યોગિક ક્રાંતિ' જેવો બીજો કોઈ બનાવ નથી.''* **- હેઈઝ મુન વેઈલેન્ડ**

## 11.0 ઉદ્દેશો

*આ પ્રકરણનું અધ્યયન કર્યા બાદ તમે...*

(1) *ઔદ્યોગિક ક્રાંતિ વિશે જાણી શકશો.*

(2) *ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા વિશે જાણી શકશો.*

(3) *ઔદ્યોગિક ક્રાંતિના જવાબદાર સ્થળો વિશે જાણી શકશો.*

(4) *ઔદ્યોગિક ક્રાંતિની અસરો વિશે જાણી શકશો.*

(5) *ઔદ્યોગિક ક્રાંતિની આર્થિક, સામાજિક અને રાજકીય અસરો વિશે જાણી શકશો.*

(6) *કાર્લમાર્કસ અને સામ્રાજ્યવાદ વિશે જાણી શકશો.*

## 11.1 પ્રસ્તાવના

*ઔદ્યોગિક ક્રાંતિ એ કોઈ આકસ્મિક ઘટના ન હતી.* 18 *સદીના ઉતરાર્ધમાં દુનિયાએ બે મહાન ક્રાંતિઓ નિહાળી જેમાં* (1) *ફ્રાન્સની ક્રાંતિ* (1789) *તથા* (2) *ઔદ્યોગિક ક્રાંતિ. જેમાં ફ્રાન્સની ક્રાંતિ રાજકીય અને સામાજીક સ્વરૂપની હતી. જયારે ઔદ્યોગિક ક્રાંતિ એ આર્થિક સ્વરૂપની હતી. જેનો ઉદ્દભવ ઈંગ્લેન્ડમાં થયો હતો. ઔદ્યોગિક ક્રાંતિ એ માનવ સમાજ અને જનજીવન ઉપર વ્યાપક અસરો કરી હતી. માનવ સમાજની સતત મહેનત અને સંઘર્ષને આધારે નવી શોધખોળો થઈ. માનવ દેશી સાધનોને બદલે યાંત્રિક સાધનોનો ઉપયોગ કરતો થયો. ઔદ્યોગિક ક્રાંતિ એ માનવજીવનમાં ઘણું મોટું પરિવર્તન આણ્યું.*

*જેનાં અનેક પ્રકારના ખેતીના સાધનો, વાહનવ્યવહારનાં સાધનો એ ઔદ્યોગિક ક્રાંતિને વેગવંતી બનાવી.*

## 11.2 ઔદ્યોગિક ક્રાંતિનો અર્થ તથા સમય

*ઔદ્યોગિક ક્રાંતિ એ એક એવી પ્રકારની ક્રાંતિ છે કે જે એકવાર શરૂ થયા પછી કદી અટકી નથી. આજેપણ તેના અદ્યતન સ્વરૂપમાં ચાલુ રહી છે. આ ઔદ્યોગિક ક્રાંતિ આજે પણ માનવજીવનને પ્રભાવિત કરે છે. હેઝનના શબ્દોમાં કહીએ તો…*

*''ઘરગથ્થુ ઉત્પાદન પ્રણાલીનું કારખાનાઓની ઉત્પાદન-પ્રણાલીમાં પરિવર્તન, તેનું નામ ઔદ્યોગિક ક્રાંતિ.''*

*આમ કહી શકાય કે ઔદ્યોગિક ક્રાંતિ કોઈ એક વર્ગ, સમાજ, સ્થળ કે કોઈ એક યુગ પૂરતી મર્યાદિત હતી નહી અને તેનો વિકાસ નિરંતર ચાલુ રહ્યો હતો અને આજે પણ તે ચાલુ જ છે. ૧૮મી સદીના ઉતરાર્ધથી ૧૯મી સદીના પૂર્વાધ સુધી ઉદ્યોગોના ક્ષેત્રે ઝડપી પરિવર્તનો થતારહયા અને વૈજ્ઞાનિક શોધખોળોએ તેમાં મહત્ત્વની ભૂમિકા ભજવી. તેથી 1750 થી 1850 સુધીના સમયને સામાન્ય રીતે ''ઔદ્યોગિક ક્રાંતિ''ના સમય તરીકે ઓળખવામાં આવે છે. 20મી સદીના પ્રસિધ્ધ ઈતિહાસકાર અર્નોલ્ડ ટોયન્બીએ ઈ.સ.1750 થી 1850 સુધીના ગાળાને ઔદ્યોગિક ક્રાંતિના સમયગાળા તરીકે ઓળખાવે છે. 19મી સદીના ઉતરાર્ધમાં ઔદ્યોગિક ક્રાંતિ અત્યંત વ્યાપક અને ઝડપી બની. આમ 1870પછીના સમયમાં ઔદ્યોગિક ક્રાંતિનો વિશ્વવ્યાપી પ્રભાવ શરૂ થયો હતો.*

## 11.3 ઔદ્યોગિક ક્રાંતિ માટે જવાબદાર કારણો

*ઔદ્યોગિક ક્રાંતિનો ઉદ્દભવ કોઈ એક જ કારણને લીધે નહીં પરંતુ વિવિધ કારણોને લીધે થયો છે. તેઔદ્યોગિક ક્રાંતિ માટે નીચે મુજબના પરિબળો જવાબદાર હતા.*

### 11.3.1 નવજાગૃતિ

*નવજાગૃતિના કારણે સમગ્ર યુરોપમાં એક નવી ચેતના પ્રગટી તેનાથી લોકો નવું જાણવા અને નવું શોધવા યુરોપના લોકો પ્રેરાયા. નવજાગૃતિના કારણે લોકો રાજાશાહીના અત્યાચારી તથા ધર્મના પાખંડમાંથી બહાર આવ્યા. વિજ્ઞાન ક્ષેત્રે થયેલ અવનવી શોધોએ લોકોની જીજ્ઞાસાવૃત્તિ તથા જ્ઞાનપીપાસામાં વધારો કર્યો. વળી 'જરૂરિયાત એ શોધખોળની જનેતા છે.' એ ન્યાયે નવી નવી શોધો દ્વારા પરિવર્તન આવવા લાગ્યું.*

### 11.3.2 વસ્તીવધારો

*દુનિયામાં વસ્તી વધારાના લીધે તેમની જરૂરિયાતોને પહોંચી વળવા તથા તે પૂર્ણ કરવા માટે ઉત્પાદનમાં વધારો કરવાની માંગ ઉભી થઈ. આ માંગને પહોંચી વળવા માટે*

ખૂબ મોટા યંત્રો તથા મોટા-મોટા ઉદ્યોગો સ્થપાયા. જેનાથી ઔદ્યોગિક ક્રાંતિ આગળ વધતી ગઈ.

### 11.3.3 ફ્રેન્ચ રાજય ક્રાંતિ

ઈ.સ.1789ની ફ્રેન્ચ ક્રાંતિ અને નેપોલિયનની સતત સામ્રાજયવાદી યુધ્ધનીતિના કારણે યુરોપના અન્ય દેશોએ પોતાના મિત્ર દેશોના સૈનિકો માટે જરૂરી ચીજવસ્તુઓ પહોંચાડવા સત્વરે ઉત્પાદનની પ્રેરણા મળી. જેથી ઉત્પાદનના નવા સાધનોના નિર્માણની જરૂરિયાત ઉભી થઈ. વળી ફ્રાન્સ અને ઈંગ્લેન્ડની વચ્ચે યુધ્ધ પૂર્ણ થતાં ઈંગ્લેન્ડમાં બેકારીની સમસ્યા ઉભી થઈ. જેના માટે કાચો માલ સરળતાથી મળી રહે તથા તૈયાર માલને વેચવા માટે નવા પ્રદેશોની જરૂરિયાત ઉભી થઈ તેનાથી પણ ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત થઈ.

### 11.3.4 લોખંડ અને કોલસાના ઉદ્યોગ :

કાપડ ઉદ્યોગની સાથે સાથે લોખંડ ગાળવાનો ઉદ્યોગ પણ વિકાસ પામવા લાગ્યો. નવા યંત્રો બનાવવા માટે લોખંડની બહોળા પ્રમાણમાં જરૂરિયાત ઉભી થઈ. ઈંગ્લેન્ડમાં પરંપરાગત રીતે લાકડાના કોલસાનો ઉપયોગ લોખંડને ગાળવામાં અને સાફ કરવામાં થતો હતો. પરંતુ જંગલો કપાઈ જવાને કારણે કોલસાની તંગી ઉભી થઈ. આજ અરસામાં 1750ની આસપાસ ખનીજ કોલસાની શોધ થઈ. 1760માં સ્કોટલેન્ડ ખાતે ખનીજ કોલસાનો ઉપયોગ કરીને લોખંડ ગાળવાની ભઠ્ઠીની શરૂઆત થઈ. પરિણામે ઈંગ્લેન્ડમાં ખનીજ કોલસો સારા પ્રમાણમાં હોવાથી લોખંડ ઉદ્યોગનો ખૂબ વિકાસ થયો. પરિણામે લોખંડનું ઉત્પાદન સસ્તુ બન્યું.

### 11.3.5 સંસ્થાનવાદ અને પર્યાપ્ત બજારો :

ભૌગોલિક શોધખોળો એ દુનિયાના દેશોને એકબીજાના ખૂબ જ નજીક લાવી દીધા. યુરોપના વિકસીત દેશોએ વ્યાપારના વિકાસ માટે તથા સસ્તી કિંમતે કાચો માલ સરળતાથી ઉપલબ્ધ થાય તે માટે યુરોપીયન દેશોએ એશિયા તથા આફ્રિકન દેશોમાં પોતાના સંસ્થાનો સ્થાપ્યા. વળી આવા સંસ્થાનોમાંથી કાચો માલ મફતના ભાવે મળવા લાગ્યો તથા કારખાનામાં તૈયાર થયેલો માલ વેચવા માટે બહોળા પ્રમાણમાં બજારો ઉપલબ્ધ થયા. તેથી વ્યાપારની વૃધ્ધિ થતાં ઉત્પાદનમાં સતત વધારો કરવાની જરૂરિયાત પડી. આમ સંસ્થાનવાદ ઔદ્યોગિક ક્રાંતિનું ચાલકબળ બન્યું.

### 11.3.6 વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારમાં ક્રાંતિ :

ઉદ્યોગોના વિકાસની સાથે ઉત્પન્ન થયેલા માલને એક જગ્યાએથી બીજી જગ્યાએ મોકલવાનું યાંત્રિક સાધનોની મદદથી સરળ બન્યું. સાથે સાથે રોડ, રસ્તા, જળમાર્ગ તથા હવાઈમાર્ગ થકી માલની અવરજવર થવા લાગી. 19મી સદીની શરુઆતમાં જહોન મેકાડમ નામના સ્કોટીશ ઈજનેરે પાકાપથ્થરની કપચીવાળી સડક બનાવી આ ઉપરાંત નહેરો બનાવવામાં પણ નવી પધ્ધતિઓ ઉપયોગમાં લેવાઈ જેથી 1830માં એકલા

*ઈંગ્લેન્ડમાં જ 4000 માઈલ જેટલો નહેરોનો જળમાર્ગ બની શકયો. જ્યોર્જ સ્ટીફન્સને વરાળશક્તિનો ઉપયોગ કરીને રેલ્વે એન્જીન બનાવ્યું. પરિણામે લિવરપુલથી માંન્ચેસ્ટર વચ્ચે પહેલી રેલ્વે દોડાવાઈ. જે ખરેખર એક ક્રાંતિકારી નવા યુગની શરૂઆત બની. આ ઉપરાંત ૧૮૩૨ ફેરાડેએ 'વિદ્યુતશક્તિ', 1837માં માર્સ દ્વારા 'તારની પધ્ધતિ' શોધતા સંદેશા વ્યવહારમાં ઝડપી પરીવર્તન થયું અને આવા ક્રાંતિકારી પરિવર્તનો થતાં ઉદ્યોગોનો વિકાસ વ્યાપક બન્યો.*

### 11.3.7 નવી શોધખોળો દ્વારા ભૌતિકતામાં વધારો

*1773માં જહોન કે નામના વણકરે 'ઉડતો કાંઠલો' શોધ્યો. 1764 માં જેમ્સ હારગ્રીવ્ઝે 'સ્પિનીંગ જેની' નામનો એક સાથે આઠ તાર કાંતતો ચરખો શોધ્યો. 1769 આર્કરાઈટે 'જળશિક્તથી ચાલતો ચરખો' બનાવ્યો. 1779માં ક્રોમ્પ્ટને જળશક્તિથી ચાલતો 'યાંત્રિક ચરખો' બનાવ્યો. આ ઉપરાંત રોબર્ટ ફલ્ટને 1807 માં 'સ્ટીમર', 1814 માં જ્યોર્જ સ્ટીવન્શને 'રેલ્વે એન્જિન', ફેરાડેએ 'ડાયનેમા' 1831 માં ગ્રેહામબેલે 'ટેલિફોન' તથા 1930 માં રાઈટબંધુઓએ 'વિમાન'ની શોધ કરી. હવે લોકોનું જીવન આ શોધખોળોના પરિણામે ખૂબ જ સરળ તથા ભોગવિલાસની વસ્તુઓના ઉત્પાદન કરવા તરફ લોકો વળ્યા અને પરિણામે ઔદ્યોગિક ક્રાંતિ થઈ.*

### 11.3.8 ખેતક્રાંતિ

*ઔદ્યોગિક ક્રાંતિની શરૂઆત ઈંગ્લેન્ડમાં થઈ હતી પરંતુ ઈંગ્લેન્ડમાં આ પહેલી ક્રાંતિ ઉદ્યોગોના ક્ષેત્રે નહીં પરંતુ ખેતીના ક્ષેત્રે, ખેતઉત્પાદનની પદ્ધતિઓમાં અને ખેતસંગઠનની બાબતમાં થઈ હતી અને તેમાંથી નીપજેલા દૂરોગામી પરિણામોએ ઔદ્યોગિક ક્રાંતિને વેગ આપવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો. જેમાં જેથ્રોટલ દ્વારા બીજની વાવણી માટે 'ડ્રીલ'ની શોધ એકસરખા અંતરે બીજનું વાવેતર થવા લાગ્યું. લોર્ડ ટાઉનશેન્ડ દ્વારા પાકની ફેરબદલીની પધ્ધતિ તથા રોબર્ડ બેકવેલે પશુઓની ઓલાદ સુધારવાનાં પ્રયોગ દ્વારા ખેતીમાં આમુલ ફેરફારો થયા અને ખેતપેદાશોમાં સારા પ્રમાણમાં વધારો નોંધાયો.*

### 11.3.9 રાષ્ટ્રીયતાની ભાવના

*આ સમયે યુરોપિયન દેશોમાં રાષ્ટ્રીયતાની ભાવના ચરમ પર હતી. આ ભાવનાથી પ્રેરાઈને પ્રત્યેક રાષ્ટ્ર શક્તિશાળી અને વૈભવશાળી બનવા માંગતા હતા. પ્રત્યેક દેશ આર્થિક રીતે સમૃધ્ધ બનવા માંગતો હતો. આથી આ સ્પર્ધામાં દરેક દેશે વધુમાં વધુ ચીજવસ્તુઓનું ઉત્પાદન કર્યું.*

**(1) ઔદ્યોગિક ક્રાંતિ માટે જવાબદાર કારણો**

(2) **ઔદ્યોગિક ક્રાંતિનો અર્થ તથા સમયગાળાની ચર્ચા કરો.**

## 11.4 ઔદ્યોગિક ક્રાંતિની અસરો

*યાંત્રિક ક્રાંતિને પરિણામે આવેલી ઔદ્યોગિક ક્રાંતિએ માનવ ઈતિહાસની એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી. જેણે માત્ર ઉત્પાદન પધ્ધતિ ઉપર જ નહીં પરંતુ માવનજીવન તથા તેની પ્રવૃત્તિઓના વિવિધ પાસાંઓ ઉપરપણ ક્રાંતિકારી અસરો પહોંચાડી. ટૂંકમાં, ઔદ્યોગિક ક્રાંતિએ માનવીનાં આર્થિક-સામાજિક અને રાજકીય જીવન પર મોટી અસરપહોંચાડી હતી.*

### 11.4.1 આર્થિક અસરો

### 11.4.1.1 કુટિરઉદ્યોગોને સ્થાને કારખાના પધ્ધતિનો ઉદય

*ઔદ્યોગિક ક્રાંતિ પહેલા મજુરપોતાના કુટુંબના સભ્યો સાથે પોતાની મૂડી અને ઓજારો વડે ગૃહઉદ્યોગો દ્વારા ઉત્પાદન કરતો હતો. ઔદ્યોગિક ક્રાંતિ પૂર્વ તમામ ધંધા-ઉદ્યોગ ઘરગથ્થું હતા. જ્યારે કારખાના પધ્ધતિના ઉદયથી વિશાળ પાયા પર જથ્થાબંધ ઉત્પાદન થવા લાગ્યું. આને કારણે રાષ્ટ્રની સંપત્તિમાં વધારો થતો પણ સંપત્તિ અમૂક મૂડીવાદીઓના હાથમાં કેન્દ્રીત થઈ. જેથી મૂડીવાદી અથર્વ્યવસ્થાનો ઉદય થયો. જેમાં મુઠ્ઠીભર લોકોની સંપત્તિ ઉત્તરોત્તર વધવા લાગી તથા ગરીબ વધુ ગરીબ બન્યા. વળી કારખાનાના માલિકો વધુમાં વધુ નફો કમાવવા માટે મજુરોને ઓછું વેતન આપી તેમનું શોષણ કરવા લાગ્યા. યાંત્રિક ક્રાંતિ પછી ઘણી જગ્યાએ કારખાનાઓ સ્થપાયા. મોટાપાયા પર ઉત્પાદન થવાથી વસ્તુઓ સસ્તી કિંમતે મળવા લાગી જેથી ગૃહઉદ્યોગો તેની સામે ટકી શકયા નહીં.*

### 11.4.1.2 શ્રમવિભાજન

*યંત્રોના ઉપયોગથી શ્રમ વિભાજનની શરૂઆત થઈ. આ પહેલા ઉત્પાદનની તમામ ક્રિયાઓ કારીગર કરતો અને પોતાની પ્રતિભા પ્રમાણે પોતાની કલાનું પ્રદર્શન કરતો પરંતુ હવે કારીગરોને વસ્તુનો એક જ ભાગ તૈયાર કરવાનો હોવાથી તેમનામાં*

*એક જ કામમાં નિપુણતા આવી. પરિણામે માલસામાનનું ઉત્પાદન ઝડપી તેમજ સસ્તું બન્યું તથા અનેકગણું ઉત્પાદન વધ્યું. યંત્રની સાથે તેનું જીવન પણ યંત્રવંત બન્યું.*

### 11.4.1.3 મૂડીવાદ તથા વર્ગ સંઘર્ષનો પ્રારંભ

*ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે સમાજમાં નવો વર્ગભેદ ઉભો થયો* (1) *મજુર વર્ગ* (2) *મૂડીવાદી વર્ગ. ઉપરાંત શિક્ષિતોની બનેલી મધ્યમ શ્રેણી પણ અસ્તિત્વમાં આવી. મૂડીવાદીઓ દ્વારા દીન-પ્રતિદિન મજુરોનું શોષણ થતું. પરિણામે માલિક વર્ગ મજુરોના ભોગે વધુ ધનવાન બન્યા. પરિણામે આર્થિક અસમાનતામાંથી અસંતોષની ભાવના પેદા થઈ અને તેમાંથી વર્ગસંઘર્ષ પેદા થયો. જેનાથી પાછળ જતાં મજુરોના હક્કો માટે મજબૂત મજુર સંગઠનો સ્થપાયા.*

### 11.4.1.4 યંત્રયુગ અને બેકારીમાં વધારો

*મશીનો એ કારીગરોની સ્વતંત્રતા ખૂંચવી લીધી. ઔદ્યોગિક ક્રાંતિ પૂર્વે લગભગ દરેક વ્યક્તિને રોજગારી મળતી હતી પરંતુ યંત્રયુગમાં કારખાનાના માલિકો વધુ નફો પ્રાપ્ત કરવા માટે, મજૂરોને કામના કલાકો નક્કી ન હોવાથી, ઓછા વેતનમાં વધુ મજૂરી કરાવતા. વળી કારખાનામાં માલનો ભરાવો થઈ જાય તો પણ તેઓ થોડા સમય માટે કારખાનું બંધ રાખીને મજૂરોને બેકારીના ખપ્પરમાં હોમી દેતા. વ્યાપારી મંદી પણ મજૂરોની બેકારીમાં વધારો કરતી હતી.*

### 11.4.1.5 ઔદ્યોગિક ઉત્પાદનમાં વધારો તથા આંતરરાષ્ટ્રીય વેપારમાં વધારો

*ઔદ્યોગિક ક્રાંતિનો પ્રારંભ ઈંગ્લેન્ડથી થયો હતો. ઈંગ્લેન્ડનું તીવ્ર ગતિથી ઉદ્યોગીકરણ થયું. વળી છેલ્લા દોઢ સદીમાં ઈંગ્લેન્ડના કાપડના ઉત્પાદનમાં* 600 *ઘણો વધારો નોંધાયો. વિશ્વની તમામ સ્ત્રી-પુરુષોને કાંતવા તથા વણવાનાં કામમાં લગાવવામાં આવે તો પણ ઈંગ્લેન્ડની મિલો જેટલું કાપડ તેઓ એક વર્ષમાં વણી શકે તેમ ન હતાં. એજ રીતે લોકોની રોજિંદી જરુરિયાતોની વસ્તુઓનું ઉત્પાદન પણ વધ્યું હતું. બીજી બાજુ ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વનાં દેશોમાં પરસ્પર આર્થિક પરાવલંબનની સ્થિતિ ઉભી કરી અને કાચામાલ માટે એશિયા, આફ્રિકાના દેશો ઉપર વધુને વધુ આધારરાખવા લાગ્યા. આમ ખેતીપ્રધાન દેશોનું મહત્ત્વ વધ્યું. આમ એક રીતે જોઈએ તો ઔદ્યોગિક ક્રાંતિએ વિશ્વને એક વિશાળ બજાર બનાવ્યું.*

## 11.4.2સામાજિક અસરો

### 11.4.2.1 ગામડાંઓનું પતન તથા ઔદ્યોગિક શહેરોનો ઉદય :

*ઔદ્યોગિક ક્રાંતિ પહેલા મોટા શહેરોની સંખ્યા ખૂબ ઓછી હતી. મોટે ભાગે લોકો ગામડામાં રહેતા. ઔદ્યોગિક ક્રાંતિ થતાં ગામડાના કારીગરો બેકાર બન્યા. ધંધા રોજગાર માટે તેમણે શહેરો તરફ પ્રયાણ કર્યું. કારખાનાઓમાં રોજગારી મળતા તેની*

*આસપાસ જ ઝૂંપડપટ્ટીમાં વસવાટ શરુ કર્યો. જેથી ગામડાઓ ઉજ્જડ બનવા લાગ્યા. જેમ કે 18મી સદીમાં માન્ચેસ્ટરની વસ્તી લગભગ 45,000 હતી પરંતુ 1840 સુધી તેની વસ્તી વધીને 3,00,000 સુધી પહોંચી ગઈ. સમગ્ર યુરોપમાં આવા શહેરોનો વિકાસ એ ઔદ્યોગિક ક્રાંતિનું એક મહત્ત્વનું પરિણામ ગણાય છે.*

### 11.4.2.2 મજૂરો-કામદારોની કફોડી સ્થિતિ :

*મજૂરોનાં કામના કલાકો નિશ્ચિત ન હોવાથી કેટલીક જગ્યાએ તેમની પાસે દિવસમાં 14 થી 16 કલાક જેટલું કામ લેવામાં આવતું. કારખાનાના માલિકો કામદારોને તેમની મહેનતનાં પ્રમાણમાં વળતર ચૂકવતા ન હતાં. મશીનો ઉપર કામ કરતાં ઈજા અથવા મૃત્યુ થાય તો એ માટે માલિકની કોઈ જવાબદારી નહી. ખાણોમાં કામ કરવાવાળી સ્ત્રીઓ તથા બાળકોની હાલત અત્યંત કરુણાજનક હતી જે ઔદ્યોગિક ક્રાંતિનું સૌથી મોટું કલંક ગણી શકાય.*

### 11.4.2.3 મધ્યમ વર્ગનો ઉદય

*આ પરિસ્થિતિમાં નવા સમાજમાં એક નવો વર્ગ-મધ્યમ વર્ગ પણ અસ્તિત્વમાં આવવા લાગ્યો. જેમાં વકીલોનો, વૈજ્ઞાનિકો, વહીવટકર્તાઓ, હિસાબનીશોનો સમાવેશ થતો હતો. મધ્યમવર્ગ એટલો બધો પ્રભાવશાળી ન હતો છતાં તેનામાં શિક્ષણ અને બુધ્ધિનું બળ હતું. જેના આધારે તેનો પ્રભાવ સમાજમાં વધી રહ્યો હતો. ઔદ્યોગિક વિકાસની સાથે-સાથે એમનો પણ વિકાસ થતો ગયો. એવા મજૂરો કે જે આર્થિક રીતે સધ્ધર હતા તેમણે પણ સ્વતંત્ર વ્યવસાયો શરુ કરી દીધો. એવા લોકો કે જે ન તો મજૂરી કરી શકતા કે ન તો મોટા ઉદ્યોગો સ્થાપિત કરી શકતા હતા. તેમણે વ્યાવસાયિક કાર્યો, દલાલી, ઠેકેદારી વગેરે કરવાનું શરુ કરી દીધું. ધીમે ધીમે સંપૂર્ણ આર્થિક વ્યવસ્થા ઉપર મધ્યમ વર્ગનો પ્રભાવ સ્થાપિત થઈ ગયો.*

### 114.2.4 જીવનધોરણમાં સુધારો

*ભૌતિક વસ્તુઓનું ઉત્પાદન વધવા સાથે તથા નોકરી, રોજગારીની સગવડતાઓ વધતા જીવનધોરણમાં સુધારો થયો. જેમ કે રેડિયો, ટેલિવિઝન, વોશિંગ મશીન, ટેલિફોન, મોટરકાર વગેરેની સગવડો વધતા લોકોની સુખાકારીમાં વધારો થયો. આર્થિક સમૃધ્ધિ એ પણ ઔદ્યોગિક ક્રાંતિનું મહત્ત્વનું પરીણામ હતું.*

### 11.4.2.5 મજૂર સંગઠનો

*ઔદ્યોગિક સમાજમાં બે વર્ગો અસ્તિત્વમાં હતા. ઔદ્યોગિક ક્રાંતિનો વિકાસ થતાં કારખાનાઓમાં કામ કરતાં કર્મચારીઓ કે મજૂરોએ પોતાના હક્કો મેળવવા સંઘોની રચના કરી. કામદાર યુનિયન બનાવવામાં આવ્યા અને પોતાના હક્ક મેળવવા તેમણે હડતાલો પાડી. માલિકોનો તેમણે બહિષ્કાર કર્યો. સભાઓ, સરઘસો નીકળતા કારખાનાઓમાં હક્ક મેળવવા તેમણે તાળાબંધી કરી. પોતાના હક્કો ન મળતાં તેઓ*

*ભાંગફોડ પ્રવૃત્તિ કરવા લાગ્યા અને તેમાંથી ભાંગફોડ પ્રવૃત્તિ શરુ થઈ. મજૂરોને લગતાં વેતન, કામના કલાકો, જીવલેણ મશીનો સામે રક્ષણ, જીવનવિમા માટે કાયદાઓ ઘડાયા અને કામદારોને રક્ષણ અપાયું. આમ યુનિયન દ્વારા પોતાના હકો મેળવ્યા.*

### 11.4.3 રાજકીય અસરો

*યાંત્રિક વિકાસ, વ્યાપાર અને ઉદ્યોગોનો વિસ્તાર વાહન વ્યવહારની વૃધ્ધિથી નીચે મુજબના રાજકીય પરિવર્તનો થયા હતા.*

#### 11.4.3.1 સંસ્થાનવાદ-સામ્રાજયવાદનો પ્રારંભ :

*રાજકીય ક્ષેત્રે 19મી સદીમાં યુરોપનાં રાષ્ટ્રોનો સંસ્થાનવાદ અને આર્થિક સામ્રાજયવાદ એ આ ઔદ્યોગિક ક્રાંતિનું સીધું પરિણામ હતું. આ ઔદ્યોગિક ક્રાંતિને પરિણામે યુરોપના પ્રત્યેક દેશને અન્ય દેશો કરતાં પોતાને જયાંથી કાચો માલ વધારે જથ્થામાં અને સસ્તી કિંમતે પ્રાપ્ત થાય તથા તેના બજારો ઉપર પોતાનો સંપૂર્ણ અંકુશ રહી શકે તેવા પ્રદેશોની જરૂરપડવા લાગી. આનેપરીણામે 1870પછી યુરોપનાં ઔદ્યોગિકરાષ્ટ્રો વચ્ચે સંસ્થાનિક અને સામ્રાજયવાદી હરીફાઈઓ શરૂ થઈ અને એશિયા તથા આફ્રિકાના પછાત દેશો ઉપર તેમની સામ્રજયવાદી પકડ દ્રઢ થઈ.*

#### 11.4.3.2 નવીન વિચારસરણીનો ઉદ્દભવ

*વ્યકિતવાદ, સામ્યવાદ, સમાજવાદ જેવી અનેક રાજકીય વિચારસરણી અસ્તિત્વમાં આવી. તે ઔદ્યોગિક ક્રાંતિ એ ઉભી કરેલી પરિસ્થિતિને કારણે જન્મી હતી.*

- **મજૂરોના હિતો અંગેના કાયદાઓ**

*કારખાનાના માલિકો દ્વારા થતા શોષણને પરિણામે તથા કેળવણીના પ્રચારને કારણે મજૂર વર્ગમાં જાગૃતિ આવી હતી. તેમણે મજૂર સંગઠનો ઉભા કર્યા અને તે દ્વારા વિવિધ માગણીઓ રજૂ કરી. કામના કલાકો નક્કી કરવામાં આવ્યા. ઉપરાંત તેમને બીજી સગવડો મેળવી પાછળથી મજૂર સંગઠનોએ સરકારમાં પણ તેમના પ્રતિનિધિત્વની માંગણી કરી. સરકારે મજૂરોનું શોષણ ન થાય તે માટે કાયદો પસાર કર્યો.*

- **મજૂર સંઘર્ષ**

*ઔદ્યોગિક ક્રાંતિના ફળ સ્વરૂપે મજૂર વર્ગમાં ચેતના જાગૃત થઈ અને પોતાના અધિકારો માટે સંઘર્ષ શરુ કર્યો. 1822માં કાયદો બનાવવામાં આવ્યો કે ગરીબ અને અનાથ બાળકો પાસેથી અઠવાડીયામાં ૬૨ કલાકથી વધુ કામ ન લઈ શકાય. ઈ.સ.1819માં કાયદો પસાર થયો કે 9 વર્ષથી નાની ઉંમરના બાળકો પાસેથી દિવસના 8 કલાકથી વધુ કામ લઈ શકાશે નહીં. ઈ.સ.1822માં આ કલાકો વધુ ઓછા કરવામાં આવ્યા તેમ છતાં મજૂર સંઘર્ષ ચાલુ જ રહ્યો.*

- **કાર્લમાર્કસ અને સમાજવાદનો ઉદય :**

*જર્મન વિદ્વાન કાર્લ માર્કસ સમાજવાદને વૈજ્ઞાનિક અને ક્રાંતિકારી સ્વરૂપ આપવાનું કાર્ય કર્યું. કાર્લ માર્કસે શરૂઆતમાં સામ્યવાદીઓનાં સિધ્ધાંતોથી પોતાના*

*સમાજવાદને અલગ પાડવા માટે 'વૈજ્ઞાનિક સમાજવાદ' નામ આપ્યું. જે પાછળથી 'માર્ક્સવાદ' નામથી ઓળખાયું. તેમણે મજૂર સંગઠનો સ્થાપ્યા. કાર્લ માર્ક્સે કહ્યું હતું કે 'જગતના કામદારો તમે એક થાવ, તમારે તમારી ગુલામીની જંજીરો સિવાય કશું જ ગુમાવવાનું નથી.' તેમણે પોતાના વિચારો* 1867*માં 'દાસકેપિટલ' નામના પુસ્તકમાં રજૂ કર્યો છે. દાસકેપિટલ 'સમાજવાદનું બાઈબલ' ગણાય છે. આમ કાર્લ માર્ક્સના વિચારોથી સમગ્ર જગતમાં મજૂરોનાં હક્કો માટેની પ્રેરણાનો વિકાસ થયો. જેને કારણે રશિયામાં લેનિને સામ્યવાદી ક્રાંતિ સફળ કરાવી અને સામ્યવાદી વિચારો અને નિયમોવાળી સરકારની રચના કરી.*

1848*માં ફેબ્રુઆરીમં માર્ક્સ અને એન્જલ્સે સાથે મળીને કામદારોના મંડળો માટેના સિધ્ધાંતોની રજૂઆત કરી. જે 'સામ્યવાદી ઘોષણાપત્ર' તરીકે પ્રસિધ્ધ થઈ. આ ઘોષણાપત્રમાં માર્ક્સે પ્રચલિત લોકશાહી તંત્ર માત્ર મધ્યવર્તી અને મૂડીવાદી હીતોના રક્ષણ માટેનું એક રુપાળું આચ્છાદન જ છે તથા તેનાથી શ્રમજીવીઓને કશો લાભ થવાનો નથી. તે સ્પષ્ટ કર્યું. પરિણામે રશિયામાં* 1917*માં લેનીને માર્ક્સનાં સિધ્ધાંતો દ્વારા પ્રખ્યાત બોલ્શેવિક ક્રાંતિ કરી. આમ માર્ક્સના વિચારોએ વિશ્વના મજૂરોના આત્મવિશ્વાસ અને પોતાનાં હિતોની એકતા વિશેની સભાનતા પ્રેરવાનું મહત્ત્વનું કાર્ય કર્યું.*

**તમારી પ્રગતિના ચકાસો**

**(1) ઔદ્યોગિક ક્રાંતિની આર્થિક અસરો**

**(2) ઔદ્યોગિક ક્રાંતિની સામાજીક અસરો**

**(3) ઔદ્યોગિક ક્રાંતિની રાજકીય અસરો**

**(4) કાર્લ માર્કસ અને સમાજવાદ**

- **નીચેના જવાબો ટૂંકમાં આપો :-**

(1) *ઔદ્યોગિક ક્રાંતિની સૌ પ્રથમ શરૂઆત કયાં થઈ હતી ?*

(2) 18*મી સદીમાં મહત્ત્વની બે ક્રાંતિઓ કઈ હતી ?*

(3) *વરાળશક્તિથી ચાલતું રેલ્વે એન્જીન કોણે શોધ્યું ?*

(4) *ઈ.સ.*1917*માં રશિયામાં કઈ ક્રાંતિ થઈ હતી ?*

(5) *ઔદ્યોગિક ક્રાંતિથી સમાજમાં ઉદભવેલ બે વર્ગો કયા હતા ?*

(6) *હેઝનના શબ્દોમાં ઔદ્યોગિક ક્રાંતિની વ્યાખ્યા આપો ?*

(7) *'વિમાન'ની શોધ કોણે કરી ?*

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

## 11.5 સમાપન

*માનવતાના સમગ્ર ઈતિહાસમાં જો એક જ ઘટનાને સૌથી મહત્ત્વની ઘટના તરીકે ઓળખાવી હોય તો તે ઔદ્યોગિક ક્રાંતિ છે એમ કહેવામાં સહેજ પણ અતિશયોક્તિ નથી. ઔદ્યોગિક ક્રાંતિને લીધે વૈજ્ઞાનિક શોધખોળને જે વેગ મળ્યો તેણે આધુનિક સમયના માનવીના જીવનને અનેક પ્રકારની ભૌતિક સુખ-સગવડોથી સભર બનાવી દીધું છે. જેઔદ્યોગિક ક્રાંતિને લીધે જ શકય બન્યું છે. યુરોપમાંથી મધ્યયુગનો અંત લાવીને આધુનિક યુગમાં લાવવાનું જેટલું મહત્ત્વનું કાર્ય ફ્રાન્સની (૧૭૮૯) ની ક્રાંતિએ કર્યું છે તેટલું જ અને એનાથી વધારે ઔદ્યોગિક ક્રાંતિએ કર્યું છે. વિજ્ઞાનનાં ઉપયોગ દ્વારા મજૂરો પ્રાકૃતિક અને ભૌતિક જગત ઉપર વિજય મેળવવાનો પ્રયત્ન કર્યો છે.*

## 11.6 ચાવીરૂપ શબ્દો (Key words)

- *ઔદ્યોગિક ક્રાંતિ : ઉદ્યોગ ક્ષેત્રે આવેલું આમૂલ પરિવર્તન*
- *નવજાગૃતિ : પુનઃ જાગરણ કે ફરીથી જાગવું*
- *સંસ્થાનવાદ : શક્તિશાળી રાષ્ટ્રો ગરીબ, પછાત કે અન્ય રાષ્ટ્રો પર સત્તા સ્થાપવાની હરીફાઈ*

## 11.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) *ઈંગ્લેન્ડ*

(2) (1) *ફ્રેન્ચ ક્રાંતિ તથા* (2)*ઔદ્યોગિક ક્રાંતિ*

(3) *જ્યોર્જ સ્ટીફન્શે*

(4) *બોલ્શેવિક ક્રાંતિ*

(5) (1) *મૂડીવાદી વર્ગ* (2) *મજૂર વર્ગ*

(6) *ઘરગથ્થુ ઉત્પાદન પ્રણાલીનું કારખાનાઓની ઉત્પાદન-પ્રણાલીમાં પરિવર્તન તેનું નામ ઔદ્યોગિક ક્રાંતિ*

(7) *'રાઈટ બંધુઓ' એ*

## 11.8 સંદર્ભ સૂચિ

(1) *ડૉ.ધારૈયા, ડૉ.કોરાટ વગેરે : આધુનિક વિશ્વની ક્રાંતિઓ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ*

(2) *પ્રા.શેઠ સુરેશ સી. : વિશ્વની ક્રાંતિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*

(3) Croce, Benedetto :2istory of Europe in t2e Nineteent2 Century (Tr. by 2enry Furst, George Allen & Unwin Ltd., London, 1934)

(4) Dasgupta, J. and Ray, J. K. : T2e Web of International Relations, from 1919 to Present Day.
(Progressive Publis2ers, Calcutta, 1961)

(5) Belloc, 2ilaire : T2e Frenc2 Revolution (T2ernton Butterwort2 Ltd., London, Elevent2 Impression, 1929)

(6) Boyd, Andrew and Frances : Western Union (2utc2inson & Co. Ltd., London, 1948)

(7) Buss, C. A. : T2e Far East (T2e Macmillan Company, New York, T2ird Printing, 1960)

(8) C2ase, Eugene, P. : T2e United Nations in Action (Mcgraw 2ill Book Company, Inc. New York, 1950)

(9) C2urc2ill, W.S. : T2e Second World War, Vol. I-III (Cassel & Co. Ltd., London, T2ird Ed., Feb. 1950)

(10) Edwards, Mic2ael : Aisa in t2e European Age 1498-1955 (Asia Publis2ing 2ouse, Bombay, First Indian Edition, 1961)

(11) Fis2er, 2.A.L. : A 2istory of Europe, Vol. II (T2e Fontana Library, London, Paperback, Fourt2 Impression, 1963)

(12) Grant, A. J. and Temperley, 2arold : Europe in t2e Nineteent2 and Twentiet2 Centuries (Longmans, Green and Co. Ltd., London, Revised Sixt2 Ed., 1963)

(13) 2obsbawn, E.J. : T2e Age of Revolution (Weidenfeid and Nicolson, London, 1962)

(14) Karpinsky, V. : T2e Social and State Sitructure of t2e U.S.S.R. (Foreign Language Publis2ing 2ouse, Moscow, 1949)

(15) Marriot, Sir J.A.R. : A 2istory of Europe, 1815-1939 (Mat2uen & Co. Ltd., London, Fift2 Edition, 1966)

(16) Panikkar, K. M. : Asia and Western Dominance (Part I-III) (George Allen & Unwin Ltd., 3rd. Impression, 1955)

(17) Snyder, L. L. : T2e World in t2e Twentiet2 Century (Eurasia Publis2ing 2ouse Pvt. Ltd., New Del2i)

(18) Weec2, W. N. :2istory of t2e World (Od2ams Press Ltd., London)

(19) નહેરૂ, જવાહરલાલ : જગતના ઈતિહાસનું રેખાદર્શન (મૂળ અંગ્રેજીનું ભાષાંતર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, બંને ભાગ એકત્રિત, 1956)

(20 યોગેશ : ઈટાલિનો રણયજ્ઞ (Mary Clive Bailey f]ík 'T2e Making of Modern Italy' નો અનુવાદ)

(21) જ્ઞાનગંગોત્રી ગ્રંથ-12, ક્રાંતિ દર્શન

(22) ડૉ.પટેલ મંગુભાઈ, વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન

(23) ડૉ.પટેલ મંગુભાઈ, ફ્રન્સ ક્રાંતિ અને નેપોલિયન

(24) નહેરુ જવાહરલાલ, (અનુવાદ) જગતના ઈતિહાસનું રેખાદર્શન

(25) ભટ્ટ દેવેન્દ્ર, યુરોપનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ

(26) શેઠ સુરેશ સી., વિશ્વ ક્રાંતિઓ, ગ્રંથનિર્માણ બોર્ડ

(27) ફિશર એચ., યુરોપનો ઈતિહાસ ભાગ-1 અને 2 ગ્રંથનિર્માણ બોર્ડ, અનુદેસાઈ કીકુભાઈ
(28) પ્રો.ડૉ.પી.જી.કોરાટ, પૂર્વ એશિયાનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ
(29) ડૉ.શુક્લ જે. આર., સોવિયેટ રશિયાનો ઈતિહાસ
(30) ડૉ.કે.સી.બારોટ, પ્રથમ વિશ્વ યુધ્ધ અને વિશ્વ
(31) રેગે જે. એચ., ફ્રાન્સકી રાજ્ય ક્રાંતિ ઔર નેપોલિયન
(32) ઈશ્વરી પ્રસાદ, ક્રાંતિકારી યુરોપ ઔર નેપોલિયન કા યુગ
(33) ડૉ.એસ.વી.જાની, અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ (ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ)
(34) કે.બી.બાજપેયી, સંયુકત રાજ્ય અમેરિકા કા ઈતિહાસ

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઈતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી. કે. કોટાવાલા આર્ટસ કોલેજ, પાટણ* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઈતિહાસ વિભાગ , ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. નરેશ પરીખ* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , પ્રમુખ સ્વામી એન્ડ એચ.ડી. પટેલ આર્ટસ કોલેજ, કડી.* |
| *ડૉ. માનસિહ ચૌધરી* | *આસીસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , ગર્વમેન્ટ આર્ટસ કોલેજ, સાંતલપુર* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |


**પ્રકાશકઃ કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**

**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**

**સંવર્ધિત આવૃત્તિ-2025**

ISBN : **978-93-91468-40-8**

## વિભાગ-4 સમ્રાટ મઈજીના સુધારાથી રશિયન ક્રાંતિ સુધી

*આધુનિક વિશ્વનો ઈતિહાસ પેપર-5, ભાગ-4 માં કુલ ચાર એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે.સમ્રાટ મઈજીના સુધારા,1911ની ચીનની ક્રાંતિ, 1917ની રશિયન ક્રાંતિ,તથા રશિયન ક્રાંતિના નેતા લેનિન વિશે વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-12** *માં સમ્રાટ મેઈજીના સુધારા અને જાપાનનો આધુનિક રાજ્ય તરીકે ઉદ્દભવ થયો તેની વિગતસભર માહિતી આપવામાં આવી છે*

**એકમ-13** *માં 1911માં થયેલ ચીનની ક્રાંતિના કારણો તથા પરિણામો અને ડૉ.સુન-યાત-સેન વિશે વિગતે ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-14** *માં ઝાર રાજાઓનું અત્યાચારી શાસન,ખેડૂતો અને મજૂરોની દયનીય આર્થિક સ્થિતિ,લોહિયાળ રવિવારનો હત્યાકાંડ અને અંતે સફળ થતી રશિયન ક્રાંતિ ના કારણો અને વિશ્વ ઉપર પડેલ તેના પ્રભાવની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે.*

**એકમ-15** *માં રશિયન ક્રાંતિ ને યોગ્ય નેતૃત્વ પૂરુ પાડનાર અને રશિયન સમાજને માર્ક્સવાદી વિચારધારા પ્રેરનાર અને ક્રાંતિ ને સફળ બનાવનાર લેનિન વિશે માહિતી આપવામાં આવી છે.*

## એકમ-12 સમ્રાટ મેઈજીના સુધારા અને જાપાનનો આધુનિક રાજ્ય તરીકે ઉદ્દભવ

### રૂપરેખા :

**12.0** ઉદ્દેશો

**12.1** પ્રસ્તાવના

**12.2** મેઈજીયુગ દરમિયાન જાપાને વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિ

**12.2.1** સમ્રાટ મેઈજી સત્તાગ્રહણ

**12.2.2**મેઈજી સમ્રાટની આધુનિકરણ અંગેની ઘોષણા

**12.2.3 1889**નું નવું બંધારણ દાખલ કરાયું

**12.3** મેઈજી યુગમાં થયેલા સુધારાઓ તથા જાપાનનો આધુનિક રાજય તરીકે ઉદ્દભવ

**12.3.1** આર્થિક ક્ષેત્રે સુધારા

**12.3.1.1**જાપાનનો ઔદ્યોગિક વિકાસ

**12.3.1.2** બેન્કિંગ ક્ષેત્રમાં વિકાસ

**12.3.1.3**વાહનવ્યવહારઅને સંદેશાવ્યવહારનો વિકાસ

**12.3.2** રાજકીય સુધારાઓ

**12.3.3** સામાજિક ક્ષેત્રે સુધારા

**12.3.4** ખેતીવાડી ક્ષેત્રે સુધારણા

**12.3.5** સૈન્ય વ્યવસ્થામાં સુધારો

**12.3.6** ધાર્મિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારા

**12.3.7** શૈક્ષણિકપદ્ધતિમાં આમૂલ પરિવર્તન

**12.4** સમાપન

**12.5** ચાવીરૂપ શબ્દો

**12.6** તમારી પ્રગતિના જવાબો ચકાસો

**12.7** સંદર્ભસૂચિ

*''જાપાનમાં કોમોડોરપેરીનું આગમન તથા ચીન-જાપાન વગ્રહની વચ્ચેના ચાર દશક, જાપાનના આંતરિક સુધારા અને પરિવર્તનો કરવામાં પસાર કર્યા છતાં તેમાં તેના ભાવિ વિસ્તારવાદનો પાયો નંખાયો હતો.''*

**- કેનેથ એસ. લાટુરેટ**

*"મેઈજી સમ્રાટના શાસનકાળ દરમિયાન જાપાનની પ્રજાએ ટૂંક સમયમાં જે સિદ્ધિઓ મેળવી હતી, એટલી સિદ્ધિઓ મેળવતાં મેઈજીયુગ પહેલાંનાશાસકોને સૈકા લાગ્યા હતા."*

**- એન. જી .દીક્ષિત**

## 12.0 ઉદ્દેશો

*આ પ્રકરણનું અધ્યયન કાર્ય બાદ તમે....*

(1) *સમ્રાટ મેઈજી વિશે જાણી શકશો.*

(2) *મેઈજીના સમયમાં જાપાનની પ્રગતિ વિશે જાણી શકશો.*

(3) *જાપાનના બંધારણ વિશે જાણી શકશો.*

(4) *જાપાનના શૈક્ષણિક વિકાસ વિશે જાણી શકશો.*

(5) *બેન્કિંગ, વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારના વિકાસ વિશે જાણી શકશો.*

(6) *જાપાનના ખેતીવાડી, સૈન્ય વ્યવસ્થા વિશે જાણી શકશો.*

(7) *ધાર્મિક અને સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારા વિશે જાણી શકશો.*

(8) *શૈક્ષણિકપદ્ધતિમાં આવેલ પરિવર્તન વિશે જાણી શકશો.*

## 12.1 પ્રસ્તાવના

*19મી સદીની શરૂઆતમાં જાપાનમાં શોગુનોનું શાસન હતું. એ એક પ્રકારનો સામતંવર્ગ હતો. તેમણે કઠોર કાયદાઓ ઘડી વિદેશયાત્રા, વિદેશ વ્યાપારપર પ્રતિબંધ અને મૃત્યુદંડ સુધીની જોગવાઈ કરી હતી. જાપાનમાં વિદેશી સાહિત્ય અને વિદેશી વિચારોના પ્રવેશ પર કડક પ્રતિબંધ હતો. આ બધા કારણોને લીધે 19મી સદીમાં જાપાન સમાજ વ્યવસ્થાના તમામ સ્તરે પછાત હતું. અહીં ઓગસ્ટ 1866માં શોગૂનનું મૃત્યુ થયું. શોગૂનપદે આવેલ નાવશોગૂને 9 નવેમ્બર1867ના રોજ નવયુવક સમ્રાટ મેઈજી સમક્ષ પોતાના હોદ્દાનું રાજીનામું ધરી દીધું. આ પછી સમ્રાટે દેશની શાસનવ્યવસ્થા સંભાળી. સમ્રાટે વફાદાર અધિકારીઓ નીમી. ગૃહનીતિ અને વિદેશનીતિના ક્ષેત્રે અનેક પરિવતર્ન કર્યા. આ પરિવર્તનને 'મેઈજી ઈશીન' એટલે કે 'મેઈજી પુનઃસ્થાપના' તરીકે ઓળખવામાં આવે. આમ જાપાનના ઈતિહાસમાં 'મેઈજી યુગ'નો પ્રારંભ થયો અને જાપાને વિશ્વ ઈતિહાસમાં અભૂતપૂર્વ પ્રગતિ સાધી.*

## 12.2 મેઈજી યુગ દરમિયાન જાપાને વિવિધ ક્ષેત્રે કરેલી પ્રગતિ

*મેઈજી યુગને જાપાનનો 'ભવ્ય અને ગૌરવપૂર્ણ સૂવર્ણયુગ' કહેવામાં આવે છે. મેઈજી સમ્રાટે વિવિધ ક્ષેત્રે જે સુધારા કર્યા તેનાથી એક જાતની ક્રાંતિ થઈ કારણ કે તેનાં પરિણામે જાપાને મધ્યયુગમાંથી આધુનિક યુગમાં પ્રવેશ કર્યો. આ ક્રાંતિ અહિંસક અને શાંત હતી. તેથી જ મેઈજીના શાસનને 'શાંતક્રાંતિનો યુગ' પણ કહેવામાં આવે છે. 'મેઈજી' જેનો અર્થ પ્રબુદ્ધ જાગ્રત કે શાનદાર થાય છે.આ સમયગાળામાં જાપાને ખુબ પ્રગતિ કરી તથા પશ્ચિમના દેશોની સાથે કદમતાલ મીલાવ્યો. ઔદ્યોગિક પ્રગતિની સાથે*

સામ્રાજ્યવાદની બાબતમાં પણ જાપાને પશ્ચિમી દેશોથી આગળ નીકળ્યું તથા જાપાન એક મહાન રાષ્ટ્ર બન્યું.

### 12.2.1 સમ્રાટ મેઈજીનું સત્તાગ્રહણ

1867માં 700 વર્ષ જુની શોગુનશાહી સામંતી વ્યવસ્થાનો અંત આવ્યો તથા જાપાનના રાજિસંહાસન સમ્રાટ મેઈજીના નામથી 14 વર્ષની ઉંમરે મુત્સીહિતો બેઠા. તેમણે ઈ.સ.1867થી 1912 સુધી એટલે 45 વર્ષ સુધી રાજ્ય કર્યું. એમનો રાજ્ય અમલ 'મેઈજી એટલે કે પ્રગતિશીલ' રાજ્ય વ્યવસ્થા ગણાઈ. સમ્રાટે 1868માં એક હુકમ જાહેર કરીને વિદેશો સાથેના સારા સંબંધોની શરૂઆત કરવાના આદેશ કર્યા. વળી રાષ્ટ્રભકિતથી પ્રેરાઈ જાગીરદારોએ પોતાના ખાસ અધિકારોવાળી જાગીર છોડી દીધી. જમીનદારોએ ફક્ત 10 ટકા પેદાશ લેવાનું સ્વીકાર્યું. સમુરાઈ વર્ગમાં લોકોએ યુદ્ધ કૌશલની તેમની જૂની-પૂરાણી ઢબનો ત્યાગ કરીને જાપાનની સામાન્ય પ્રજા સાથે આગેકૂચ કરી. જૂનીપરંપરાઓને છોડી જાપાની લોકોએ પશ્ચિમી યંત્રો, વિપઓ અને નવી ટેકનોલોજી અપનાવી જાપાને દુનિયાના દેશોમાં આગવું સ્થાન મેળવ્યું.

### 12.2.2 મેઈજી સમ્રાટની આધુનિકરણ અંગેની ઘોષણા :

- જાપાનમાં એક વિચારણા કરતી ચર્ચા સભા સ્થાપવામાં આવશે.
- આ સભામાં લોકમતનું પ્રાધાન્ય રહેશે.
- સભા વિચારણાના અંતે રાજ્યની નીતિ ઘડશે.
- પ્રજા અને સરકારસમાન હેતુ રાખી એકતાથી કામ કરશે તથા આર્થિક બાબતો વધુ સુદ્રઢ કરાશે.
- લશ્કરી અધિકારીઓ તેમજ નાગરિકો ઈચ્છિત ધ્યેય મેળવશે. તેની તેમને ચિંતા રહેશે નહીં.
- જૂની પરંપરાઓ ત્યજી આંતરરાષ્ટ્રીય ધોરણે વ્યવહારકરવામાં આવશે.
- વિશ્વના પ્રગતિશીલ દેશોમાંથી જ્ઞાન પ્રાપ્તિ કરી રાજ્યના શાસનને મજબૂત બનાવવું.
- દરેક મનુષ્યને સમાન ન્યાય વ્યવસ્થા.

સમયના વહેણની સાથે જાપાનને આધુનિક બનાવવા માટે જાપાને પણ પશ્ચિમ દેશોના આધુનિકરણનો સ્વીકાર કર્યો તથા તે મુજબના સુધારાઓ જાપાની સમ્રાટ દ્વારા દાખલ કરાયા.

### 12.2.3 1889નું નવું બંધારણ દાખલ કરાયું

નવા બંધારણમાં જાપાનના સર્વોચ્ચ વડા તરીકે સમ્રાટને ગણવામાં આવ્યા. જાપાનમાં સમ્રાટનું સ્થાન ખૂબ જ પવિત્ર ગણાતું. વહીવટી તંત્રમાં તમામ સત્તાઓ તથા અધિકારો સમ્રાટને સોંપાયા. વળી યુદ્ધ, સંધિ, શાંતિ કરારો તથા વટહુકમ બહારપાડવા તથા મહત્ત્વના હોદ્દાઓ પર અધિકારીઓની નિમણૂંકની સત્તા સમ્રાટના હાથમાં રખાઈ.

*નવા બંધારણમાં દ્વીગૃહી પાર્લામેન્ટે ઉમરાવ સભા અને આમ સભાની રચના કરાઈ. શરૂઆતમાં મતાધિકાર મર્યાદિત હતો પરંતુ જેમ-જેમ લોકોમાં રાજકીય જાગૃતિ આવતી ગઈ તેમ તેમ મતાધિકાર વિસ્તૃત કરાતો ગયો. ધારાસભાને વિશાળ સત્તાઓ અપાઈ. પાર્લામેન્ટની સંમતિ વગર કોઈ નવા કાયદા બનાવવા તથા કર નાંખી શકાતા નહીં. અંદાજપત્ર માટે પાર્લામેન્ટની સ્વીકૃતિ જરૂરી બનાવાઈ. મંત્રીમંડળને દૂર કરવાની તથા પાર્લામેન્ટને બરખાસ્ત કરવાની સત્તા સમ્રાટને અપાઈ. આમ જાપાનનું બંધારણ એશિયાનું પ્રથમ આધુનિક બંધારણ બન્યું.*

**(1) સમ્રાટ મેઈજીનું સત્તાગ્રહણ વર્ણવો.**

**(2) સમ્રાટ મેઈજીની આધુનિકરણ અંગેની ઘોષણા**

**(3) 1889નું નવું બંધારણ**

## 12.3 મેઈજી યુગમાં થયેલા સુધારાઓ તથા જાપાનનો આધુનિક રાજય તરીકે ઉદ્ભવ :

*જાપાનમાં આધુનિકરણ એ દાયકાઓની મહેનત પછી શક્ય બન્યું હતું. સમ્રાટ મેઈજી દ્વારા જાપાનમાં આર્થિક, રાજકીય, સામાજીક ખેતીવાડી ક્ષેત્ર તથા શૈક્ષણિક ક્ષેત્રે કરેલ સુધારાઓએ જાપાનને આંતરરાષ્ટ્રીય રીતે ખૂબ જ પ્રગતિશીલ રાષ્ટ્રોની હરોળમાં ઉભુ કર્યું જે સુધારાઓ નીચે મુજબ હતા.*

### 12.3.1 આર્થિક ક્ષેત્રે સુધારા

### 12.3.1.1 જાપાનનો ઔદ્યોગિક વિકાસ

*જાપાનની મેઈજી સરકાર આર્થિક જાગૃતિ માટે જાગૃત બની. તેણે પોતાના દેશના દ્વાર પશ્ચિમી વિચારો માટે ખુલ્લાં મૂકયાં અને જાપાને પાશ્ચાત્ય દેશોનું અનુકરણ કરી*

*આધુનિકરણથી એવી તો હરણફાળ ભરી કે ટૂંક સમયમાં તે 'એશિયાનું ભાગ્ય-વિધાતા' બની ગયું.*

*મેઈજી યુગમાં વિદેશોમાંથી મશિનો આયાત કરી મોટા કારખાનાઓ ઊભા કરવામાં આવ્યા. જાપાનમાં 1860 પહેલાં લોખંડની ભઠ્ઠી, જહાજવાડા તથા દારુગોળાનું કારખાનું સ્થપાઈ ચૂક્યું હતું. 1866માં ઈંગ્લેન્ડની સુતરાઉ કાપડ વણવાની મશીનરી તથા આ અરસામાં પ્રખ્યાત યોકોસૂકા જહાજવાડાની શરૂઆત કરવામાં આવી. 1871માં તાર અને ટપાલ પદ્ધતિ દાખલ કરાઈ. 1872માં પ્રથમરેલ્વે લાઈન શરૂ થઈ તથા 1893 સુધીમાં 2000 માઈલની રેલ્વે લાઈન નંખાઈ ગઈ હતી. મૂડીવાદી વર્ગને ઉદ્યોગોને ક્ષેત્રે આકર્ષવા માટે સરકારે રાજ્ય તરફથી મકાનો બંધાવ્યા. તેમાં યંત્રો ગોઠવ્યા અને તેને ઉત્પાદન કરતાં કર્યો. પરિણામે જાપાનના ધનવાન કુટુંબોએ લોખંડ, ખાણ, કાપડ, હથિયારો બનાવવાના ઉદ્યોગોમાં ઝંપલાવ્યું. પરિણામે જાપાનમાં ઔદ્યોગિક ક્રાંતિ ઝડપી બની. જાપાનના ઔદ્યોગિક વિકાસને કારણે તેને 'એશિયાના બ્રિટન'ની ઉપાધી મળી.*

### 12.3.1.2 બેન્કિંગ ક્ષેત્રમાં વિકાસ

*અમેરિકન બેન્કિંગ પદ્ધતિ પ્રમાણે જાપાનમાં બેન્કિંગ વ્યવસ્થા શરૂ થઈ હતી તથા કાગળનું ચલણ શરૂ કરવામાં આવ્યું. ઈ.સ.1873માં જાપાનમાં પ્રથમ રાષ્ટ્રીય બેંકની સ્થાપના કરવામાં આવી. ઈ.સ.1879માં જાપાનમાં બેંકોની સંખ્યા વધીને 151 થઈ. આ બધી બેંકો પર કેન્દ્રીય નિયંત્રણરાખવા માટે 'બેંક ઓફ જાપાન'ની સ્થાપના કરવામાં આવી. જેને ચલણી નોટો છાપવાનો અધિકાર અપાયો. 1894 સુધીમાં તો જાપાને ઔદ્યોગિકરણ ક્ષેત્રે ગણનાપાત્ર પ્રગતિ કરી અને બેંકીંગ ક્ષેત્રના સુધારાઓએ શક્તિશાળી જાપાનનો પાયો નાખ્યો.*

### 12.3.1.3 વાહનવ્યવહાર અને સંદેશાવ્યવહારનો વિકાસ

*વાહનવ્યવહાર તથા સંદેશાવ્યવહારના વિકાસથી વેપાર અને ઉદ્યોગોનો વિકાસ ખૂબ ઝડપી બન્યો. સૌ પ્રથમ 1872માં ટોકિયો-યોકોહામ વચ્ચે રેલ્વે નાખવામાં આવી. 1897સુધીમાં તો કુલ 3800 માઈલ રેલ્વે લાઈન જાપાનમાં નંખાઈ ગઈ. વહાણવટાના ઉદ્યોગને પણ સરકારે પ્રોત્સાહન આપ્યું. પરિણામે આંતરિક અને વિદેશો સાથેનો વેપાર ઝડપી બન્યા. 1868માં તારલાઈનો નંખાઈ અને ટપાલ પદ્ધતિ પણ દાખલ કરવામાં આવી. 1877માં ટેલિફોન વ્યવસ્થાનો પ્રારંભ થયો. આ જ ગાળામાં વરાળશક્તિથી ચાલતા જહાજોનું નિર્માણ શરૂ કર્યું. આમ જાપાને પાશ્ચાત્ય દેશોની પદ્ધતિ પર વાહન-સંદેશાવ્યવહારના સાધનો વિકસાવ્યા. જેણે રાષ્ટ્રીયતાના વિકાસમાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.*

**12.3.2 રાજકીય સુધારાઓ :**

- 1871માં શોગુન પ્રથાને કાયદા દ્વારા સમાપ્ત કરી મધ્યયુગીન શોગુનોના અંત બાદ સમ્રાટે સત્તા પ્રાપ્ત કરી. ત્યારબાદ મેઈજીએ કેટલાક રાજકીય સુધારાઓ દાખલ કર્યા અને જાપાનમાં આધુનિક યુગનો પ્રારંભ થયો.
- ઈ.સ.1868માં ટોકીયોને રાજધાની બનાવીને મજબૂત કેન્દ્રીય સરકારની સ્થાપના કરી તથા 1874માં સેનેટ તથા કેન્દ્રીય ન્યાયાલયો સ્થાપ્યા. તેમજ 1878માં સ્થાનિક વહીવટીતંત્રને સંગઠીત કરી અને મજબૂત બનાવ્યું.
- 1882માં સમ્રાટે કેટલાક રાજનીતિજ્ઞાને પાશ્ચાત્ય બંધારણનો અભ્યાસ કરવા વિવિધ દેશોમાં મોકલ્યા. પરિણામે 1889માં જાપાનનું નવું બંધારણ રચાયું. જેમાં સમ્રાટ પાસે તમામ સત્તાઓ હતી. સમ્રાટ અહીં ભૂમિદળ તથા નૌકાદળનો સર્વોચ્ચ વડો હતો. યુદ્ધ, સંધિ, મંત્રીમંડળની રચના વગેરે સત્તાઓ સમ્રાટને હસ્તક રખાઈ. વળી નવા બંધારણમાં દ્વિગૃહી સંસદની સ્થાપના કરાઈ તથા સંસદને વર્ષમાં ઓછામાં ઓછું એકવાર અધિવેશન બોલાવવાનું નક્કી કરાયું. આમ સમ્રાટ દ્વારા જાપાની પ્રજાને બંધારણીય અધિકારો આપી આધુનિકરણની પ્રક્રિયા આગળ વધારવામાં આવી અને જાપાન યુરોપીયન દેશોની નજીક પહોંચી ગયો.

**12.3.3 સામાજિક ક્ષેત્રે સુધારા**

મેઈજી યુગમાં ઔદ્યોગિકરણના કારણે તથા શહેરીકરણના કારણે લોકો પોતાના પરંપરાગત વસવાટો છોડી શહેરો તરફ વળ્યા. તેથી સંયુક્ત કુટુંબો તૂટયાં અને વિભક્ત કુટુંબો અમલમાં આવ્યા. જાપાનના યુવક-યુવતીઓ આધુનિકરણના માર્ગે આગળ વધ્યા. યુવાનોએ પાશ્ચાત્ય પહેરવેશ, આભૂષણ, કેશ ગૂંથણ, દાંત સાફ કરવા બ્રશનો ઉપયોગ વગેરે પાશ્ચાત્ય ઢબની સંસ્કૃતિનું અનુકરણ કરવા લાગ્યા. ભોજનમાં બ્રેડ અને માંસાનો ઉપયોગ થવા લાગ્યો. સમ્રાટ પોતે વિદેશી પોશાક પહેરી મહેલની બહાર ફરવા નીકળતા. 1872માં મેઈજીએ વટહુકમ બહારપાડીને દરબારમાં અને સરકારી કાર્યક્રમોમાં પાશ્ચાત્ય પોશાક પહેરવાનું ફરજીયાત કર્યું. સામુરાઈ વર્ગના લોકોએ તલવાર ધારણ કરવાનું ત્યજી દીધું તથા 1880માં વિદેશી ભાષા બોલવાની અને વિદેશી નૃત્ય કરવાની પ્રથા પણ દાખલ થઈ. રહેઠાણો બાબતે પણ ઈંગ્લેન્ડથી પ્રભાવિત થઈ. જાપાનમાં વિકટોરીયા શૈલીના ભવનો બંધાવા લાગ્યા. તેના સુશોભન વગેરેમાં સ્પષ્ટ પણે પશ્ચીમી અસર જોવા મળતી હતી. આમ મેઈજી યુગમાં સામાજિક ક્ષેત્રે પણ આધુનિકરણની હવા ફેલાતા પરંપરાગત રીતરીવાજોને સ્થાને આધુનિકતાનું પ્રચલન વધ્યું તથા જાપાની કુટુંબોનું આધુનિકીકરણ થયું.

**12.3.4 ખેતીવાડી ક્ષેત્રે સુધારણા**

સમ્રાટ મેઈજીએ વ્યાપાર તથા ઉદ્યોગના વિકાસની સાથે કૃષિ ક્ષેત્રે પણ સુધારાઓનો કાર્યક્રમ શરૂ કર્યો. 1871માં જમીન પર ખેડૂતોની માલિકી સ્થાપવામાં

*આવી. પાશ્ચાત્ય દેશોમાંથી કૃષિ નિષ્ણાતોને બોલાવવામાં આવ્યા. કૃષિના અભ્યાસ માટે શાળા અને કોલેજો સ્થાપવામાં આવી. જમીનના ખરીદ-વેચાણ પર મૂકવામાં આવેલા પ્રતિબંધો હટાવી દેવામાં આવ્યા. વેઠપ્રથા નાબૂદ કરવામાં આવી. નવું બિયારણ, નવા સાધનો, નવી ખેતીની પદ્ધતિઓ અપનાવી તથા ભૂમિકર અનાજને બદલે રોકડમાં લેવાનું શરૂ કરાયું. મોટા પ્રમાણમાં શેતૂરના વૃક્ષ ઉપર રેશમના કીડા ઉછેરવાનું શરૂ થયું. સમ્રાટ મેઈજીએ ખેતી સિવાય મત્સ્ય ઉદ્યોગપર નભતા લોકોને પ્રોત્સાહિત કર્યા. આ ઉદ્યોગનું મહત્ત્વ સ્વીકારીને કિનારાના પ્રદેશોમાં તથા ઊંડા સમુદ્રમાં પણ માછલા પકડવાના ઉદ્યોગના વિકાસને પ્રોત્સાહન આપ્યું. જેથી જાપાને મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્ર પણ પ્રગતિ કરી. જેથી ખેતી તથા મત્સ્ય ઉદ્યોગ ક્ષેત્રે મોટા સુધારાઓથી ઉત્પાદન વધ્યું. 1907 સુધી અનાજના ઉત્પાદનમાં બમણો અને ઘઉં તથા રેશમના ઉત્પાદનમાં અઢી ગણો વધારો થયો.*

### 12.3.5 સૈન્ય વ્યવસ્થામાં સુધારો

*સામંતશાહી વ્યવસ્થામાં માત્ર સમૂરાઈઓની જ ભરતી કરવામાં આવી હતી પરંતુ મેઈજીના શાસનમાં ઈ.સ.1872માં પુખ્ત વયના પ્રત્યેક યુવકને ત્રણ વર્ષ માટે ફરજીયાતપણે લશ્કરી તાલીમ દાખલ કરી. આ લશ્કરી તાલીમે જાપાનને મજબૂત રાષ્ટ્ર બનાવવામાં અગત્યનો ભાગ ભજવ્યો. વળી લશ્કરી જનરલોએ લશ્કરના આધુનિકરણમાં ખૂબ મહેનત કરી તથા શસ્ત્રો અને તાલિમ દ્વારા જાપાની લશ્કરનું આધુનિકરણ કર્યું. આ લશ્કર સીધું જ સમ્રાટના આદેશ મુજબ કામ કરતું. લશ્કરી સુધારાની સફળતાઓ જાપાને કરેલ યુદ્ધોમાં જોવા મળી. જેમાં ચીન-જાપાન યુદ્ધમાં જાપાને 22,000 સૈનિકો ઉતાર્યા. 1904-05ના 'રૂસો-જાપાનીઝ' યુદ્ધમાં દસ લાખ સૈનિકોએ ભાગ લીધો. આ ઉપરાંત, દ્વિતીય વિશ્વયુદ્ધમાં જાપાની લશ્કરોએ વિશ્વને તેમની તાકાતનો પરિચય કરાવ્યો તથા આધુનિક શસ્ત્ર સરંજામથી સજ્જ થયેલા સૈન્યે પણ જાપાનને મહાસત્તા તરીકે સ્થાપિત કરવામાં અગત્યનો ભાગ ભજવ્યો.*

### 12.3.6 ધાર્મિક તથા સાંસ્કૃતિક ક્ષેત્રે સુધારા

*મેઈજી સમ્રાટે જાપાનના પ્રાચીનધર્મ શિન્તોને પૂનર્જીવિત કર્યો. સાઓ અને કોન્ફ્યુશિયસ ધર્મ પણ પ્રચારમાં હતા. અહીં સરકારે શિન્તોધર્મને રાષ્ટ્રીયધમર્નો દરજ્જો આપ્યો. કારણ કે આ ધર્મમાં સમ્રાટને ઈશ્વરનું રૂપ માનીને પૂજવામાં આવતા હતા. શિન્તો ધર્મ 'રાષ્ટ્રીય શિસ્તનું સ્વરૂપ' બન્યો. વળી પશ્ચિમી દેશોના સંપર્કથી જાપાની શિક્ષણ, સંસ્કૃતિ અને બૌદ્ધિક વિકાસ પર ગાઢ અસરપડી હતી. સામંતશાહીના પતન પછી જાપાનમાં વિદેશયાત્રા માટે છૂટ થઈ હતી. પરિણામે જાપાનીઓએ વિદેશોમાં શિક્ષણ મેળવ્યું. જાપાનમાં શિક્ષણ વ્યવસ્થામાં માત્ર સાહિત્ય પર ભાર મૂકયો હતો. સમ્રાટે પશ્ચિમી શિક્ષણની નકલ કરી અને વિજ્ઞાન, સામાજિક વિજ્ઞાન, અર્થશાસ્ત્ર તથા સંશોધનના વિષયો પર ભાર મૂકયો. 1872માં જાપાનમાં પ્રાથમિક શિક્ષણ ફરજીયાત કરવામાં આવ્યું. સમગ્ર જાપાનમાં શિક્ષણ સંસ્થાઓ શરુ કરાઈ તથા પાઠયપુસ્તકોમાં*

દેશપ્રેમ સાથે સમ્રાટ પ્રત્યે વફાદારી શિખવતા અભ્યાસક્રમો દાખલ કરવામાં આવ્યા. આમ મેઈજી યુગમાં ધર્મ તથા સંસ્કૃતિનો પુનરુદ્ધાર થતાં જાપાનમાં રાષ્ટ્રીયતાની ભાવના વધુ દ્રઢ બની અને જાપાનનો વિકાસ સરળ બન્યો.

### 12.3.7 શૈક્ષણિકપદ્ધતિમાં આમૂલ પરિવર્તન

સમ્રાટ મેઈજીએ શાસનની શરૂઆતથી જ લોકોને પાશ્ચાત્ય જ્ઞાન-વિજ્ઞાન અને શિક્ષણ મેળવવા માટે પ્રેર્યા. જેથી જાપાનમાં શૈક્ષણિક ક્રાંતિના મંડાણ થયાં. 1871માં નવા શિક્ષણ વિભાગની શરૂઆત કરવામાં આવી તથા દેશને 8 વિભાગમાં વહેંચી દેવાયો. દરેક વિભાગમાં એક યુનિવર્સિટી બનાવવામાં આવી તથા ૩૨ હાઈસ્કૂલો અને 210 પ્રાથમિક શાળાઓ શરૂ કરી. પ્રાથમિક શિક્ષણ ફરજીયાત કરવામાં આવ્યું. પશ્ચિમી દેશોને અનુસરી જાપાને પ્રાથમિક શિક્ષણ માટે અમેરિકા, ઉચ્ચ શિક્ષણ માટે ફ્રાન્સ અને શિલ્પ-સ્થાપત્ય ક્ષેત્રે જર્મનીનું અનુકરણ કર્યું. પરિણામે જાપાની વિદ્યાર્થીઓ પણ વિશ્વ સાથે કદમ મિલાવવા માટે તત્પર બન્યા. સમ્રાટે આવા અનેક વિદ્યાર્થીઓને નૂતન શિક્ષણ માટે અને જ્ઞાન મેળવવા યુરોપ અને અમેરિકા જવા માટે સહાય આપી. ત્યાંના ઉદારમતવાદી વિચારોથી પ્રભાવિત થઈને જાપાન આવેલ વિદ્યાર્થીઓ મેઈજીના સુધારા તરફી નીતિ તથા ચળવળના સમર્થક બન્યા. આ ઉપરાંત 1913માં 'સેન્હાઈ' માં પ્રથમ મહિલા જ યુનિવર્સિટી સ્થપાઈ. છેવટે શિક્ષીત યુવાનોએ દેશના સાર્વત્રિક વિકાસ માટે પોતાનું યોગદાન આપવા માટે તત્પર બન્યા.

(1) મેઈજીનારાજકીય સુધારા વર્ણવો.રુ

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

(2) મેઈજીના વિવિધ ક્ષેત્રના સુધારાઓ

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

(3) શૈક્ષણિક ક્ષેત્રે આવેલ આમૂલ પરિવર્તન વર્ણવો.

________________________________________
________________________________________
________________________________________
________________________________________
________________________________________

- **તમારી પ્રગતિ ચકાસો :**

(1) આધુનિકરાજ્ય તરીકે જાપાનનો ઉદભવ કોના સમયમાં થયો ?

(2) જાપાનમાં નવું બંધારણ કયારે દાખલ કરાયું ?

(3) જાપાનમાં પ્રથમ રાષ્ટ્રીય બેન્ક ક્યારે શરૂ થઈ?
(4) સમ્રાટ મેઈજીએ કયા ધર્મને રાષ્ટ્રીય ધર્મનો દરજ્જો આપ્યો ?
(5) જાપાનમાં પ્રથમ મહિલા યુનિવર્સિટી કયાં સ્થપાઈ?
(6) સમ્રાટ મેઈજીએ કઈ સાલમાં વટહુકમ બહારપાડી દરબારમાં પાશ્ચાત્ય પહેરવેશ પહેરવાનું ફરજીયાત કર્યું?
(7) ઈ.સ.1904-05માં જાપાને કયા દેશ સાથે યુદ્ધ કર્યું?

## 12.4 સમાપન

મેઈજી યુગમાં જાપાને પાશ્ચાત્ય રાષ્ટ્રોનું અનુકરણ કરી ઝડપથી સર્વ ક્ષેત્રોમાં પ્રગતિ કરી 1854માં પશ્ચિમી દેશોથી એકાંતવાર ઈચ્છતા જાપાને 1894માં એ જ પશ્ચિમી દેશોની મદદથી આધુનિકીકરણની એવી તો હરણફાળ ભરી કે હવે પછી તે એશિયાનું 'ભાગ્યવિધાતા' બન્યું. મેઈજી યુગ દરમિયાન વિવિધ ક્ષેત્રે હાથ ધરવામાં આવેલા સુધારાઓને પરિણામે જાપાને સર્વાંગી વિકાસ સાધ્યો અને શહેરીકરણ, ઉદ્યોગીકરણ અને આધુનિકરણ ક્ષેત્રે અપૂર્વ પ્રગતિ કરી. આથી મેઈજી યુગને જાપાનનો સુવર્ણયુગ ગણવામાં આવે છે. આમ મેઈજી યુગમાં આધુનિક અને શક્તિશાળી જાપાનો પાયો નંખાયો. 19મી સદી પછી તો જાપાનમાં આધુનિકીકરણ નિરંતર આગળ વધતું રહ્યું અને ઝડપથી વિશ્વસત્તાના રૂપે આંતરરાષ્ટ્રીય સ્તરે જાપાનનો ઉદય થયો.

## 12.5 ચાવીરૂપ શબ્દો (Key words)

- મેઈજી ઈશીન - મેઈજી પુનઃ સ્થાપના
- શોગુનશાહી - સામંતશાહી પ્રથા જેવી વ્યવસ્થા
- રાષ્ટ્રભક્તિ - દેશભક્તિ
- સમુરાઈ - જાપાનનો યોદ્ધાઓનો વગર્

## 12.6 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

(1) સમ્રાટ મેઈજીના સમયમાં
(2) 1889
(3) 1873
(4) શિન્તો ધમર્ને
(5) સેન્હાઈમાં
(6) 1872
(7) રશિયા (રુસો-જાપાન યુદ્ધ)

## 11.7 સંદર્ભ સૂચિ

(1) ડૉ.ધારૈયા, ડૉ.કોરાટ વગેરે : આધુનિક વિશ્વની ક્રાંતિઓ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ

(2) પ્રા.શેઠ સુરેશ સી. : વિશ્વની ક્રાંતિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(3) Croce, Benedetto :2istory of Europe in t2e Nineteent2 Century (Tr. by 2enry Furst, George Allen & Unwin Ltd., London, 1934)

(4) Dasgupta, J. and Ray, J. K. : T2e Web of International Relations, from 1919 to Present Day.
(Progressive Publis2ers, Calcutta, 1961)

(5) Belloc, 2ilaire : T2e Frenc2 Revolution (T2ernton Butterwort2 Ltd., London, Elevent2 Impression, 1929)

(6) Boyd, Andrew and Frances : Western Union (2utc2inson & Co. Ltd., London, 1948)

(7) Buss, C. A. : T2e Far East (T2e Macmillan Company, New York, T2ird Printing, 1960)

(8) C2ase, Eugene, P. : T2e United Nations in Action (Mcgraw 2ill Book Company, Inc. New York, 1950)

(9) C2urc2ill, W.S. : T2e Second World War, Vol. I-III (Cassel & Co. Ltd., London, T2ird Ed., Feb. 1950)

(10) Edwards, Mic2ael : Aisa in t2e European Age 1498-1955 (Asia Publis2ing 2ouse, Bombay, First Indian Edition, 1961)

(11) Fis2er, 2.A.L. : A 2istory of Europe, Vol. II (T2e Fontana Library, London, Paperback, Fourt2 Impression, 1963)

(12) Grant, A. J. and Temperley, 2arold : Europe in t2e Nineteent2 and Twentiet2 Centuries (Longmans, Green and Co. Ltd., London, Revised Sixt2 Ed., 1963)

(13) 2obsbawn, E.J. : T2e Age of Revolution (Weidenfeid and Nicolson, London, 1962)

(14) Karpinsky, V. : T2e Social and State Sitructure of t2e U.S.S.R. (Foreign Language Publis2ing 2ouse, Moscow, 1949)

(15) Marriot, Sir J.A.R. : A 2istory of Europe, 1815-1939 (Mat2uen & Co. Ltd., London, Fift2 Edition, 1966)

(16) Panikkar, K. M. : Asia and Western Dominance (Part I-III) (George Allen & Unwin Ltd., 3rd. Impression, 1955)

(17) Snyder, L. L. : T2e World in t2e Twentiet2 Century (Eurasia Publis2ing 2ouse Pvt. Ltd., New Del2i)

(18) Weec2, W. N. :2istory of t2e World (Od2ams Press Ltd., London)

(19) નહેરૂ, જવાહરલાલ : જગતના ઈતિહાસનું રેખાદર્શન (મૂળ અંગ્રેજીનું ભાષાંતર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, બંને ભાગ એકત્રિત, 1956)

(20) યોગેશ : ઈટાલિનો રણયજ્ઞ (Mary Clive Bailey f]ík 'T2e Making of Modern Italy' નો અનુવાદ)

(21) જ્ઞાનગંગોત્રી ગ્રંથ-12, ક્રાંતિ દર્શન

(22) ડૉ.પટેલ મંગુભાઈ, વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન

(23) ડૉ.પટેલ મંગુભાઈ, ફ્રેન્ચ ક્રાંતિ અને નેપોલિયન

(24) નહેરુ જવાહરલાલ, (અનુવાદ) જગતના ઈતિહાસનું રેખાદર્શન

(25) ભટ્ટ દેવેન્દ્ર, યુરોપનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ

(26) શેઠ સુરેશ સી., વિશ્વ ક્રાંતિઓ, ગ્રંથનિર્માણ બોર્ડ
(27) ફિશર એચ., યુરોપનો ઈતિહાસ ભાગ-1 અને 2 ગ્રંથનિર્માણ બોર્ડ, અનુદેસાઈ કીકુભાઈ
(28) પ્રો.ડૉ.પી.જી.કોરાટ, પૂર્વ એશિયાનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ
(29) ડૉ.શુક્લ જે. આર., સોવિયેટ રશિયાનો ઈતિહાસ
(30) ડૉ.કે.સી.બારોટ, પ્રથમ વિશ્વ યુદ્ધ અને વિશ્વ
(31) રેગે જે. એચ., ફ્રાન્સકી રાજ્ય ક્રાંતિ ઔર નેપોલિયન
(32) ઈશ્વરી પ્રસાદ, ક્રાંતિકારી યુરોપ ઔર નેપોલિયન કા યુગ
(33) ડૉ.એસ.વી.જાની, અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ (ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ)
(34) કે.બી.બાજપેયી, સંયુક્ત રાજ્ય અમેરિકા કા ઈતિહાસ

| એકમ-13 | ઈ.સ.1911ની ચીનની ક્રાંતિ, કારણો અને પરિણામો તથા ડૉ.સુન- યાત-સેન |
|---|---|

## રૂપરેખા


**13.0** ઉદ્દેશો

**13.1** પ્રસ્તાવના

**13.2** ક્રાંતિ સર્જક પરિબળો

**13.2.2** રાજકીય કારણો

**13.2.2.1** મંચુ સામ્રાજ્યની નિર્બળતા

**13.2.2.2** રાજકીય ક્ષેત્રે પ્રભાવશાળી વ્યક્તિઓની અવગણના

**13.2.2.3** ચીનની ક્રાંતિકારી સંસ્થાઓ

**13.2.2.4** પાશ્ચાત્ય વિચારોનો પ્રભાવ

**13.2.2.5** સુધારાઓની નિષ્ફળતા

**13.2.2.6** ડૉ.સુન-યાત-સેનનો ફાળો

**13.2.3** આર્થિક કારણો

**13.2.3.1** વસ્તીવધારો અને કુદરતી આફતો

**13.2.3.2** ભારે અને અસહ્ય કરવેરા

**13.2.3.3** વિદેશીઓ દ્વારા ચીનનું આર્થિક શોષણ

**13.2.3.4** મહાસત્તાઓની સહાય

**13.2.4** સામાજિક કારણો

**13.2.4.1** ચીની ચોરી રૂઢીચૂસ્ત વર્ગ વ્યવસ્થા

**13.2.4.2** પાશ્ચાત્ય દેશોની અસરથી સામાજિક જીવનમાં પલટો

**13.2.4.3** ચીની પ્રજામાં રાષ્ટ્રવાદ અને દેશદાઝની ભાવના પ્રગટી

**13.2.4.4** બૌધ્ધિક જાગૃતિ

**13.2.4.5** મિશનરી પ્રવૃત્તિઓ

**13.2.5** તાત્કાલિક કારણ

**13.2.5.1** રેલ્વે પ્રભુત્વનો પ્રશ્ન અને હેન્કાઉનો બોમ્બ વિસ્ફોટ

**13.3** ચીનની ઈ.સ.1911ની ક્રાંતિના પરિણામો

**13.3.1** મંચુ રાજાશાહીનો અંત

**13.3.2** પ્રજાસત્તાક રાષ્ટ્રની સ્થાપના

**13.3.3** ‘કૂઓ-મિન-તાંગ’ પક્ષની સ્થાપના

**13.3.4** ચીન ખુદ પોતાની સ્થિતિનું સ્વામી બન્યું

**13.3.5** ચીનનું આધુનિકતા તરફનું પ્રયાણ

**13.3.6 યુઆન-સી-કાઈ પ્રજાસત્તાક રાષ્ટ્રના વડા તરીકે**

**13.4 ડૉ.સુન-યાત-સેન**

**13.4.1 પ્રારંભિક કારકિર્દી**

**13.4.2 ડૉ.સેનના ક્રાંતિકારી દળની પ્રવૃત્તિઓ**

**13.4.3 ચીનની ક્રાંતિમાં ડૉ.સુન-યાત-સેનનો ફાળો**

**13.4.4 અવસાન**

**13.5 સમાપન**

**13.6 ચાવીરૂપ શબ્દો**

**13.7 તમારી પ્રગતિના જવાબો ચકાસો**

**13.8 સંદર્ભસૂચિ**

## 13.0 ઉદ્દેશો

*આ પ્રકરણના અધ્યયન કર્યા બાદ તમે...*

(1) *ચીનની ક્રાંતિ વિશે જાણી શકશો.*

(2) *ચીનની ક્રાંતિના કારણો વિશે જાણી શકશો.*

(3) *ચીનની ક્રાંતિના પરિણામો વિશે જાણી શકશો.*

(4) *ડૉ.સુન-યાત-સેનની કારકિર્દી વિશે જાણી શકશો.*

(5) *ડૉ.સેનની ક્રાંતિકારી પ્રવૃત્તિઓ વિશે જાણી શકશો.*

(6) *ચીનની ક્રાંતિમાં ડૉ.સુનના ફાળા વિશે જાણી શકશો.*

*''વાઘની ગર્જના સાથે ચીનમાં આવેલા મંચુ રાજાઓ સાપની પૂંછડીની જેમ અદ્રશ્ય થઈ ગયા.''*
*- પંડિત જવાહરલાલ નહેરુ*

*''ઈ.સ.૧૯૧૧ની ચીનની રાજયક્રાંતિ પશ્ચિમિ સંસ્કારો અને શિક્ષણના પ્રભાવને લીધે થઈ હતી.''*
*- માઈકલ અને ટેલર*

## 13.1 પ્રસ્તાવના

20*મા સૈકામાં ચીનમાં થવા પામેલી બે ક્રાંતિઓ* (1) 1911*ની અને* (2) 1949*ની ક્રાંતિએ ચીનના આધુનિક કલેવરનું ઘડતર કર્યું હોવાથી તેનું વિશેષ મહત્ત્વ છે. વાસ્તવમાં ઈ.સ.*1911*ની ક્રાંતિએ તેના નેતા અને સર્જક ડૉ.સુન-યાત-સેનની આગેવાની નીચે ચીનમાં સ્થિત સ્વાર્થી અને વિસ્તારવાદી વિદેશી સત્તાઓને તથા નિર્બળ મંચુ શાસકોને સત્તા પરથી મારી હટાવવામાં સફળતા મળી.* 268 *વર્ષ જૂની મંચુ રાજાશાહીને ઈતિહાસની કચરાપેટીમાં ફેંકી દીધી અને પ્રજાસત્તાકની સ્થાપના કરી પાશ્ચાત્ય શિક્ષણ સાહિત્ય, શિક્ષિત બેકારી, ક્રાંતિકારી સાહિત્ય અને સંગઠનો વગેરેએ પ્રજામાં એકતા જાગૃતિ લાવવાનું કાર્ય કર્યું. ટૂંકમાં ચીનમાં મંચુ રાજાશાહીની કુખ્યાત સત્તા, પ્રજાની*

*ગરીબાઈ અને વિદેશીઓના પ્રભાવ વગેરેથી ચીનની પ્રજા તંગ આવી ગઈ હતી. પરિણામે તેનામાં રાષ્ટ્રવાદની ભાવના જાગૃત થઈ અને 1911માં ચીનમાં રાજક્રાંતિ થવા પામી.*

## 13.2 ક્રાંતિ સર્જક પરિબળો

### 13.2.2 રાજકીય કારણો

### 13.2.2.1 મંચુ સામ્રાજયની નિર્બળતા

*ઈ.સ.1644માં સ્થપાયેલા મંચુ રાજવંશે આશરે 250 વર્ષ ઉપરાંત ચીનમાં રાજ્ય કર્યું. 19મી સદીના મધ્યાંતરે મંચુ રાજાશાહી સામે પશ્ચિમના દેશો તરફથી રાજકીય અનેક આફતો આવી પડી ત્યારે તેઓ બિલકુલ તૈયાર ન હતા. મંચુશાસકોની નબળાઈઓને કારણે ચીનના રાજકીય તખ્તા ઉપર વાતાવરણ તંગ બન્યું. પ્રજાનો અસંતોષ ખાળવા માટે મંચુ શાસકોએ કેટલાક સુધારા આપવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તે સુધારા બાલિશ અને અપૂરતા હતા. સ્વર્ગીય સામ્રાજ્ય તરીકે જાણીતું થયેલું પ્રાચીન ચીની સામ્રાજ્ય 19મી સદી સુધી તદ્દન અલગ રહેવા પામ્યું હતું. ચીનની પ્રજા ''ચીન જે શ્રેષ્ઠ અને સર્વોત્તમ છે.'' એવી ભ્રમણામાં 19મી સદી સુધી રહ્યું. વહીવટ જૂની-પુરાણી પધ્ધતિથી ચાલતો. ઔપેગિક ક્રાંતિ અને વૈજ્ઞાનિક શોધોનો પણ તેને ખ્યાલ ન હતો. પરિણામે પરિવર્તન પામતા વિશ્વ સાથે ચીન અનુકૂલન સાધી શક્યું નહીં તથા વિશ્વના અન્ય દેશોની શકિત અને વિકાસની સરખામણીમાં તે ઘણું પાછળ પડી ગયું હતું.*

### 13.2.2.2 રાજકીય ક્ષેત્રે પ્રભાવશાળી વ્યકિતઓની અવગણના

*ચીનમાં મંચુ સામ્રાજ્ય રાજમાતા ત્ઝુ-હસીના પ્રભાવશાળી અને સુધારાવાદી વ્યક્તિત્વને લીધે ટકી રહ્યું હતું. તેમના અવસાન બાદ સગીર વયનો 'હસૂઆંત તુંગ' ગાદીએ બેઠો. સગીરસમ્રાટ વતી તેમના પિતા ચૂનને રક્ષક તરીકે નીમાયા. પરંતુ તેમનામાં રાજકીય સૂઝબૂઝનો અભાવ હોવાથી મંચુ સામ્રાજ્યમાં અવ્યવસ્થા ફેલાઈ. દરબારમાં ચાપલૂસોના કહેવાથી જૂના અનુભવી ચીન અધિકારીઓની હકાલપટ્ટી કરી. તેણે પ્રખરરાજભક્ત યુઆન-શી-કાઈને અસ્વસ્થતાના બહાને બળજબરીથી હોદ્દા પરથી દૂર કર્યો. 1909માં યાંગત્સી પ્રાંતના વાઈસરોય ચાંગ-ચી-તુગનું અવસાન થતાં શક્તિશાળી તથા વફાદાર વ્યક્તિઓ શાસનતંત્રથી અલગ થયા.પરિણામે ચીનમાં રાજકીય ક્ષેત્ર શૂન્યાવકાશ સર્જાયો અને ક્રાંતિના પરિણામે મંચુ સામ્રાજયનું પતન થયું.*

### 13.2.2.3 ચીનની ક્રાંતિકારી સંસ્થાઓ

*મંચુ રાજવંશના નિર્બળ શાસનનો અંત લાવવા માટે ક્રાંતિકારી સંસ્થાઓ સક્રિય બની હતી. અનેક ગુપ્ત ક્રાંતિકારી સમિતિઓનું નિર્માણ થયું. જેમણે 1898થી સરકાર સામે પોતાનો વિરોધ નોંધાવ્યો. 1905માં ડૉ.સેને ટોકિયોમાં ક્રાંતિકારી સંગઠન સ્થાપ્યું. વળી આજ ગાળામાં ડૉ.સેન. ના નેતૃત્વ હેઠળ 'તુંગ-સેંગ-હુંઈ' નામની ક્રાંતિકારી સંસ્થાની સ્થાપના થઈ. જેણે અલગ-અલગ શહેરોમાં પોતાની શાખાઓ શરૂ કરી. 17*

*જેટલા પ્રાંતોમાં આ ક્રાંતિકારી સંગઠનના 3,00,000 જેટલા સભ્યો જોડાયા. વળી અન્ય એક વેન-રવેહ-શે (સાહિત્ય સંઘ) નામની સંસ્થાની શરૂઆત થઈ. કુગ-ચીન-હુઈ (એક સાથે આગળ વધો) નામની સંસ્થા પણ યાંગત્સી નદીના વિસ્તારમાં સક્રિય બની. આમ આવા ક્રાંતિકારી સંગઠનોની શક્તિથી 1911માં ચીનની ક્રાંતિ શકય બની.*

### 13.2.2.4 પાશ્ચાત્ય વિચારોનો પ્રભાવ

*પશ્ચિમના નવા અને ઉદારમતવાદી વિચારોએ ચીનમાં ક્રાંતિ માટેની પૂર્વભૂમિકા સર્જી. પાશ્ચાત્ય શિક્ષણના સંપર્કમાં આવ્યા બાદ ચીનાઓ ઉદારમતવાદી તથા લોકશાહીનું માનસ ઉભું થયું. ચીનની બહાર ગયેલા લોકોમાં અને વિપર્થીઓમાં ક્રાંતિની હવા ફેલાવા માંડી તથા પોતાની સ્થિતિનો ખ્યાલ આવ્યો. તેઓ જૂની પૂરાણી વ્યવસ્થાનો ત્યાગ કરી આધુનિક વ્યવસાય તરફ આકર્ષાયા. વળી કોન્ફીસીયસની ફિલસૂફી જે તે સમયે ચીન માટે હિતકારક હતી પરંતુ કોન્ફીસીયસના સિધ્ધાંતો ઝડપથી પરિવર્તિત થતી પરિસ્થિતિ અને તેનાથી ઉદ્દભવતા પ્રશ્નોનો ઉકેલ લાવી શકે તેમ ન હતાં. મંચુ રાજાશાહીએ મહત્ત્વના સુધારાઓના અમલને લાંબા સમય સુધી થંભાવી દઈને ચીનના સમાજને જડ બનાવી દીધો હતો. તેથી જૂના સામાજીક માળખાને ઉખેડી સમાજને આધુનિક બનાવવા માટે ક્રાંતિ અનિવાર્ય બની હતી.*

### 13.2.2.5 સુધારાઓની નિષ્ફળતા

*બોક્સર બળવા બાદ મંચુ સરકાર ચીનમાં સુધાર આપવા માટે તત્પર બની. વળી જ્યાં સુધી ચીન આધુનિકતાને ચીનમાં પ્રવેશવા દેશે નહીં ત્યાં સુધી ચીનનું આધુનિકરણ શકય નથી. પરિણામે વિધવા રાજમાતા ત્ઝુ-હસીએ સુધારાઓનો વિસ્તૃત કાર્યક્રમ અમલમાં મૂકયો. શિક્ષણ લશ્કર અને વહીવટીતંત્રમાં મહત્ત્વના સુધારા કરવામાં આવ્યા. રાજમાતાના અવસાન પછી ગાદી પર આવેલ મંચુ રાજકુમાર કૂ-ચીએ સુધારાનો કાર્યક્રમ ચાલુ રાખ્યો. સમગ્ર ચીન માટે રાષ્ટ્રીય મહાસભા સ્થાપવામાં આવી તથા ઉગ્રવાદીઓ બહુમતિમાં હતા. જયાં વધારે સુધારાઓની માંગણી કરી તેઓ ચીનમાં સંસદીય પ્રકારની સરકાર મેળવવા આતુર હતા પરંતુ મંચુ રાજાઓએ આ માંગણીનો અસ્વીકાર કર્યો. પરિણામે રાજકીય અસંતોષ તીવ્ર બન્યો. આમ સુધારાની નિષ્ફળતા ચીનની ક્રાંતિનું અગત્યનું કારણ હતું.*

### 13.2.2.6 ડૉ.સૂન-યાત-સેનનો ફાળો

*ચીનની રાજયક્રાંતિમાં ડૉ.સુન-યાત-સુનનો ફાળો અદ્વિતિય હતો. તેમની નેતાગીરી હેઠળ મંચૂ રાજાશાહીને ખતમ કરવા માટે બુધ્ધિજીવી વર્ગ ક્રાંતિ તરફ વળ્યો હતો. 1895માં તેમના નેતૃત્વ હેઠળ કેન્ટોનમાં ક્રાંતિકારીઓએ પ્રથમ બળવો કર્યો પરંતુ તે નિષ્ફળ ગયો. ડૉ.સેન દેશ છોડી ભાગી ગયા. વિદેશોમાં વસતા ચીની લોકો તેમની હિસંગ-ચુંગ-હુઈ નામની સંસ્થાના વિચારોથી ખૂબ જ પ્રભાવિત હતા. જેપાછળથી તુંગ-મેંગ-હુઈ (ક્રાંતિકારી) પક્ષ તરીકે આ સંસ્થા ઓળખાઈ. જેનો ઉદ્દેશ્ય નિર્બળ મંચુ*

*રાજાશાહીનો અંત તથા ચીનમાં પ્રજાતંત્રની સ્થાપનાનો હતો. ડૉ.સેન ક્રાંતિકારી હતા અને તેમના વિચારોથી પ્રભાવિત થઈને ચીનની પ્રજાએ* 1906, 1908 *અને* 1911*માં ક્રાંતિ કરી. આમ* 1911*ની ક્રાંતિમાં ડૉ.સેનના વ્યક્તિત્વ અને તેમના વિચારોનો મોટો ફાળો હતો.*

### 13.2.3 આર્થિક કારણો

#### 3.2.3.1 વસ્તીવધારો અને કુદરતી આફતો :

1911*ની ચીન વસ્તી વધીને* 43 *કરોડે પહોંચી વસ્તીવધારાથી ચીનની આર્થિક હાલત કથળી ''પૂર્વજોના સુખ માટે વધુમાં વધુ પુત્રો જરુરી છે'' એવી ચીનના લોકોની ધાર્મિક માન્યતાને લીધે ચીનમાં વસ્તી વધતી જતી હતી પરંતુ તેટલા પ્રમાણમાં ખેતીયોગ્ય જમીનોનો વિકાસ થયો ન હતો તથા ઉત્પાદન વધારવા માટે યાંત્રિક સાધનો કે વૈજ્ઞાનિક પધ્ધતિનો ઉપયોગ થતો ન હતો. પરિણામે વસ્તી ભૂખમરાથી પીડાતી હતી.* 1910-11*માં ભયંકરપૂર અને દુષ્કાળને પરિણામે પરિસ્થિતિ વધારે તંગ બની. મધ્યચીન પ્રાંતોમાં આવેલું પૂર છેલ્લા* 40 *વર્ષમાં સૌથી વધારે વિકરાળ હતું.* 7 *પ્રાંતના* 30 *લાખ લોકો બેઘર બન્યા તથા ભૂખથી મરી રહ્યા હતા. આવીપરિસ્થિતિમાં અસંતોષ ખૂબ વધી જવા પામ્યો. જેણે ક્રાંતિનો માર્ગ લીધો.*

#### 13.2.3.2 ભારે અને અસહ્ય કરવેરા

*ભારે અને અસહ્ય કરવેરા દ્વારા ચીની પ્રજાનું શોષણ થઈ રહ્યું હતું. આવા સમયે આધુનિક ઢબે લશ્કરી પુર્નરચના, વિદેશી સત્તાઓની ભારે દંડ વસુલાત, નવી રેલ્વે લાઈનોનું નિર્માણ, શૈક્ષણિક સુધારા વગેરેને લીધે મંચુ સરકારે પ્રજા પર કરવેરા ખૂબ જ વધાર્યા. વળી, વિદેશીઓને ચીનમાં કરવેરા ઉઘરાવવાનો અધિકાર હોવાથી ચીની પ્રજાનું મોટા પાયા પર શોષણ થતું. ભારે કરબોજથી પીડાતી ચીનની પ્રજાએ મંચુ સરકાર સામે ક્રાંતિનો માર્ગ અપનાવ્યો.*

#### 13.2.3.3 વિદેશીઓ દ્વારા ચીનનું આર્થિક શોષણ

*વિદેશી સત્તાઓએ વિવિધ સંધિઓ કરી ચીનના વિવિધ બંદરો પર અધિકાર મેળવી ચીનનો વેપાર છીનવી લીધો. પશ્ચિમી મહાસત્તાઓ તથા જાપાને ચીનના ઉપેગોમાં મોટા પાયે મૂડી રોકાણ કરીને ચીનની ભલાઈને નામે પોતાની ભલાઈ કરી હતી. વળી અમેરિકાની 'ખુલ્લાદ્વારની નીતિ' દ્વારા દરેક વિદેશી સત્તાઓ સાથે મળી ચીનને સરખે ભાગે લૂટવાનું ચાલુ કર્યું. ચીનમાં પાશ્ચાત્ય આર્થિક સામ્રાજ્યવાદનો મૂખ્ય હેતુ કંપનીઓની વ્યાપારિક સુવિધાઓ અને આર્થિક લાભ લેવાનો હતો. મંચુ શાસકો પાશ્ચાત્ય દેશોના શોષણમાંથી ચીનને મુક્ત કરાવવા સમર્થ ન હતા. પરિણામે ચીની પ્રજાએ ક્રાંતિ દ્વારા વિદેશીઓની શોષણનીતિમાંથી મૂક્ત થવા માર્ગ લીધો.*

### 13.2.3.4 મહાસત્તાઓની સહાય

*ચીને પોતાના ઉપેગોના વિકાસ માટે વિદેશી સત્તાઓ પાસેથી મોટા પાયા પર લોન લીધી. વિદેશી કંપનીઓને રેલ્વેના કોન્ટ્રાકટ આપ્યા તથા ખાણો, બંદરો પર વિદેશી કંપનીઓનું વર્ચસ્વ સ્થપાયું. અલગ-અલગ સંધિયા દ્વારા વિદેશી કંપનીઓને 69 બંદરો આપ્યા. અહીં ''આંતરરાષ્ટ્રીય સહયોગ દ્વારા પાંચ મહાસત્તાઓએ ચીનને ઉદાર શરતોથી સહાય કરવાનું સ્વીકાર્યું પણ હકીકતમાં તો આ પાંચેય મહાન રાષ્ટ્રોએ 30 કરોડની વસ્તી ધરાવતા ચીનમાં લૂંટ જ ચલાવી હતી.''*

### 13.2.4 સામાજિક કારણો

### 13.2.4.1 ચીનીઓની રૂઢીચુસ્ત વર્ગ વ્યવસ્થા :

*પંડિતો, ખેડૂતો, શિલ્પીઓ, વ્યાપારીઓ અને સેવકો એમપાંચ વર્ગોમાં ચીની સમાજ વિભકત હતો. ચીનીઓનું સામાજિક જીવન પ્રાચીન રૂઢિઓ પર આધારિત હતું. ચીનમાં પિતૃપૂજા તથા સંયુકત કુટુંબપ્રથા હતી. આથી તેઓ નોકરી, ધંધા માટે બહાર જતા નહીં. કુટુંબોનું કદ વધવાથી જે જમીનો હતી તેમાં સંયુકત કુટુંબનું ભરણ પોષણ મુશ્કેલ બન્યું જેથી તેઓ ભૂખે મરતા કુટુંબમાં પુત્રી ભારરૂપ ગણાતી. સમાજમાં બહુપત્નીત્વનો રિવાજ પ્રચલિત હતો. ઉમરાવ અને ધનીકો અનેક પત્નીઓ રાખતા. વળી સમાજમાં બાળલગ્નોનું પ્રમાણ વધુ હતું. સમાજમાં અંધશ્રધ્ધા, કુરિવાજો, વહેમો ઘર કરી ગયા હતા. શિક્ષણનું પ્રમાણ નહીંવત હતું. આમ ચીનાઓની આવી જડતાને લીધે ધીમે-ધીમે પાશ્ચાત્ય દેશોનો સંપર્ક વધતા તેઓ જાગૃત બન્યા અને પોતાના અધિકારો માટે ક્રાંતિનો માર્ગ પકડ્યો.*

### 13.2.4.2 પાશ્ચાત્ય દેશોની અસરથી સામાજીક જીવનમાં પલટો

*વિદેશી સત્તાઓના સંપર્ક બાદ ચીનાઓનું સામાજીક જીવન ખૂબ જ ઝડપી. પરિવર્તિત થયું. પાશ્ચાત્ય જ્ઞાન- વિજ્ઞાન, શિક્ષણ દાખલ થતાં ચીનમાં વ્યકિત સ્વાતંત્ર્યનો વિકાસ થયો. જેમાં ચીનના યુવક-યુવતીઓ વિદેશોમાં શિક્ષણ લેતા થયા. તેમની રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું. મંચુ રાજાઓના સમયમાં પુરુષો માથે ચોટી રાખતા. જેઓ હવે પશ્ચિમી ઢબના પહેરવેશ, કપડા, વાળ રાખતા. જીવનધોરણમાં પરિવર્તન આવ્યું. જૂની શિક્ષણ પધ્ધતિના બદલે નવી ઢબની શાળા-કોલેજ સ્થપાઈ. જૂના વર્ગોનો અંત આવ્યો. આમ, પાશ્ચાત્ય શિક્ષણ પધ્ધતિ અને વિચારોથી ચીનના સામાજિક-સાંસ્કૃતિક જીવનમાં ધરમૂળથી ફેરફારો થયા.*

### 13.2.4.3 ચીની પ્રજામાં રાષ્ટ્રવાદ અને દેશદાઝની ભાવના પ્રગટી

*પાશ્ચાત્ય શિક્ષણ અને વિચારોથી પ્રભાવિક ચીની યુવાનોમાં મંચુ શાસકોની નિર્બળતા માટે ભારોભાર અસંતોષ પ્રવર્તતા હતા. વળી ચીનાઓને સમજાયું કે વિદેશી*

સત્તાઓ ચીનની ભલાઈના નામે ભારોભાર શોષણ કરી રહ્યા હતી. શિક્ષિત લોકોએ ચીનને આ પરિસ્થિતિમાંથી ઉગારવા માટે વિવિધ ક્રાંતિકારી સંગઠનો સ્થાપ્યા. લોકોમાં એકતા, રાષ્ટ્રવાદ અને દેશદાઝની ભાવના જાગૃત થઈ. પરિણામે વિદેશીઓને ચીનમાંથી હાંકી મૂકવા વિદ્રોહ શરૂ થયો. પરિણામે ચીનના રાષ્ટ્રવાદીઓએ ડૉ.સુન-યાત-સેનના નેતૃત્વ નીચે ઈ.સ.1911માં ક્રાંતિ કરી. મંચુ રાજાઓએ ગાદીનો ત્યાગ કર્યો. ત્યારબાદ ચીનમાં પ્રજાસત્તાક રાજ્યની સ્થાપના થઈ.

### 13.2.4.4 બૌધ્ધિક જાગૃતિ :

20મી સદીની શરૂઆત થતાં ચીનમાં વિદેશી શિક્ષણ સંસ્કૃતિનો પ્રભાવ શરૂ થયો. ચીનની સમસ્યાઓ સામે અવાજ ઉઠાવવા વિવિધ સંગઠનોએ પત્રિકાઓ બહારપાડી. 1898 સિંગ-ઈ-પાઓ (લોકમત) 1902માં સિન-મિસ-ત્સુંગપાઓ (રાષ્ટ્રીય આત્મા) નામની પત્રિકાઓનું પ્રકાશન શરૂ કર્યું. થાંગત્સાહે હેનાન પ્રાંતમાં ત્સુ-લી-હુઈ (સ્વતંત્ર સમાજ)ની સ્થાપના કરી. જેણે 1900માં હુઈઓ સાથે હાથ મીલાવી હાંકોમાં બળવો કર્યો. 1904માં શયા-શિંગ-હૂઈની સ્થાપના કરી આંદોલન કર્યું. જેમાં સૈનિકો, અધિકારીઓ, વિપર્થીઓ તથા અન્ય ગુપ્ત સંગઠનો જોડાયા. આમાં સેનની તુગ-મેંગ-હુઈ નામની સંસ્થા સૌથી લોકપ્રિય હતી. જે સંસ્થા મિનપાઓ (લોકપત્રિકા) બહારપાડી જેમાં ચીનની ધીમી આર્થિક ગતિનો ત્યાગ કરી પશ્ચિમના દેશો સાથે કદમ મિલાવવાની વાત કરાઈ. જેમાં પશ્ચિમની સાહિત્યના સ્વતંત્ર પ્રિય વિચારો પ્રસ્તુત કરતા પુસ્તકોનું ચીની લેખકોએ અનુવાદ કર્યો. જેમાં લિન-શુએ ‘‘ડિફેન્સ’’ પશ્ચિમ લેખક સ્કોટના ઉપન્યાસોનો અનુવાદ યેંન ફૂએ ટી.એચ.હક્સલેના ‘‘ઈવોલ્યુશન એન્ડ એર્થિક્સ’’ અનુવાદ કર્યો. ઉપરાંત મોન્ટેસ્ક્યુનો ‘‘ધી સ્પીરીટ ઓફ લોઝનો અનુવાદ કર્યો હતો.’’ આ ગ્રંથોમાં રજૂ થયેલા આર્થિક અને રાજકીય સ્વતંત્રતાના વિચારો ચીની પ્રજાએ આત્મસાત્ કર્યો. આમ, લેખકોના લેખોએ પ્રજાના પ્રશ્નોને વાચા આપી.

### 13.2.4.5 મિશનરી પ્રવૃત્તિઓ

પંડિત નહેરુના મતે ‘‘ચીનની ઘણીખરી આપિત્તઓ અને મુસીબતો માટે એક યા બીજી રીતે આ મિશનરીઓ કારણભૂત હતી. ચીનીઓ માનતા હતા કે મિશનરીઓએ ધર્મભાવના કે ભલાઈના દૂત નહી પણ સામ્રજ્યવાદના આડતિયા હતા.’’ ચીનીઓ ચીનની દરેક મુસીબતમાં કોઈ ને કોઈ રીતે મિશનરીનો હાથ હોવાનું માનતા, જેથી મિશનરીઓ પ્રત્યે તિરસ્કાર અને ધિક્કારની ભાવના ધરાવતા કારણ કે ચીનમાં ખ્રિસ્તી ધમર્ને કાયદેસર છૂટ મળ્યા બાદ તેઓ ચીની પરંપરાઓનું જાહેરમાં મિશનરીઓ દ્વારા અપમાન કરવામાં આવતું. પાદરીઓ દ્વારા ચીનીઓની પિતૃપૂજાનીપરંપરાની અવગણના કરી નિંદા કરાતી. આથી સમાજમાં મિશનરીઓ પ્રત્યે અસંતોષ ફેલાયો. અદાલતોમાં હસ્તક્ષેપ વંટાળ પ્રવૃત્તિ જેવી મિશનરી પ્રવૃત્તિઓનો ચીની પ્રજાએ સખત વિરોધ કર્યો.

### 13.2.5 તાત્કાલિક કારણ

**13.2.5.1 રેલ્વે પ્રભુત્વનો પ્રશ્ન અને હેન્કાઉનો બોમ્બ વિસ્ફોટ :**

1911*ની ચીનની ક્રાંતિનું પ્રત્યક્ષ અને તાત્કાલિક કારણ પેકિંગની મંચુ સરકારની રેલ્વે નીતિ હતી. મંચુ સરકારની મંજૂરીથી કેટલીક વિદેશી કંપનીઓએ ચીનમાં રેલ્વે નિર્માણ કરી રહી હતી. પ્રાંતિય ગવર્નરો રેલ્વે બાંધકામ તથા નિર્માણ બાદ પોતાનું વર્ચસ્વ ઈચ્છતા હતા. મંચુ સરકારે વિદેશો પાસેથી પુષ્કળ લોન કરી હતી તથા પોતાનું વર્ચસ્વ ઈચ્છતી હતી. જેથી રેલ્વે નીતિ પ્રત્યે કેન્દ્ર તથા પ્રાંતો વચ્ચે મતભેદો ઉભા થયા. પરિણામે અનેક સ્થળોએ વિદ્રોહ થયો. મંચુ સરકારે વિદેશી તાકતના બળે વિરોધી નેતાઓની ધરપકડો કરી સજા કરી. આમ છતાં વિદ્રોહ દબાવી ન શકાયો અને બળવાએ ક્રાંતિનું રૂપ ધારણ કર્યું. આથી લી-ચીન-તુંગ જેવા વિદ્વાનો ''*1911*ની રાજયક્રાંતિનું તાત્કાલિક કારણ રેલ્વે માર્ગના સરકારીકરણની નીતિને ગણે છે.'' વળી* 10*મી ઓક્ટોબર,* 1911*માં હેન્કાઉ પ્રાંતમાં રશિયન વસ્તીવાળા એક મકાનમાં બોમ્બ વિસ્ફોટ થયો. આ મકાન ક્રાંતિકારીઓનો અડ્ડો તથા છૂપું શસ્ત્રાગાર હતું. પોલિસે લશ્કરના કેટલાંક સૈનિકો પર શંકાશીલ બની તેમની ધરપકડ કરી. પરિણામે લશ્કરમાંના ક્રાંતિકારી સૈનિકોએ કર્નલ લી-યૂઆન-હુંગના નેતૃત્વ હેઠળ બળવો કર્યો. સૈનિકોએ વુંચાંલ પર પોતાનો કબ્જો કરી લીધો. રાષ્ટ્રભરમાં મંચુ સરકાર વિરુધ્ધ બળવો કરવાનું એલાન કર્યું. કિસાનો, મજૂરો તથા નિવૃત્ત સૈનિકો તેમાં જોડાયા. નવેમ્બર,* 1911*સુધીમાં ચીનના* 18 *પ્રાંતોમાં સ્વતંત્રતાની જાહેરાત કરાઈ જે ક્રાંતિ માટે તાત્કાલિક કારણ બન્યું.*

1. *ચીની ક્રાંતિના પરિણામો :*

2. *ચીની ક્રાંતિનું તાત્કાલિક કારણ :*

3. *ચીની ક્રાંતિના રાજકીય તથા આર્થિક કારણો આપો.*

## 13.3 ચીનની ઈ.સ.1911ની ક્રાંતિના પરિણામો

### 13.3.1 મંચુ રાજાશાહીનો અંત :

*ઈ.સ.1911ની ચીનની ક્રાંતિ મુખ્યત્ત્વેરાજકીય ક્રાંતિ હતી અને તેનું સ્વરૂપ પણ રાજકીય હતું. ચીનમાંથી નિર્બળ રાજાશાહી ખતમ કરવાના હેતુથી જ આ ક્રાંતિ થઈ હતી અને ક્રાંતિ બાદ 267 વર્ષ જૂની આપખુદ અને રૂઢીચુસ્ત મંચુ રાજાશાહીનો અંત આવ્યો જેથી 12મી ફેબ્રુઆરી 1912ના રોજ મંચુ સરકાર તરફથી પદત્યાગ અંગેનું ઘોષણાપત્ર બહારપાડવામાં આવ્યું. ર્ડા.હેરાલ્ડના મતે મંચુ રાજવંશને પ્રાપ્ત એવા 'ઈશ્વરીય શાસન આદેશ'નો અંત આવ્યો.*

### 13.3.2 પ્રજાસત્તાક રાષ્ટ્રની સ્થાપના

*1911ની ક્રાંતિના પરિણામે ચીનમાં પ્રજાસત્તાકની સ્થાપના થઈ. યૂઆન-સી-કાઈને રાજયતંત્રની ધુરા મળી જે ચીનના પ્રમુખ તરીકે ચૂંટાયા. 1911 ની ચીનની ક્રાંતિએ ચીનના ઈતિહાસની શકવર્તી ઘટના હતી જે માત્ર ચીનની જ નહીં પરંતુ સમગ્ર એશિયાના ઈતિહાસમાં એક મહત્ત્વપૂર્ણ ઘટના હતી કારણ કે ચીનમાં સ્થપાયેલ પ્રજાસત્તાક એ એશિયાના વિશાળ મહાદ્વીપમાં પ્રથમ પ્રજાસત્તાક રાષ્ટ્ર હતું.*

### 13.3.3 કુઓ-મિન-તાંગ પક્ષની સ્થાપના

*ઈ.સ.1905માં 'તુંગ-મેંગ-હુઈ' નામના ક્રાંતિકારી પક્ષની સ્થાપના ર્ડા.સુન-યાત-સેને કરી હતી જે 1912માં ક્રાંતિ પછી અન્ય પ્રજાતંત્રીય દળોની સાથે ભેગા મળીને 'કુઓ-મિન-તાંગ' નામના નવા રાષ્ટ્રીય પક્ષ તરીકે ઓળખાયો.*

*આપક્ષ દ્વારા ચીનમાં એકતા સ્થપાઈ. આ પક્ષે પાયાના ત્રણ પાયાના સિધ્ધાંતો આપ્યા જેમાં રાષ્ટ્રવાદ, લોકશાહી અને લોકોની આજીવીકા મહત્ત્વની હતી. ચીનના ભાવિ ઘડવૈયાઓ માટે આ સિધ્ધાંતોએ એક વૈચારિક ભૂમિકા પૂરી પાડી. આમ 'કુઓ-મિન-તાંગ' પક્ષની સ્થાપના એ ચીની ક્રાંતિની મૂલ્યવાન ભેટ બની રહી.*

### 13.3.4 ચીન ખુદ પોતાની સ્થિતિનું સ્વામી બન્યું

*1911ની ક્રાંતિ બાદ ચીને વિશ્વ સમક્ષ બેધડક એ જાહેરાત કરી દીધા કે, હવે ચીન ખુદ પોતાની સ્થિતિનું માલિક છે. મંચુ શાસનનો અંત આવતા ચીનમાંથી જડ રૂઢીવાદે વિદાય લીધી. વળી પાશ્ચાત્ય શિક્ષણના પ્રભાવથી તેમની વિચારસરણી અને રહેણીકરણીમાં પરિવર્તન આવ્યું. તેમનામાં રાષ્ટ્રવાદ જાગૃત થતા ર્ડા.સેનના નેતૃત્વમાં પોતાના શોષણ સામે વિદેશી સત્તાઓના પ્રતિકાર કરવા માટે તત્પર બન્યા.*

### 13.3.5 ચીનનું આધુનિકતા તરફનું પ્રયાણ :

*ચીનમાં ઈ.સ.1911ની ક્રાંતિવાદ મંચુ રાજાશાહીને સ્થાને પ્રજાસત્તાકની સ્થાપના થઈ તથા બે હજાર વર્ષ જૂની કન્ફ્યુશિયસવાદી ધર્મમિશ્રિત એકતંત્રી શાસનપ્રણાલીનો અંત આવ્યો. ચીનાઓએ અનુભવ્યું કે તેમના પછાતપણા તથા આર્થિક દુર્દશા માટે પરંપરાગત રૂઢીવાદ જવાબદાર હતો. પરિણામે ક્રાંતિએ પરંપરાગત રૂઢિવાદની વિરુધ્ધ આધુનિકતાના સંઘર્ષનું સ્વરૂપ ધારણ કર્યું. આમ ક્રાંતિ દ્વારા ચીનમાં આધુનિક પ્રગતિશીલ યુગના મંડાણ થયા.*

### 13.3.6 યુઆન-શી-કાઈ પ્રજાસત્તાક રાષ્ટ્રના વડા તરીકે

*12 ફેબ્રુઆરી 1912ના રોજ મંચુ સરકાર તરફથી પદત્યાગનું ઘોષણાપત્ર આવ્યા બાદ ચીન માટે પ્રજાતંત્રના દ્વાર ખુલી ગયા. ડૉ.સુન-યાત-સેન વાયદા મુજબ ક્રાંતિકારી સરકારનું પ્રમુખપદ ત્યાગ્યું. પરિણામે 14 ફેબ્રુઆરીના રોજ ક્રાંતિકારી સભાએ યુઆન-શી-કાઈને ચીન પ્રજાસત્તાકના પ્રમુખ કે રાષ્ટ્રપતિ તરીકે ચૂંટી કાઢ્યા. કુશળ રાજનીતિજ્ઞ તરીકે તેમણે અનેક સુધારાઓ દાખલ કર્યા.*

1. *ચીની ક્રાંતિના પરિણામો*

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

2. *યુ.એન.શી.કાઈ પ્રજાસત્તાક રાષ્ટ્રના વડા તરીકે*

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

 ______________________________________________

## 13.4 ડૉ.સુન-યાત-સેન

### 13.4.1 પ્રારંભિક કારકિર્દી

*ડૉ.સુન-યાત-સેનનો જન્મ 12 નવેમ્બર1866ના રોજ દક્ષિણ ચીનના કેન્ટોન પ્રાંતમાં થયો હતો. તેમનું બાળપણનું નામ સુંગ-વેંગ હતું. તેમણે 1879 થી 1882 સુધી પાશ્ચાત્ય ઢબની કેળવણી પ્રાપ્ત કરી. અંગ્રેજી કેળવણીને લીધે ડૉ.સુન-યાત-સેન આધુનિક વિશ્વના વિચારોને સારી રીતે સમજી શક્યા. 1892માં તેમણે ડૉક્ટરની પદવી પ્રાપ્ત કરી. પાશ્ચાત્ય દેશોની પ્રગતિનો તેમણે અભ્યાસ કર્યો. વિદેશીઓની એડી નીચે કચડાતા પોતાના દેશનો ઉધ્ધાર કરવાનો ત્યાં જ તેમણે દ્રઢ નિર્ણય લીધો. શરૂઆતમાં તેમણે પોતાના જેવા વિચારો ધરાવતા યુવાનોનું જૂથ ઉભું કર્યું અને આંદોલનો શરૂ કર્યા.*

*ઈ.સ.1894માં જાપાન સાથેના વિગ્રહ સમયે તેમણે ક્રાંતિકારી દળ ઉભું કર્યું. તેમનો મુખ્ય હેતુ મંચુવંશને ઉથલાવવાનો અને ચીનમાં પ્રજાસત્તાક અને પ્રગતિશીલ રાષ્ટ્રનું નિર્માણ કરવાનો હતો. આ માટે તેમણે 1905માં ટોકીયો ખાતે સમાન ક્રાંતિકારી સંસ્થાઓ એકત્રિત કરી તુંગ-મેગ-હુઈ નામના નવા દળની રચના કરી. આ એક ગુપ્ત સંગઠન હતું જેની 10 જેટલા પ્રાંતોમાં શાખાઓ ખોલી. તેના મુખપત્ર 'મિન-તાઓ' માં ડૉ.સેને પોતાના ક્રાંતિ વિષયક વિચારો રજૂ કર્યા. આ પક્ષે 1911ની ક્રાંતિ સર્જવામાં મહત્ત્વનો ભાગ ભજવ્યો.*

### 13.4.2 ડૉ.સેનના ક્રાંતિકારી દળની પ્રવૃત્તિઓ

*ડૉ.સેને પોતાના પક્ષને રાષ્ટ્રીય સ્વરૂપ આપવા તેનું નામ બદલી 'કુઓ-મિન-તાંગ' રાખ્યું. જેમાં કુઓનો અર્થ દેશ, મિનનો અર્થ જનતા અને તાંગનો અર્થ પક્ષ થાય છે. ટૂંકમાં 'કુઓ-મિન-તાંગ' એટલે 'રાષ્ટ્રીય પક્ષ'. ડૉ.સેન તથા પક્ષના અનુયાયીઓ રશિયન સામ્યવાદી વિચારસરણીના સંપર્કમાં આવ્યા પરંતુ ડૉ.સેનને સામ્યવાદી પક્ષની વિચારસરણી કરતાં તેની કાર્યવાહી વધારે ગમી. વળી તેમને ચીનના ઉત્કર્ષ માટે લોકશાહી પધ્ધતિ જ વધારે અનુકૂળ લાગતી. હવે તેમણે કુઓ-મિન-તાંગ પક્ષને રાષ્ટ્ર વ્યાપી બનાવવા લાગ્યા. દેશભરમાં પક્ષની શાખાઓ સ્થાપી. પક્ષના કાર્યક્રમો જાહેર કર્યા. ૧૯૨૪માં તેનું સૌ પ્રથમ રાષ્ટ્રીય અધિવેશન ભરવામાં આવ્યું જેના પ્રમુખ તરીકે ડૉ. સેન ચૂંટાયા. આ પક્ષના સિધ્ધાંતો રાષ્ટ્રવાદી, લોકશાહી, જનતાની આર્થિક ઉન્નતિ તથા ચાવીરૂપ ઉપેગોનું રાષ્ટ્રીયકરણ હતું. આ ત્રણ સિધ્ધાંતોને 'શાન-મિન-શુ-આઈ' તરીકે ઓળખાયા. આ દળોની પ્રવૃત્તિઓ ચીનમાંથી રાજાશાહીનો અંત, ચીનમાં પ્રજાસત્તાકની સ્થાપના, વિશ્વશાંતિ, રાષ્ટ્રવાદ, જાપાન સાથે સહકાર અને ચીનને ક્રાંતિ માટે તૈયાર કરવાનો હતો.*

### 13.4.3 ચીનની ક્રાંતિમાં ડૉ.સુન-યાત-સેનનો ફાળો

*ચીનની રાજ્યક્રાંતિમાં ડૉ. સુન-યાત-સેનનો ફાળો અદ્વિતીય હતો. તે 1894માં ક્રાંતિકારી આંદોલનમાં જોડાયા અને રાજતંત્ર વિરોધી બન્યા. 1895માં તેમની નેતાગીરી નીચે કેન્ટોનમાં ક્રાંતિઓએ પ્રથમ બળવો કર્યો. પરિણામે તે મંચુ સરકારની નારાજગીનો ભોગ બન્યા. તેમણે જાપાનમાં નાસી જઈને 'નાકાયામા' નું બનાવટી નામ ધારણ કરીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓ ફરીથી શરૂ કરી. વિદેશોમાં રહીને તે ચીનના ઉત્થાનનું કાર્ય કરતા હતા. 1900માં 'બોક્સર આંદોલને' ઉભી કરેલી પરિસ્થિતિનો લાભ લઈને તેમણે ફરીથી બળવાનું આયોજન કર્યું. પરંતુ તેમાં તેમને સફળતા મળી નહીં. 1905માં 'તુંગ-મેંગ-હુઈ' નામના નવા પક્ષની સ્થાપના કરી જે પાછળથી 'કુઓ-મિગ-તાંગ' પક્ષ તરીકે પ્રચલિત બન્યો. જ્યાં ડૉ.સુન-યાત-સેન ચીનની રાષ્ટ્રીય ચળવળમાં રહેલા સમગ્ર આદર્શવાદના અને નવનિર્મિત ક્રાંતિકારી તત્વોના મૂર્તિમંત પ્રતીક બની ગયા હતા. 21મી સદીના ચીનના બે પથદર્શક હતા. ચીનને એક અખંડ, સાર્વભૌમ બળવાન રાષ્ટ્ર બનાવવા તેમણે જીંદગીના છેલ્લા શ્વાસ સુધી પ્રયત્નો કર્યા. ચીનનું એક રાષ્ટ્ર તરીકે સર્જન*

*તથા દુનિયાના રાજકારણમાં તેની સ્વીકૃતિ ડૉ. સેનને આભારી છે. ડૉ. સેનના પ્રવચનોનું સંકલન એ આ પક્ષનું બાઈબલ મનાય છે. ચીનની ક્રાંતિના ડૉ. સેન પિતા મનાય છે. ચીનના ઈતિહાસમાં ડૉ.સેનનું સ્થાન ભારતમાં મહાત્મા ગાંધી, ઈટાલીના મેઝીની, કાવુર, ગેરીબાલ્ડી તથા રશિયાના લેનિન જેવું મનાય છે.*

### 13.4.4 અવસાન

*ઈ.સ.*1923 *બાદ ડૉ.સુન-યાત-સેન અને તેમના સ્વયંસેવક દળ વચ્ચે જબરદસ્ત સંઘર્ષ થયો. આ સંઘર્ષમાં આખરે ડૉ. સુન-યાત-સેનનો વિજય થયો. પરંતુ અનુયાયીઓની અને સંગઠનની એકતાની ભાવના કાયમ માટે ખતમ થઈ ગઈ. પરિણામે ડૉ.સુનને ભયંકર નિરાશા સાંપડી. ઈ.સ.*1925*માં* 59 *વર્ષની ઉંમરે કેન્સરની વ્યાધિને લીધે આ મહામાનવનું અવસાન થયું. ચીનના લોકોને જયારે તેમની ખૂબ જરૂર હતી ત્યારે તે ચાલ્યા ગયા. તેઓ ખરેખર ચીનના રાષ્ટ્રપિતા હતા.*

1. *ડૉ.સૂન-યાત-સેનનો ફાળો*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

2. *ડૉ.સૂન-યાત-સનેની પ્રારંભિક કારિકર્દી*

______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________
______________________________________________

- **તમારી પ્રગતિ ચકાસો**
- **ટૂંકમાં જવાબ આપો.**

(1) 1911*ની ચીની રાજ્યક્રાંતિ સમયે ચીનમાં કયા વંશનું શાસન હતું ?*
(2) 1911 *ચીનીક્રાંતિ સમયે મુખ્ય યક્ષ કયો હતો ?*
(3) 1911 *ચીનીક્રાંતિ ક્રાંતિનો આરંભ કયા બનાવથી થયો ?*
(4) *ડૉ.સુન-યાત-સેન કોણ હતા ?તેમનો ધ્યેય શું હતો ?*
(5) *ચીનમાં અમેરિકાએ કઈ નીતિ અપનાવી હતી ?*
(6) *ઈ.સ.*1905*માં ચીનમાં સ્થપાયેલ પક્ષ.*
(7) 1902*માં સ્થપાયેલ ‘સિન-ગિસ-ત્સુંગપાઓ’ પત્રિકાનો અર્થ શું થાય ?*

### 13.5 સમાપન

*વિદેશી સેવાઓ દ્વારા અપમાનિત તેમજ પરાધિન થયેલ ચીનમાં* 10*મી સદીની શરૂઆતમાં રાષ્ટ્રવાદનો ઉદય થયો. પાશ્ચાત્ય સત્તાઓની લાલસા તેમજ મંચુ શાસકોના*

નિર્બળ અને દેશ વિરોધી કાર્યોએ ચીની પ્રજામાં રાષ્ટ્રવાદને જન્મ આપ્યો. 1911 થી 1919 ની વચ્ચે તીવ્ર ચીની રાષ્ટ્રવાદે જાપાનની 21 માંગણીઓનો સખત વિરોધ કર્યો. ચીનના સંસાધનો પ્રાપ્ત કરવા તલપાપડ થયેલ જાપાની સામ્રાજ્યવાદથી ચીનના લોક હચમચી ઉઠ્યા તથા રાષ્ટ્રીયતાની ભાવના સર્વોચ્ચ કક્ષાએ પહોંચી. ચીનમાં ઉદ્દભવેલા રાષ્ટ્રવાદે જાતિ તેમજ વર્ગના ભેદભાવ ભૂસી નાખ્યા. વળી ડૉ.સુન-યાત-સેન જેવા દેશભકતોના માર્ગદર્શનના વેપારીઓ, બૌધ્ધિકો, વિપર્થીઓ અને સૈનિકો બહારના દુશ્મન સામે લડવા એક બન્યા. પ્રબળ રાષ્ટ્રીયભાવના સાથે વિવિધ ચળવળોએ લોકોમાં સામાજિક, સાંસ્કૃતિક તેમજ રાજકીય પરિવર્તનની પ્રેરણા પૂરી પાડી. જે અંતે 1911ની ચીનની ક્રાંતિમાં પરીવર્તીત થઈ સફળ નીવડી.

## 13.6 ચાવીરૂપ શબ્દો (Key words)

- કુગ-ચીન-હુઈ : એક સાથે આગળ વધો
- વેન-રવેહ-સે : સાહિત્ય સંઘ
- મિનપાઓ : લોકપત્રિકા
- કુઓ-મિન-તાંગ : ચીનની ક્રાંતિનો મુખ્ય ક્રાંતિકારી પક્ષા

## 13.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબ

1. મંચુ રાજવંશ
2. કુઓ-મિન-તાંગ પક્ષા
3. 10 ઓક્ટોબર, 1911ના રોજ હૈનકાઉની રશિયન
4. ડૉ.સુન-યાત-સેન ચીન પ્રજાતંત્રના સ્થાપક હતા. તેમનો મુખ્ય ધ્યેય ચીનમાંથી મંચુ રાજાશાહીનો અંત આણી પ્રજાસત્તાક સ્થાપવાનો હતો.
5. ખુલ્લા દ્વારની નીતિ
6. તુંગ-મેંગ-હુઈ
7. રાષ્ટ્રીય આત્મા

## 13.8 સંદર્ભ સૂચિ


1. ડૉ.ધારૈયા, ડૉ.કોરાટ વગેરે : આધુનિક વિશ્વની ક્રાંતિઓ, સી. જમનાદાસની કંપની, અમદાવાદ
2. પ્રા.શેઠ સુરેશ સી. : વિશ્વની ક્રાંતિઓ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ
3. Croce, Benedetto :2istory of Europe in t2e Nineteent2 Century (Tr. by 2enry Furst, George Allen & Unwin Ltd., London, 1934)
4. Dasgupta, J. and Ray, J. K. : T2e Web of International Relations, from 1919 to Present Day.
   a. (Progressive Publis2ers, Calcutta, 1961)
5. Belloc, 2ilaire : T2e Frenc2 Revolution (T2ernton Butterwort2 Ltd., London, Elevent2 Impression, 1929)

6. Boyd, Andrew and Frances : Western Union (2utc2inson & Co. Ltd., London, 1948)
7. Buss, C. A. : T2e Far East (T2e Macmillan Company, New York, T2ird Printing, 1960)
8. C2ase, Eugene, P. : T2e United Nations in Action (Mcgraw 2ill Book Company, Inc. New York, 1950)
9. C2urc2ill, W.S. : T2e Second World War, Vol. I-III (Cassel & Co. Ltd., London, T2ird Ed., Feb. 1950)
10. Edwards, Mic2ael : Aisa in t2e European Age 1498-1955 (Asia Publis2ing 2ouse, Bombay, First Indian Edition, 1961)
11. Fis2er, 2.A.L. : A 2istory of Europe, Vol. II (T2e Fontana Library, London, Paperback, Fourt2 Impression, 1963)
12. Grant, A. J. and Temperley, 2arold : Europe in t2e Nineteent2 and Twentiet2 Centuries (Longmans, Green and Co. Ltd., London, Revised Sixt2 Ed., 1963)
13. 2obsbawn, E.J. : T2e Age of Revolution (Weidenfeid and Nicolson, London, 1962)
14. Karpinsky, V. : T2e Social and State Sitructure of t2e U.S.S.R. (Foreign Language Publis2ing 2ouse, Moscow, 1949)
15. Marriot, Sir J.A.R. : A 2istory of Europe, 1815-1939 (Mat2uen & Co. Ltd., London, Fift2 Edition, 1966)
16. Panikkar, K. M. : Asia and Western Dominance (Part I-III) (George Allen & Unwin Ltd., 3rd. Impression, 1955)
17. Snyder, L. L. : T2e World in t2e Twentiet2 Century (Eurasia Publis2ing 2ouse Pvt. Ltd., New Del2i)
18. Weec2, W. N. :2istory of t2e World (Od2ams Press Ltd., London)
19. *નહેરૂ, જવાહરલાલ : જગતના ઈતિહાસનું રેખાદર્શન (મૂળ અંગ્રેજીનું ભાષાંતર, નવજીવન પ્રકાશન મંદિર, અમદાવાદ, બીજી આવૃત્તિ, બંને ભાગ એકત્રિત,* 1956)
20. *યોગેશ : ઈટાલિનો રણયજ્ઞ* (Mary Clive Bailey f]ík 'T2e Making of Modern Italy' *નો અનુવાદ)*
21. *જ્ઞાનગંગોત્રી ગ્રંથ*-12, *ક્રાંતિ દર્શન*
22. *ડૉ.પટેલ મંગુભાઈ, વિશ્વ ક્રાંતિઓ અને રાષ્ટ્રીય આંદોલન*
23. *ડૉ.પટેલ મંગુભાઈ, ફ્રન્સ ક્રાંતિ અને નેપોલિયન*
24. *નહેરુ જવાહરલાલ, (અનુવાદ) જગતના ઈતિહાસનું રેખાદર્શન*
25. *ભટ્ટ દેવેન્દ્ર, યુરોપનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ*
26. *શેઠ સુરેશ સી., વિશ્વ ક્રાંતિઓ, ગ્રંથનિર્માણ બોર્ડ*
27. *ફિશર એચ., યુરોપનો ઈતિહાસ ભાગ*-1 *અને* 2*ગ્રંથનિર્માણ બોર્ડ, અનુદેસાઈ કીકુભાઈ*
28. *પ્રો.ડૉ.પી.જી.કોરાટ, પૂર્વ એશિયાનો ઈતિહાસ, ગ્રંથનિર્માણ બોર્ડ*
29. *ડૉ.શુક્લ જે. આર., સોવિયેટ રશિયાનો ઈતિહાસ*
30. *ડૉ.કે.સી.બારોટ, પ્રથમ વિશ્વ યુધ્ધ અને વિશ્વ*

31. રેગે જે. એચ., ફ્રાન્સકી રાજ્ય ક્રાંતિ ઔર નેપોલિયન
32. ઈશ્વરી પ્રસાદ, ક્રાંતિકારી યુરોપ ઔર નેપોલિયન કા યુગ
33. ડૉ.એસ.વી.જાની, અમેરિકાનો સ્વાતંત્ર્ય સંગ્રામ (ગુર્જર ગ્રંથરત્ન, અમદાવાદ)
34. કે.બી.બાજપેયી, સંયુક્ત રાજ્ય અમેરિકા કા ઈતિહાસ

## એકમ -14 ઈ.સ. 1917ની રશિયન ક્રાંતિઃ કારણો અને તેની રશિયા તથા વિશ્વ પર પ્રભાવ

### રૂપરેખા

14.0 ઉદ્દેશો

14.1 પ્રાસ્તાવિક અને રશિયાની ક્રાંતિ વિશે શા માટે વાંચવુ ઉપયોગી છે ?

14.2 ક્રાંતિનાં કારણો / પરિબળો

- 14.2.1 આપખુદ અને અનિયંત્રિત ઝારશાહી
- 14.2.2 અસમાન અને અન્યાયી સમાજવ્યવસ્થા
- 14.2.3 દયનીય ખેડૂતો અને ત્રસ્ત કામદારો
- 14.2.4 અસહિષ્ણુ ધાર્મિક નીતિ.
- 14.2.5 તત્વચિંતકો અને લેખકોનો ફાળો
- 14.2.6 કાર્લ માકર્સના વિચારો અને લખાણો
- 14.2.7 ક્રાંતિનાં તાત્કાલિક કારણો :
  - 14.2.7.1 રૂસો જાપાન વિગ્રહ (1905)
  - 14.2.7.2 લોહિયાળ રવિવાર' (22મી જાન્યુઆરી, 1905) નો હત્યાકાંડ
  - 14.2.7.3 બંધારણીય સુધારાઓની ઘોષણા (ઓકટોબર, 1905)
  - 14.2.7.4 ડ્યૂમાની નિષ્ફળતાઓ
  - 14.2.7.5 પ્રથમ વિશ્વયુધ્ધમાં રશિયાની કારમી હાર
  - 14.2.7.6 વસંતક્રાંતિ
  - 14.2.7.7 કામચલાઉ સરકારની નિષ્ફળતા
  - 14.2.7.8 બોલ્શેવિક ક્રાન્તિ (નવેમ્બર 1917)

14.3 રશિયા પડેલ અસરો / પરિણામો

- 14.3.1 આપખુદ રાજાશાહી નો અંત
- 14.3.2 સામ્યવાદી સરકારની સ્થાપના
- 14.3.3 વર્ગ વિહિન સમાજ રચના
- 14.3.4 રશિયાની આર્થિક પ્રગતિનાં મંડાણ
- 14.3.5 આર્થિક ક્ષેત્રે રાષ્ટ્રીયકરણ
- 14.3.6 કામ કરવાના સિદ્ધાંતને પ્રાધાન્ય
- 14.3.7 શિક્ષણનો વિકાસ

**14.3.8 વિશેષાધિકારોની નાબૂદી**

**14.3.9 ધાર્મિક અને સામાજિક સુધારા**

**14.3.10 રશિયાની કાયાપલટ**

**14.4 રશિયાની ક્રાંતિની વિશ્વવ્યાપી અસરો :**

**14.4.1 વિશ્વમાં સામ્યવાદી વિચારસરણીનો ફેલાવો.**

**14.4.2 બે જૂથમાં વિશ્વ વહેંચાઈ ગયુ અને ઠંડા યુદ્ધની ભૂમિકા.**

**14.4.3 લોકશાહી વિચારસરણીને અટકાવી.**

**14.4.4 સામાજિક વ્યવસ્થામાં આમૂલ ફેરફારો.**

**14.4.5 ખેડૂતો- કામદારોની સ્થિતિ સુધારવા માટેના કાયદાઓ**

**14.4.6 નવી વિચારસરણી**

**14.4.7 એકતા-સંગઠન નું ફળ**

**14.5 સારાંશ**

**14.6 ચાવીરૂપ શબ્દો**

**14.7 તમારી પ્રગતિ ચકાસોના જવાબો.**

**14.8 સંદર્ભ પુસ્તકો**

## 14.0 ઉદ્દેશો

**આ એકમના અભ્યાસ બાદ**

1 *વિશ્વમાં પ્રભાવિત કરનાર ઘટનાના સ્વરૂપમાં રશિયામાં થયેલી ક્રાંતિના મહત્ત્વનું વિશ્લેષણ કરી શકશો.*

2 *આ ક્રાંતિ માટે જવાબદાર સંજોગો ( પરિબળો )ની સ્પષ્ટતા કરી શકશો.*

3 *વિશ્વમાં થયેલ અન્ય ક્રાંતિઓની તુલનામાં આ ક્રાંતિ કઈ રીતે જુદી પડે છે તે તપાસી શકાશે.*

4 *આ ક્રાંતિ બાદ વિશ્વમાં કચડાયેલ મજૂર વર્ગમાં કેવા ફેરફારો થયા તે જોઈ શકાશે.*

5 *વિશ્વમાં સામ્યવાદી વિચારો નો ફેલાવા પાછળ આ ક્રાંતિની ભૂમિકા જોઈ શકાશે.*

## 14.1 પ્રાસ્તાવિક અને રશિયાની ક્રાંતિ વિશે શા માટે વાંચવુ ઉપયોગી છે ?

*જગતની બે સૌથી મોટી સત્તાઓમાંની એક તરીકે જેની ગણના થતી હતી તે સોવિયેત રશિયા-વીસમી સદીની શરૂઆત સુધી 'ઝાર' નામથી ઓળખાતા રાજાઓના આપખુદ, શોષણખોર તથા ત્રાસદાયક શાસનથી પીડાતું હતું. 18મા સૈકાના રશિયાના બે શાસકો પીટર તથા સમ્રાજ્ઞી કૅથેરાઈને રશિયાનું પશ્ચિમની પદ્ધતિથી આધુનિકીકરણ કરવા માટે ગણનાપાત્ર સુધારા કર્યા હતા; પરંતુ તેનાથી રશિયાની રાજકીય, આર્થિક અને સામાજિક કાયાપલટ ન થઈ. તેને બદલે, રશિયાના ૧૯મા સૈકાના ઝાર રાજાઓએ પોતાના આપખુદ, પ્રત્યાઘાતી તથા શોષણખોર વહીવટ દ્વારા લોકોની આર્થિક પાયમાલી સર્જી. 9મી સદીમાં યુરોપમાં પ્રસરેલા રાષ્ટ્રવાદને રશિયામાં આવતો અટકાવવા ઝાર*

*શાસકોએ પ્રયાસો કર્યા; પરંતુ તે પ્રયાસો સફળ થયા નહિ. રશિયાનો ક્રિમિયાના યુદ્ધ* (1854-56)*માં પરાજય થવાથી ઝારશાહીની નબળાઈ જાહેર થઈ ગઈ. છેલ્લા ઝાર નિકોલસ બીજાના શાસન* (1894-1917) *દરમિયાન આપખુદ અને પ્રત્યાઘાતી શાસને સર્વે મર્યાદાઓ વટાવી દીધી અને તેણે બુદ્ધિજીવી વર્ગ અને શ્રમજીવી વર્ગ પર ઘણો જુલમ ગુજાર્યો. વળી રશિયાના તથા કિસાનોની વધેલી તકલીફોને દૂર કરવામાં ઝારશાહી નિષ્ફળ ગઈ. તે દરમિયાન* 1905*માં એશિયાના નાનકડા દેશ જાપાન સામે યુરોપની મહાસત્તા ગણાતા રશિયાને હાર ખાવી પડી. તેથી સમગ્ર રશિયામાં* 20*મી સદીના શરૂઆતનાં વર્ષોમાં વ્યાપક હડતાલો પાડવામાં આવી તથા સામુદાયિક દેખાવો યોજવામાં આવ્યાં. ઝારે આમજનતાને રોટી તથા રોજી આપવાને બદલે લોકોની ચળવળો ક્રૂરતાથી કચડી નાખવાના પ્રયાસો કર્યા. તેને કારણે રશિયામાં ક્રાંતિ થઈ. આ ક્રાંતિએ રશિયામાંથી ઝારશાહી નાબૂદ કરીને ત્યાં સામ્યવાદી શાસન સ્થાપ્યું.*

**રશિયાની ક્રાંતિ વિશે શા માટે વાંચવુ ઉપયોગી છે ?**

*સ્વાભાવિક રીતે આપણને પ્રશ્ન થાય કે,રશિયાની ક્રાંતિ અન્ય ક્રાતિઓથી કઈ રીતે જુદી પડે છે? તો પ્રશ્નના સમાધાનમાં કહી શકાય કે, આ ક્રાંતિ મજૂરો - કામદારોની હતી. આ ક્રાંતિમાં કામદારોએ ખભે ખભા મિલાવીને ક્રાંતિને આગળ ધપાવી હતી. કામદાર એકતાના અહીં દર્શન થયા હતા. નિઃશસ્ત્ર કામદારોએ ના છૂટકે પોતાના હથિયારો ઉગામ્યા હતા. કોઈપણ બનાવ - પ્રસંગમાં સબળ નેતૃત્વ હોય તો તે એ સફળ થતો હોય. અહીં ક્રાંતિના નેતા લેનિને (વાલ્ડીમિર ઈલિચ ઊલ્યાનોવ) ને મજૂરો – કામદારોને આપેલ વચનો પુરા કર્યા. શોષિત સમાજ ધ્વારા થયેલ ક્રાંતિએ તે સમયથી થતાં આવેલાં દરેક સ્વાતંત્ર્ય આંદોલન અને સ્વાતંત્ર્ય મુકિત ચળવળનો પર આ ક્રાંતિનો પ્રભાવ રહ્યો છે.*

## 14.2 ક્રાંતિનાં કારણો/ પરિબળો

### 14.2.1 આપખુદ અને અનિયંત્રિત ઝારશાહી

*રશિયાના ઝાર યુરોપના બીજા દેશોના શાસકોની જેમ આપખુદ હતાં. તેઓ અમર્યાદિત સત્તાઓ ભોગવતા હતાં. ફ્રાંસની ક્રાંતિ* (1789) *પછી જનતા ઝારની આપખુદી તરફ જાગ્રત થઈ હતી.વળી* 19*મી સદીમાં આપખુદ તથા અત્યાચારી ઝારશાહી તંત્રે પોતાની જુલમી નીતિ દ્વારા લોકોની આ સભાનતા વધારી દીધી હતી.*

- **ઝાર નિકોલસ પહેલો**

*ઝાર નિકોલસ પહેલા* (1825-55)*એ સૈનિકોનો બળવો ક્રૂરતાથી દાબી દઈને દેશમાં જાસૂસોની જાળ પાથરી દીધી. પોલેન્ડમાં* 1830*ની ક્રાંતિને તેણે ક્રૂરતાથી કચડી નાખી અને યુરોપમાં પ્રસરેલા રાષ્ટ્રવાદના વિચારો ફેલાય નહિ તે માટે તેણે યુરોપનાં વર્તમાનપત્રો તથા પુસ્તકો રશિયામાં લાવવાનો પ્રતિબંધ ફરમાવ્યો. ક્રિમિયાના યુધ્ધમાં રશિયાનો પરાજય થતાં, રશિયાએ મજબૂત રાષ્ટ્ર તરીકેની પ્રતિષ્ઠા ગુમાવી.*

- **ઝાર એલેકઝાંડર બીજો**

*પ્રજાને સંતોષ આપવા ઝાર એલેકઝાંડર બીજા* (1855-81) *એ ઉદાર સુધારા આપ્યાં. પોલેન્ડની પ્રજાએ પુનઃ બળવો પોકાર્યો ત્યારે ઝારે તેને ક્રૂરતાથી કચડી નાખ્યો તથા નિહિલિસ્ટોના આંદોલનને અમાનુષી અત્યાચારો દ્વારા દબાવી દીધું. તેથી નિહિલિસ્ટો હિંસક બન્યાં. તેમણે બૉંબ ફેંકીને ઝારની હત્યા કરી.*

- **ઝાર એલેકઝાંડર ત્રીજો**

*ઝાર એલેકઝાંડર ત્રીજો* (1881-94) *તેના પિતાની હત્યાનું વેર વાળવા ઉત્સુક હતો.તેણે નિહિલિસ્ટોનું કતલ કરી, વર્તમાનપત્રોની સ્વતંત્રતા અને બીજા ઉદાર સુધારા પાછા ખેંચી લીધા. યહૂદીઓ પર વિવિધ અત્યાચારી પ્રતિબંધો લાદ્યા. ક્રાંતિકારી વિચારો કચડી નાખવા તેણે પ્રત્યાઘાતી નીતિ આચરી. આમ છતાં, તેના શાસનકાળમાં રશિયામાં ઔદ્યોગિક ક્રાંતિ થવાથી, દેશની સમૃધ્ધિ વધી, કારખાના અને કામદારોની સંખ્યા પણ વધી. તેમણે વિવિધ માગણીઓ માટે આંદોલનો કર્યાં. તેઓમાં કાર્લ માર્ક્સની વિચારસરણી ફેલાઈ અને ક્રાંતિ માટેની ભૂમિકા સર્જાઈ.*

- **ઝાર નિકોલસ બીજો**

*ઝાર નિકોલસ બીજો* (1894-1917) *રશીયાના રોમેનોફ વંશનો છેલ્લો ઝાર હતો. તે, તેની રાણી ઝરીના અને તેના મંત્રીઓ રાસ્પુતિન નામના એક ઢોંગી સાધુના પ્રભાવ હેઠળ હતાં. તે પતિત, દુષ્ટ, ચારિત્ર્યહીન અને ધૂર્ત હતો. તે અગત્યના રાજકીય નિર્ણયો લેતો હતો. બંધારણીય સુધારા, રોટીનો હક, મતાધિકાર, ધારાસભા વગેરેની માગણી માટે તથા અત્યાચારી અને આપખુદ તંત્ર વિરુધ્ધ શાંત દેખાવો યોજાતા નિઃશસ્ત્ર લોકો ઉપર ગોળીબારો કરવાની તેણે સૂચના આપી હતી. શાસનતંત્ર કથળી ગયું. લોકોની યાતનાઓ વધી ગઈ. સરકારના વિરોધીઓને સાઈબીરિયાના એકાંત, ઉજ્જડ અને કાતિલ ઠંડીના પ્રદેશમાં રાખવાની સજા કરવામાં આવી. લોકોના વાણીસ્વાતંત્ર્ય અને વ્યક્તિ સ્વાતંત્ર્ય ખૂંચવી લઈને વર્તમાનપત્રો પર કડક નિયંત્રણો લાદવામાં આવ્યાં. તેને કારણે ઝારના તંત્ર વિરુધ્ધ પ્રજાનો રોષ, આખરે ક્રાંતિમાં પરિણમ્યો.*

### 14.2.2 અસમાન અને અન્યાયી સમાજવ્યવસ્થા

*ફ્રાન્સના સમાજમાં જેમ પ્રજા ત્રણ વર્ગોમાં વહેંચાયેલી હતી, તેમ રશિયન પ્રજા મુખ્યત્વે બે ભાગો –* (1) *અધિકારયુક્ત* (HAVES) (2) *અધિકારવિહિન* (HAVE NOT)*માં વહેચાયેલ હતી.*

*રશિયાનાં તમામ મહત્ત્વપૂર્ણ પદો પર પ્રથમ વર્ગના-અધિકારયુક્ત લોકો- એટલે કે જમીનદારો, ઉચ્ચ અમલદારો અને ઉમરાવો આરૂઢ થયેલા હતા. તેમની પાસે લગભગ રાજ્યની તમામ સત્તા, તમામ હક્કો અને તમામ વિશિષ્ટ હક્કો હતા, જ્યારે બાકીના વર્ગને આવા અધિકારોથી વંચિત રાખવામાં આવ્યો હતો, જેમાં મજૂરો, ખેતદાસ (સર્ફ) તેમજ કામદારો-કલાકારો તથા સમાજના બાકીના તમામ લોકોનો સમાવેશ થતો હતો.*

*ઉપલા વર્ગના લોકોને શિક્ષણ, પ્રશાસન તથા મુક્ત જીવન જીવવાના તમામ વિશેષાધિકારો મળ્યા હતા, જ્યારે બાકીના વર્ગ પર અનેક પ્રતિબંધો હતા. એમનાં લગ્ન અને આમ જીવનજરૂરિયાતો પણ ઉપલા વર્ગની મહેરબારીની સંપન્ન થતાં. મોટા ભાગની જમીન ઉપલા વર્ગના આધિપત્યમાં હોવાથી નીચલા વર્ગને તેના પર તેમની આજ્ઞા અને ઈચ્છા અનુસાર જ ખેતી કરવાની રહેતી. આ લોકોને પેટભર અનાજ મળવું મુશ્કેલ હતું ત્યારે ઝાર, તેનું કુટુંબ અને તેના ખુશામતખોર દરબારી અને આવા ઉમરાવો, અમલદારો વગેરે પ્રજાની ખરા પરસેવાની કમાણીમાંથી માત્ર એશઆરામયુક્ત જીવન જીવવાનું કામ કરતા હતાં,આમ જોતાં ઉપલા વર્ગ પાસે સુખી જીવન જીવવાનાં પૂરતાં સાધન અને અધિકારો હતા, જ્યારે નીચલા વર્ગ પાસે એમાંનું કંઈ જ ન હોવાથી આવી ખાલીપાભરી, વિષમ, અન્યાયી તેમજ અસમાન સમાજવ્યવસ્થાએ સમાજના ઉપર્યુક્ત બંને વર્ગો વચ્ચે વર્ગવિગ્રહ પેદા કર્યો.બંને વચ્ચે દ્વેષ, ઈર્ષા અને અસંતોષમાં રાજકીય દમનનો ઉમેરો થતાં પ્રજા સૈકાઓની જૂની આ સમાજવ્યવસ્થાને સર્વ અનિષ્ટોનું મૂળ સમજીને તેના સર્વનાશ માટે ક્રાન્તિનો હથોડો હાથમાં લઈ ઊભી થઈ ગઈ. જેમાંથી બોલ્શેવિક ક્રાન્તિ ઉદ્‌ભવી.*

### 14.2.3 દયનીય ખેડૂતો અને ત્રસ્ત કામદારો

*રશિયાની ઉપર્યુક્ત સામાજિક વ્યવસ્થા તમામ અનિષ્ટોને જન્મ આપનાર હતી. આપણે જોઈ ગયા કે સમાજનો લગભગ પોણો ભાગ ખેડૂતોનો અને કામદારોનો બનેલો હતો. ઝારશાહીના કુશાસનમાં ખેડૂતોનું ભારે શોષણ થતું હતું. સૈકાઓ જૂની સામંતશાહી મુજબ રશિયન ભૂમિના માલિકી હક્કો કેવળ જમીનદારોને જ મળ્યા હતા. તેમાં કેવી ખેતી કરવી તે જમીનદારોની મરજી પર આધારિત હતું. જમીનદારોના તમામ પ્રયત્નો પોતાના ખેતદાસોને હંમેશાં દબાયેલા, કચડાયેલા, અર્ધભૂખ્યા અને અર્ધનગ્ન અવસ્થામાં રાખવાના હતા, જેથી તે ક્યારેય પોતાના માલિકો સામે અવાજ ઉઠાવી શકે નહીં. કમરતોડ મજુરી, નાની-નાની ભૂલો બદલ ચાબૂકના માર અને તેનો વિરોધ કરનારને સાઈબીરિયાના અતિશીત પ્રદેશમાં દેશનિકાલ કરવાની સજા આ ખેડૂતો માટે કાયમની કથા બની ગઈ હતી. તેની સામે ખેડૂતોએ ક્રાન્તિના પ્રયત્નો કર્યા ન હતા એમ નથી. માત્ર ઝાર નિકોલસ પ્રથમના ત્રીસ વર્ષના રાજ્યઅમલ દરમિયાન* (1825-55) *કુલ* 556 *ખેડૂતવિગ્રહો થયા હતા. ત્યાર બાદ* 1861 *માં ગુલામ ખેડૂતોની મુક્તિનો-સર્ફમુક્તિનો અવાજ ફરી બુલંદ બન્યો. 'ક્રીમિયાં'ના યુદ્ધમાં* (1853-55) *જોડાયેલ ગુલામને મુક્તિ આપવામાં આવશે. એવાં પોકળ વચનો દ્વારા આવા કૃષકોની સૈન્યમાં ભરતી કરવામાં આવી હતી, તે યુદ્ધ પછી છેક* 1880-83Lkkt *વર્ષોમાં નહિવત્ રીતે અમલમાં મૂકવામાં આવી. પરંતુ અધકચરી વ્યવસ્થાને લીધે લાખો સર્ફમુક્ત ખેડૂત બની શક્યા, પરંતુ નવા કરવેરા અને નિયમોનું પાલન કરતાં તેઓ વધુ દેવાદાર અને પાયમાલ પણ બન્યા. પરિણામે વાસ્તવિક રીતે જોતાં 'મિર' (કૉમ્યુન)ની જૂની પ્રથા જ ચાલુ રહી. તેથી લાખો કૃષકો પોતાનો વ્યવસાય છોડી શહેરો તરફ વળ્યા, જેમાંથી નવા પ્રશ્નો ઊભા થયા.*

*ઉપરોક્ત સર્ફમુક્તિને લીધે લગભગ* 20 *લાખ ખેતમજૂરો શહેરોનાં કારખાનાંઓમાં કામદાર તરીકે ગોઠવાઈ ગયા.* 1849-1915*નાં સમય દરમિયાન ઝારના*

*સલાહકાર અને સચિવ-મંત્રી યુલિયેવિચ વિત્તની નવી નીતિને લીધે સમગ્ર રશિયા ઉદ્યોગ-ધંધાથી ધમધમી ઊઠ્યું. પરિણામે રંગ, રસાયણો, સૂતર, લોખંડ, ધાતુ, કોલસો, ખાંડ જેવી અનેક ચીજ વસ્તુઓનાં ઉત્પાદન કરતા ઉદ્યોગો અનેકગણાં વધી ગયા. તેના લીધે સહજ રીતે કામદારોની સંખ્યા પણ વધી. પરંતુ જોતજોતામાં આ ઔદ્યોગિક ઉત્પાદનની સાથે-સાથે તેને લગતી હાડમારીઓ પણ વધી જવા પામી. ૧૦ થી ૧૪ કલાકની કામગીરી, કામના સ્થળે અપુરતી સગવડો અને સલામતીની અપૂરતી વ્યવસ્થાને લીધે વારંવાર થતા અકસ્માતો – આ સ્થિતિમાં અપૂરતી સારવાર અને લાભ તથા માંદગીના સમયે પણ અપૂરતી સારવારને લીધે કામદારો ત્રાસી ગયા હતા. સાંકડા, ગીચ, અગવડભર્યા, હવાઉજાસ વગરના, ગંદા વસવાટોએ કામદારો માટે અનેક પ્રશ્નો ઊભા કર્યા. વળી, પોતાના વતનના ગામના કૉમ્યુનના વેરા અને અહીં શહેરોમાં નીતનવા કરવેરા તથા બે ટંકના ભોજનનો પ્રબંધ થાય તેટલો પગાર નહીં મળવાથી આ લોકો પાછા ગામડાં તરફ વળ્યા, પરંતુ ત્યાં એમને ફરી જમીન ન મળતાં અને ખેતીનાં સાધનોના અભાવમાં અનેક પ્રકારના કર તથા દંડ ભરી શકવા અસમર્થ કામદારો ફરી શહેર તરફ અર્ધભૂખ્યા અને અર્ધનગ્ન અવસ્થામાં આવી ચડ્યા, જેમાં ચોથા ભાગની તો સ્ત્રીઓ હતી. આ બધાને લીધે ફરી હડતાલો, બંધ, તાળાબંધી વગેરે પ્રશ્નો ઊભા થયાં. જેમાં બાકુ-તેલકામદારોનો વિદ્રોહ ઘણા મોટા પાયા પર અને ધ્યાનાકર્ષક હોવાથી રાજકીય વર્તુળોમાં કામદારોના પ્રશ્નોને લઈને જોરદાર જાગૃતિ આવી, તેથી આર્થિક રીતે ત્રસ્ત કામદારો અને કૃષકોની સ્થિતિ સુધારવા અનેક સામ્યવાદી સંગઠનો રચાયાં, જેમા લેનિન જેવા કુશળ નેતાની આગેવાની મળતાં કામદારોમાં ક્રાન્તિનો વિચાર અતિશીઘ્ર પ્રસરી શક્યો.*

### 14.2.4 અસહિષ્ણુ ધાર્મિક નીતિ

*રશિયા એક વિશાળ રાષ્ટ્ર હતું. તેમાં અનેક ભાષા, રીતભાત અને ધર્મ પાળતી પ્રજા રહેતી હતી. મુખ્યત્વે ખ્રિસ્તી અને ઈસ્લામ ધર્મના અનુયાયીઓ વિશેષ હોવા છતાં રશિયામાં બીજી અનેક લઘુમતી જાતિઓ વસવાટ કરતી હતી, જેમાં કઝાક, પોલ્સ, યહૂદી, ફિન, ઉઝબેગ, સ્લાવ, તાર્તાર, આર્મેનિયન વગેરે લઘુમતી જાતિઓ તરફ રશિયન શાસકોને ભારે સૂગ હતી. છેલ્લા બે ઝાર શાસકોએ આ જાતિઓ તરફ અત્યંત અમાનવીય વ્યવહાર કર્યો. દેશની એકતાને બહાને તેમના પર રશિયન ભાષા, ધર્મ, શિક્ષણ અને સંસ્કાર લાદવામાં આવ્યાં. ઝાર-એલેક્ઝાન્ડર ત્રીજાએ* (1881-94) *રૂસીકરણના બહાના નીચે આ જાતિઓ પર અત્યાચારો ગુજારવામાં કંઈ બાકી રાખ્યુ નહિ. તેણે દેશભરમાં* **એક ઝાર, એક ધર્મ અને એક દેશ***ના સૂત્રો સાથે યહૂદીઓ અને આર્મેનિયનો પર ભયંકર અત્યાચાર કર્યો. આ લોકોને શાળા-કોલેજોમાં અને વેપારી મથકોમાં પ્રવેશવા દેવામાં આવતાં નહી. તેમને જમીન ખરીદવા કે ભાડે રાખવા દેવામાં આવતી નહી. અને વધુમાં વધુ અત્યાચાર માટે તેમણે સતત તૈયાર રહેવું પડતું. પરિણામે આ અસહિષ્ણુ ધર્મનીતિ સામે લઘુમતી જાતિઓમા ભારે અસંતોષ ફેલાયો. જેણે ઝારશાહી સામે વિદ્રોહ પેદા કર્યો.*

*વળી, ઝાર-શાસકો દૈવી હક્કના સિદ્ધાંત આગ્રહપૂર્વક પાળતા હોવાથી સમગ્ર દેશ, તેની પ્રજા અને ધાર્મિક સંસ્થાઓ વગેરે પર પણ તેનું વર્ચસ્વ કાયમી રાખવા માગતા હોવાથી શાળા, મહાશાળામાં, દવાખાના અને દેવળોમાં ઠેર-ઠેર ઝારની છબીની પૂજા કરવામાં આવતી. ઝાર રાજાઓ રશિયાને પવિત્ર રશિયા કહેતા અને પંડિત નહેરુના શબ્દોમાં ''ઝાર પ્રત્યેક રશિયન (નાગરિક)નો નાનો ગોરો પ્રભુ(લિટલ વ્હાઈટ ફાધર)હતો.''દેવળોમાં પણ તેની પૂજા થતી. તેના લાંબા શાસન અને આયુષ્ય માટે પ્રાર્થનાઓ કરવામાં આવતી. આ બધું ક્રાંતિકારીઓ માટે અસહ્ય હોવાથી તેને મિટાવી દેવા તે મેદાને પડ્યાં.*

### 14.2.5 તત્વચિંતકો અને લેખકોનો ફાળો

*ઉપર્યુક્ત સ્થિતિમાં રશિયા અનેક વહેમ, અંધશ્રધ્ધા, અસમાનતા, અસલામતી., અજ્ઞાન વગેરે દૂષણોથી ગ્રસ્ત હતું. તેથી પ્રખ્યાત તત્ત્વચિંતકો અને લેખકોએ આ સમાજને બેઠો કરવા જાણે કે બીડું ઝડપ્યું હોય તેમ લીયો ટોલ્સટોય, દોસ્તોવસ્કી, તુર્ગનેવ, મેક્સિમ ગોર્કી, બાકુનન, કોપોસ્કીન, પુષ્કીન, પ્લેબેનોવ, ચેખોવ અને આ બધા ઉપરાંત મહાન કાર્લમાર્ક્સના લખાણો તથા વિચારોએ સમગ્ર રશિયન સમાજને મૃતપ્રાયઃ અવસ્થામાંથી બેઠો કર્યો. કાર્લ માર્ક્સના મહાગ્રંથ 'દાસ કેપિટલ'નું સર્વપ્રથમ ભાષાંતર રશિયન ભાષામાં થયું. મૂળ તે ગ્રંથ જર્મનીમાં* 1867*માં પ્રગટ થયો હતો અને ત્યાર બાદ માત્ર પાંચ જ વર્ષોમાં* 1872*માં રશિયનમાં તેનુ ભાષાંતર પ્રગટ થતાં માત્ર બૌદ્ધિકો જ નહી પણ વિશાળ જનસામાન્યના વર્ગમાં પણ તેની માગણી વધી. આ ગ્રંથે રશિયાની કાયા પલટ કરી. લેનિન* (1870-1924) *માર્તોવ* (1873-1923) *તેમજ સ્ત્રુવે* (1870-1944) *જેવા નેતાઓને 'કામદાર મુક્તિ સંઘર્ષ લીગ' સ્થાપવા પ્રેરણા આપી. આ સંગઠનોએ કામદારો-કૃષકોના હક્કો માટે લોકોને લડતાં શીખવ્યું. ઝાર-શાસકોએ આ દેશનેતાઓને પકડીને દેશનિકાલ કરી આવાં આંદોલનો કડક હાથે કચડી નાંખવા પ્રયત્નો કર્યા. પરન્તુ ક્રાન્તિનો તણખો હવે જવાળામુખી બની ચૂકયો હોવાથી કોઈથી રાકયો રોકાય તેમ ન હતો.*

### 14.2.6 કાર્લ માકર્સના વિચારો અને લખાણો

*જર્મનીમાં ઈ.સ.* 1818*માં જન્મેલ કાર્લ માકર્સ નામના જર્મન યહૂદી ચિંતક તથા લેખકે પોતાના પુસ્તકોમાં રજૂ કરેલ સમાજવાદના સિદ્ધાંતોનો રશિયા તથા તેની ક્રાંતિકારી નેતાગીરી ઉપર સૌથી વધુ પ્રભાવ પાડ્યો. માકર્સે જર્મનીમાં થયેલ લોક આંદોલનોમાં મહત્ત્વનો ભાગ ભજવેલો. તેથી તેને દેશનિકાલ કરવામાં આવ્યો. તે પેરિસ ગયો. ત્યાં ફ્રેડરિક એંગલ્સ નામના બીજા સમાજવાદી ચિંતકનો સંપર્ક થયો, પણ માકર્સના ક્રાંતિકારી વિચારોને લીધે ફ્રેન્ચ સરકારે તેને પેરિસમાંથી ચાલ્યા જવા જણાવ્યું. ત્યાર બાદ એ લંડન ગયો. ત્યાં તેણે 'દાસ કેપિટલ' નામે જાણીતો ગ્રંથ લખ્યો. તેમાં તેણે સામ્યવાદી વિચારસરણીના સિદ્ધાંતો સમજાવ્યાં. તેમાં તેણે વર્ગવિગ્રહ (ધનિક તથા ગરીબ વચ્ચેનો સંઘર્ષ) નો વિચાર રજૂ કરીને, હિંસક ક્રાંતિ દ્વારા ધનિકોનું રાજ્ય ઉથલાવી નાખીને*

શ્રમજીવીઓનું રાજય સ્થાપવાની હિમાયત કરી. ઈ.સ.1848માં તેણે એંગલ્સ સાથે લખેલ 'કોમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'માં પણ આ સિધ્ધાંત સમજાવ્યો હતો.

રશિયન ક્રાંતિના નેતા લેનિન અને તેના સાથીદારોને આ બંને પુસ્તકોનાં લખાણોમાંથી ક્રાંતિ માટે પૂરતી પ્રેરણા તથા માર્ગદર્શન મળ્યાં હતાં. આમ, કાર્લ માકર્સ રશિયન ક્રાંતનો મુખ્ય પ્રેરકબળ સમાન હતો.

### 14.2.7 ક્રાંતિનાં તાત્કાલિક કારણો

### 14.2.7.1 રૂસો જાપાન વિગ્રહ (1905)

યુરોપીય અન્ય સત્તાઓની જેમ રશિયાએ પણ દૂર પૂર્વમાં નબળી ચીની શહેનશાહતના ભોગે મંચુરિયામાં અડ્ડો જમાવ્યો હતો. પરિણામે તેના પડોશી દેશ જાપાનની ચિંતા વધી પડી. કારણ, રશિયા આ રીતે મંચુરિયામાં અડ્ડો જમાવે, અને પછી કોરિયા પર હાથ મારે, તો પેસિફિકમાં તેની સત્તા પ્રબળ બની જાય, એટલું જ નહિ પણ ખુદ જાપાનની હસ્તી જ ભયમાં આવી પડે ! તેથી ઝડપથી સામ્રાજ્યવાદી બનતા જાપાને મંચુરિયામાંના તેના વર્ચસ્વને પડકાર્યું. (1904), અને તેમાંથી રૂસો-જાપાન વિગ્રહ જાગી પડયો. જાપાને રશિયા પોતે કરેલા વાયદા મુજબ, મંચુરિયામાંથી કઇ તારીખે સૈન્ય ખસેડી લેશે તેની સ્પષ્ટતા માગી. પણ રશિયાએ જવાબ આપવાનું ટાળ્યું અને જાપાને યુદ્ધ જાહેર કર્યું. યુદ્ધમાં રશિયાને ઉપરાઉપરી પરાજ્યો સાંપડ્યા. આ વિગ્રહ સડી ગયેલા ઝારશાહી તંત્રની બધી જ નબળાઈઓ ખુલ્લી પડી ગઈ; દૂર પૂર્વમાં હજારો માઇલ વીંધીને રશિયન લશ્કર પહોંચાડવાનું કે તેમને આવશ્યક શસ્ત્રસામગ્રી કે પુરવઠો મોકલવાનું સરકારની શક્તિ બહારનું સાબિત થયું. વિગ્રહ ચાલુ હતો ત્યારે જ, એક પછી એક, પરાજયના સમાચાર સાંપડાતા ગયા તેમ તેમ રશિયાના લોકોનો ઉશ્કેરાટ વધતો ગયો. તેમણે પોતાનો રોષ ઝારના ગૃહપ્રધાન વોન પ્લેહ્વે (Von Plehvey) પર ઉતાર્યો. ઘણા સમયથી વોન પ્લેહ્વે ઝારના દમન ચક્રનું મહત્વનું અંગ બની રહ્યો હતો, લોકોને તો તેના નામ સામે પણ નફરત હતી. જાપાન સાથેના વિગ્રહમાં રશિયાની નામોશીભરી હાર થતી હતી, એટલે ઉશ્કેરાયેલા એક યુવાને જુલાઈ, 1904માં તેની ગાડી પર બોંબ ફેંકી તેની હત્યા કરી. ત્યાર પછી તો અનેક સરકારી અધિકારીઓ પર બોંબ ફેંકવામાં આવ્યા. અંતે રશિયા હાર્યું. અને જાપાન જેવા એક નાનકડા એશિયાઈ રાષ્ટ્ર પાસેથી તેને શરમજનક પોર્ટસ્માઉથની સંધિ (સપ્ટે. 1905) સ્વીકારવી પડી.

આ વિગ્રહને કારણે જાપાન એશિયાની એકમાત્ર મહાન સત્તા તરીકે બહાર આવ્યું. તથા એશિયામાં યુરોપીય સત્તાઓના દોર-દમનને ઝાંખપ લાગી અને તેમની પ્રતિષ્ઠાનું ભ્રમ તૂટ્યો એ કારણે એશિયાના ઈતિહાસમાં તો આ વિગ્રહ મહત્વનો છે જ, પરંતુ તેને કારણે રશિયામાં ઝારશાહી તંત્ર બદનામ થયું અને પહેલી જ વખત આપખુદશાહી સામે જનતાનો પ્રચંડ વિરોધ ઊભો થયો તથા ''મહાન ક્રાંતિ''ના પગરણ મંડાયાં, તે જોતાં આ વિગ્રહનું મહત્વ રશિયાના અને યુરોપના ઈતિહાસમાં ઓછું નથી અંકાતું.

### 14.2.7.2 'રવિવાર' (22મી જાન્યુઆરી, 1905) નો હત્યાકાંડ :

*સરકારે દમનનો દોર છૂટો મૂકયો; તેમ છતાં લોકોનો રોષ શમ્યો નહી. વોન પ્લેહ્વે પછી ગૃહપ્રધાનપદે આવેલા પ્રિન્સ મિર્સ્કીએ સુધારકોને તેમની માંગણીઓ વિધિસર રજૂ કરવા જણાવ્યું. તેથી 1904ના નવેમ્બરમાં બધ જ 'ઝેમ્સ્ટવો'ના પ્રતિનિધિઓની એક સભા મળી અને તેમણે વ્યક્તિ સ્વાતંત્ર્ય, ધર્મ, વાણી, વર્તમાનપત્ર, સંઘ, સંસ્થા તથા સભાનું સ્વાતંત્ર્ય, ધારાસભા, તેને જવાબદાર હોય તેવી સરકાર, વગેરે માંગણીઓ કરતું એક આવેદનપત્ર રજૂ કર્યું. પરંતુ ઝારના શાસનતંત્રે આ માંગણીઓને ગંભીરતાપૂર્વક ધ્યાનમાં લીધી નહી.*

*આથી લોકોનો અસંતોષ વધવા લાગ્યા; મોસ્કો, વિલના તથા અન્ય ઔદ્યોગિક શહેરોમાં કામદારોની હડતાળો પડી અને દેખાવો થવા લગ્યા; ગ્રામવિસ્તારોમાં ઉશ્કેરાયેલા કિસાનોએ જમીનદારોના મકાનોને આગ ચાંપવા માંડી. સરકારે લશ્કરી કાયદો જાહેર કર્યો.તથા હજારો સ્ત્રી-પુરુષોની ધડપકડ કરી. એ અરસામાં સેન્ટ પિટર્સબર્ગમાં શહેરના બધાં કારખાનાઓના આસરે 15,000 કામદારો એકઠા થયાં, તેમણે પોતાની કંગાળ સ્થિતિનું વર્ણન કરતી તથા બંધારણીય સુધારા અને વિવિધ સ્વતંત્રતાઓની માંગણી કરતી એક અરજી ઝારને કરી. આ અરજી ઝારને તેના અમલદારો પહોંચાડશે નહી તેવી દહેશતથી તેમણે તે હાથો હાથ આપવાનો નિર્ણય કર્યો. પરિણામે 1905ની ૨૨મી જાન્યુઆરીને રવિવારને દિવસે તેમનુ એક સરઘસ ઝારને અરજી આપવા ઊપડ્યું. સરઘસના કામદારો નિઃશસ્ત્ર હતા; તેમની નેતાગીરી ફાધર ગોપેન નામના એક ભલા પાદરી એ લીધી હતી; તેઓ ધાર્મિક સૂત્રો ઉચ્ચારતા જતા હતા અને કેટલાકના હાથમાં તો ઝારની છબીઓ પણ હતી! પરંતુ જેવા તેઓ ઝારના 'વિન્ટર પેલેસ'ની નજીક આવ્યા, કે તુરંત જ તેમની ઉપર ગોળીઓનો વરસાદ વરસવા લાગ્યો. સરઘસમાં નાસભાગ થઈ, છતાં ઝારની ગોળીઓએ આ 'લોહિયાળ રવિવાર'ની સવારે આસરે 1,000 કામદારોની લાશો ઢાળી દીધી અને બીજા હજારોને ઘાયલ કર્યાં.*

*ઝારના આ હત્યાંકાંડથી દેશભરમાં સનસનાટી ફેલાઈ ગઈ, અને અત્યાર સુધી કિસાનો-કામદારોની ચળવળોથી અલિપ્ત રહેલા ''ડોકટરો, વકીલો, શિક્ષકો, પ્રોફેસરો અને એન્જિનીયરોએ પણ બંધારણીય સુધારાની માંગણી માટે સંઘો રચવા માંડ્યા. દેશભરમાં ત્રાસવાદી ચળવળ જોરમાં આવી; પોલીસ અમલદારોનાં ખૂન થવા લાગ્યાં, ખુદ ઝારના કાકા ગ્રાન્ડ ડ્યુક સર્જિયસ (જેણે મોસ્કોના ગવર્નર જનરલ તરીકે અત્યંત ક્રૂરતા બતાવી હતી.)નુ પણ ખૂન થયું.ટૂંકમાં, રશિયામાં એક પ્રકારની અરાજકતા ફેલાઈ ગઈ.*

### 14.2.7.3 બંધારણીય સુધારાઓની જાહેરાત (ઓકટોબર, ૧૯૦૫)

*તે અરસામાં 1905ના મે મહિનામાં જાપાને રશિયાના નૌકાકાફલાનો સંપૂર્ણપણે નાશ કર્યો. તેની સાથે ઝારની રહીસહી પ્રતિષ્ઠા પણ નાશ પામી હને તેણે હતાશ થઈને દેશમાં ચુંટાયેલી ધારાસભા (ડ્યુમા ) સ્થાપવાની સુધારકોની માંગણી મંજૂર રાખી*

*(ઓગસ્ટ, 1905).પરંતુ આ ડ્યુમાના પ્રતિનિધિઓની ચૂંટણી માટેનો મતાધિકાર અત્યંત ઊંચો હતો, તેથી કિસાનો, કામદારો અને મધ્યમ વર્ગના લોકોની માંગણીઓ તો સંતોષાયા વિનાની જ રહી. પરિણામે હડતાલો અને તોફાનો ચાલુ રહ્યાં.*

*સેન્ટ પિટર્સબર્ગના કારખાનાંઓના કામદારોએ જંગી હડતાલ પાડી અને તેનો પવન સમગ્ર દેશમાં ફરી વળ્યો. સેન્ટ પિટર્સબર્ગના બે લાખ કામદારોએ પોતાના 500 પ્રતિનિધિઓવાળી એક અલગ કામદાર સોવિયેટ (સંસ્થા)ની સ્થાપના કરી કામદાર-સંગઠનના ઈતિહાસમાં એક નવું પ્રકરણ શરૂ કર્યું.*

*હવે ઝારને નમતું આપવું પડ્યું. તેણે પોતાના પ્રધાનમંડળમાંથી પ્રત્યાઘાતી પ્રધાનોને દૂર કર્યા અને બાહોશ તથા ઉદારમતવાદી માજી નાણામંત્રી વિટ્ટેને પાછો બોલાવી તેને વડાપ્રધાન બનાવ્યો. ત્યાર પછી વિટ્ટેની સલાહ પ્રમાણે તેણે ઉદાર બંધારણીય સુધારાઓ જાહેર કરતી એક જાહેરાતો બહાર પાડી (30 ઓક્ટોબર, 1905). આજાહેરાતોમાં તેણે જનતાને (1) ધર્મ, વાણી, સભા-સરઘસ તથા સંસ્થાઓ સ્થાપવાની સ્વતંત્રતાઓ આપવાનું; (2) મતાધિકારનું ધોરણ નીચે લાવવાનું; (3) ડ્યુમાને બ્રિટિશ પાર્લામેન્ટની જેવી કાયદા ઘડવાની સત્તા આપવાનું, (4) સરકારી અધિકારીઓ ઉપર ડ્યુમાનો અંકુશ રહેવા દેવાનું, વગેરે વચનો આપ્યાં.*

*ઝારની આ જાહેરાતથી લોકોને ખરેખર આનંદ થયો, કારણ, આ એક મહત્ત્વની ક્રાંતિ હતી. રશિયાની આપખુદ રાજાશાહીને જનતાની ઈચ્છા પાસે નમવું પડ્યું હતું, જનતાનો આ સૌ પહેલો અને સાચો વિજય હતો. પરિણામે આ ઘોષણાને માત્ર રશિયાની જનતાએ જ નહીં, પરંતુ યુરોપની અન્ય દેશોની જનતાએ પણ વધાવી લીધી. આ ઉપરાંત નવેમ્બરમાં ઝારે ફિનલેન્ડને પણ સ્વતંત્રતા આપી દીધી. ત્યાંની રાષ્ટ્રીયસભાએ ફિનલેન્ડ માટે નવું પ્રજાસત્તાક બંધારણ ઘડ્યું, તો તેને પણ 1906માં મંજૂર રાખીને તેણે ઉદારતાની અવધિ દેખાડી.*

*પરંતુ સુધારા માટેનો તેનો આ ઉત્સાહ ક્ષણજીવી હતો, કારણ તે જરૂરિયાતમાંથી ઉદ્‌ભવ્યો હતો, સાચા દિલનો ન હતો. ઓક્ટોબરની ઘોષણા પછી તેણે ઉદારમતવાદના વિરોધ તરીકે ડ્યુમાની જેટલી જ સત્તાવાળી નવી એક સંસ્થા-ઉપલું ગૃહની રચના કરી. આ ગૃહમાં ઝાર દ્વારા નિમાયેલા સરકારી અધિકારીઓ તથા પુરાણી વ્યવસ્થાના ટેકેદારો, રૂઢિચુસ્ત ઉમરાવો બેસવાના હતા, તથા તેને લોકો દ્વારા ચૂંટાયેલી 'ડ્યુમા' ના જેટલી જ કાયદા ઘડવાની સત્તા રહેવાની હતી.*

**14.2.7.4 ડ્યુમાની નિષ્ફળતાઓ**

*ઝારે યુરોપના અન્ય દેશોની જેમ ધારાસભા તો બોલાવી, પરંતુ બંધારણીય સુધારા લાવવામાં તે નિષ્ફળ ગઈ, કારણ કે, એક તો તેમાં મતાધિકારની લાયકાત ધનના ધોરણે રાખવામાં આવી હતી, તેથી તેમાં ધનવાનો અને રૂઢિચુસ્તોના પ્રતિનિધિઓ વધારે પ્રમાણમાં આવતાં. વળી જે કોઈ પ્રતિનિધિ બંધારણીય સુધારાની દરખાસ્ત લાવે, તેમની ધરપકડ કરવામાં આવતી. તે ઉપરાંત ડ્યુમાના સભ્યો વધારે પડતો ઉહાપોહ કરે તો ડ્યુમાને દરખાસ્ત કરવામાં આવતી. આવી એક પછી એક ચાર ડ્યુમાઓ મળી પણ*

*જનતાને તેનાથી કંઈ ફાયદો થયો નહીં. તેમ છતાં તેના સભ્યોએ ભાષણો કરીને, ઝારના પ્રધાનો પ્રત્યે અવિશ્વાસની દરખાસ્તો લાવીને તથા ડ્યુમાને વારંવાર બરખાસ્ત કરવાની ઝારને ફરજ પાડીને ઝારના તંત્રને બને તેટલુ અળખામણું કરવાની તકો ઝડપી લીધી હતી અને તે રીતે જનતાના અસંતોષને બહેકાવીને ક્રાંતિ માટેની ભૂમિકા તૈયાર કરી હતી. આચારે ડ્યુમાની કાર્યવાહીને જોઈશું.*

**પ્રથમ ડ્યુમા (1906)**

1906*ના એપ્રિલમાં રશિયાના ઈતિહાસમાં પ્રથમ વખત જ ધારાસભાની ચૂંટણી થઈ. તેના કુલ ૫૨૪ સભ્યોમાંથી લગભગ અર્ધા સભ્યો તો ઝાર-વિરોધી હતા જ. લેનિનના 'સોશ્યલ ડેમોક્રેટ' પક્ષે ચૂંટણીનો બહિષ્કાર કર્યો હતો, છતાં* 18 *જેટલા 'મેન્શેવિક' સભ્યો ચૂંટાઈ આવ્યાં હતાં. 'ડ્યુમા'મા સૌથી વધારે બળવાન પક્ષ હતો લોકશાહી-બંધારણવાદીઓનો, તેમણે* 170 *થી* 180 *બેઠકો મળવી હતી. પરંતુ ઝારના શાસનને તેનાથી બહુ ડરવાપણું નહોતું- કારણ તેઓ શાસનને ઉથલાવી પાડવા માટે નહીં, પણ તેમને બંધારણીય બનાવવા માટે ધારાસભામાં આવ્યા હતાં.*

*પરિણામે, છઠ્ઠી મે એ 'ડ્યુમા'નું પ્રથમ અધિવેશન શરૂ થયું કે તરત જ આ બંધારણવાદીઓ – 'કેડેટો'એ એક પછી એક માંગણીઓ મૂકવા માંડી – રાજકીય કેદીઓને છોડી મૂકવામાં આવે, અમીર ઉમરાવોના બનેલા ઉપલા ગૃહ ની સત્તાઓ ઓછી કરવામાં આવે, સામ્રાજ્યભરમાં લશ્કરી કાનૂન ક્યાંય પણ લાગુ પાડવામાં ન આવે, ઝારના પ્રધાનો 'ડ્યુમા'ને જવાબદાર રહે તથા રૂસો-જાપાન વિગ્રહમાં જે અધિકારીઓ પરાજ્ય માટે તથા નાણાની ગોલમાલ અંગે જવાબદાર હોય, તેમના પર કામ ચલાવવા એક સમિતિની નિમણૂક કરવામાં આવે,રાજ્ય તથા મઠો હસ્તકની જમીનો લાંબી મુદતના પટ્ટા પર કિસાનોને વહેંચી દેવામાં આવે, વગેરે વગેરે. પરંતુ ઝાર આમાંની કોઈ પણ માંગણી સ્વીકારવા માંગતો ન હતો, એટલે શરૂઆતથી જ ઝાર અને ડ્યુમા વચ્ચે સંઘર્ષ ઊભો થયો. 'ડ્યુમા'એ ઝારના પ્રધાનમંડળ પર અવિશ્વાસનો ઠરાવ પસાર કર્યો. પ્રધાનોએ રાજીનામુ આપવાનો ઈન્કાર કર્યો, પરિણામે આ સંઘર્ષ આગળ વધતો અટકાવવા ઝારે ડ્યુમાને જ બરખાસ્ત કરતું જાહેરનામું (*22, *જુલાઈ –* 1906*) બહાર પાડ્યું કે 'ડ્યુમા'ના સભ્યો પોતાના અધિકારક્ષેત્રમાંથી બહાર જતા હતા, તેથી તેમના વર્તનથી ઝારને અત્યંત નિરાશા ઉત્પન્ન થતાં, આ 'ડ્યુમા' બરખાસ્ત કરવામાં આવે છે, અને તાત્કાલિક ચૂંટણી કરવામાં આવશે. ઝારના આ જાહેરનામાથી રોષે ભરાયેલા લગભગ નવી 'ડ્યુમા'ના બસો જેટલા પ્રતિનિધિઓ પોતપોતાને ઘેર જવાને બદલે ફિન્લેન્ડમાં વાયબોર્ગ મુકામે એકઠા થયા અને ત્યાંથી તેઓએ લોકોને સરકારી કર નહીં ભરવા, તથા લશ્કરમાં ભરતી નહી થવાની વિનંતી કરતું જાહેરનામું બહાર પાડ્યું. અલબત્ત, આ એક ક્રાંતિકારી પગલું હતું, છતાં જનતા તરફથી તેને ખાસ ટેકો નહિ મળતાં એ નિરર્થક બની રહ્યું.*

**બીજી 'ડ્યુમા' (1907)**

1907*ના ફેબ્રુઆરીમાં ફરી વખત ચૂંટણીઅ ો કરવામાં આવી, અને પાંચમી માર્ચના રોજ બીજી 'ડ્યુમા' ની બેઠક મળી. આ 'ડ્યુમા'માં તો પહેલા કરતાં પણ ઝાર-*

*વિરોધી સભ્યો વધારે સંખ્યામાં હતાં. તેમણે મોટા ઉમરાવોની જાગીરો જપ્ત કરવાનો, લશ્કરી-અદાલતો બંધ કરવાનો તથા પ્રધાનમંડળને 'ડ્યુમા'ને જવાબદાર બનાવવાનો અનુરોધ કરતા ઠરાવો પસાર કર્યા. પરંતુ ફરી વખત ઝાર પોતાના નિર્ણય પર મક્કમ રહ્યો. 'ડ્યુમા'ના* 16 *જેટલા નેતાઓની ધરપકડ કરવામાં આવી, પરંતુ 'ડ્યુમા'એ પોતાના ઠરાવો પાછા ખેંચી લેવાનો ઈન્કાર કરતાં તેને બરખાસ્ત કરવામાં આવી.* (16 *જૂન*-1907).

*આ સાથે નવી 'ડ્યુમા'ની ચૂંટણીનું જાહેરનામું બહાર પાડવામાં આવ્યું. તેમાં મતાધિકાર મર્યાદિત કરવામાં આવ્યો (જેથી માત્ર જમીનદારો અને ધનપતિઓ પાસે જ મતાધિકાર રહ્યો.)*

**ત્રીજી 'ડ્યુમા' (1907-1912) અને સુધારાઓ :**

1907*ની* 14*મી નવેમ્બરે મળેલી ત્રીજી 'ડ્યુમા'માં પ્રત્યાઘાતી જમીનદાર વર્ગનું જ જોર હતું, તેથી પાંચ વરસની તેની સમયમર્યાદા નિર્વિઘ્ને પૂરી થઈ. આ 'ડ્યુમા' ઝારના આપખુદ શાસનનો વિરોધ કરે તેમ હતી નહીં; તેથી વાસ્તવમાં તેનું ખાસ મહત્વ પણ ન હતું. છતાં તેણે ઝારના ખેતીવિષયક પ્રધાન સ્ટોલિપિના માર્ગદર્શન નીચે જમીન-વહેંચણીને લગતો અગત્યનો કાયદો પસાર કર્યો. આ કાયદા મુજબ, ગ્રામસમાજના હાથમાંથી ખેત-જમીનો લઈ લેવામાં આવી તથા તે વ્યક્તિગત કિસાનને વહેંચી દેવામાં આવી. સ્ટોલિપિનનું માનવું એવું હતું કે સામુદાયિક ખેતીમાં કિસાનને કામ કરવાનો ઉત્સાહ રહેતો નહીં તેથી ખેતઉત્પાદનને સહન કરવું પડતું. તેથી દરેક કિસાનને વ્યક્તિગત માલિકીની જમીન કરી આપવામાં આવે તો જ ઉત્પાદન વધે. પરંતુ સાચી વાત એ હતી કે, આમ કરીને તે ગ્રામસમાજ દ્વારા કિસાનોનું સંગઠન અટકાવવા માગતો હતો, અને કિસાનોની જમીનભૂખ સંતોષી ઝારના શાસનની તરફેણમાં તેમની વ્યક્તિગત વફાદારી મેળવી, ક્રાંતિના પૂરને ખાળવા માગતો હતો. તેના આ સુધારાને ઘણી સફળતા મળી અને* 1909 *સુધીમાં તો લગભગ* 5,80,000 *કિસાનો ગ્રામસમાજમાંથી નીકળી ગયા હતા અને ૧૯૧૬ સુધીમાં લગભગ ૨ લાખ કિસાનો સ્વતંત્ર ખેત માલિક બની ચૂક્યા હતા.*

**ચોથી 'ડ્યુમા' (1912)**

*ત્યારબાદ રાબેતા મુજબ* 1912*માં ચોથી ડ્યુમાની ચુંટણી થઈ, પરંતુ તેમાં તો ઝાર શાસનને વફાદાર એવા સભ્યોની સંખ્યા વધારે હતી. પણ તેમાં સુધારાવાદીઓનાં નાનકડાં સુધારાઓ માટે સળવળાટ શરૂ કરી દીધો.* 1917*માં આ ક્રાંતિ થઈ ત્યારે આ ચોથી ડ્યુમાં ચાલુ હતી. અને ખરે ટાંકણે તેણે જ ક્રાંતિનો દોર પોતાના હાથમાં લઈ લીધો.*

**14.2.7.5 પ્રથમ વિશ્વયુધ્ધમાં રશિયાની કારમી હાર**

*આ પરિસ્થિતિમાં ઝારે રશિયાને મિત્ર રાજ્યોના પક્ષે પ્રથમ વિશ્વયુધ્ધમાં સંડોવ્યું. ઝાર નિકોલસ બીજાને યુધ્ધની બાબતમાં સમજ હતી નહિ. પરંતુ તે તેની રાણીના કહેવા*

*મુજબ તથા રાણી રાસ્પુટિનના કહેવા પ્રમાણે વર્તતી હતી. રાસ્પુતિનને પણ યુધ્ધનું કંઈ જ્ઞાન ન હતું.*

*યુધ્ધ પ્રથમ વર્ષે જ રશિયન સૈન્યનો જર્મનીને હાથે કચ્ચરઘાણ નીકળી ગયો. યુધ્ધમોરચે સૈનિકોને શસ્ત્રસામગ્રી કે અનાજનો પુરવઠો નિયમિત રીતે પહોચ્યો નહિ તેને કારણે તેમને સખત હાર સહન કરવી પડી. તેમની તકલીફો અપાર હતી. પરિણામે તેઓ ઉપરી અધિકારીઓના હુકમોનો ખુલ્લેઆમ ભંગ કરતાં હતાં.*

*આ વિશ્વયુધ્ધ દરમિયાન દરરોજ ઝારનાં તંત્રની નિષ્ફળતા તથા અણઆવડત ખુલ્લા પડવા લાગ્યાં. ઝારે તે વરસમાં ચાર વડાપ્રધાનો, ત્રણ વિદેશમંત્રીઓ તથા છ ગૃહમંત્રીઓ બદલ્યા. દેશમાં પણ લોકોને અસહ્ય દુઃખો સહન કરવા પડ્યાં. આવશ્યક વસ્તુઓના ભાવો રોકેટ ગતિએ વધ્યાં. કામદારો, કિસાનો તથા આમજનતાને જીવનજરૂરી ચીજવસ્તુઓમળતી ન હતી. ઝારે લોકોને રાહત આપવાને બદલે તેમના ઉપર ગોળીબારો કરવાના હુકમો આપ્યાં. તેના પરિણામે લોકોનો રોષ ભભૂકી ઊઠ્યો, ચારે બાજુએથી 'કામદાર એકતા ઝિંદાબાદ', 'ઝારશાહી નાબૂદ હો', 'યુધ્ધમાંથી ખસી જાઓ' વગેરે સૂત્રો ગાજતાં થયાં. વિશ્વયુધ્ધે સર્જેલી હાડમારીઓએ જનતાની ધીરજનો અંત આણી દીધો. એવામાં ઝારના જ કુટુંબી ઉમરાવે રાસ્પુટિનની હત્યા કરી. તેનાથી લોકોમાં ઉત્સાહનું મોજું ફરી વળ્યું.*

**14.2.7.6 વસંત ક્રાંતિ**

*આવા સ્ફોટક વાતાવરણમાં પેટ્રોગાર્ડ (સેંટ પીટર્સબર્ગ)ના કાયદાઓએ 8 માર્ચ, 1917ના રોજ એક વ્યાપક હડતાલ પાડી. તેમને અંકુશમાં લેવા મોકલેલા સૈન્યે તેમના ઉપર ગોળીબારો કરવાનો ઈન્કાર કર્યો. તેને બદલે તેમણે પોતાના જ અફસરોને ગોળીઓથી વીંધી નાખ્યાં. આમ, ક્રાંતિની સાચી શરૂઆત થઈ. લશ્કરના સૈનિકોના આવા ટેકાથી ઉત્સાહમાં આવી જઈને હડતાળિયા કામદારોએ શહેરના બધાં જ જાહેર મકાનો, પોલીસચોકીઓ તથા લશ્કરી બેરેકોનો કબજે લીધો. તે સમયે ડ્યુમાની બેઠક ચાલુ હતી અને ઝાર પોતે યુધ્ધમોરચા ઉપર હતો. ટોલ્સટોય, દોસ્તોયેવ્સ્કી, તુર્ગનેવ, ચેખોવ વગેરે પ્રસિધ્ધ સાહિત્યકારોની રચનાઓએ લોકોને નવા વિચારો તરફ દોર્યા. પુસ્કિન અને માયકોવ્સ્કીજેવા મહાકવિઓની કવિતાઓએ રશિયનોમાં રાષ્ટ્રવાદ જાગ્રત કર્યો. આ બધામાં ટોલ્સટોયનાં લખાણોનો પ્રભાવ ઘણો વ્યાપક અને દૂરગામી નીવડ્યો હતો.*

**14.2.7.7 કામચલાઉ સરકારની નિષ્ફળતા**

*માર્ચ ક્રાંતિ સફળ થયા પછી, ડ્યુમાની સમિતિએ પ્રિન્સ લીવોવ, કેરેન્સ્કી વગેરે ઉદારમતવાદી નેતાઓની આગેવાની હેઠળ કામચલાઉ સરકારની રચના કરી. આ સરકાર જમીનદારો, ઉદ્યોગપતિઓ તથા ઉમરાવો પ્રત્યે સહાનુભૂતિ દાખવીને કિસાનો અને કામદારોનું કલ્યાણ કરવા માગતી હતી. તેની વિચારસરણી બધા પક્ષો અને જૂથોને સંતોષ આપવાની હતી. આ દરમિયાન સ્વિટ્ઝલેન્ડમાં દેશવટો ભોગવતો લેનિન 17 એપ્રિલ, 1917ના રોજ રશિયા પહોંચ્યો. તેણે બોલ્શેવિકોને તેમની નિષ્ક્રિયતા બદલ ઠપકો આપ્યો*

અને કામદારોનાં મંડળોને સત્તા આંચકી લેવા પ્રેરણા આપી. તેણે ધનિકો અને મધ્યમ વર્ગનું પ્રતિનિધિત્વ ધરાવતી સરકારને સહકાર ન આપ્યો અને શ્રમજીવીઓની સરકાર સ્થાપવા પ્રતિક્રાંતિ આરંભી. આ દરમિયાન કામચલાઉ સરકાર યુધ્ધનું સંચાલન કરવામાં નિષ્ફળ ગઈ. આંતરિક વહીવટમાં પણ તેની ક્ષતિઓ જાહેર થઈ અને લોકોમાં તે બદનામ થઈ.

**14.2.7.8 બોલ્શેવિક ક્રાન્તિ (નવેમ્બર 1917)**

આ કામચલાઉ સરકારે તુરત જ સુધારાઓ કરવા માંડ્યા, પરંતુ આ સરકારમાં માત્ર કુલીનો અને ઉચ્ચ વર્ગના લોકો જ હોવાથી કિસાનો કે કામદારોનું તેમાં કોઈ જ પ્રતિનિધિત્વ ન હતું. માટે તેમની જરૂરિયાતો સંતોષવા સરકારે કોઈ પગલું ભર્યું નહીં. તેનો લાભ લઈ સામ્યવાદીઓએ (બોલ્શેવિકોએ) કામદારો અને સૈનિકોની આગેવાની નીચે 'સોવિયેટો' (પ્રતિનિધિસભાઓ) રચીને લોકક્રાન્તિ હાથ ધરી. તેણે પ્રજાને **'રોટી, જમીન અને શાંતિ'** નું નવું સૂત્ર આપ્યું. પ્રિન્સ લ્યોવની નિષ્ફળતા પછી તેને સ્થાને કેરેન્સિકી સત્તા પર આવ્યો. પરંતુ તે પણ વિશેષ સફળ થઈ શક્યો નહીં. જોકે કેરેન્સિકીના શાસનમાં સામ્યવાદી નેતાઓને ભૂગર્ભમાં ચાલ્યા જવું પડ્યું, જેમાં લેનિનનો પણ સમાવેશ થતો હતો, પરંતુ ભૂગર્ભમાંથી પણ પ્રવૃત્તિઓ ચાલુ રાખીને સામ્યવાદી નેતાઓએ તક મળતાં 6,7 નવેમ્બર, 1917 ના રોજ પેટ્રોગાર્ડના કોઠાર, રેલવે, બેન્ક, ટપાલ તથા તારઓફિસ જેવી સરકારી કચેરીઓ પર અધિકાર જમાવ્યો. લેનિને છૂપા વેશે આવીને ક્રાન્તિનું સંચાલન હાથમાં લીધું. કેરેન્સિકી ભાગી ગયો અને આમ સમગ્ર પેટ્રોગાર્ડ પર બોલ્શેવિકોનો કબજો થતાં રશિયામાં સામ્યવાદી ક્રાન્તિ પૂર્ણ થઈ.

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

1. રશિયાના રાજાઓની આપખૂદી અને ત્રાસદાયક પ્રવૃત્તિઓ જણાવો.

2. ક્રાંતી સમયે રશિયાના ખેડૂતો અને કામદારો (મજૂરો)ની કેવી સ્થિતિ હતી ?

3. રશિયાની પ્રજામાં જાગૃત કરવા માટે લેખકો અને ચિંતકોએ ભજવેલ ભૂમિકા ચર્ચો.

4. *રશિયા-જાપાન વિગ્રહ (ઈ.સ. 1905) શા માટે થયો? તેનું પરિણામ શું આવ્યું ?*

5. *રશિયાના શાસકો દ્વારા બેલાવેલ ધારાસભાઓ (ડ્યુમાઓ) પ્રજાની આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં શા માટે નિષ્ફળ ગઈ ? સમજાવો.*

6. *પ્રથમ વિશ્વયુધ્ધમાં શા માટે રશિયાની હાર થઈ ?*

**(1) ખાલી જગ્યા પૂરો.**

1. *રશિયાની રાજાશાહી ________નામે ઓળખાતી હતી.*
2. *ક્રાંતિ સમયનો રાજા ઝાર નિકોલ્સ બીજો __________વંશનો હતો.*
3. *કાર્લ માર્ક્સે___________નામનો ગ્રંથ લખ્યો.*
4. *લેનિને ___________નામનું મુખપત્ર શરૂ કર્યું હતું.*
5. *રવિવારનો હત્યાંકાંડ ___________ના રોજ થયો.*
6. *પ્રથમ વિશ્વયુધ્ધમાં રશિયાપક્ષે ___________જોડાયું.*

**(2) નીચેના વાક્યો વાંચો અને તે સાચા છે કે ખોટાની નિશાનીથી જણાવો.**

1. *ઝાર શાસનમાં લોકોની સ્થાનિક પંચાયતો 'જેમસ્ટેવો' નામની સંસ્થાઓ હતી. ( )*
2. *ઝાર નિકોલસ બીજાના વહિવટી તંત્રમાં રાષ્પુટિનનુ સંપૂર્ણ નિયંત્રણ હતુ. ( )*
3. *રાષ્પુટિનનો સામાન્ય અર્થ 'ગંદી બિલાડી' થાય છે. ( )*
4. *રશ્કિન ક્રાંતિકારીઓનો નેતા હતો. ( )*

5. *લેનીને 'રોટી-જમીન-સત્તા'નું સૂત્ર આપ્યું.* ( )

## 14.3 રશિયા પડેલ અસરો / પરિણામો

**પ્રસ્તાવના**

*આ સામ્યવાદી ક્રાંતિએ માત્ર રશિયાના જ નહિ, પરંતુ સમગ્ર વિશ્વના ઈતિહાસ પર તેના સમાજ, સંસ્કૃતિ અને જનજીવન પર પ્રચંડ અસરો પાડી છે. માત્ર અર્ધશતક જેટલા ટૂંકા ગાળામાં રશિયા વિશ્વની પ્રમુખ મહાસત્તા અને જગતનું પ્રથમ કક્ષાનું રાજ્ય બની ગયું. તેણે ચીનની અને તેવી અનેક નાનીમોટી ક્રાંતિઓને પ્રેરણા આપી છે. સામ્યવાદને આંતરાષ્ટ્રીય ક્ષેત્રે જાણીતો કર્યો છે. માટે તેની રશિયા તેમજ બાકીના વિશ્વ પર કેવી અસરો પડી તે વિગતે જોઈએ.*

### 14.3.1 આપખુદ રાજાશાહી નો અંત

*આ ક્રાંતિથી રશિયામાંથી નિરંકુશ ઝારશાહી અને નોકરશાહીનો અંત આવ્યો. ક્રિસ્ટોફર હિલના મંતવ્ય પ્રમાણે ''ક્રાંતિ પૂર્વે રશિયામાં ગ્રામ્ય ક્ષેત્ર, લશ્કરી તથા મુલકી એવા સર્વે ક્ષેત્રે ઝાર અને તેની ભ્રષ્ટ નોકરશાહીના હાથમાં સંપૂર્ણ સ્વેચ્છાશાહી સત્તા કેન્દ્રિત હતી.'' પરંતુ આ ક્રાંતિએ* 300 *વર્ષથી રશિયામાં ચાલતા રોમેનોફ વંશના શાસનનો અંત આણ્યો. જવાહરલાલ નહેરુ નોંધે છે કે '' સમગ્ર રશિયાનો મહાન આપખુદ રાજકર્તા, પવિત્ર રશિયાનો નાનો ગોરો પ્રભુ ઈતિહાસની કચરાપેટીમાં અલોપ થઈ ગયો.''* ...300 *વર્ષ ના આપખુદ શાસન પછી રોમનોફ વંશ રશિયાની રંગભૂમિ હંમેશને માટે છોડી ગયો.*

### 14.3.2 સામ્યવાદી સરકારની સ્થાપના

1917 *ની ક્રાંતિ પછી* 1918 *માં રશિયામાં નવું બંધારણ અમલમાં આવ્યું તે પ્રમાણે રશિયામાં વિશ્વની પ્રથમ આધુનિક સામ્યવાદી સરકારની સ્થાપના થઈ. કાર્લ માર્ક્સના સિધ્ધાંતો પર આધારિત રાજ્યતંત્ર તથા અર્થતંત્રની રચના કરવામાં આવી. પછીથી બીજા દેશોમાં પણ સામ્યવાદી સરકારો રચાઈ.*

### 14.3.3 વર્ગ વિહિન સમાજ રચના

*જૂની અન્યાયી વર્ગ રચના રશિયામાંથી નાબૂદ થઈ. કારખાનાંઓ અને ખેતરો રાજ્યની કે સમાજની સામૂહિક માલિકીનાં થતાં મૂડીવાદ શોષણવ્યવસ્થાનો નાશ થયો અને વર્ગવિહિન સમાજ રચનાની શરૂઆત થઈ.*

### 14.3.4 રશિયાની આર્થિક પ્રગતિનાં મંડાણ

*ક્રાંતિ પછી રશિયાએ સ્ટાલિનના શાસન દરમ્યાન રશિયામાં પંચવર્ષીય યોજનાઓ દ્વારા આર્થિક ક્ષેત્રે પ્રગતિની હરણફાળ ભરી. ઉત્પાદનમાં અનેકગણો વધારો થયો તથા બેકારીનો સદંતર નાશ થયો તથા લોકોનું જીવનધોરણ ઊંચું આવ્યું.*

### 14.3.5 આર્થિક ક્ષેત્રે રાષ્ટ્રીયકરણ

*ક્રાંતિ બાદ રશિયાએ મૂડીવાદી અર્થવ્યવસ્થાને બદલે સમાજવાદી અર્થવ્યવસ્થા સ્વીકારેલી. તેથી મિલો, ઉદ્યોગો, કારખાનાં, ખાણો, જંગલો, રેલવે, બેન્કો વગેરેનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું અને આમ મહત્ત્વનાં આર્થિક સાધનો ઉપર રાજ્યની માલિકી સ્થાપવામાં આવી.*

**14.3.6 કામ કરવાના સિદ્ધાંતને પ્રાધાન્ય**

*રશિયામાં ક્રાંતિ પછી શ્રમજીવીઓનું 'શાસન રચાયું ' તેથી 'કામ કરે તે ખાય' ના સિદ્ધાંતની સાથે 'કામ કરે તેને જ મતાધિકાર ' નો સિદ્ધાંત પણ અમલમાં આવ્યો. રાજ્યના નવા બંધારણમાં 'કામદારોની સોવિયેટો' ને મહત્ત્વ મળ્યું અને તેમના પ્રતિનિધિઓમાંથી જ સરકારની વિશિષ્ટ રીતે રચના થઈ.*

**14.3.7 શિક્ષણનો વિકાસ**

*ક્રાંતિ પૂર્ણ થતા બાદ બોલ્શેવિક સરકારે રશિયામાં શિક્ષણના વિકાસને પ્રાધાન્ય આપ્યું. પ્રાથમિક શિક્ષણ મફત અને ફરજિયાત બનાવવામાં આવ્યું. સમગ્ર દેશમાં પ્રૌઢ શિક્ષણ, ઉચ્ચશિક્ષણ તથા ટેકનિકલ શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. ખાસ કરીને પ્રૌઢ શિક્ષણ તેમજ મફત અને ફરજીયાત પ્રાથમિક શિક્ષણને લીધે રશિયામાં નિરક્ષરતાનો ધીમે ધીમે પરંતુ સંપૂર્ણ પણે નાશ થયો.*

**14.3.8 વિશેષાધિકારોની નાબૂદી**

*ક્રાંતિ પહેલા ધર્મ ગુરુઓ, ઉમરાવો અને ધનિકો જે વિશેષાધિકારો ભોગવતા હતા તે ક્રાંતિ બાદ નાબૂદ કરવામાં આવ્યા.*

**14.3.9 ધાર્મિક અને સામાજિક સુધારા**

*ધાર્મિક ક્ષેત્રે સરકારે ધર્મને અફીણ સમાન ગણાવ્યું હતું. છતાં ખાનગી રીતે ધર્મ પાળવાની છૂટ હતી. બાકી સરકારે ધર્મની બાબતમાં નાસ્તિકતાવાદ અપનાવ્યો હતો.*

*જ્યારે સામાજિક ક્ષેત્રે ગુલામી પ્રથા નાબૂદ કરવામાં આવી અને સ્ત્રીઓને મહત્ત્વનો દરજ્જો અપાયો, છુટાછેડા તથા લગ્ન અંગેના નિયમો સરળ બનાવવામાં આવ્યા. બાળકલ્યાણ અંગે રાજ્યે ઘણી યોજનાઓ હાથ ધરી. રશિયામાં સામાન્ય માનવી પ્રગતિશીલ અને સુખી બન્યો.*

**14.3.10રશિયાની કાયાપલટ**

*રશિયામાં આ ક્રાંતિ બાદ બધાં જ ક્ષેત્રે વિકાસ થયો જેણે રશિયાની કાયાપલટ કરી નાખી. તેણે રશિયાને જાણે કે નવો જ અવતાર આપ્યો.*

## 14.4 રશિયાની ક્રાંતિની વિશ્વવ્યાપી અસરો

*રશિયાની ક્રાંતિની અસરો માત્ર રશિયા પૂરતી જ મર્યાદિત ન હતી. તેણે તો વિશ્વના રાજકારણ તથા અર્થ કારણમાં પણ શકવર્તી અસરો કરી. તે નીચે પ્રમાણે હતી :*

### 14.4.1 વિશ્વમાં સામ્યવાદી વિચારસરણીનો ફેલાવો.

*સામ્યવાદીઓ રશિયામાં જેમ જેમ સિદ્ધિઓ પ્રાપ્ત કરતા ગયા તેમ તેમ તેમણે યુરોપ તથા એશિયાના કેટલાયે દેશોની કચડાતી શોષિત પ્રજા પ્રત્યે અહોભાવ પેદા કર્યો. વિશ્વના ઘણા દેશોમાં સામ્યવાદી પક્ષો સ્થપાયા અને મજદૂર ચળવળોએ જોર પકડ્યું. રશિયાની સામ્યવાદી સરકારે તેમને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે ટેકો આપ્યો. તેને પરિણામે પૂર્વ યુરોપના ઝેકોસ્લોવેકિયા યુગોસ્લાવિયા, પોલેન્ડ, રુમાનિયા, બલ્ગેરિયા, હંગેરી, આલ્બેનિયા વગેરે રાષ્ટ્રોએ સરકારની સામ્યવાદી પદ્ધતિ સ્વીકારી. એશિયામાં દ્વિતિય વિશ્વયુદ્ધ પછી ચીન, મંગોલિયા, ઉત્તર વિયેટનામ તથા ઉત્તર કોરિયામાં પણ સામ્યવાદી સરકારો અસ્તિત્વમાં આવી.*

### 14.4.2 બે જૂથમાં વિશ્વ વેહેંચાઈ ગયુ અને ઠંડા યુધ્ધની ભૂમિકા.

*આને પરિણામે વિશ્વનાં રાજ્યો સામ્યવાદી અને મૂડીવાદી એવાં બે જૂથોમાં વહેંચાઇ ગયાં. સામ્યવાદી જૂથના નેતા તરીકે રશિયા અને મૂડીવાદી જૂથના નેતા તરીકે અમેરિકાએ માનવપ્રવૃતિનાં બધાં જ ક્ષેત્રોમાં હરીફાઇ આદરી. દ્વિતીય વિશ્વયુદ્ધ પછી આ હરીફાઇ 'ઠંડા યુદ્ધ' માં પરિણામી. 'નાટો', 'સિયાટો' કે 'વોરસો' કરાર જેવા સંરક્ષણ કરારો દ્વારા બંને જૂથોએ પોતપોતાની સત્તા માપવાના તથા વર્ચસ્વ વિસ્તારવાના પ્રયત્નો કરવા માંડ્યા. ઠંડા યુદ્ધનું વાતાવરણ 'યુનો'માં પણ પ્રવેશ્યું અને જર્મનીનું એકીકરણ, બર્લિનનો પ્રશ્ન, નિઃશસ્ત્રીકરણ વગેરે અનેક સમસ્યાઓનો ઉકેલ પાછો ઠેલાતો ગયો અથવા વધારે ગૂંચવાતો ગયો. રશિયાનીઆ ક્રાંતિએ વિશ્વના રાજકારણ ઉપર આ કેવી મહત્ત્વની દૂરગામી અસરો કરી ગણાય ! તે સમયે તો કદાચ કોઈને આના એકાદ અંશ પૂરતી પણ કલ્પના નહિ આવી હોય.*

### 14.4.3 લોકશાહી વિચારસરણીને અટકાવી.

*રશિયાનીઆ ક્રાંતિએ કેટલીક પ્રચલિત વિચારસરણીઓ તથા માન્યતાઓ ઉપર અદ્ભુત અસર કરી. તેણે લોકશાહીના પ્રચલિત ખ્યાલોને ધક્કો આપ્યો અને સાબિત કર્યું કે મૂડીવાદી, અન્યાયી સમાજવ્યવસ્થામાં આર્થિક અસમાનતાને કારણે ગરીબો અને શોષિતો માટે લોકશાહી એ મોટો ભ્રમ છે. આર્થિક સમાનતા ન આવે ત્યાં સુધી ગરીબોને મતાધિકાર આપીને લોકશાહી લાવ્યાનો કોઈ અર્થ નથી, કારણ કે ગરીબો પોતાના આ મતાધિકારનો ઉપયોગ ફાવે તે રીતે કરવા સ્વતંત્ર નથી હોતા, એ દષ્ટિએ રશિયાની ક્રાંતિ, ફ્રાન્સની ક્રાંતિની પૂરક ગણાય છે, કારણ ફ્રાન્સની ક્રાંતિએ સ્વતંત્રતાનો જે મહાન મંત્ર આપ્યો તેનો વ્યવહારમાં ઉપયોગ કરવા વ્યક્તિ આર્થિક રીતે શોષિત હોવી જોઈએ નહિ તે ખ્યાલ રશિયાની ક્રાંતિએ આપ્યો.*

### 14.4.4 સામાજિક વ્યવસ્થામાં આમૂલ ફેરફારો.

*રશિયાની ક્રાંતિએ દરેક દેશમાં પ્રચલિત એવી અન્યાયી સમાજ વ્યવસ્થા તરફ લોકોનું ધ્યાન કેન્દ્રિત કર્યું. તેને લીધે દરેક દેશમાં મજદૂર કલ્યાણના કાયદાઓ થવા લાગ્યા, શ્રમજીવીઓને તેનાથી ઉત્સાહ તથા હિંમત મળ્યાં. દરેક દેશની સરકાર, પછી તે*

*સામ્યવાદી હોય કે નહિ, પોતાના નાગરિકોનું જીવનધોરણ ઊંચું લાવવા માટે પ્રયત્નશીલ બની. ટૂંકમાં આવી ક્રાંતિને લીધે પ્રચલિત મૂડીવાદી અર્થવ્યવસ્થા તથા વિચારસરણીઓમાં ભારે પરિવર્તનો આવી રહ્યાં છે અને 'વ્યક્તિગત આર્થિક સાહસને બદલે સામૂહિક શ્રમ અને માલિકીના સમાજવાદી આદર્શો આજે વ્યાપકપણે સ્વીકારતા જાય છે' તેને વિશ્વના ઈતિહાસમાં રશિયાની ક્રાંતિની સૌથી મહાન અસર ગણવી જોઈએ.*

**14.4.5 ખેડૂતો- કામદારોની સ્થિતિ સુધારવા માટેના કાયદાઓ**

*રશિયાની ક્રાંતિએ પીસાતી, કચડાતી સામાન્ય પ્રજાની તાકાતનો વિશ્વને પરિચય કરાવ્યો. તેથી વિશ્વના અનેક દેશોએ ખેડૂતો- કામદારોની સ્થિતિ સુધારવા માટેના કાયદાઓ ઘડ્યા.*

**14.4.6 નવી વિચારસરણી**

*આ ક્રાંતિએ વિશ્વને દર્શાવ્યું કે રાજકીય સ્વતંત્રતાની સાથે-સાથે આર્થિક અને સામાજિક સમાનતા પણ જરૂરી છે.*

**14.4.7 એકતા-સંગઠન નું ફળ**

*આ ક્રાંતિએ જગતને દર્શાવ્યું કે આમજનતા એકત્રિત થઈ સંગઠિત બને તો અશક્યને શક્ય બનાવી શકે છે તથા આ ક્રાંતિએ કામદારોના નવા યુગના એંધાણ આપ્યાં.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. *રશિયાની ક્રાંતિ બાદ કયા રાજકીય ફેરફારો થાય ?*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

2. *ક્રાંતિ બાદ સામાજિક અને આર્થિક ક્ષેત્રે કેવા પ્રકારના પરિવર્તનો થયા ?*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

3. *રશિયાની ક્રાંતિની વિશ્વવ્યાપી અસરો ટૂંકમાં ચર્ચો.*

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

______________________________________________________________

**(1) નીચેના વાકયો સાચા છે કે ખોટા તે જણાવો.**

(1) *ક્રાંતિ બાદ ઈ.સ.* 1918*માં રશિયામાં નવું બંધારણ અમલમાં આવ્યું* ( )

(2) *ક્રાંતિ બાદ જૂની અન્ય સમાજરચના ચાલુ રહી* ( )

(3) *ક્રાંતિ બાદ શ્રમજીવીઓનું શાસન સ્થપાયું* ( )

(4) *ક્રાંતિ બાદ વિશ્વમાં સામ્યવાદી શાસનનો અંત આવ્યો* ( )

(5) *ક્રાંતિ બાદ લોકશાહી વિચારશરણીનો ફેલાવો થયો* ( )

(6) *ક્રાતિ બાદ સમગ્ર વિશ્વ બે ભાગમાં વિભાજીત થયું* ( )

## 14.5 સારાંશ

*ઈ.સ.* 1917*ની ઘટનાઓ જુદાં-જુદાં કારણોસર મહત્વની છે. પ્રથમ તો એ કે તેઓ રશિયાની રાજકીય સામાજિક અને આર્થિક વ્યવસ્થામાં આવેલ આમૂલ પરિવર્તનોનું પ્રતિનિધિત્વ કરે છે, બીજુ કે આ ઘટનાઓએ સામાજિક માળખામાં ફેરફારો કર્યા છે, ત્રીજુ, વિશ્વની તમામ કચડાયેલી , દબાયેલી,ઘવાયેલી પ્રજાઓ અને રાષ્ટ્રની સ્વાધીનતા તથા તે પછી તેમના માટે ઉત્તમ વ્યવસ્થા બનાવાય તેવા સંઘર્ષો-ઘર્ષણોને આ ઘટનાઓએ પ્રસંગોને ખૂબ પ્રેરણા આપી.*

*અંતમાં રશિયાની ક્રાંતિના અનુભવે સમગ્ર વિશ્વને – જગતને સામાજિક મુક્તિ સ્વાતંત્ર્ય, આર્થિક વિકાસ અને રાજકીય પરિવર્તન માટે જવા આદર્શોની રચના કરી.*

## 14.6 ચાવીરૂપ શબ્દો

**આપખુદ શાહી** : *સંપૂર્ણ રાજાશાહી*

**એકતંત્ર** : *એવી શાસન રચના જેમાં બધી રાજકીય સત્તાઓ રાજાની જ હાથમાં જ હોય*

**ઝાર** : *રાજા માટે રશિયન ભાષામાં વપરાતો શબ્દ*

**બોલ્શેવિક** : 1903 *માં જ્યારે રશિયાનો સામાજિક લોકશાહી પક્ષ બે જૂથોમાં વહેંચાઈ ગયો, ત્યારે જે જૂથ પક્ષની કેન્દ્રીય સમિતિમાં બહૂમતી મેળવી હોય તેઓ 'બોલ્શેવિક' તરીકે ઓળખાયા. રશિયાની ભાષામાં 'બહૂમતી' માટે આ શબ્દ વપરાય છે.*

**મજૂરોનું નિયંત્રણ**: *મજૂરો પોતાના પ્રતિનિધિઓ ધ્વારા ઉત્પાદન પ્રક્રિયામાં લેવાતા લક્ષણમાં પોતાના અધિકારોની સુરક્ષામાં ભાગીદારો*

**ડ્યુમા** : *'ડ્યુમા' રશિયન શબ્દ છે. જેનો અર્થ ધારાસભા થાય છે.*

**રાસ્પુટીન** : *રશિયન ભાષામાં રાસ્પુટીનનો અર્થ 'ગંદો કૂતરો' થાય છે. રાસ્પુટીન એક દંભી અને કંઈક અંશે શિથિલ ચારિત્ર્યવાળો સાધુ હતો. તેનો પ્રભાવ રાણી ઉપર વિશેષ હતો.*

## 12.7 તમારી પ્રગતિના ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**(7)** *ખાલી જગ્યા પુરો.*

1. *ઝારશાહી* 2. *રોમેનોફ* 3. *દાસકેપિટલ* 4. *ઈસ્ક્રા*

5. 22, *જાન્યુઆરી,* 1905 6. *મિત્રપક્ષ*

(8) *સાચા છે કે ખોટા*

1. *સાચુ* 2. *સાચુ* 3. *ખોટુ* 4. *ખોટુ* 5. *ખોટુ*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(4) *સાચા છે કે ખોટા*

1. *સાચુ* 2. *ખોટુ* 3. *સાચુ* 4. *ખોટુ* 5. *ખોટુ* 6. *સાચુ*

## 14.8 સંદર્ભ પુસ્તકો


- *ડૉ.જયકુમાર.ર.શુક્લ - 'સોવિયેત રશિયાનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *પ્રા. મહેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ – 'રશિયન ક્રાંતિ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *પ્રા.ડૉ. સુરેશ ચી. શેઠ – 'વિશ્વનો ઈતિહાસ (ઐતિહાસિક દ્રષ્ટિએ)', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- Official Publication, History of the USSR, Progress Publisher, MOSCOW
- *એસ.એલ.નાગોરી, કાન્તા નાગોરી – 'યુરોપ કા સંપૂર્ણ ઈતિહાસ(*1453 *થી* 1919*)', સબલાઈન પબ્લીકેશન, જયપુર.*
- *ડૉ.એમ.એલ.શર્મા – 'વિશ્વકા ઈતિહાસ(*1776-1976*)' , કોલેજ બુક ડિપો, જયપુર.*

| એકમ-15 | રશિયન ક્રાંતિના નેતા તરીકે લેનિન |
|---|---|

રૂપરેખા :

15.0 વિષય સ્પષ્ટતા
15.1 પ્રસ્તાવના
15.2 જન્મ અને ઉછેર
15.3 મોટાભાઈને સજા અને વિચારોમાં પરિવર્તન
15.4 શિક્ષણ
15.5 પ્રારંભિક કારકિર્દી
15.6 ક્રુપ્સકાયા સાથે લગ્ન
15.7 વિદેશમાંથી ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું સંચાલન
15.8 બોલ્શેવિક ક્રાંતિના જનક
15.9 લેનિને રજૂ કરેલ કાર્યક્રમ
15.10 કેરેન્સકી સરકાર
15.11 કેરેન્સકીનું પતન અને બોલ્શેવિક ક્રાંતિ સફળ
15.12 બોલ્શેવિક ક્રાંતિના વડા તરીકે લેનિન
15.13 લેનિનનું અધૂરૂ રહેલું સ્વપ્ન - અંતિમ દિવસો
15.14 સારાંશ
15.15 ચાવીરૂપ શબ્દો
15.16 'તમારી પ્રગતિ ચકાસો' ના જવાબો
15.17 સંદર્ભ પુસ્તકો

## 15.0 વિષય સ્પષ્ટતા

*કોઈપણ બનાવ, ઘટના કે પ્રસંગ સમયે કુશળ નેતૃત્વ (નેતાગીરી) મહત્વનો ભાગ ભજવે છે. વર્ષોથી દબાયેલી-કચડાયેલી રશિયાની પ્રજાએ ઝાર શાસક નિકોલસ બીજા વિરુધ્ધ ક્રાંતિ કરી તેમાં કામદાર નેતા લેનિને (વાલ્ડીમિર ઈલિચ ઉલ્યાનોવે) ઉત્તમ નેતૃત્વ પુરૂ પાડયું હતું. તેને રજૂ કરેલ નીતિ-રીતિઓને સહર્ષ પ્રજાએ અપનાવી લીધી હતી. માત્ર કામદારોની માગણીઓ રજૂ કરવા માટે નિઃશસ્ત્ર સરઘસ પર રાજાએ અમાનૂષી વર્તન કર્યુ અને ગોળીબાર ચલાવ્યો ત્યારે રાજાપ્રેમી પ્રજાએ ક્રાંતિનો માર્ગ અપનાવ્યો. આપણને જાણીએ છીએ કે ઈ.સ. 1905 માં રશિયામાં થયેલ ક્રાંતિ નિષ્ફળ ગઈ હતી.*

*તેનું મહત્વનું પરિબળ 'નેતૃત્વ નો અભાવ' હતો. આ પ્રશ્નના સંદર્ભે રશિયાની ક્રાંતિના નેતા લેનિને ભજવેલ ભૂમિકાને તપાસીએ.*

## 15.1 પ્રસ્તાવના

*રશિયાની સામ્યવાદી ક્રાંતિના ઈતિહાસમાંથી જો લેનિનને બાકાત કરવામાં આવે તો કાંઈ જ વધે નહી. લેનિન વિના બોલ્શેવિક ક્રાંતિ (ઈ.સ.*1917*)ની કલ્પના જ કરી શકાય નહિ. રશિયામાં ક્રાંતિના સર્જક તરીકે અને તેના વાસ્તવિક રાષ્ટ્રપિતા તરીકે લેનિનનું સ્થાન રશિયામાં જ નહિ સમગ્ર સોવિયેત સંઘમાં અદ્વિતિય અને અજોડ છે. ક્રાંતિ પહેલા, ક્રાંતિ વખતે અને ક્રાંતિ બાદની તેની ભૂમિકા અનેક ઘટનાક્રમથી ભરપૂર છે. જેને હવે આપણે જોઈએ.*

## 15.2 જન્મ અને ઉછેર

*લેનિનનો જન્મ ઈ.સ.* 1870*ની એપ્રિલની ૨૨ તારીખે સિમ્બિસ્ક શહેરમાં થયો હતો. તેનુ મૂળ નામ વાલ્ડિમિર ઈલિચ ઉલ્યાનોવ હતું. તેના માતા-પિતા પ્રગતિશીલ શિક્ષક હતાં. લેનિનના જન્મ બાદ તેમના પિતાને પ્રાથમિક શાળાના નિરીક્ષક તરીકે બઢતી મળી હતી. આમ લેનિનનો ઉછેર સંસ્કારી વાતાવરણમાં થયો હતો.*

## 15.3 મોટાભાઈને સજા અને વિચારોમાં પરિવર્તન

*લેનિનના જીવનને વણાંક આપનાર તથા યોગ્ય જીવન ઘડતર કરનાર એક ઘટના હતી. લેનિનના ચાર ભાઈઓ પણ પ્રગતિશીલ વિચારસરણી અને ક્રાંતિકારી માનસ ધરાવતા હતા. મોટાભાઈએ ઈ.સ.*1887*માં તે સમયના જુલ્મી, અત્યાચારી શાસક સમ્રાટ ઝાર એલેક્ઝાન્ડર ત્રીજાની હત્યા કરવાનું કાવતરૂ કર્યુ. એ કાવતરું પકડાઈ ગયુ અને ફાંસીની સજા થઈ. એ ઘટનાની કુમળા મન ઉપર ગંભીર અસર પડી. તેના વિચારોએ માર્ગ બદલ્યો અને તે પણ ક્રાંતિકારી બનશે તેવું લાગ્યું.*

## 15.4 શિક્ષણ

*લેનિને ઉચ્ચ શિક્ષણ મેળવવા માટે કઝાન યુનિવર્સિટીમાં એડમિશન લીધુ હતું. તેની કુશાગ્ર બુધ્ધિથી આ યુનિવર્સિટીના અધ્યાપકો પણ પ્રભાવિત થયા હતાં. પરંતુ લેનિનની ક્રાંતિકારી વિચારસરણી તેમને ભયજનક લાગી. પરિણામે તેને ત્રણ જ મહિનામાં યુનિવર્સિટીમાંથી બરતરફ કરવામાં આવ્યો. આમ નિયમિત વિદ્યાર્થી તરીકે* (Regular Student) *તેને કોઈ યુનિવર્સિટી કે કોલેજ પ્રવેશ આપવા તૈયાર ન હતી. આથી તેણે બાહ્ય વિદ્યાર્થી* (External Student) *તરીકે અભ્યાસ શરૂ કર્યો અને ઈ.સ.* 1891*માં સેંટ પિટર્સબર્ગ યુનિવર્સિટી માંથી કાયદાની* (Law) *સ્નાતક ની ઉદ્યાધી મેળવવામાં તેને સફળતા મળી.*

## 15.5 પ્રારંભિક કારકિર્દી

*કાયદાની પદવી* (L.L.B.) *ની મેળવ્યા બાદ તેણે ઈ.સ.* 1893 *વકીલાત શરૂ કરી. તે પોતે કાર્લમાર્ક્સની વિચારસરણીનો પુરસ્કર્તા હતો. તેથી સહેલાઈથી સેંટ પિટર્સબર્ગમાં રાજકીય નેતા બની ગયો. તેણે અહીં 'મજદૂર મુક્તિ આંદોલન સંઘ'ની રચના કરી. તેણે બમણા જોરથી મજૂરો અને ખેડુતોમાં માર્ક્સવાદી વિચારસરણીનો પ્રચાર કર્યો. આ સમય દરમિયાન તે બિમાર પડતાં હવા ફેર કરવા માટે સ્વીઝરલેંન્ડ ગયો ત્યાં તેની મુલાકાત પ્લેખેનોવ (માર્ક્સવાદી પીઢ નેતા) સાથે થઈ. લેનિનથી તેઓ ઘણા પ્રભાવિત થયા અને તેને માટે તેમણે ભવિષ્યવાણી કરી કે ''આ યુવાન ભવિષ્યમાં રશિયાનો રોબેસ્પિયર થશે.'' આ વાતની ઝારના જાસુસો ને ખબર પડતાં લેનિન જેવો રશિયામાં પ્રવેશ્યો કે તેને પકડીને ત્રણ વર્ષ માટે સાઈબિરીયામાં લોહી થીજવી નાખતા અને હાડકા ગાળી નાખતા નર્કાગારમાં મોકલી આપવામાં આવ્યો.*

## 15.6 ક્રુપ્સકાયા સાથે લગ્ન

*પિટર્સબર્ગમાં જ્યારે લેનિન કામદારો સાથે કામ કરતો હતો ત્યારે ક્રુપ્સકાયા નામની યુવાન સુંદર કન્યા સાથે સંપર્કમાં આવ્યો. બન્નેની વિચારશરણી સરખી હતી. ઈ.સ.* 1898*માં સાઈબિરીયામાં દેશ નિકાલ કરવામાં આવી હતી. પરિણામે તે અને લેનિન બન્નેએ ત્યાંજ લગ્ન કરી લીધા. ક્રુપ્સકાયા લેનિનની પ્રેરણામૂર્તિ હતી. તેની તમામ પ્રવૃત્તિઓ અને સફળતાઓમાં તેનું પ્રત્યક્ષ અને પરોક્ષ બન્ને રીતનું યોગદાન હતું. પત્નીને કારણે હવે લેનિને પોતાનું મૂળ નામ વ્લાડિમિર ઈલિચ ઈલ્યાનોવ ત્યજી દીધુ અને 'લેનિન' નામથી લખવાનું શરૂ કર્યું.*

## 15.7 વિદેશમાંથી ક્રાંતિકારી પ્રવૃત્તિઓ સંચાલન

*ત્રણ વર્ષની સજા ભોગવીને રશિયામાં પરત આવ્યો પરંતુ ઝારની પોલિસે તેને શાંતિથી રહેવા દે તેમ નહોતી તેથી મ્યુનિચ નાસી ગયો. ત્યાંથી સ્વિટઝરલેન્ડના જિનેવામાં આવ્યો. એને 'ઈસ્ક્રા' (તણખો) નામનું પત્ર શરૂ કર્યું. અહીથી પણ નાસીને તે ઈ.સ.* 1902*માં લંડન આવ્યો. ત્યાં ક્રાંતિકારી યુવાન ટ્રોટસ્કીના પરિચયમાં આવ્યો. બન્નેએ 'ઈસ્ક્રા' નું પુનઃ પ્રકાશન શરૂ કર્યુ. તેમાં સશસ્ત્ર ક્રાંતિમાં માનના લેનિન જેવા ક્રાંતિકારીઓ વધારે હતાં. તેથી તેમને 'બોલ્શેવિક' (બહુમતીવાળા) નામે આળખવામાં આવ્યા. જ્યારે લઘુમતીમાં મૂકાયેલા બંધારણીય માર્ગે ક્રાંતિ લાવનારાઓ 'મેન્શેવિક' તરીકે ઓળખવામાં આવ્યાં.*

*ઈ.સ.* 1904-05*માં રશિયામાં કેટલીક ઘટનાઓને કારણે રશિયન પ્રજા એમાંય ખાસ કરીને મજૂરો અને ખેડુતો ઝાર ની વિરોધી બની ગઈ. ઈ.સ.* 1904-05*માં રશિયા અને જાપાન વચ્ચે યુધ્ધ થયું. તેમાં વિશાળ કાય રશિયાની હાર થતાં ઝારની નબળાઈઓ ખુલ્લી પડી. ત્યાર બાદ તા.* 22*મી જાન્યુઆરી,* 1905*ના એ જ હજારો કામદારો પોતાની માંગણીઓ લઈને સરઘસ સ્વરૂપે ઝારના મહેલ તરફ પ્રયાણ કર્યું. અવિચારી ઝારે તેમના*

*પર ગોળીબાર કરતાં, કામદારો મરણ પામ્યા. ઝાર પ્રત્યેની લાગણીઓ હવે મરી પરવારી. આ સમયે લેનિન રશિયામાં આવ્યો હતો. (ઈ.સ.* 1905*) પરંતુ તરત જ ઝારતંત્ર તેની પાછળ પડી જતાં ફરી વિદેશ આવ્યો. આ સમયગાળામાં 'ઈસ્ક્રા' સંપાદકો સાથે મતભેદ પડતાં તેણે 'પ્રવદા' (સત્ય) નામનું પત્ર શરૂ કર્યું.*

## 15.8 બોલ્શેવિક ક્રાંતિનો જનક

*પ્રથમ વિશ્વયુધ્ધ સમયે લેનિન સ્વિટઝરલેન્ડ હતો. યુધ્ધમાં દરેક મોરચે ઝારના લશ્કરની હાર થતાં. તે ખૂબ જ ખુશ થયો. તેણે ફરીથી રશિયામાં આવવાનો નિર્ણય કર્યો. સ્વિટઝરલેન્ડ માંથી જો તેને રશિયા આવવું હોય તો રસ્તામાં જર્મન મોરચાઓ વીંધીને આવવું પડે, પરંતું લેનિન રશિયામાં આવે તેમાં જર્મનોનો સ્વાર્થ સધાતો હતો, કારણ કે લેનિન મહાયુધ્ધનો વિરોધી હતો. એ લેનિન  રશિયામાં સફળ ક્રાંતિ કરાવી કામચલાઉ સરકારને ઉથલાવી શકે અને બોલ્શેવિક સરકારની સ્થાપના કરે અને આવી સરકાર યુધ્ધમાંથી ખસી જાય તો, જર્મનીએ પૂર્વીય મોરચે થી પોતાનું લશ્કર બીજા મોરચાઓ પર ખસેડવાનું સરળ બને તેમ હતું. આથી જર્મન સરકારે લેનિન અને તેના ૩૨ સાથીઓને ટ્રેનના એક બંધ ડબ્બામાં છુપી રીતે જર્મનની હદ પસાર કરાવી લીધી. તેઓ બર્લિન (જર્મની)થી કાપનહેગન, સ્વીડન અને ફિનલેન્ડ થઈને પેટ્રોગાર્ડ આવી પહોચ્યાં. પેટ્રોગાર્ડમાં લેનિનનું ઠેર ઠેર ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું. દરેક જગ્યાએ તીખી તમતમતી ભાષામાં ભાષણો કરી લોકોને જાગૃત કર્યાં. તેણે લોકોને ''રોટી-જમીન અને શાંતિ''* (Bread-Land and Peace)*નું સુત્ર આપ્યું અને લોકોએ તે ઉત્સાહભેર ઉપાડી લીધુ.*

## 15.9 લેનિને રજૂ કરેલ કાર્યક્રમ

**લેનિને રશિયન પ્રજા સમક્ષ આ મુજબનો કાર્યક્રમ રજૂ કર્યો.**

(1) *જમીનદારોની જમીન મૂડીદારોની મિલકત ખૂંચવી લેવી.*
(2) *કામચલાઉ સરકારને ટેકો ન આપવો.*
(3) *સેવિયેટોનું સંગઠન મજબૂત બનાવી, તેમાં બોલ્શેવિકોની બહુમતિ પ્રાપ્ત કરવી.*
(4) *ઉત્પાદન અને વહેંચણીનાં સાધનો સોવિયેટોના હાથમાં લેવાં.*
(5) *સામ્યવાદી (દ્વિતીય) ઈન્ટરનેશનલની જગ્યાએ નવી 'ઈન્ટરનેશલ'(આંતરરાષ્ટ્રીય સામ્યવાદી સંસ્થા) ની સ્થાપના કરવી જોઈએ.*

## 15.10 કેરેન્સ્કી સરકાર

*આ સમયગાળા દરમ્યાન વચગાળાની સરકારમાં ફેરફાર થયા હતાં. જૂલાઈ માસમાં કેરેન્સ્કી નામનો સમાજવાદી નેતા વડાપ્રધાન બન્યો હતો. કેરેન્સ્કી જર્મની સામે યુધ્ધ ચાલુ રાખવાના મતનો હતો. જયારે લેનિન તથા તેના સાથીદારો યુધ્ધ બંધ કરી, જનતાને શાંતિ રાખવા ઈચ્છતા હતાં. આથી કેરેન્સ્કીએ તેમની પર કડક હાથેથી કામ લેવાનું શરૂ કર્યું. બોલ્શેવિકોને 'જર્મનોના હાથા' કહીને વખોડી કાઢયા. તેની સૂચનાથી*

*'પ્રવદા' પર અંકુશ મૂકયો. ટ્રોટસ્કી અને અન્ય નેતાઓ પકડાઈ થયાં, અને લેનિનને ફિનલેન્ડ નાસી જવું પડ્યું.*

## 15.11 બોલ્શેવિક ક્રાંતિ સફળ

*લેનિને ફિનલેન્ડમાં રહીને કેરેન્સ્કી સરકાર ને ઉથલાવવા પ્રયત્નો શરૂ કર્યા. તો બીજી બાજુ કેરેન્સ્કી સરકારમાં મતભેદો પડતાં વડાપ્રધાને ત્યારબાદ લશ્કરી સેનાપતિઓ રાજીનામાં ધરી દીધા. કેરન્સ્કી સરકારની નબળાઈઓ બહાર આવી. આનો પુરેપુરો લાભ બોલ્શેવિકોએ ઉઠાવ્યો.*

*સપ્ટેમ્બર માસમાં થયેલ ચૂંટણીઓમાં બોલ્શેવિકોએ સફળતા મેળવી. લેનિનને હવે સશસ્ત્ર ક્રાંતિ માટેના સમય પાકી ગયો એ માનીને 10મી ઓકટોબરે પક્ષની કારોબારી સભામાં હાજરી આપવા માટે છુપાવેશે આવી પહોચ્યો. આ સભામાં સશસ્ત્ર ક્રાંતિ માટેની લેનિનની યોજનાનો સ્વીકાર કરવામાં આવ્યો. છ દિવસ બાદ પેટ્રોગાર્ડની સોવિયેટે 'લશ્કરી ક્રાંતિકારી સમિતિ'ની રચના કરી. ટ્રોટસ્કી આ સમિતિનો પ્રમુખ બન્યો. દરમિયાનમાં પેટ્રોગાર્ડની 'લશ્કરી ક્રાંતિકારી સમિતિ' એ સશસ્ત્ર ક્રાંતિ માટેની યોજના ઘડી કાઢી.*

*આ સમિતિએ ક્રાંતિ માટે ઓકટોબરની ૨૪મી અને ૨૫મી તારીખ વચ્ચેની રાત્રી નક્કી કરી. તેજ દિવસે વહેલી સવારે બોલ્શેવિકો પક્ષના સભ્યોએ નાની ટૂકડીઓ રેલવે સ્ટેશન, સરકારી બેન્ક, તાર-ટપાલ તથા ટેલિફોન ઓફિસ અને અન્ય સરકારી મકાનો કબજે લઈ લીધાં. કેરેન્સ્કી તેનો સામનો કરવામાં નિષ્ફળ ગયો. આખરે તેને અમેરિકન એલચી ખાતાની મોટરમાં બેસીને નાસી જવુ પડ્યું. તેના પ્રધાનો શરણે આવ્યાં. બીજા દિવસ સુધીમાં સમગ્ર પેટ્રાગાર્ડ બોલ્શેવિકના હાથમાં આવી ગયું. આ રીતે 'લોહીનું એક પણ ટીંપુ રેડયા સિવાય' બોલ્શેવિક ક્રાંતિ સફળ થઈ.*

## 15.12 બોલ્શેવિક સરકારના વડા તરીકે લેનિન

**ક્રાંતિ સફળ થતાં લેનિને બોલ્શેવિક સરકાર રચી ક્રાંતિને સ્થિર કરવા માટે તેણે નીચે મુજબના પગલાં લીધાં.**

(1) *ક્રાંતિ પહેલાં તેણે પ્રજાને આપેલા વચન મુજબ વિશ્વયુધ્ધમાંથી ખસી જઈને જર્મની સાથે બેસ્ટલિસ્ટોવસ્કની સંધિ કરી. જોકે આ સંધિથી તેણે ખરીદેલ શાંતિની ઘણી ઊંચી કિંમત ચૂકવવી પડી.*

(2) *લેનિનનાં નેતૃત્વ હેઠળ પ્રતિ ક્રાંતિવાદીઓ હરાવીને આંતરિક ભય દૂર કર્યો.*

(3) *બોલ્શેવિક ક્રાંતિને કચડવાના હેતુથી મૂડીવાદી યુરોપના દેશો તથા જાપાનના કરવામાં આવેલા આક્રમણને હટાવીને ક્રાંતિ સ્થિર કરી.*

(4) *યુરોપના દેશોએ કરેલ આર્થિક બહિષ્કારમાંથી પણ તેણે દેશને બચાવી લીધો.*

(5) *નવી આર્થિક નીતિ* (NEP) *નો તરત જ અમલ કરીને દેશના અર્થતંત્ર સધ્ધર બનાવ્યું.*

(6) *સમગ્ર વિશ્વમાં સામ્યવાદી ક્રાંતિ ફેલાવવા માટે લેનિને ૧૯૧૯માં મોસ્કોમાં તૃતિય આંતર રાષ્ટ્રીય સંમેલન અર્થાત્ 'કોમિન્ર્ટન' નું સંચાલન બોલાવ્યું.*

(7) *તેણે રશિયાને નવુ સોવિયેત બંધારણ આપ્યુ. જેનો અમલ થતાં સમગ્ર દેશમાં રાજકીય સ્થિરતાસ્થાંપાઈ હતી.*

## 15.13 લેનિનનું અધૂરૂ રહેલ સ્વપ્ન - અંતિમ દિવસો

*ઈ.સ. 1919માં મોસ્કોમાં 'તૃતિય આંતરાષ્ટ્રીય સામ્યવાદી સંમેલન' બોલાવ્યું. વિશ્વના જુદાં જુદાં દેશોમાં સામ્યવાદી નેતાઓએ ભાગ લીધો. આ સંમેલનનો મુખ્ય હેતુ વિશ્વભરના મજદૂરોમાં એકતાં સ્થાપી, મૂડીવાદનો નાશ કરી, તેની જગ્યાએ 'મજદૂરોની સરમુખત્યારી' સ્થાપવાનો હતો તથા વર્ગભેદો અને પ્રદેશભેદો દૂર કરી એક વિશ્વવ્યાપી 'આંતરાષ્ટ્રીય સોવિયેટ પ્રજાસત્તાક' ની સ્થાપના કરવાનો હતો.*

*પરંતુ તેનું આ સ્વપ્ન કદી સાકાર થઈ શક્યું નહી. ઈ.સ. 1922ના માર્ચમાં લેનિને પક્ષની સભા સમક્ષ તેણે છેલ્લુ ભાષણ આપ્યું. જેમાં પક્ષના ધ્યેયો જાહેર કર્યા અને પક્ષના કાર્યકર્તાઓને પોતાની ભૂલ કબૂલ કરવા તથા મિથ્થાભિમાન નહી રાખવા ભલામણ કરી.*

*મે મહિનામાં તેના જમણા હાથને લકવો પડ્યો. ઈ.સ. 1923 ના માર્ચમાં તેને ફરી વખત લકવાનો હુમલો થયો. વર્ષ પછી ફરીથી તેના પર લકવા (પક્ષઘાત)નો હુમલો થયો અને 21મી જાન્યુઆરી, 1924નાં રોજ 54 વર્ષની રાજકારણીઓ માટે ઘણી જ નાની કહી શકાય તેટલી યુવાન વયે તેનું અવસાન થયું.*

**તમારી પ્રગતિ ચકાસો 1**

*પ્રશ્ન-1 લેનિનના જન્મ, ઉછેર અને અભ્યાસ અંગેની માહિતી આપો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

*પ્રશ્ન-2 લેનિને વિદેશમાં રહીને ક્રાંતિકારી પ્રવૃત્તિઓનું કઈ રીતે સંચાલન કરતાં ? સમજાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________
_______________________________________________

*પ્રશ્ન-3 બોલ્શેવિક સરકારના વડા તરીકેની લેનિનની ભૂમિકા સમજાવો.*

_______________________________________________
_______________________________________________
_______________________________________________

______________________________________________

______________________________________________

**પ્રશ્ન-4 ખાલી જગ્યા પૂરો.**

(1) *લેનિનનો જન્મ__________ખાતે થયો હતો.*

(2) *લેનિનના મોટાભાઈએ ______________ની હત્યા કરવાનું કાવતરું ઘડ્યું હતુ.*

(3) *લેનિને ________ માં વકીલાત શરૂ કરી.*

(4) *લેનિને________સાથે લગ્ન કર્યા.*

(5) *લેનિને__________નામનું ક્રાંતિકારી સામાયિક શરૂ કર્યું.*

(6) *__________ક્રાંતિ દ્વારા ઝાર નિકોલસ બીજાનો અંત આવ્યો.*

(7) *ઈ.સ.* 1917*ની બોલ્શેવિક ક્રાંતિ બાદ________બોલ્શેવિક સરકારનો વડો બન્યો.*

(8) *લેનિને ક્રાંતિ બાદ રશિયાને આર્થિક રીતે બેઠુ કરવા માટે ની નીતિ અપનાવી.*

**પ્રશ્ન-5 નીચેના વાક્યો વાંચો અને તે સાચા (✓) છે કે ખોટા (×) ની નિશાની કરી જણાવો.**

(1) *ઈ.સ.* 1917*માં રશિયામાં બોલ્શેવિક કાંતિ થઈ.* ( )

(2) *લેનિનના પિતા ડૉક્ટર હતા.* ( )

(3) *લેનિને મ્યુનિચમાં અભ્યાસ કર્યો.* ( )

(4) *લેનિને એલ.એલ.બીની પદવી મેળવીને વકીલાત શરૂ કરી.* ( )

(5) *લેનિન મુડીવાદનો ટેકેદાર હતો.* ( )

(6) *ઈ.સ.* 1907-08*માં રશિયામાં 'લોહિયાળ રવિવાર'નો બનાવ બન્યો.* ( )

(7) *ક્રાંતિ બાદ વોશિંગ્ટન ખાતે અમેરિકા સાથે સંધિ કરવામાં આવી.* ( )

(8) *લેનિને ઈ.સ.*1919*માં મોસ્કોમાં ત્રીજુ આંતરાષ્ટ્રીય સંમેલન (કોમિન્ટર્ન) બોલાવ્યું.* ( )

(9) *પક્ષઘાતના હુમલાથી લેનિનનુ અવસાન થયું.* ( )

## 15.14 સારાંશ

*રશિયાની પ્રજાએ લેનિનને વિશ્વની પ્રથમ સામ્યવાદી ક્રાંતિના જનક અને રાષ્ટ્રપિતા તરીકે વધાવીને ખરા અર્થમાં તેને અંજલી આપી છે તેમ કહી શકાય. તેણે રશિયાને ઝારના ત્રાસમાંથી જ મુક્ત ન કર્યા પરંતુ રાષ્ટ્રને વિશ્વ વિગ્રહમાંથી પણ બચાવ્યું હતું. તેણે ક્રાંતિ બાદ ઉભી થયેલી પરિસ્થિતિને કૂનેહ પૂર્વક દૂર કરી હતી. તેણે અર્થતંત્રને અધ્ધર કરવા માટે 'નવી આર્થિક નીતિ' અપનાવી હતી.*

*લેનિનમાં ગજબની વ્યુહાત્મક સૂઝ, અદમ્ય સંકલન શક્તિ અને યોગ્ય સમયે કદમ ઉઠાવવાની શક્તિ હતી. તેનામાં સાચા લોકનેતામાં જે ગુણો જોઈએ તે બધા હતાં. તેના આગવા વ્યક્તિત્વને કારણે તે રશિયાનો બિનહરીફ નેતા બની ગયો હતો તે જરૂરથી કહી શકાય.*

## 15.15 ચાવીરૂપ શબ્દો (Key Words)

- *બોલ્શેવિકો : સશસ્ત્ર ક્રાંતિમાં માનનારા ક્રાંતિકારીઓની સંખ્યા વધુ હોવાથી તેઓ બોલ્શેવિકો કહેવાયા.*
- *મોન્શેવિકો : લઘુમતીમાં મૂકાયેલા બંધારણીય માર્ગે ક્રાંતિ લાવનારાઓ મેન્શેવિક તરીકે ઓળખાયા.*
- *સ્ટોલિપિનની નેકટાઈ : ઝારના શાસન દરમ્યાન મોતની સજા કરવામાં આવતી હતી અને ફાંસીએ ચઢાવવામાં આવતા હતાં. આવા હત્યાકાંડ થી લોકો એટલા બધાં ત્રાંસી ગયા હતા કે તેઓ ફાંસીના ગાળીયાને 'સ્ટોલિપિન ની નેકટાઈ' કહેતા.*
- *યુધ્ધકાલીન સામ્યવાદ : લશ્કરી જરૂરિયાત માટે વ્યુહાત્મક દ્રષ્ટિથી ગોઠવેલ અર્થતંત્ર એટલે યુધ્ધકાલીન સામ્યવાદ*

## 15.16 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

*પ્રશ્ન*-4: (1) *સિમ્બિસ્કે* (2) *ઝાર એલેકજાન્ડર ત્રીજા* (3) 1893
(4) *કુપ્સકાયા* (5) *ઈસ્ક્રા* (6) 1917 *ની બોલ્શેવિક*
(7) *લેનિન* (8) *નવી આર્થિક નીતિ*

*પ્રશ્ન*-5: (1) ✓ (2) × (3) × (4) × (5) × (6) ×
(7) × (8) ✓ (9) ✓

## 15.17 સંદર્ભ પુસ્તકો


- *ડૉ.જયકુમાર.ર.શુકલ - 'સોવિયેત રશિયાનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *પ્રા. મહેન્દ્ર ઠાકોરભાઈ દેસાઈ – 'રશિયન ક્રાંતિ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- Hill, Christophar, Lenin and the Russian Revolution.

**સંપાદનઃ**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અમી ઉપાધ્યાય* | *નિયામક, સ્કૂલ ઑફ હ્યુમેનિટીઝ એન્ડ સોશિયલ સાયન્સીઝ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *ડૉ. પ્રફુલ નવાકર* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ,ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |

**વિષય સમિતિઃ**

| | |
|---|---|
| *ડૉ. સોનલ ચૌધરી* | *આસિસ્ટન્ટ પ્રોફેસર અને ઈતિહાસ વિભાગાધ્યક્ષ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.* |
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ,ઇતિહાસ વિભાગ, ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |
| *ડૉ. લલિત પટેલ* | *પ્રિન્સીપાલ, શ્રી અને શ્રીમતી પી.કે.કોટાવાલા આર્ટસ કોલેજ,પાટણ* |

**પરામર્શન (વિષય):**

| | |
|---|---|
| *પ્રો. (ડૉ). અરુણભાઈ વાઘેલા* | *પ્રોફેસર અને અધ્યક્ષ, ઇતિહાસ વિભાગ , ગૂજરાત યુનિવર્સિટી, અમદાવાદ* |

**લેખનઃ**

| | |
|---|---|
| *ડૉ. નરેશ પરીખ* | *એસોસિયેટ પ્રોફેસર, ઈતિહાસ વિભાગ , પ્રમુખ સ્વામી એન્ડ એચ.ડી. પટેલ આર્ટસ કોલેજ, કડી.* |

**પરામર્શન (ભાષા):**

| | |
|---|---|
| *ડૉ.લિનાબેન વિનોદરાય સ્વાદિયા* | *આસિસ્ટન્ટ પ્રોફેસર, શ્રી.પી.કે.ચૌધરી મહિલા આર્ટ્સ કૉલેજ,ગાંધીનગર.* |



**પ્રકાશકઃ કાર્યકારી કુલસચિવ, ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી, અમદાવાદ.**



**સર્વાધિકાર સુરક્ષિત**

**આ પાઠ્યપુસ્તક ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીના ઉપક્રમે વિદ્યાર્થીલક્ષી સ્વઅધ્યયન હેતુથી; દૂરવર્તી શિક્ષણના ઉદ્દેશને કેન્દ્રમાં રાખી તૈયાર કરવામાં આવેલ છે. જેના સર્વાધિકાર સુરક્ષિત છે. આ અભ્યાસ સામગ્રીનો કોઈ પણ સ્વરૂપમાં ઉપયોગ કરતાં પહેલાં ડૉ.બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટીની લેખિત પરવાનગી લેવાની રહેશે.**



**સંવર્ધિત આવૃત્તિ-2025**

**ISBN : 978-93-91468-00-2**

## વિભાગ-5 પ્રથમ વિશ્વ યુધ્ધ અને રાષ્ટ્રસંઘની સ્થાપના

*આધુનિક વિશ્વનો ઈતિહાસ પેપર-5 માં કુલ બે એકમનો સમાવેશ કરવામાં આવ્યો છે જેમાં પ્રથમ વિશ્વયુધ્ધ અને રાષ્ટ્રસંઘ વિશે વિસ્તૃત સમજુતી આપવામાં આવી છે.*

**એકમ-16** *માં પ્રથમ વિશ્વયુધ્ધ માટેના જવાબદાર પરિબળો તથા વિશ્વયુધ્ધ પછી સમગ્ર દુનિયામાં તેના જે વિઘાતક પરિણામો આવે છે તેની વિગતે જાણકારી આપવામાં આવી છે.*

**એકમ-17** *માં પ્રથમ વિશ્વયુદ્ધ સમાપ્ત થયા બાદ વિશ્વશાંતિ અર્થે વૈશ્વિક કક્ષાએ રાષ્ટ્રસંઘ નામની સંસ્થાની સ્થાપના કરવામાં આવી તેના ઉદ્દેશ્યો, હેતુઓ, સિધ્ધીઓ, અને નિષ્ફળતાઓની માહિતી આપવામાં આવી છે.*

| એકમ-16 | પ્રથમ વિશ્વયુદ્ધ કારણો અને પરિણામો |
|---|---|

**રૂપરેખા :**

**16.0** ઉદ્દેશો

**16.1** પ્રસ્તાવના

**16.2** પ્રથમ વિશ્વયુદ્ધના કારણો

- **16.2.1** સંકુચિત અને આક્રમક રાષ્ટ્રવાદ
- **16.2.2** આર્થિક સામ્રાજયવાદ
- **16.2.3** ગુપ્ત સંધિઓ અને વિરોધી જૂથો
- **16.2.4** લશ્કરવાદ
- **16.2.5** આંતરરાષ્ટ્રીય બળવાન મધ્યસ્થી સંસ્થાઓનો અભાવ
- **16.2.6** વર્તમાનપત્રોનો ઝેરીલો પ્રચાર
- **16.2.7** યુદ્ધખોર માનસ
- **16.2.8** મહાસત્તાઓની સ્વાર્થી નીતિ
- **16.2.9** જર્મનીની મહત્વાકાંક્ષા
- **16.2.10** તાત્કાલિક કારણો

**16.3** યુદ્ધના પરિણામો

- **16.3.1** પેરિસ શાંતિ પરિષદ અને સંધિઓ
- **16.3.2** વિપુલ માનવ સંહાર અને બેસુમાર નુકશાન
- **16.3.3** રાષ્ટ્રીયતા પાયા પર નવા રાષ્ટ્રો
- **16.3.4** રાજાશાહીનો અંત લોકશાહીની સ્થાપના
- **16.3.5** સરમુખત્યારશાહીનો ઉદય અને લશ્કરીકરણ
- **16.3.6** રશિયામાં રાજયવાદ અને તેનાં પરિણામો
- **16.3.7** સામાજિક પરિણામો
- **16.3.8** શૈક્ષણિક પરિણામો
- **16.3.9** રાષ્ટ્રસંઘનો જન્મ

**16.4** સારાંશ

**16.5** ચાવીરૂપ શબ્દો

**16.6** ‘તમારી પ્રગતિ ચકાસો’ના જવાબ

**16.7 સંદર્ભ પુસ્તકો**

## 16.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસબાદ તમે –*

- *વિશ્વના ઈતિહાસનો એક અત્યંત મહત્વપૂર્ણ બનાવ. પ્રથમ વિશ્વયુદ્ધની માહિતી મેળવશો.*
- *1914ની ભયજનક સ્થિતિ ઉભી કરવાનાં કારણો જાણી શકશો.*
- *યુદ્ધ સમયે બનેલી ઘટનાઓની જાણકારી મેળવી શકાશે.*
- *આ યુદ્ધમાં સામેલ થનારા દેશો તેમજ આંતરરાષ્ટ્રીય સ્તર પર બન્ને ઉપર થયેલ યુદ્ધની રાષ્ટ્રીય સ્તર પર બન્ને ઉપર યુદ્ધની અસરો વિશે જાણશો.*
- *આ યુદ્ધ બાદ યુરોપના દેશોમાં થયેલો ફેરફાર જોશો.*
- *હારેલા રાષ્ટ્રો પ્રત્યેની જીતેલા રાષ્ટ્રોની નીતિ જાણશો.*
- *આ યુદ્ધ બાદ થયેલ આર્થિક નુકશાની જાણશો.*

## 16.1 પ્રસ્તાવના

*વીસમી સદીમાં દુનિયાની કેટલીક મહત્વની ઘટનાઓમાં પ્રથમ વિશ્વયુદ્ધને સૌથી વધુ અગત્યની ઘટના ગણવામાં આવે છે. કારણ કે ભૂતકાળમાં, આટલા વિશાળ પાયા ઉપર કોઈ યુદ્ધ થયુ ન હતુ. જ્યારે આ યુદ્ધ જગતના લગભગ બધા મહત્વના દેશોને સંડોવતું યુદ્ધ (કુલ 28 દેશો) હતું. તેમાં નવી જાતનાં ભયંકર વિનાશ સર્જનારા શસ્ત્રોનો સૌ પ્રથમ વાર ઉપયોગ થયો હતો અને તેનાં પરિણામો તત્કાલીન સેનાપતિઓ, રાજપુરુષો કે સામાન્ય લોકો કલ્પના કરી શકે તેનાથી પણ વધારે વ્યાપક અને દૂરગામી અસરો ઉપજાવે તેવાં આવ્યાં હતાં. આવા મહાન વિગ્રહ માટે એકાદ બે પ્રસંગો કે કારણો જવાબદાર ન હતાં, પરંતુ ઘણાં વર્ષોથી અસર કરતાં પરિબળો તેના માટે જવાબદાર હતાં.*

*આ વિશ્વયુદ્ધની શરૂઆત 1914માં થઈ, પરંતુ તેના પ્રવાહો છેક 1871માં જર્મની અને ફ્રાન્સ વચ્ચે થયેલ સેડાનના ફ્રાકો-પ્રશિયન વિગ્રહ અને તેને અંતે કરવામાં આવેલ ફ્રેન્કફર્ટની સમજૂતી ફ્રાન્સ કયારેય ભૂલ્યું ન હતું. આ સંધિ મુજબ ફ્રાન્સે અત્યંત અપમાનજનક રીતે પોતાના આલ્સેસ અને લોરાન (લોરાં) નામના બે વિસ્તારો અને ઘણી મોટી રકમનો યુદ્ધદંડ જર્મનીને આપવો પડ્યો હતો, ત્યારથી શરૂ થયા હતાં. તેથી જ ઈતિહાસ લેખક હેઝન આ યુદ્ધને પ્રથમ વિશ્વયુદ્ધના બીજ તરીકે વર્ણવે છે, તે યથાર્થ જણાય છે. આવા જ બીજા વિદ્વાન ઈતિહાસ લેખક ફિશર આ વાતને ટેકો આપતાં સનાતન સત્ય નોંધે છે કે; ''કોઈ પણ યુદ્ધની શરૂઆત થવા માટેનાં બીજ તો તેની પૂર્વે થઈ ગયેલા યુદ્ધમાં જ વવાઈ ચૂક્યાં હોય છે.'' આ નિયમાનુસાર પ્રથમ વિશ્વ યુદ્ધનાં બીજ ફ્રાંકો-પ્રશિયન યુદ્ધમાં (આશરે 45 વર્ષ પહેલા) વવાઈ ચૂકયાં હતાં એમ કહી શકાય. આ યુદ્ધને સર્જવામાં કોઈ એક દેશ (જર્મની) ને અથવા કોઈ એક કારણ (ઓસ્ટ્રિયાના યુવરાજ અને તેની પત્નીની હત્યા) ને જવાબદાર ગણી ન શકાય. પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણોનું પૃથક્કરણ કરીશું.*

## 16.2 પ્રથમ વિશ્વયુદ્ધનાં કારણો (પરિબળો)(Causes of the World War)

### 16.2.1 સંકુચિત અને આક્રમક રાષ્ટ્રવાદ

*રાષ્ટ્રવાદ તેના ઉદાર અને આદર્શ સ્વરૂપમાં પોતાના રાષ્ટ્ર પ્રત્યે વફાદારી તેમજ ભક્તિ ભાવનો આર્વિભાવ કરનાર ઉદાર ભાવના છે. આવી ભાવનાને લીધે ઓગણીસમાં સૈકામાં યુરોપના દેશોમાં રાષ્ટ્રીય ભાવનાનો નોંધપાત્ર વિકાસ થયો હતો. રશિયાના બિસ્માર્કની નીતિને કારણે જર્મન રાષ્ટ્રવાદ ઉગ્ર તથા આક્રમક બન્યો હતો. આલ્સેસ તથા લોરાંનના પરગણાં જવાથી ફ્રાંસનો રાષ્ટ્રવાદ પણ ઉત્તેજિત થયો હતો. ઓસ્ટ્રિયા-હંગેરીનો રાષ્ટ્રવાદ જાગ્રત થયો અને તેણે પણ વિસ્તારવાદની નીતિ અમલમાં મૂકી. આ ઉપરાંત બાલ્કન રાજ્યોની સરહદોમાં ફેરફાર થયો અને જૂનાં રાજ્યો દૂર થતાં નવાં રાજ્યોનું સર્જન થયું. ત્યાં પણ રાષ્ટ્રવાદ વિકસ્યો અને પરસ્પર સંઘર્ષો થયાં. જાપાન મેઈજી બંધારણ અમલમાં મૂકીને આધુનિક રાષ્ટ્ર બન્યું. તેણે ઝડપી પ્રગતિ કરી. રશિયાને 1905માં હરાવ્યા પછી, જાપાન એશિયાની મહાસત્તા બન્યું. તેણે આક્રમક રાષ્ટ્રવાદની નીતિ અપનાવી અને ચીનમાં પોતાની સત્તા વિસ્તારવા માંડી. યુરોપના તથા બીજા દેશોના આવા સંકુચિત તથા આક્રમક રાષ્ટ્રવાદે બીજા ઘણા દેશોને વિસ્તારવાદની નીતિ અનુસરવા પ્રેર્યા. ઈંગ્લેન્ડનું સામ્રાજ્ય વિશાળ હતું. તે જાળવી રાખવામાં તે પોતાનું રાષ્ટ્રીય ગૌરવ સમજતું હતું. આવા આક્રમક રાષ્ટ્રવાદને લીધે યુદ્ધ અનિવાર્ય બન્યું.*

### 16.2.2 આર્થિક સામ્રાજ્યવાદ

*આર્થિક બાબતો હંમેશા કોઈ પણ વિગ્રહ માટે જવાબદાર પરિબળ રહી છે. અહીં પણ આર્થિક ઈર્ષાઓ, હિતસંઘર્ષો અને પ્રતિસ્પર્ધી સામ્રાજ્યવાદે પ્રથમ વિશ્વયુદ્ધ માટે માર્ગ મોકળો કર્યો. તેણે આંતરાષ્ટ્રીય સંબંધોને તંગ કરી મૂકયાં. માટે જ ડબલ્યુ.સી. લેંગસમ જણાવે છે કે ''સામ્રાજ્યવાદ અને આર્થિક હરીફાઈઓ પ્રથમ વિશ્વવિગ્રહ માટે મહત્ત્વપૂર્ણ કારણ હતાં.'' વાસ્તવમાં ઔદ્યોગિક ક્રાન્તિના લીધે ઈંગ્લેન્ડ, જર્મની અને ફ્રાન્સ જેવા યુરોપીયન દેશોમાં ઉત્પાદન ખૂબ જ વધી પડ્યુ હતું. વળી, કાચા માલ અને ખાદ્યાન્નની તાતી જરૂરિયાત તથા ઉત્પાદિત માલ વેચવા માટે બજારોની લાલસાએ યુરોપના દેશોમાં સ્પર્ધા-પ્રતિસ્પર્ધાઓ શરૂ કરાવી. તે વખતના મહાન રાષ્ટ્ર જર્મનીના સમ્રાટ વિલિયમ કૈસરે એશિયા અને આફ્રિકાના બજારોમાં સસ્તી કિંમતે માલ પહોંચાડીને બ્રિટનનું અને ફ્રાન્સનું બજાર તોડી નાખ્યું. તેથી જર્મની, બ્રિટન તેમજ ફ્રાન્સ પરસ્પર દુશ્મનાવટ અને કટુતાભાવથી પીડાવા લાગ્યાં. આમ, આર્થિક સામ્રાજ્યવાદે રાજકીય તંગદિલીનું સર્જન કર્યું. જેણે વિશ્વવિગ્રહને જન્મ આપ્યો.*

### 16.2.3 ગુપ્ત સંધિઓ તથા વિરોધી જૂથો

*પ્રથમ વિશ્વવિગ્રહનું મૂળ ગુપ્ત સંધિઓ, સમજૂતીઓ અને સત્તા જૂથોમાં રહેલું હતું. રશિયાએ ફ્રાંસને હરાવ્યા (1870) પછી ફ્રેન્કફર્ટ ખાતે થયેલા કરાર મુજબ જર્મની સીમાની પાસેના આલ્સેસ તથા લોરાંન પ્રદેશો ફ્રાંસે જર્મનીને આપવાની ફરજ પડી. પણ ત્યારબાદ તત્કાલીન કોન્સલ બિસ્માર્કે યુરોપની બીજી મહાસત્તાઓ સાથે સંધિઓ કરીને ફ્રાંસને એકલું પાડી દેવાના પ્રયાસો કર્યો. તેણે ઓસ્ટ્રિયા અને ઈટાલી સાથે (1882) ત્રિપક્ષી કરાર કર્યો અને રશિયા સાથે અલગ સમજૂતી (1887) કરીને ફ્રાંસને એકલું પાડી દીધું. પરંતુ જર્મનીની તાકાત વધતી હોવાથી સાવધાન થઈને રશિયાએ ફ્રાંસ સાથે (1894){ાં દ્વિપક્ષી કરાર કર્યો. ઈંગ્લેન્ડ કેટલાંક વર્ષો સુધી તટસ્થ રહ્યું. છેવટે જર્મનીની વધતી જતી તાકાતને રોકવાના હેતુથી તેણે જાપાન સાથે (1902), ફ્રાંસ સાથે (1904) અને રશિયા સાથે (1907) મૈત્રી કરારો કર્યા. આમ, યુરોપ વીસમી સદીના પ્રથમ દાયકામાં એક બાજુ જર્મની, ઓસ્ટ્રિયા તથા ઈટાલી અને બીજી બાજુ ફ્રાંસ, રશિયા અને ઈંગ્લેન્ડ એવાં બે વિરોધી જૂથોમાં વહેંચાઈ ગયું. તેનાથી આશંકા અને તંગદિલીનું વાતાવરણ સર્જાયું.*

### 16.2.4 લશ્કરવાદ

*યુરોપના દેશો એકબીજાના વિરોધી જૂથોમાં વહેંચાઈ ગયાં. તેથી ભય અને આશંકાનું વાતાવરણ પ્રસરી ગયું અને યુરોપના દેશોએ સ્વરક્ષણના ઓઠા હેઠળ પોતાનાં સૈન્યો તથા શસ્ત્રોમાં વધારો કરવા માંડ્યો. જર્મનીએ તેના નૌકાદળ તથા શસ્ત્રોના ઉત્પાદનમાં નોંધપાત્ર વધારો કર્યો. તેનું જોઈને ઈંગ્લેન્ડ તથા બીજા દેશોએ પણ લશ્કરો અને શસ્ત્રોના ઉત્પાદનમાં બેસુમાર વધારો કરવા માંડ્યાં. જર્મનીએ સંરક્ષણ સેવા દેશના નાગરિકો માટે ફરજિયાત બનાવી. ફ્રાંસે પણ તેનું અનુકરણ કર્યું. એશિયાના નાના દેશ જાપાને ૧૯૦૫માં વિશાળ રશિયાને હરાવ્યું. તે પછી રશિયાએ તેના લશ્કરને આધુનિક અને તાકાતવાન બનાવવાના પગલાં ભર્યાં. જાપાને ચીનમાં પોતાની સામ્રાજ્યવાદી લાલસા પૂર્ણ કરવા માટે તેના લશ્કર અને શસ્ત્રોમાં ખૂબ વધારો કર્યો. આમ, જુદા જુદા દેશોએ પોતાના લશ્કરો તથા શસ્ત્રોમાં વધારો કરીને યુદ્ધની સંભાવનામાં વધારો કર્યો.*

### 16.2.5 સબળ આંતરાષ્ટ્રીય સંસ્થાનો અભાવ

*પરસ્પર શંકા, અવિશ્વાસ અને ભયના ઉપર્યુક્ત વાતાવરણમાં જો કોઈ સબળ આંતરાષ્ટ્રીય સંસ્થા હોત, તો કદાચ વિશ્વયુદ્ધ પર નિયંત્રણ લાદી શકાયું હોત. જો કે 1907માં હેગપરિષદે શસ્ત્રસજ્જતા પર નિયંત્રણ મૂકવા પ્રયત્ન કર્યો હતો, જે જર્મનીના વિરોધને લીધે નિષ્ફળ રહ્યો હતો. તમામ રાષ્ટ્રોને વિશ્વાસમાં લઈને કામ કરી શકે તેવી કોઈ સબળ સંસ્થાના અભાવે બોસ્નિયા, મોરક્કો, બાલ્કન અને સેરોજેવો કટોકટીઓ નિવારી શકાય નહિ. પરિણામે પ્રત્યેક દેશ પોતાને મહાન અને સર્વોપરી માનીને આંતરરાષ્ટ્રીય સંબંધોમાં સ્વચ્છંદતા અને સર્વોપરિતાનો પૂર્વગ્રહ પ્રવેશી ગયો. પરિણામે પ્રથમ વિશ્વયુદ્ધ અનિવાર્ય બન્યું.*

### 16.2.6 સમાચારપત્રો અને લેખકોનો ઝેરી પ્રચાર

*સમાચારપત્રો તેમજ મોટા-મોટા યુરોપીય વિચારકો-લેખકોનાં લખાણોએ પણ વિશ્વયુદ્ધને નજીક લાવવામાં મહત્વપૂર્ણ પ્રદાન કર્યું. મોટા ભાગના યુરોપીય દેશોના સમાચારપત્રો દ્વારા કરવામાં આવતું વિષવમન દૂષિત જનમત તૈયાર કરવા લાગ્યું. પ્રથમ વિશ્વયુદ્ધ અગાઉના કેટલાંક વર્ષોમાં લગભગ તમામ રાષ્ટ્રોનાં સમાચારપત્રો અને લખાણોએ ઉગ્ર રાષ્ટ્રવાદી ભાવનાથી પ્રેરાઈને તત્કાલીન પ્રસંગોનું એવું વિશ્લેષણ કર્યું કે લોકોની ઉત્તેજના વધી જવા પામી. ઈતિહાસવિદ્ ફે યોગ્ય જ નોંધે છે કે ''પ્રત્યેક દેશને તેના વર્તમાનપત્રોએ કરેલ ઉગ્ર ટીકાઓનો યોગ્ય ખુલાસો કરવો પડતો, જેના પ્રત્યાઘાતરૂપે એની વિરુદ્ધમાં બીજા રાષ્ટ્રોમાં ઉગ્ર લાગણીભર્યુ બિલ પસાર કરવામાં આવતું''આમ, વર્તમાનપત્રોના યુદ્ધખોર માનસે યુરોપનાં રાષ્ટ્રોને મિત્રતાપૂર્ણ સંબંધો જાળવતાં રોક્યાં. વર્તમાનપત્રોની ઉગ્ર કલમપ્રસાદીને કારણે જ નિર્ણયો કરવાની રાજકીય મુત્સદ્દીઓની સ્વતંત્રતા પર અવળી અસર થઈ. પારસ્પરિક વિવાદાસ્પદ બાબતોને પ્રેસ દ્વારા અતિશયોક્તિપૂર્ણ રીતે રજૂ કરવાને લીધે રાજકીય તંગદિલી વધતી જ ગઈ.*

### 16.2.7 યુદ્ધખોર માનસ

*તત્કાલીન યુરોપના લગભગ તમામ રાજપુરુષો તેમજ જનતાને યુદ્ધજ્ઞાનમાં જ શ્રદ્ધા હતી. તેમના મતે યુદ્ધ એ રાજકારણનું ઉત્તમ અને અસરકારક શસ્ત્ર હતું. જર્મન વિચારક બર્નહાડીને મતે યુદ્ધ માનવજીવનનાં સઘળાં કાર્યોમાં શ્રેષ્ઠ કાર્ય હતું. એ જ રીતે બીજો જર્મન વિચારક ટ્રીટસ્કે કહેતો કે ''સમગ્ર વિશ્વનું કલ્યાણ અને મહાનતા જર્મન સંસ્કૃતિ, જર્મન યુદ્ધ અને જર્મન ચારિત્ર્યમાં જ રહેલ છે.'' એ જ રીતે યુરોપના અન્ય દેશોના નેતાઓ અને પ્રજા પણ યુદ્ધખોર માનસ, યુદ્ધનાં તત્વજ્ઞાન અને સંકીર્ણ, ઉગ્ર તેમજ વિકૃત રાષ્ટ્રભક્તિનને પોષતા હતાં. બધા પોતપોતાના દેશને સર્વોત્તમ સમજતા હતાં. અને પોતાની સંસ્કૃતિને જ શ્રેષ્ઠ અને અન્ય સંસ્કૃતિઓને ઊતરતી કક્ષાની માનતા હતાં. વિશ્વના કલ્યાણ માટે ' યુદ્ધ એ જ કલ્યાણ'ની ભાવના અને 'તલવારના ચુકાદા'ની વાતમાં શ્રદ્ધાને લીધે પ્રથમ વિશ્વયુદ્ધની પૂર્વભૂમિકા તૈયાર થવા પામી હતી.*

*આ સંજોગોમાં યુરોપના દેશોમાં પરસ્પર માટે ભય, દ્વેષ, ઈર્ષા અને વેરભાવનાની લાગણીએ લશ્કરવાદને પ્રોત્સાહન આપ્યું. મોટા ભાગના દેશોએ પોતાની સૈનિક-શક્તિમાં વધારો કર્યો. કેટલાંક રાષ્ટ્રોએ તો પોતાના બજેટની ૮૫% રકમ તો લશ્કર અને તેની સાધનસામગ્રી માટે જુદી ફાળવી હતી. 1873માં યુરોપના રાષ્ટ્રોનો આવો ખર્ચ 1.15 અબજ રૂપિયાનો હતો, જે 1913 સુધીમાં વધીને રૂા. 5.68 અબજ કરતાં પણ વધી જવા પામ્યો હતો.આ વકરેલા લશ્કરવાદે યુરોપના રાષ્ટ્રોની આંતરિક તેમજ વિદેશનીતિ પર ભારે પ્રભાવ પાડ્યો. શસ્ત્રસરંજામના ઉત્પાદકો, લશ્કરી અધિકારીઓ વગેરેની સ્વાર્થી અને સંકુચિત વિચારસરણીએ સમગ્ર યુરોપમાં શસ્ત્રસજ્જતાની તીવ્ર હરીફાઈ શરૂ કરાવી. આમ, લશ્કરવાદ, શસ્ત્રસજ્જતા તેમજ યુદ્ધખોર વિચારસરણીને લીધે યુરોપમાં રાજકીય તંગદિલી, અવિશ્વાસ અને ભયનું વાતાવરણ ઊભુ કર્યું. સશસ્ત્ર શાંતિના એ વાતાવરણમાં*

*યુદ્ધ છેડવા માટે માત્ર એક ચિનગારીની જ જરૂર હતી, જે ઓસ્ટ્રિયાના યુવરાજની હત્યા જેવા પ્રસંગે પૂરી પાડી અને પ્રથમ વિશ્વવિગ્રહનો આરંભ થયો.*

### 16.2.8 મહાસત્તાઓની સ્વાર્થી નીતિ

*એશિયામાં જાપાનને તથા યુરોપની દરેક મહાસત્તાને પોતાનો સ્વાર્થ સાધવો હતો. તેથી તેઓ સત્તાની સમતુલા જાળવવા અને તે શકય ન હોય તો યુદ્ધ કરવા તૈયાર હતા. ફ્રાંસ જર્મની પાસેથી તેનાં આલ્સેસ અને લોરેઈન પરગણાં પાછાં મેળવવા ઉત્સુક હતું. બ્રિટન કોઈપણ ભોગે એશિયા તથા આફ્રિકાનું પોતાનું સામ્રાજ્ય જાળવી રાખવા માગતું હતું. તેથી જર્મની અને ઑસ્ટ્રિયાની સત્તાનો વિસ્તાર વધે નહિ તે જોતું હતું; પરંતુ જર્મની વિસ્તારવાદી અને મહત્ત્વાકાંક્ષી બન્યું હોવાથી બ્રિટનને પોતાનું સામ્રાજ્ય જાળવવા યુદ્ધમાં ખેંચાવું પડ્યું. રશિયાને ભૂમધ્ય સમુદ્રમાં બારેમાસ ખુલ્લું રહે તેવું બંદર જોઈતું હતું, જે માટે સર્વિયાની સહાય આવશ્યક હતી, એટલે તેણે ઑસ્ટ્રિયા વિરુદ્ધ સર્વિયાને ટેકો આપ્યો. વળી જાપાનને ચીનમાં પોતાની સત્તાનો વિસ્તાર કરવો હતો, જેમાં જર્મની વિરુદ્ધમાં અને ઈંગ્લૅન્ડ સહાયરૂપ થાય તેમ હતું. તેથી જાપાન જર્મની વિરુદ્ધ મિત્રરાષ્ટ્રોને પક્ષે જોડાયું. એવી રીતે ઈટાલીને પણ ઑસ્ટ્રિયાનો, પોતાની સરહદ પાસેનો પ્રદેશ જોઈતો હોવાથી તેણે જર્મન-ઑસ્ટ્રિયા વિરુદ્ધ બ્રિટન અને ફ્રાંસનો પક્ષ લીધો. આમ, મહાસત્તાઓની સ્વાર્થી નીતિએ વિશ્વયુદ્ધ શરૂ કરવામાં ભાગ ભજવ્યો.*

### 16.2.9 જર્મનીની મહત્ત્વા કાંક્ષા

*ઈ.સ.* 1870 *માં ફ્રાંસને હરાવ્યા પછી જર્મનીનો રાષ્ટ્રવાદ વધારે આક્રમક બન્યો હતો.ફ્રાંસને હરાવીને તેની પાસેથી આલ્સેસ-લોરેઈનના પ્રદેશો પડાવી લીધા પછી, જર્મનીની પ્રદેશો મેળવવાની ભૂખ વધી હતી. બિસ્માર્કે* 1888 *માં સત્તા ગુમાવી, તે પછી જર્મનીના રાજા વિલિયમ બીજાએ તેની પ્રજાની રાષ્ટવાદ તથા વિસ્તારવાદની ભાવનાને વેગ આપ્પો હતો.ઔધોગિક ક્રાંતિ થવાથી જર્મનીમાં પણ ઘણા માલનું ઉત્પાદન થવા લાગ્યું. તેને પણ માલ વેચવા માટે બજારોની આવશ્યકતા હતી; પરંતુ* 19*મા સૈકાના અંત પહેલાં બ્રિટન,ફ્રાંસ તથા રશિયાએ એશિયા અને આફ્રિકાના દેશોમાં પોતાનું રાજકીય વર્ચસ્વ સ્થાપી દીધું હોવાથી જર્મનીને તેના રાજકીય વિસ્તાર અને આર્થિક સામ્રાજ્ય માટે તેને સંઘર્ષ કરવો અનિવાર્ય હતો. વિલિયમ બીજો જર્મનીને જગતની ઉત્તમ સત્તા બનાવવા આતુર હતો, જે રશિયા, ફ્રાંસ અને બ્રિટન સાથે યુદ્ધ કર્યા વિના અશક્ય હતું. તેથી વિલિયમ બીજાએ જર્મનીનું વ્યાપક પ્રમાણમાં લશ્કરીકરણ તથા શસ્ત્રીકરણ કર્યું. તેનાથી યુરોપમાં યુદ્ધોનું વાતાવરણ સર્જાયું.*

### 16.2.10 તાત્કાલિક કારણો

*ઈ.સ.* 1908*માં બાલ્કનમાં આવેલા બોસ્નિયા તથા હર્ઝગોવિનાના પ્રદેશોને ઑસ્ટ્રિયાએ પોતાના રાજ્યમાં જોડી દીધા હતા. આ પ્રદેશોમાં સ્લાવ જાતિના લોકોની*

વસતી ઘણી વધારે હતી. તેથી આ લોકો ઑસ્ટ્રિયાના અંકુશ હેઠળ રહેવાને બદલે પડોશમાં આવેલા સ્લાવ-રાજ્ય સર્વિયામાં ભળી જવાનો ઈરાદો રાખતા હતા. સર્વિયા પણ આ જ કારણસર ઑસ્ટ્રિયાની સામે ગુસ્સે થયું હતું. તેના ફળસ્વરૂપે થોડા સમય બાદ ત્યાં ઑસ્ટ્રિયા સામે ચળવળ કરવા માટે ગુપ્ત ક્રાંતિકારી સંસ્થાઓ સ્થાપવામાં આવી હતી. આવી એક 'બ્લૅક હેન્ડ' નામની ક્રાંતિકારી સંસ્થાના એક સભ્યે 28 જુન 1904ના રોજ બોસ્નિયાના પાટનગર સારાજેવોની મુલાકાતે આવેલા ઑસ્ટ્રિયાના ગાદીવારસ આર્કડ્યુક ફ્રાન્સિસ ફર્ડિનાન્ડ તથા તેની પત્ની ઉપર ગોળીબાર કરી તેમની હત્યા કરી.

આ હત્યાની પાછળ સર્વિયાની સરકારનો હાથ હોવાની ઑસ્ટ્રિયાને શંકા ગઈ. તેણે સર્વિયા સમક્ષ કેટલીક કડક માગણીઓ મૂકી, જેમાં ઑસ્ટ્રિયા વિરુદ્ધ ઉશ્કેરણી બંધ કરવા, સર્વિયન સરકાર અને લશ્કરમાંથી ઑસ્ટ્રિયાના વિરોધીઓને દૂર કરવા, હત્યાની અદાલતી તપાસ કરવા અને તપાસ દરમિયાન ઑસ્ટ્રિયાના ન્યાયાધીશોને પણ હાજર રહેવા દેવાની માગણી કરવામાં આવી. આ માગણીઓ 48 કલાકમાં સ્વીકારવાનું તેણે આખરીનામું આપ્યું. સર્વિયાની સરકાર હત્યાના કાવતરાની અદાલતી તપાસ કરવા તૈયાર હતી; પરંતુ પોતાની અદાલતમાં ઑસ્ટ્રિયાના ન્યાયાધીશોને બેસાડવા તૈયાર ન હતી. કોઈપણ સરકાર આવી માગણી સ્વીકારે નહિ.

ઈંગ્લૅન્ડ તથા ફ્રાંસે ઑસ્ટ્રિયાને શાંતિ રાખવા અને આખરી નામની મુદત વધારવા માટે દબાણ કર્યું; પરંતુ ઑસ્ટ્રિયા માન્યું નહિ. સર્વિયાએ આ આખી સમસ્યા હેગની આંતરરાષ્ટ્રીય અદાલતને સોંપવાનું સૂચન કર્યું; પરંતુ ઑસ્ટ્રિયાએ તે સૂચન સ્વીકાર્યું નહિ. આમ, પરિસ્થિતિ ગંભીર બની, ત્યારે રશિયાએ ઑસ્ટ્રિયાને જાહેર ચેતવણી આપી કે ઑસ્ટ્રિયા જો સર્વિયા ઉપર આક્રમણ કરશે, તો રશિયા પોતાના નાના સ્લાવ-બંધુ રાષ્ટ્ર સર્વિયાને સહાય કરશે. એટલે જર્મનીએ તે સામે ચેતવણી ઉચ્ચારી કે આ તકરાર ઓસ્ટ્રિયા અને સર્વિયા વચ્ચેની છે તેમાં કોઈ ત્રીજું રાષ્ટ્ર દરમિયાનગીરી કરશે, તો ઓસ્ટ્રિયાને મદદ કરવાની જર્મનીને ફરજ પડશે.

એટલામાં ઓસ્ટ્રિયાએ સર્વિયાને આપેલા આખરીનામાની મુદત પૂરી થતાં તેણે સર્વિયા સામે યુદ્ધ જાહેર કર્યું (29 જુલાઈ, 1914). બીજે દિવસે રશિયાએ તેનાં સૈન્યોને સરહદ ઉપર તૈયાર રહેવાનો આદેશ આપ્યો, એટલે જર્મનીએ રશિયા સામે યુદ્ધ જાહેર કર્યું (1 ઓગસ્ટ). તે પછી જર્મનીએ ફ્રાંસ સામે પણ યુદ્ધ જાહેર કર્યું (3 ઓગસ્ટ).

ફ્રાંસ પર હુમલો કરવા જર્મન લશ્કર બેલ્જિયમમાં થઈને પસાર થયું. તેથી બેલ્જિયમની તટસ્થતાનો ભંગ થયેલો માનીને બ્રિટને જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. તેની સાથે તેનાં જગતભરનાં સંસ્થાનો ભારત, શ્રીલંકા, મ્યાનમાર વગેરે યુદ્ધોમાં જોડાયાં. આ દરમિયાન પૂર્વ એશિયામાં જાપાને પણ જર્મની સામે યુદ્ધ જાહેર કર્યું. તુર્કી કાળા સમુદ્ર ઉપરનાં રશિયાનાં બંદરો પર તોપમારો કરીને જર્મન-ઓસ્ટ્રિયાના પક્ષે યુદ્ધમાં દાખલ થયું. ઈંગ્લેન્ડ-ફ્રાંસ વગેરે મિત્ર રાજ્યો તરીકે અને સામે પક્ષે જર્મની-ઓસ્ટ્રિયા વગેરે ધરીરાજ્યો તરીકે ઓળખાતા હતાં. મિત્ર રાજ્યોમાં ઈંગ્લેન્ડ, ફ્રાંસ, રશિયા, જાપાન, ઈટાલી અને

*છેલ્લે અમેરિકા જોડાયું હતું. ધરીરાજ્યોમાં જર્મની, ઓસ્ટ્રિયા, હંગેરી, બલ્ગેરીયા, તથા તુર્કસ્તાનનો સમાવેશ થતો હતો.*

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

**1. નીચેના વિધાનો (✓) અથવા ખોટાં (✗) છે તેની નિશાની કરી જણાવો.**

(1) *પ્રથમ વિશ્વયુદ્ધના કારણો જાણવા માટે યુરોપનો ૧૯મી સદીનો ઈતિહાસ જાણવો જરૂરી છે.* ()

(2) 1892 *માં ફ્રેન્ક-ફર્ટની સંધિ થઈ હતી.* ()

(3) *પ્રથમ વિશ્વયુદ્ધમાં ધરીરાષ્ટ્રોની હાર થઈ.* ()

(4) *પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ ઓસ્ટ્રેલિયાના ગાદીવારસાની હત્યાનું હતું.* ()

(5) *પ્રથમ વિશ્વયુદ્ધ સમયે રશિયામાં ક્રાંતિ ફાટી નિકળી હતી.* ()

**2. જોડકા જોડો**

| અ | | બ | |
|---|---|---|---|
| 1 | 1870 | 1 | પેરિસ શાંતિ પરિષદ |
| 2 | 1905 | 2 | પ્રથમ વિશ્વયુદ્ધનો અંત |
| 3 | 1907 | 3 | રશિયાને જાપાને હરાવ્યું |
| 4 | 1918 | 4 | રશિયાએ ફ્રાન્સને હરાવ્યું |
| 5 | 1919 | 5 | હેગ પરિષદ |

**3. આર્થિક સામ્રાજ્ય વિશે નોંધ લખો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**4. શું આંતરાષ્ટ્રીય બળવાન મધ્યસ્થી સંસ્થાના અભાવે પ્રથમ વિશ્વયુદ્ધ નજીક આવ્યું ? સમજાવો.**

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

______________________________________________

**5. પ્રથમ વિશ્વયુદ્ધનું તાત્કાલિક કારણ કયું હતું ?**

## 16.3 પરિણામો (Consequences of the War)

*પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોનો વિજય તેમજ ધરી રાષ્ટ્રો (જર્મની, ઓસ્ટ્રેયા તથા તુર્કસ્થાન)ની હાર થઈ.* 1914*માં (*28*મી જુલાઈ) એ શરૂ થયેલ આ વિશ્વયુદ્ધનો અંત* 1918*માં (*11*મી નવેમ્બર)ના આવ્યો. આ યુદ્ધના પરિણામો નીચે મુજબ વર્ણવી શકાય.*

### 16.3.1 પેરિશ શાંતિ પરિષદ તથા સંધિઓ

*વિજેતા રાષ્ટ્રોએ હારેલા રાષ્ટ્રો સાથે સંધિની શરતો નક્કી કરવા માટે જાન્યુઆરી,* 1919*માં એકઠા થયાં. તેમાં બ્રિટનના વડાપ્રધાન, અમેરિકાના પ્રમુખ, ફ્રાન્સના વડાપ્રધાન અને ઈટાલીના વડાપ્રધાન મુખ્ય હતાં. જર્મની તથા બીજાં હારેલા રાષ્ટ્રોને તથા રશિયામાં ક્રાંતિ થઈ હોવાથી આ પરિષદમાં પ્રતિનિધિત્વ આપવામાં આવ્યું ન હતું. જર્મની તથા હારેલા રાષ્ટ્રોની પ્રતિનિધિઓને માત્ર સંધિ પર સહી કરવા જ બોલાવ્યાં હતાં.*

*વર્સાઈના પ્રસિદ્ધ અને ઐતિહાસિક મહેલમાં* 28*મી જૂન,* 1919*ના રોજ સંધિ કરવામાં આવી. જર્મનીને યુદ્ધ ગુનેગાર ગણીને તેના સમૃદ્ધ પ્રદેશ પડાવી લેવામાં આવ્યાં. તેના પર મોટી રકમનો યુદ્ધદંડ નાખવામાં આવ્યો અને તેણે મિત્ર રાષ્ટ્રોને આપવામાં વાર્ષિક હપ્તાઓ નક્કી કરવામાં આવ્યાં. તેનું લશ્કર મર્યાદિત કરવામાં આવ્યું. જર્મન સમ્રાટને માનવસંહાર માટે ગુનેગાર ગણીને તેના પર કામ ચલાવવાનું નક્કી કરવામાં આવ્યું.*

*જર્મની ઉપરાંત બીજા હારેલા દેશો સાથે પણ અલગ અલગ જગ્યાએ સંધિઓ – જેવી કે ઓસ્ટ્રિયા સાથે સેન્ટ જર્મનીની સંધિ, બલ્ગેરિયા સાથે ન્યુલીની સંધિ, હંગેરી સાથે ટ્રિયાનોની સંધિ અને તુર્કસ્થાન સાથે સેવ્રેની સંધિ કરવામાં આવી.*

### 16.3.2 વિપુલ માનવસંહાર અને બેસુમાર નુકસાન

*પ્રથમ વિશ્વયુદ્ધમાં મિત્ર રાષ્ટ્રોના પક્ષે લગભગ ચાર કરોડ સૈનિકો તથા ધરી રાજ્યોના પક્ષે લગભગ બે કરોડ સૈનિકો યુદ્ધમાં ઊતર્યા હતા. તેમાંથી એક અંદાજ અનુસાર ઊભય પક્ષે મળીને આશરે નેવું લાખ સૈનિકો મરાયા તથા લગભગ બે કરોડ સૈનિકો ઘાયલ થયા હતા. આવો વિપુલ પ્રમાણમાં માનવસંહાર અગાઉ કદી કોઈપણ યુદ્ધમાં થયો ન હતો. આ ઉપરાંત ભૂખમરો, રોગચાળો વગેરેને કારણે પણ અસંખ્ય લોકો મરણ પામ્યા. આ યુદ્ધમાં* 270 *અબજ ડૉલર જેટલું ખર્ચ થયું. યુરોપનાં મિત્ર રાષ્ટ્રો*

*(ઇંગ્લૅન્ડ, ફ્રાંસ વગેરે) એ અમેરિકા પાસેથી એક કરોડ ડૉલરની લોન લીધી હતી. તે રાજ્યોની સરકારોએ પોતાના નાગરિકોને યુદ્ધ બૉન્ડ વેચીને મોટી રકમ મેળવી. ધરી રાજ્યો તો આર્થિક રીતે સંપૂર્ણ પાયમાલ થઈ ગયાં. તેમનું અર્થતંત્ર તદ્દન ભાંગી પડ્યું. આમ, આ યુદ્ધથી જીતેલાં તથા હારેલાં રાષ્ટ્રો ભારે દેવાદાર બની ગયાં. તેમના અર્થતંત્રને સરખી રીતે ગોઠવતાં તેમને ઘણાં વર્ષો લાગ્યાં. યુદ્ધ પૂરું થયા પછી તરતનાં વર્ષોમાં ચીજવસ્તુઓની ભારે તંગી પડી અને વસ્તુઓના ભાવો રૉકેટ ગતિથી વધ્યા. સામાન્ય લોકોની યાતનાઓ અસહ્ય તથા અવર્ણનીય હતી. લાખો સૈનિકો મરણ પામ્યા. તેથી લાખો સ્ત્રીઓ તથા બાળકો અનાથ બન્યાં.*

### 16.3.3 રાષ્ટ્રીયતાના પાયા પર નવાં રાજ્યો

*પૅરિસ શાંતિ પરિષદે જર્મન તથા બીજાં હારેલાં રાષ્ટ્રો સાથે કરેલ સંધિઓના પરિણામે યુરોપનો રાજકીય નકશો બદલાઈ ગયો. રાષ્ટ્રીયતાના સિદ્ધાંત પર યુરોપમાં નવાં રાજ્યોની રચના કરવામાં આવી. રશિયામાંથી ફિનલૅન્ડ, ઈસ્થોનિયા, લેટવિયા, લિથુઆનિયા વગેરે સ્વતંત્ર રાજ્યોનું સર્જન કરવામાં આવ્યું. સર્વિયા સાથે બોસ્નિયા તથા હર્ઝગોવિના જોડીને યુગોસ્લાવિયાનું નવું રાજ્ય બનાવાયું. ચૅકોસ્લોવેકિયા, હંગેરી તથા પૉલૅન્ડનાં નવાં રાજ્યોના નિર્માણમાં રાષ્ટ્રીયતા (ભાષા, જાતિ, ધર્મ, ભૂગોળ વગેરેની એકતા)ને પાયાની બાબત તરીકે સ્વીકારવામાં આવી, તે બાબત નોંધપાત્ર છે.*

### 16.3.4 રાજાશાહીનો અંત, લોકશાહીની સ્થાપના

*આ યુદ્ધના અંતે કેટલાક જૂના રાજવંશોનો અંત આવ્યો અને તે દેશોમાં લોકશાહીની સ્થાપના થઈ. આ યુદ્ધોના પરિણામે રશિયામાંથી ઝારશાહીની, ઑસ્ટ્રિયામાંથી હેપ્સબર્ગ રાજવંશની, જર્મનીમાંથી હોહેનેજોલર્ન રાજંશની તથા તુર્કસ્તાનમાંથી ખલીફાઓની સત્તાનો અંત આવ્યો. તેમને સ્થાને રશિયામાં સામ્યવાદી શાસન, ઑસ્ટ્રિયામાં લોકશાહી શાસન, જર્મનીમાં પ્રજાતંત્ર અને તુર્કસ્તાનમાં કમાલ આતા તુર્કના નેતૃત્વ હેઠળ લોકશાહી સરકારની સ્થાપના કરવામાં આવી. પ્રથમ વિશ્વવિગ્રહ અગાઉ યુરોપનાં ચાર-પાંચ રાજ્યો સિવાયનાં સર્વે રાજ્યોમાં રાજાશાહી ટકી શકી અને તેને પણ બંધારણીય બનવાની ફરજ પડી. યુદ્ધ પછી થયેલી સંધિઓને પરિણામે ઘણુંખરું રાષ્ટ્રીયતાના સિદ્ધાંતને આધારે રચાયેલાં રાજ્યોમાં લોકશાહી સરકારો સ્થપાઈ. આમ, યુદ્ધ પછી, યુરોપમાં લોકશાહીનો અમલ થયો; પરંતુ યુરોપની મોટા ભાગની નવી લોકશાહી સરકારો, પોતાના દેશોની યુદ્ધોત્તર સમસ્યાઓ હલ કરવામાં નિષ્ફળ ગઈ. તેથી ત્યાં સરમુખત્યારશાહી સરકારો સ્થપાઈ. તે સરકારોએ યુરોપમાં ફરીવાર યુદ્ધનુ વાતાવરણ સર્જ્યું.*

### 16.3.5 સરમુખત્યારશાહીનો ઉદય અને લશ્કરીકરણ

*યુરોપના કેટલાક દેશો, યુદ્ધ પછી ઉપસ્થિત થયેલી વિવિધ પ્રકારની અનેક સમસ્યાઓના ઉકેલો શોધવામાં નિષ્ફળ નીવડ્યા. તેથી ત્યાં કોઈ એક સમર્થ વ્યક્તિની*

*સરમુખત્યારશાહી અથવા એક પક્ષના શાસનની સ્થાપના થઈ. ઈટાલીમાં ફાસીવાદી પક્ષનો નેતા બેનિટો મુસોલિની, જર્મનીમાં નાઝીવાદી પક્ષનો નેતા ઍડોલ્ફ હિટલર, રશિયામાં બૉલ્શેવિક પક્ષનો વડો સ્તાલિન તથા સ્પેનમાં જનરલ ફ્રાન્કો સરમુખત્યાર બન્યા. આ ઉપરાંત ઑસ્ટ્રિયા, યુગોસ્લાવિયા, પૉલૅન્ડ વગેરે દેશોમાં પણ સરમુખત્યારશાહી સ્થપાઈ. જાપાનમાં પણ લશ્કરી સરમુખત્યારે સરકાર પર અંકુશ મેળવ્યો. તેથી યુરોપમાં ફરીવાર સૈન્યો સજ્જ થવા માંડ્યાં. વખતોવખત નિઃશસ્ત્રીકરણની ચર્ચાઓ કરવામાં આવતી, તે માટે પરિષદો યોજવામાં આવતી. તેમ છતાં રાજકીય નેતાઓ પોતાના દેશમાં જઈને લશ્કરીકરણ કરતા હતા. જર્મની, ફ્રાન્સ, ઈંગ્લૅન્ડ, રશિયા, જાપાન, ઈટાલી વગેરે દેશોની સરકારોએ પોતાનાં સૈન્યોમાં ખૂબ વધારો કર્યો. તેમાંથી જ દ્વિતીય વિશ્વવિગ્રહ થવા માટેના સંજોગો ઉદ્ભવ્યા. અમેરિકા, જાપાન તથા બ્રિટન વચ્ચે નૌકાશક્તિ વધારો કરવાની સ્પર્ધા થઈ. ઈ.સ. ૧૯૨૧માં વૉશિંગ્ટન પરિષદ યોજવામાં આવી. તેમાં જાપાન, બ્રિટન, અમેરિકા વગેરે દેશોની નૌકાશક્તિનું પ્રમાણ નક્કી કરવામાં આવ્યું; પરંતુ તેનું પાલન કરવામાં આવ્યું નહિ.*

### 16.3.6 રશિયામાં સામ્યવાદ અને તેનાં પરિણામો

*પ્રથમ વિશ્વયુદ્ધ ચાલુ હતું તે દરમિયાન ઈ.સ.* 1917*માં રશિયામાં ક્રાંતિ થઈ. ત્યાં ઝારશાહી દૂર થઈ અને બૉલ્શેવિક પક્ષની સરકાર સ્થપાઈ. આ બનાવની યુરોપ તથા દુનિયાના દેશો ઉપર દૂરોગામી અસરો થઈ. દુનિયાના અનેક દેશોમાં વધતા-ઓછા પ્રમાણમાં સામ્યવાદી વિચારસરણી ફેલાઈ. તેથી તેમને પોતાના રાજકીય, આર્થિક અને સામાજિક જીવનમાં કેટલાક મહત્ત્વના ફેરફારો કરવાની ફરજ પડી. દુનિયાના સર્વે દેશોમાં કામદારો, કિસાનો વગેરે સામાન્ય ગણાતા લોકોને મતાધિકાર આપવામાં આવ્યો. રાજ્યના વહીવટમાં લોકોને મહત્ત્વ આપીને આવશ્યક ફેરફારો કરવામાં આવ્યાં. મોટા ઉદ્યોગોનું રાષ્ટ્રીયકરણ થયું. જમીનદારી નાબૂદીના ધારા ઘડવામાં આવ્યાં. ઉદ્યોગ-ધંધામાં કામદારોને કેટલાક અધિકારો આપવામાં આવ્યાં અને તેઓને આવશ્યક સગવડો પણ આપવામાં આવી. કામદારો અને કિસાનોનાં મંડળો સ્થાપવામાં આવ્યાં. તેમણે શ્રમજીવીઓના અધિકારો માટે ચળવળો ચલાવી. મહિલાઓ પણ જાગ્રત થઈ. તેમને મતાધિકાર મળ્યો અને જાહેર જીવનમાં હોદ્દાઓ આપવામાં આવ્યા.*

### 16.3.7 સામાજિક પરિણામો :

*આ મહાયુદ્ધનાં કેટલાંક ક્રાંતિકારી કહી શકાય તેવા સામાજિક પરિણામો આવ્યાં હતાં. આ યુદ્ધ લાંબા સમય સુધી ચાલ્યું હોવાથી રણ સંગ્રામમાં પુરુષોની જરૂર પડવાને કારણે તેના વ્યવસાયો સંભાળવાનું કામ સ્ત્રીઓએ ઉપાડી લીધું. આને કારણે સ્ત્રીઓમાં આત્મ વિશ્વાસ પ્રગટ્યો. તેના પરિણામે ઠેર ઠેર મતાધિકારની માંગણીઓ અને આંદોલનો થવા લગ્યાં અને તે સફળ પણ થયાં.*

*આ સાથે સામાજિક ક્ષેત્રે મહાયુદ્ધની અમુક વિપરિત અસર થઈ હતી તેની નોંધ લેવી જરૂરી છે. યુદ્ધમાં અસંખ્ય પુરુષો મરણ પામ્યાં, તેના કારણે સમાજમાં પુરુષો કરતાં સ્ત્રીઓની સંખ્યા વધી ગઈ. તેનાથી કૌટુંબિક તથા સામાજિક જીવનમાં અનિષ્ટ પરિણામો આવ્યાં.*

### 16.3.8 શૈક્ષણિક ક્ષેત્રે પરિણામો :

*શૈક્ષણિક દ્રષ્ટિએ પણ આ યુદ્ધ વિનાશકારી નીવડ્યું. ફરજિયાત લશ્કરી ભરતીને કારણે અનેક યુવાનોનું ઉચ્ચ શિક્ષણ અધૂરૂ રહ્યું. આને લીધે શૈક્ષણિક સંસ્થાઓ પણ બંધ પડી. શિક્ષણ પાછળ થતા ખર્ચને ઘટાડવામાં આવ્યો. ઘણા વિદ્વાનો અને વૈજ્ઞાનિકો પણ મરણ પામ્યાં. અનેક ઐતિહાસિક ઈમારતો નષ્ટ પામી.*

### 16.3.9 રાષ્ટ્રસંઘની રચના

*આ અતિવિનાશક યુદ્ધના અંતે દુનિયાના દેશોને શાંતિ જાળવી રાખવા, પરસ્પરના મતભેદોના શાંતિથી નિકાલ કરવા અને વિશ્વબંધુત્વની ભાવનાનો ફેલાવો કરવા એક આંતરરાષ્ટ્રીય સંસ્થાની આવશ્યકતા હતી. અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને પણ આ માટે ખાસ આગ્રહ કર્યો. તેથી પૅરિસની શાંતિ પરિષદે આ વિચારનો અમલ કરીને ઍપ્રલ 1919માં રાષ્ટ્રસંઘ-લીગ ઓફ નેશન્સની સ્થાપના કરી.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

(1) *પ્રથમ વિશ્વયુદ્ધ બાદ થયેલ પેરિસ શાંતિ પરિષદ અને વિવિધ સંધિઓની ચર્ચા કરો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

(2) *વિશ્વયુદ્ધને કારણે યુરોપના દેશોમાં આવેલા સામાજિક અને શૈક્ષણિક ફેરફારો વિશે નોંધ લખો.*

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

______________________________

3. *નીચેના વિધાનોમાંથી ખરાની સામે (✓) ની નિશાની અને ખોટાની સામે (×) નિશાની કરો.*

1. *પ્રથમ વિશ્વયુદ્ધને અંતે તમામ રાષ્ટ્રોને આર્થિક લાભ થયો* ( )
2. *પ્રથમ વિશ્વયુદ્ધ બાદ સ્ત્રીએ ઠેર ઠેર મતાધિકારની માંગણીઓ કરી* ( )
3. *યુરોપમાં શાંતિ અને સલામતિનું વાતાવરણ ઉભુ થાય તે માટે રાષ્ટ્રસંઘની રચના કરવામાં આવી.* ( )
4. *રાષ્ટ્રસંઘની રચનામાં અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને મહત્વનો ભાગ ભજવ્યો હતો.* ( )

## 16.4 સારાંશ

*અહીં અમારો ઉદ્દેશ તમારી સમક્ષ પ્રથમ વિશ્વયુદ્ધનાં મુખ્ય કારણો અને પરિણામો રજૂ કરવાનો હતો. તમે નોંધ્યુ હશે કે 1914માં મિત્ર રાષ્ટ્રોની એક માત્ર મહેચ્છા હતી કે યુરોપમાંથી જર્મનીનું પ્રભુત્વ દૂર કરવું. તેમણે રશિયામાં સમાજવાદી ક્રાંતિ લાવવા જૂના સામ્રાજયનો નાશ કરવા રાષ્ટ્રોની સ્થાપનાા કરવા કે રાષ્ટ્રસંઘ જેવો નવો પ્રયોગ કરી શકાય તેટલા માટે યુદ્ધ નહોતું શરૂ કર્યુ.*

## 16.5 ચાવીરૂપ શબ્દો(Key Words)

*રાષ્ટ્રવાદ* : *પોતાના દેશ પ્રત્યેની વફાદારી, દેશ પ્રત્યેનો ભક્તિભાવ, દેશ માટે ફના થવાની તમન્ના.*

*લશ્કરવાદ* : *રાષ્ટ્રને સૈનિકબળ બનાવી આપવાની નીતિ.*

*સામ્રાજયવાદ* : *અન્ય દેશો પર પોતાનું આર્થિક અને રાજકીય વર્ચસ્વ સ્થાપવું.*

*બ્લેક હેન્ડ* : *ગુપ્ત ત્રાસવાદી સંસ્થા*

*શ્રેષ્ઠ અલગાવ* : *19મી સદીના અંતિમ વર્ષોના યુરોપમાં ચાલતા ઝઘડાઓમાં હસ્તક્ષેપ ન કરવાની બ્રિટનની નીતિને આ નામે ઓળખવામાં આવે છે.*

## 16.6 'તમારી પ્રગતિ ચકાસો'ના જવાબો

**તમારી પ્રગતિ ચકાસો (ક)**

(1) ✓ (2) × (3) ✓ (4) ✓

(1) 1 - 4 (2) 2 - 3 (3) 3 - 4 (4) 4 - 5

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

**(3) નો જવાબ (1)** × (2) ✓ (3) ✓ (4) ✓

## 16.7 સંદર્ભ પુસ્તકો


- *એસ.એલ.નાગોરી, કાન્તા નાગોરી – 'યુરોપ કા સંપૂર્ણ ઈતિહાસ(*1453 *થી* 1919*)', સબલાઈન પબ્લીકેશન, જયપુર.*
- *ડૉ.એમ.એલ.શર્મા – 'વિશ્વકા ઈતિહાસ*(1776-1976)*' , કોલેજ બુક ડિપો, જયપુર.*
- *પ્રા. રાજેશભાઈ ડી. જોશી – 'આંતરરાષ્ટ્રીય સંગઠન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *શ્રી હસમુખ જ. પટેલ - 'વિશ્વ રાજકારણ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *ડૉ. આર.એલ. રાવલ - 'આંતરાષ્ટ્રીય સબંધો, ભાગ-*1, (1901 *થી* 1945), *યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*


x

| એકમ-17 | રાષ્ટ્રસંઘ ઉદ્દેશો, હેતુઓ, સિધ્ધિઓ અને નિષ્ફળતાઓ |
| --- | --- |

રૂપરેખાઃ-

**17.0** ઉદ્દેશો
**17.1** પૂર્વભૂમિકા (રાષ્ટ્રસંઘ ની સ્થાપના પૂર્વ વિશ્વશાંતિના પ્રયાસો)
**17.2** રાષ્ટ્રસંઘનો જન્મ
**17.3** રાષ્ટ્રસંઘના આદર્શો- હેતુઓ
**17.4** રાષ્ટ્રસંઘની રાજકીય ક્ષેત્રની સિદ્ધિઓ / સફળતાઓ
**17.4.1** સોવિયેટ રશિયા અને ઈરાન વચ્ચેનો ઝઘડો
**17.4.2** ફિનલેન્ડ અને સ્વીડન વચ્ચેનો વિવાદ
**17.4.3** આર્મેનિયાનો પ્રશ્ન
**17.4.4** માલ્ટ્સે જાતિ અંગે બ્રિટન અને ફ્રાન્સ વચ્ચે વિવાદ
**17.4.5** અપર સાઈલેશિયાનો પ્રશ્ન
**17.4.6** કોર્ફુ નો બનાવ
**17.4.7** ગ્રીસ અને બલ્ગેરિયા વચ્ચે સંઘર્ષ
**17.4.8** પોલેન્ડ અને લિથુઆનિયા વચ્ચે વિલના અંગે
વિવાદ
**17.4.9** મોસલનો પ્રશ્ન
**17.4.10**ચેકો પ્રદેશ અંગે વિવાદ
**17.4.11** લેટિશિયાનો પ્રશ્ન
**17.5** રાષ્ટ્રસંઘની બિનરાજકીય ક્ષેત્રની સિદ્ધિઓ / સફળતાઓ
**17.5.1** આર્થિક પ્રવૃતિઓ
**17.5.2** નિર્વાસિનો અને યુધ્ધ કેદીઓ અંગેનુ કાર્ય
**17.5.3** આરોગ્ય સંબંધી કાર્ય
**17.5.4** સામાજિક ક્ષેત્રે કાર્ય
**17.5.5** શૈક્ષણિક ક્ષેત્રે પ્રવૃતિઓ
**17.6** સોપવામાં આવેલા પ્રદેશોનો વહીવટ અંગે નું કાર્ય
**17.6.1** સાર પ્રદેશનો વહીવટ
**17.6.2** ડાન્ઝિગ પ્રદેશનો વહીવટ
**17.6.3** રાષ્ટ્રસંઘનું 'મેન્ડેટ' સંબધી કામગીરી
**17.6.4** મેન્ડેટ પધ્ધતિ પાછળનો ખ્યાલ

17.6.5 મેન્ડેટ હેઠળ પ્રદેશોનું ત્રણ ભાગમાં વર્ગીકરણ
17.7 રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ
17.7.1 મંચુરિયા પર જાપાનીઝ આક્રમણ
17.7.2 એબિસિનિયા પર ઇટાલીનું આક્રમણ
17.7.3 સ્પેનનો આંતર વિગ્રહ
17.8 સારાંશ
17.9 ચાવીરૂપ શબ્દો
17.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો
17.11 સંદર્ભ પુસ્તક

## 17.0 ઉદ્દેશો

*આ એકમના અભ્યાસ બાદ તમે.....*

1. *વિશ્વના ઈતિહાસની એક મહત્વપૂર્વ ઘટના રાષ્ટ્રસંઘની માહિતી મેળવશો.*
2. *કયા કારણોસર રાષ્ટ્રસંઘની રચના થઈ તે જાણી શકાશે.*
3. *વિશ્વમાં શાંતિ – સલામતી ની વ્યવસ્થા માટે અનુરોધ કરેલ રાજકીય કાર્યોને તપાસી શકાશે.*
4. *રાષ્ટ્રસંઘ તેના કાર્યોમાં શા માટે નિષ્ફળ ગયો તે જોઈ શકાશે.*
5. *રાષ્ટ્રસંઘ સામાજિક, આર્થિક, આરોગ્ય વિષયક કરેલ કામગીરીને સમજી શકાશે.*

## 17.1 પૂર્વ ભૂમિકા : (રાષ્ટ્રસંઘની સ્થાપના પૂર્વે વિશ્વશાંતિના પ્રયાસો)

*પ્રથમ વિશ્વયુદ્ધ પૂરું થયા પછી, પેરિસમાં મળેલી શાંતિ પરિષદે વિશ્વશાંતિ જળવાય તે માટે રાષ્ટ્રસંઘની સ્થાપના કરીને આ દિશામાં એક મહત્વનું કામ કર્યું એમ કહી શકાય.તે અગાઉ પણ વિશ્વશાંતિની જાળવણી માટે જુદા-જુદા પ્રયત્નો કરવામાં આવ્યા હતા. તે પ્રયત્નોએ આ સંસ્થાની સ્થાપના માટે અગત્યની ભૂમિકા તૈયાર કરી હતી.*

*આ રીતના પ્રયત્નોમાં ખાસ કરીને ઓગણીસમા સૈકામાં નેપોલિયન બોનાપાર્ટની હાર પછી વિજેતા દેશોના વિયેનામાં મળેલા સંમેલને 'યુરોપીય સંઘ' ની રચના કરી હતી. તે વિશ્વ શાંતિની દિશામાં આધુનિક સમયમાં પ્રથમ સોપાન હતું. આ 'સંઘ'માં યુરોપના તત્કાલીન પાંચ શક્તિશાળી રાષ્ટ્રો જોડાયા હતા. તે રાષ્ટ્રો યુરોપમાં યુદ્ધ કે શાંતિને લગતી કોઈપણ બાબતનો મંત્રણા, સમાધાન તથા સમજૂતી દ્વારા ઉકેલ શોધવાનો પ્રયત્ન કરવાના હતા ; પરંતુ 'યુરોપીય સંઘ'ની ઘણી ખામીઓ હતી. તેનું કોઈ નિશ્ચિત બંધારણ ન હતું તેથી તેની પાસે તેના નિર્ણયોનું પાલન કરાવવા માટે કોઈ લશ્કર પણ ન હતું. આથી 'સંઘ' લાંબો સમય ટક્યો નહિ. તેમ છતાં યુદ્ધનો આશ્રય લીધા વિના, સંઘવ્યવસ્થા દ્વારા, આંતરરાષ્ટ્રીય પ્રશ્નોનો ઉકેલ લાવી શકાય છે એવો સિદ્ધાંત તેણે સ્થાપિત કર્યો. એ રીતે તેણે રાષ્ટ્રસંઘનો વૈચારિક પાયો નાખ્યો એમ માની શકાય.*

આ ઉપરાંત ઈ.સ. 1864 અને ઈ.સ. 1868 માં ભરવામાં આવેલી ' જિનિવા પરિષદો' એ યુદ્ધમાં ઘાયલ થયેલા સૈનિકો તરફના માનવતાવાદી વર્તન વિષેના નિયમો બનાવ્યા હતા. આંતરરાષ્ટ્રીય ધોરણે નિઃશસ્ત્રીકરણ કરવાની પ્રક્રિયાનો પ્રારંભ ઓગણીસમી સદીના અંત ભાગમાં રશિયાના ઝાર નિકોલસ બીજાના પ્રયાસથી થયો. તેણે હોલેન્ડ ( હવે નેધરલેન્ડ્ઝ ) ના હેગ મુકામે 1898માં પ્રથમ આંતરરાષ્ટ્રીય પરિષદ બોલાવી. આ પરિષદમાં 26 દેશોના 100 પ્રતિનિધિઓ હાજર રહ્યા હતા. તેમાં ઉપસ્થિત રહેલા પ્રતિનિધિઓએ સમાનતાના સિદ્ધાંત ના આધારે ભાગ લીધો હતો. તેમાં આંતરરાષ્ટ્રીય સંબંધોમાં નાના દેશોના વધતા જતા સહયોગનું પ્રતિબિંબ નજરે પડતું હતું. તેમાં ઊભી થયેલી સમસ્યાઓનો ઉકેલ, નાના-મોટા દેશોના સામૂહિક પ્રયાસો દ્વારા લાવવા, મતભેદોનું નિરાકરણ કરવા અને તે માટે યુદ્ધનો આશ્રય નહીં લેવાના સંકલ્પનું તેમાં દર્શન થતું હતું. યુદ્ધજન્ય પરિસ્થિતિમાં અન્ય દેશની લવાદી ( મધ્યસ્થ ) સ્વીકારવાના વિચારને તેમાં સર્વસંમતિથી સ્વીકારવામાં આવ્યો હતો. હેગ પરિષદોએ આંતરરાષ્ટ્રીય કાયદા ઘડવા ઉપરાંત આંતરરાષ્ટ્રીય અદાલતની સ્થાપના પણ કરી હતી.

વળી, ઓગણીસમા સૈકા દરમિયાન આંતરરાષ્ટ્રીય વાહનવ્યવહાર તથા વેપારનો નોંધપાત્ર વિકાસ થયો હતો. તેને લીધે દુનિયાના દેશો પરસ્પર વધારે નજીક આવ્યા અખબારોની પ્રગતિને લીધે પણ તેમની વચ્ચે પ્રવર્તમાન જુદાપણાની ભાવનામાં ઘટાડો થયો હતો. 'વિશ્વ ટપાલ સંઘ','આંતરરાષ્ટ્રીય સ્વાસ્થ્ય પંચ' વગેરે જેવી આંતરરાષ્ટ્રીય સંસ્થાઓએ રાજકીય ક્ષેત્રમાં પણ આ પ્રકારની ની વિશ્વસંસ્થાની સ્થાપના માટે ભૂમિકા તૈયાર કરી.

## 17.2 'રાષ્ટ્રસંઘ'નો જન્મ

આખરે પ્રથમ વિશ્વયુદ્ધમાં થયેલા ભયંકર માનવસંહારે વિચારશીલ લોકોને વિશ્વશાંતિ માટે પ્રયાસો કરવાની પ્રેરણા આપી.

ઈંગ્લેન્ડમાં 1915માં લોર્ડ બ્રાઈસ નામના રાજનૈતિક ચિંતકે તથા યુનાઈટેડ સ્ટેટ્સમાં શાંતિ સ્થાપક સંઘ નામની સંસ્થાએ અને દક્ષિણ આફ્રિકામાં જનરલ સ્મટ્સે વિશ્વશાંતિની સ્થાપના અને દુનિયાના દેશોના પરસ્પરના સહકારની વૃદ્ધિ માટે વિશ્વસંસ્થાની જરૂરિયાત અને તેની રચના વિશે કેટલાંક સૂચનો કર્યાં હતાં.

ત્યાર બાદ અમેરિકાના પ્રમુખ વુડ્રો વિલ્સને જાન્યુઆરી 1918માં ત્યાંની કોંગ્રેસ ( સંસદ ) સમક્ષ રજૂ કરેલી '14 મુદ્દાની યોજના' માં મોટા તથા નાના દેશોને ( રાજ્યોને ) સમાન રીતે રાજકીય સ્વતંત્રતા અને પ્રાદેશિક અખંડિતતા વિશે પરસ્પર બાંયધરી આપવાના ઈરાદાથી, દુનિયાના દેશોનું સંગઠન રચવું જોઈએ – એમ જણાવ્યું હતું.

તેને ધ્યાનમાં રાખીને, વિશ્વયુદ્ધ પૂરું થયા પછી પેરિસની શાંતિ પરિષદે 'રાષ્ટ્રસંઘ' - લીગ ઓફ નેશન્સના ખતપત્ર (બંધારણ) નો મુસદ્દો તૈયાર કર્યો અને તેને જર્મની સાથેની વર્સાઈની સંધિના પ્રથમ ભાગમાં સામેલ કર્યો. આ ખતપત્રનો અમલ 10

*જાન્યુઆરી,1920ના રોજથી શરૂ થતાં તે દિવસે 'રાષ્ટ્રસંઘ'નો જન્મ થયો.*

## 17.3 રાષ્ટ્રસંઘના આદર્શો – હેતુઓ

*રાષ્ટ્રસંઘના ખતપત્રના આમુખમાં તેના આદર્શો તથા હેતુઓ જણાવવામાં આવ્યા છે, જે ટૂંકમાં નીચે મુજબના છેઃ*

*આ સંઘમાં સભ્ય થનાર દરેક દેશે બીજા દેશની પ્રાદેશિક અખંડિતતા જાળવવી તથા બીજા દેશોને ડર લાગે એટલા વધારે પ્રમાણમાં સૈન્ય કે શસ્ત્રોનો વધારો કરવો નહિ. વળી, વિવિધ દેશોએ એકબીજા સાથે ખાનગી કરારો કરવા નહિ અને દરેક કરારની રાષ્ટ્રસંઘના કાર્યાલય – સચિવાલયમાં નોંધ કરાવવી.*

*દરેક દેશે બીજા દેશો સાથેના મતભેદો અથવા ઝઘડાનો ઉકેલ શાંતિમય સાધનો દ્વારા લાવવો. આ શાંતિમય સાધનો એટલે મંત્રણા તથા અન્ય દેશોની કે રાષ્ટ્રસંઘની મધ્યસ્થી કે લવાદી. લવાદનો જે ચુકાદો આવે તે ઊભય પક્ષોએ સ્વીકારવો. તેમ છતાં જેને તે ચુકાદાથી સંતોષ ન થાય તેણે ઓછામાં ઓછું ત્રણ માસ પર્યંત યુદ્ધ કરવું નહિ જેથી તે સમય દરમિયાન બીજા શાંતિમય ઉપાયો કાર્યાન્વિત કરી શકાય. રાષ્ટ્રસંઘની કારોબારી સમિતિની અથવા લવાદના ચુકાદાની જો કોઈ દેશ અવગણના કરીને યુદ્ધ શરૂ કરે તો રાષ્ટ્રસંઘ એવા દેશને બળવાખોર દેશ જાહેર કરશે – બધા દેશોએ આવા બળવાખોર દેશ સાથેના તમામ સંબંધો નાબૂદ કરવા. તેમ છતાં જો તે દેશ તેની લડાયક પ્રવૃત્તિઓ ચાલુ રાખે તો રાષ્ટ્રસંઘની કારોબારી સમિતિ તેની સામે યુદ્ધ જાહેર કરશે અને તે યુદ્ધમાં બધા જ દેશો રાષ્ટ્રસંઘને સૈન્ય, નાણાં અને શસ્ત્રસામગ્રીની સહાય કરશે.*

*વળી, તે ખતપત્રમાં એવી જાહેરાત કરવામાં આવી હતી કે યુદ્ધને પેદા કરનારાં મૂળભૂત કારણો તો - ગરીબી, બેકારી, અજ્ઞાન, નિરક્ષરતા વગેરે હોય છે. તેથી દરેક રાષ્ટ્રોએ તેમને દૂર કરવાનાં પગલાં ભરવાં.*

*ખરેખર, આ એક નૂતન તથા અગત્યનો આદર્શ હતો. યુદ્ધની શક્યતાને પાયામાંથી જ નાશ કરવાનો તેનો ઈરાદો હતો.*

### સભ્ય પદ

*આ સંસ્થા માં 42 રાષ્ટ્રોએ સભ્યપદ મેળવ્યું હતું. તેમાં જર્મની સહિત બીજાં હારેલાં રાષ્ટ્રો તથા સામ્યવાદી રશિયાને પ્રવેશ આપવામાં આવ્યો ન હતો. પાછળથી આ રાષ્ટ્રોને પ્રવેશ આપવામાં આવ્યો હતો. ઈ.સ. 1921માં રાષ્ટ્રસંઘની સભ્યસંખ્યા વધીને ૫૧ની તથા ઈ.સ.1935માં તેની સભ્યસંખ્યા ૬૨ની થઈ હતી. અમેરિકા તેનાં આંતરિક કારણોસર છેક સુધી તેમાં જોડાયું ન હતું. રાષ્ટ્રસંઘની સ્થાપનાનો વિચાર આપનાર પ્રમુખ વુડ્રો વિલ્સનનો દેશ જ તેમાં ન જોડાયો તે નોંધપાત્ર બાબત હતી.*

## 17.4 રાષ્ટ્રસંઘની રાજકીય ક્ષેત્રની સિધ્ધિઓ / સફળતાઓ

*બે વિશ્વયુદ્ધ વચ્ચેના ગાળા દરમિયાન રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સહકાર અને શાંતિપૂર્ણ સમાધાન દ્વારા આશરે 40 જેટલા રાજકીય ઝઘડાઓના પ્રશ્નને હલ કરવાના પ્રયાસો કર્યા હતા જેમાં 12 જેટલા બનાવો આક્રમણ અને લશ્કરી ઘર્ષણને લગતા હતા. ખાસ કરીને, રાષ્ટ્રસંઘને કોર્ફુંનો બનાવ, મંચુરિયા અને એબિસીનિયા પરનાં આક્રમણો, સ્પેનિશ આંતરવિગ્રહ અને રૂસો – ફિનિશ યુદ્ધમાં સફળતા પ્રાપ્ત ન થઈ; જ્યારે બલ્ગેરિયા અને ગ્રીસ વચ્ચેના ઝઘડામાં અને લેટેશિયા અંગેના ઝઘડામાં તેને સફળતા મળી.*

### 17.4.1 : સેવિયેટ રશિયા અને ઈરાન વચ્ચેનો ઝઘડો

1920 *થી* 1930 *સુધીના સમય દરમિયાન રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠા ટકી રહી. આ સમય દરમિયાન મોટાભાગના આંતરાષ્ટ્રીય ઝઘડાઓના ઉકેલમાં રાષ્ટ્રસંઘને પ્રમાણમાં સફળતા મળી હતી.* 1920*માં સોવિયેટ રશિયા અને ઈરાન વચ્ચે થયેલો પ્રથમ ઝઘડો રાષ્ટ્રસંઘ સમક્ષ રજૂ કરવામાં આવ્યો. આ ઝઘડામાં સોવિયેટ રશિયાના નૌકાદળે* 1920*માં ઈરાનના એન્ઝેલી  બંદર પર તોપમારો કર્યો હતો. પરંતુ બંને દેશની સરકારો વચ્ચે વાટાઘાટ દ્વારા સમાધાન થતાં રાષ્ટ્રસંઘને આ મામલામાં દરમિયાનગીરી કરવી ન પડી.*

### 17.4.2 : ફિનલેન્ડ અને સ્વીડન વચ્ચેનો વિવાદ

1920*માં બીજો બનાવ બાલ્ટિક વિસ્તારમાંના એલેન્ડ ટાપુને લગતો હતો. એલેન્ડ ટાપુ પર ફિનલેન્ડ અને સ્વીડને એમ બંનેએ પોતાના સાર્વભૌમત્વનો દાવો કર્યો. અહીં મુખ્ય પ્રશ્ન આ ટાપુની પ્રજાના આત્મનિર્ણયને લગતો હતો. એલેન્ડ ટાપુની પ્રજા સાંસ્કૃતિક અને ભાષાકીય દ્રષ્ટીએ સ્વીડન સાથે સંકળાયેલી હતી. તેથી આ પ્રજાએ સ્વીડન સાથે રાજકીય જોડાણ માટે આંદોલન શરૂ કર્યું. સ્વીડન રાષ્ટ્રસંઘનું સભ્ય ન હોવાથી બ્રિટને તેના વતી આ પ્રશ્ન રાષ્ટ્રસંઘ સમક્ષ રજૂ કર્યો. ફિનલેન્ડની એવી દલીલ હતી કે આ પ્રશ્ન તેના આંતરિક અધિકારક્ષેત્ર હેઠળ આવતો હોવાથી રાષ્ટ્રસંઘ આ બાબતમાં દરમિયાનગીરી ન કરી શકે. પરંતુ રાષ્ટ્રસંઘ દ્વારા નિયુક્ત થયેલી એક ન્યાય સમિતિએ (એ વખતે વિશ્વ અદાલતની રચના કરવામાં આવી ન હતી) જાહેર કર્યું કે રાષ્ટ્રસંઘની કાઉન્સિલને આ પ્રશ્ન હાથ ધરવાનો  સંપૂર્ણ અધિકાર છે. છેવટે* 1921*માં એક બીજી સમિતિએ સમાધાનકારી ઉકેલ શોધી કાઢયો. જે મુજબ એલેન્ડ ટાપુ પર ફિનલેન્ડનો સાર્વભૌમ અધિકાર સ્વીકારવામાં આવ્યો. પરંતુ તેના બદલામાં ત્યાંની પ્રજાના અધિકારોની રક્ષા માટે ફિનલેન્ડ કેટલીક બાંયધરીઓ આપી. બંને  દેશોએ તેનો સ્વીકાર કર્યો જે મુજબ ફિનલેન્ડે આ પ્રજાના સાંસ્કૃતિક અને ભાષાકીય અધિકારોને લગતી બાંયધરી આપી.*

### 17.4.3 : આર્મેનિયાનો પ્રશ્ન

*આર્મેનિયાને લગતો ત્રીજો બનાવ પણ* 1920*માં બન્યો. આ વખતે સાથી-સત્તાઓએ રશિયા અને તુર્કસના સરહદી જિલ્લાઓમાંથી આર્મેનિયાનું નવું પ્રજાસત્તાક સ્થાપ્યું હતું.*

આ વખતે રશિયા અને તુર્કી એટલાં બધા નબળા હતા કે બંને પોતાના સરહદી વિસ્તારો પર અંકુશ જમાવવામાં નિષ્ફળ ગયાં હતાં. તેથી સાથી-સત્તાઓએ આર્મેનિયાના નવા પ્રજાસત્તાકને મેન્ડેટ હેઠળના પ્રદેશ તરીકે રાષ્ટ્રસંઘ વતી યુ.એસ.એ. હેઠળ રાખવાનો પ્રસ્તાવ મૂક્યો પરંતુ યુ.એસ.એસ.એ આ જવાબદારી લેવાનો અસ્વીકાર કર્યો. આ વખતે આર્મેનિયાના નવા પ્રજાસત્તાક અને તુર્કી વચ્ચે યુધ્ધ ફાટી નીકળ્યું અને કમાલ પાશાએ તુર્કી સાથે કરવામાં આવેલી સેવ્રેની સંધિને જાકારો આપ્યો. આખરે કમાલ પાશાના નેતૃત્વ હેઠળ તુર્કીને વિજય પ્રાપ્ત થયો. તે સાથે આર્મેનિયાના પ્રજાસત્તાકનો અંત આવ્યો.

### 17.4.4 માલ્ટ્સે જાતિ અંગે બ્રિટન અને ફ્રાંસ વચ્ચે વિવાદ

1921માં બ્રિટન અને ફ્રાંસ વચ્ચે ટ્યુનિસિયામાં વસતી માલ્ટ્સે જાતિની પ્રજાના નાગરિકતાના દરજ્જા અંગેનો પ્રશ્ન ઉપસ્થિત થયો. બંને સત્તાઓએ આ પ્રજાને પોતાની પ્રજા તરીકે ગણવાનો દાવો કર્યો. બ્રિટને આ પ્રશ્ન રાષ્ટ્રસંઘ સમક્ષ રજૂ કર્યો. ફ્રાંસની દલીલ એ હતી કે આ પ્રશ્ન તેના આંતરિક અધિકારક્ષેત્ર હેઠળનો હોવાથી રાષ્ટ્રસંઘ ને અંગે ચર્ચા કરી ન શકે. તેથી કાઉન્સિલે આ પ્રશ્ન વિશ્વ અદાલત સમક્ષ કાનૂની સલાહ માટે રજૂ કર્યો. વિશ્વ અદાલતે ફ્રાંસના આંતરિક અધિકારક્ષેત્રના દાવાનો અસ્વીકાર કર્યો પરંતુ પાછળથી બ્રિટન અને ફ્રાંસ વચ્ચે સમજૂતી થતાં આ પ્રશ્નનો અંત આવ્યો.

### 17.4.5 અપર સાઈલેશિયાનો પ્રશ્ન

1921માં રાષ્ટ્રસંઘ સમક્ષ અપર સાઈલેશિયાનો પ્રશ્ન રજૂ કરવામાં આવ્યો. વર્સાઈની સંધિ મુજબ અપર સાઈલેશિયાના પ્રદેશનું રાજકીય ભાવિ જર્મની અને પોલેન્ડ વચ્ચે નક્કી કરવા માટે માર્ચ, ૧૯૨૦માં લોકમત લેવામાં આવ્યો પરંતુ લોકમતના ચુકાદા મુજબ સાઈલેશિયાના પ્રદેશનું વિભાજન કરવાનું નક્કી થતાં આ પ્રશ્ન વધારે ગૂંચવાયો. આ વખતે ફ્રાંસે પોલેન્ડને ટેકો આપ્યો હતો જ્યારે બ્રિટન જર્મની તરફ સહાનુભૂતિ દાખવતું હતું. આખરે રાષ્ટ્રસંઘની કાઉન્સિલે વિભાજન કરવામાં આવેલા અપર સાઈલેશિયાની સરહદો નક્કી કરી અને જર્મનીએ તથા પોલેન્ડે તેનો સ્વીકાર કર્યો.

### 17.4.6 કોર્ફુ નો બનાવ

1923માં ઈટાલી અને ગ્રીસ વચ્ચે થયેલું ઘર્ષણ 'કોર્ફુના બનાવ' તરીકે પ્રખ્યાત થયું. આ પ્રથમ બનાવ હતો કે જેમાં રાષ્ટ્રસંઘની કસોટી થઇ કારણ કે ઈટાલી જેવી મહાસત્તા આ ઝઘડામાં સામેલ હતી જ્યારે બીજી બાજુ ગ્રીસ નબળું રાજ્ય હતું. તેથી તેને ઈટાલીની ફાસીવાદી નીતિના ભોગ થવું પડ્યું રાષ્ટ્રસંઘ આ બાબતમાં ઈટાલી પર દબાણ લાવવામાં નિષ્ફળ ગયો તેથી રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠાને ધક્કો પહોંચ્યો.

1925માં લોકાર્નોની સંધિઓ સાથે યુરોપમાં શાંતિનું વાતાવરણ પેદા થયું. વળી 1926માં જર્મનીને પણ રાષ્ટ્રસંઘમાં પ્રવેશ મળ્યો. તેથી રાષ્ટ્રસંઘ ફક્ત વિજેતા સત્તાઓની જ સંસ્થા ન રહેતાં તટસ્થ આંતરરાષ્ટ્રીય સંસ્થા બની. તેથી ૧૯૨૪થી 1930ના સમય દરમિયાન રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠામાં કંઈક વધારો થયો.

### 17.4.7 ગ્રીસ અને બલ્ગેરિયા વચ્ચે સંઘર્ષ

*પ્રથમ વિશ્વયુદ્ધના અંત પછી ગ્રીસ અને બલ્ગેરિયા વચ્ચેની સરહદી અસ્પષ્ટતાને લીધે બંને દેશો વચ્ચે ઘર્ષણ ચાલુ રહ્યું હતું અને 1925માં સરહદી ઝઘડાને પરિણામે બંને દેશો વચ્ચે યુદ્ધ ફાટી નીકળ્યું. ગ્રીક લશ્કરે બલ્ગેરિયાના પ્રદેશ પર ચઢાઈ કરી તેથી બલ્ગેરિયાની સરકારે ખરીતા 11મી કલમ હેઠળ રાષ્ટ્રસંઘને મદદ માટે વિનંતી કરી. રાષ્ટ્રસંઘની કાઉન્સિલના પ્રમુખે બંને દેશોની સરકારોને તરત જ યુદ્ધ બંધ કરવા વિનંતી કરી. ત્યારબાદ કાઉન્સિલે પાંચ સભ્યોની તપાસ સમિતિની નિમણૂક કરી. તપાસ સમિતિએ ગ્રીસનાં લશ્કરી પગલાંને વખોડી કાઢ્યાં અને સૂચન કર્યું કે ગ્રીસે બલ્ગેરિયા પર આક્રમણ કર્યા બદલ તેને વળતર તરીકે 42,000 પાઉન્ડની રકમ ચૂકવવી. ગ્રીસ પાસે બીજો કોઈ વિકલ્પ ન હોવાથી તેણે તપાસ સમિતિની ભલામણનો સ્વીકાર કર્યો. આમ, બે નાનાં રાજ્યો વચ્ચેના ઝઘડામાં રાષ્ટ્રસંઘને સફળતા મળી. પરંતુ બે વર્ષ પહેલા ગ્રીસ સાથેના ઝઘડામાં ઈટાલી સામેલ થયું હતું તે વખતે રાષ્ટ્રસંઘ કંઈ કરી ન શક્યો હતો.*

### 17.4.8 પોલેન્ડ અને લિથુઆનિયા વચ્ચે વિલના અંગે વિવાદ

*પેરિસ શાંતિ સમજૂતી પછી નવાં રચાયેલાં પોલેન્ડ અને લિથુઆનિયા વચ્ચે વિલના શહેર પર બંનેના દાવાને લીધે ઘર્ષણ પેદા થયું. આ પ્રશ્નને રાષ્ટ્રસંઘની કાઉન્સિલ સમક્ષ સપ્ટેમ્બર, 1920માં રજૂ કરવામાં આવ્યો પરંતુ આ સમય દરમિયાન પોલેન્ડે વિલના પર પોતાનો કબજો જમાવ્યો. કાઉન્સિલને આ વાસ્તવિકતાનો સ્વીકાર કરવો પડ્યો. 1923માં કાઉન્સિલે સર્વાનુમતે અહેવાલ પ્રગટ કર્યો જેમાં પોલેન્ડ અને લિથુઆનિયાની નવી સરહદ રચવા અંગે ભલામણ કરવામાં આવી હતી. આ નવી સરહદ મુજબ વિલના પોલેન્ડની સરહદમાં આવી જતું હતું. પોલેન્ડે આ યોજનાનો સ્વીકાર કર્યો પરંતુ લિથુઆનિયાએ તેનો સ્વીકાર કરવાની ના પાડી. તેથી લગભગ 1927 સુધી આ ઘર્ષણ ચાલુ રહ્યું. આખરે કાઉન્સિલના પ્રયાસથી પોલેન્ડ અને લિથુઆનિયા વચ્ચે સીધી વાટાઘાટ થઈ અને આ પ્રશ્નનો સફળ ઉકેલ આવ્યો જે મુજબ લિથુઆનિયાએ વિલના પરના પોલેન્ડના સાર્વભૌમત્વનો સ્વીકાર કર્યો.*

### 17.4.9 મોસલનો પ્રશ્ન

*1924-25માં મોસલ નામના પરગણા પર તુર્કી અને ઈરાકના દાવાને લીધે ઘર્ષણ પેદા થયું. આ વખતે ઈરાકનો વહીવટ મેન્ડેટરી સત્તાની હેસિયતથી બ્રિટનને હસ્તક હતો. તેથી મોસલ અંગેનું ઘર્ષણ હકીકતમાં તુર્કી અને બ્રિટન વચ્ચેનું ઘર્ષણ બન્યું. બ્રિટને આ પ્રશ્ન રાષ્ટ્રસંઘની કાઉન્સિલ સમક્ષ રજૂ કર્યો. કાઉન્સિલે મોસલના દરજ્જા અંગે તપાસ કરવા માટે એક તપાસપંચ નીમ્યું. આ તપાસપંચે કાઉન્સિલ દ્વારા તુર્કી અને ઈરાક વચ્ચે નક્કી કરવામાં આવેલી તત્કાળ પૂરતી સરહદની રેખા ને કાયમી બનાવવાનો અનુરોધ કર્યો, પરંતુ તુર્કીએ તેનો અસ્વીકાર કર્યો. તેથી કાઉન્સિલે આ નિર્ણય સર્વાનુમતે લીધેલો*

*હોવાથી (ઘર્ષણમાં સામેલ થનાર બંને પક્ષ આ વખતે કાઉન્સિલના સભ્ય હોવાથી તેઓ આ મતદાનમાં સામેલ ન થઈ શકે) બંને પક્ષોને બંધનકર્તા છે. આમ, જૂન 1926માં આખરે બ્રિટન, તુર્કી અને ઈરાક વચ્ચે નવી સરહદ અંગે સંધિ થઈ. જોકે તુર્કી આ નવી સરહદથી અસંતુષ્ટ રહ્યું હતું.*

### 17.4.10 ચેકો પ્રદેશ અંગે વિવાદ

*1928માં બોલિવિયા અને પરાગ્વે વચ્ચે 15,000 ચો. માઈલના વિસ્તારવાળો ચેકો નામના પ્રદેશ પરના દાવા અંગે પ્રશ્ન ઊભો થયો. બોલિવિયા અને પરાગ્વે વચ્ચેની સરહદ લાંબા સમયથી અસ્પષ્ટ જ હતી. ડિસેમ્બર, 1928માં પરાગ્વેએ ચેકો પ્રદેશમાં આવેલા વેન્ગાર્ડિયાના કિલ્લા પર કબજો જમાવ્યો હતો. તે સમયથી લગભગ 1932 સુધી સર્વ અમેરિકન પરિષદ દ્વારા આ પ્રશ્નને હલ કરવા માટે કેટલાક પ્રયાસ કરવામાં આવ્યા હતા પરંતુ તેમાં સફળતા ન મળી.1933માં રાષ્ટ્રસંઘની કાઉન્સિલે આ ઝઘડાનો અંત લાવવા એક તપાસપંચની નિમણૂક કરી. 1934માં બંને પક્ષોની શસ્ત્રસામગ્રીની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. બોલિવિયાની વિનંતીથી ચેકો અંગેનો પ્રશ્ન રાષ્ટ્રસંઘની એસેમ્બ્લી સમક્ષ રજૂ કરવામાં આવ્યો અને એસેમ્બ્લીએ ચેકો અંગે જે નિર્ણય લીધો તેનો બોલિવિયાએ સ્વીકાર કર્યો. પરાગ્વેએ એસેમ્બ્લીના નિર્ણયને સ્વીકારવાની ના પાડી તેથી પરાગ્વેની શસ્ત્રસામગ્રીને લગતી આયાત પર પ્રતિબંધ ચાલુ રહ્યો. પરિણામે, પરાગ્વેએ રાષ્ટ્રસંઘનો ત્યાગ કરવાની જાહેરાત કરી. 1938 સુધી બોલિવિયા અને પરાગ્વે વચ્ચેનું ઘર્ષણ ચાલુ જ રહ્યું હતું.*

### 17.4.11 લેટિશિયાનો પ્રશ્ન

*1932 – 34 દરમિયાન કોલંબિયા અને પેરુ વચ્ચે લેટિશિયાના વિસ્તાર પરના દાવા અંગે ઝઘડો થયો. સપ્ટેમ્બર, 1932માં પેરુએ લેટિશિયા પર કબજો જમાવ્યો તેથી જાન્યુઆરી, 1933 માં કોલંબિયાએ આ પ્રશ્ન રાષ્ટ્રસંઘ સમક્ષ રજૂ કર્યો. રાષ્ટ્રસંઘની કાઉન્સિલે બંને દેશોને ઘર્ષણ બંધ કરવાનો આદેશ કર્યો અને તપાસપંચની નિમણૂક કરી. ત્યારબાદ કાઉન્સિલે પેરુને લેટિશિયાનો વિસ્તાર ખાલી કરવાનો આદેશ કર્યો. તે પછી આંતરરાષ્ટ્રીય દળોની મદદથી રાષ્ટ્રસંઘ દ્વારા નિયુક્ત થયેલા એક વહીવટી પંચ દ્વારા લેટિશિયાનો વહીવટ ચલાવવામાં આવ્યો. આમ, પ્રથમ વખત જ રાષ્ટ્રસંઘના ધ્વજ હેઠળ ઘર્ષણયુક્ત વિસ્તારનો વહીવટ ચલાવવામાં આવ્યો. 1934માં પેરુ અને કોલંબિયા વચ્ચે સમજૂતી થઈ. અને તે મુજબ રાષ્ટ્રસંઘે લેટિશિયાનો પ્રદેશ કોલંબિયાને સુપરત કર્યો.*

*આ બધી બાબતોમાં રાષ્ટ્રસંઘને એકંદરે સફળતા મળી કારણ કે જે બાબતોને લીધે ઘર્ષણ થયું હતું તેનું ખાસ આંતરરાષ્ટ્રીય મહત્ત્વ ન હતું. વળી આ પ્રશ્નોમાં મહાસત્તાઓ સંડોવાઈ ન હતી. ઉપરાંત બને પક્ષો પણ પોતાના પ્રશ્નોને હલ કરવા માગતા હતા. વળી 1924 થી 1930 સુધીના સમય દરમિયાન ફ્રાન્સ, બ્રિટન અને જર્મની વચ્ચે સહકાર સધાયો હતો. તેથી રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠામાં વધારો થયો; પરંતુ 1929માં જર્મન*

*વિદેશમંત્રી સ્ટ્રેસમનનું મૃત્યુ થયું . વળી આ વખતે આર્થિક મંદી પણ શરૂ થઈ. ઈટાલીમાં મુસોલિનીના નેતૃત્વ હેઠળ ફાસીવાદ મજબૂત થયો. જાપાનમાં લશ્કરવાદી વિચારસરણીનું પ્રાબલ્ય વધ્યું અને 1933માં હિટલરના નેતૃત્વ હેઠળ જર્મની નાઝીવાદની પકડમાં આવ્યું તે સાથે રાષ્ટ્રસંઘ દ્વારા રચવામાં આવેલું સામૂહિક સુરક્ષાનું માળખું નબળું પડવાની શરૂઆત થઈ.*

## 17.5 રાષ્ટ્રસંઘની બિનરાજકીય ક્ષેત્રની સિધ્ધીઓ / સફળતાઓ

### 17.5.1 આર્થિક પ્રવૃત્તિ

*બિનરાજકીય પ્રવૃત્તિઓ કે જેમાં મહાસત્તાઓના હિત વચ્ચે ઘર્ષણ પેદા થતું ન હતું. તેમાં રાષ્ટ્રસંઘને પ્રમાણમાં સફળતા મળી. આર્થિક રાષ્ટ્રસંઘે આંતરરાષ્ટ્રીય સહકારની નીતિ અપનાવી.*

*યુદ્ધ પછી આર્થિક રીતે નબળાં પડી ગયેલાં ઓસ્ટ્રિયા અને હંગેરી જેવાં કેટલાંક રાષ્ટ્રોને રાષ્ટ્રસંઘની નાણાકીય સમિતિ દ્વારા નાણાકીય સહાય આપવામાં આવી.*

1920*માં બ્રસેલ્સ મુકામે યુદ્ધ પછીની આંતરરાષ્ટ્રીય નાણાકીય સ્થિતિને સુધારવા માટે એક પરિષદ બોલાવવામાં આવી.*

1923*માં આંતરરાષ્ટ્રીય જકાતને લગતી પરિષદમાં રાજ્ય - રાજ્ય વચ્ચેના જકાતી અંતરાયોને હળવા બનાવવા માટે પ્રયાસ કરવામાં આવ્યો.*

1927*માં જીનિવા ખાતે વિશ્વ આર્થિક પરિષદ બોલાવવામાં આવી હતી. જો કે રાષ્ટ્રસંઘ મહાસત્તાઓ વચ્ચે આર્થિક ક્ષેત્રે શરૂ થયેલી હરીફાઈ પર અંકુશ મૂકવામાં સફળ થઈ શક્યો ન હતો.*

### 17.5.2 નિર્વાસિતો અને યુધ્ધ કેદીઓ અંગેનું કાર્ય

*યુધ્ધોતર સમયમાં ઘરબાર વગરના તથા એક પ્રદેશમાંથી બીજા પ્રદેશમાં સ્થળાંતર કરી ગયેલા નિર્વાસિતોનો પ્રશ્ન ઘણો ઉગ્ર અને તાકીદનો બન્યો હતો. તેથી 1921માં રાષ્ટ્રસંઘની કારોબારી નિર્વાસિતોની સમસ્યા હલ કરવા ડૉ. નાનસેનના પ્રમુખપણા નીચે એક સમિતિની રચના કરી. આ સમિતિએ પોતાની સમક્ષ પડેલા ભગીરથ કાર્યને પાર પાડ્યું. ખાસ કરીને ગ્રીસ અને તુર્કીના નાગરિકોની અદલા બદલીનું કાર્ય સારી રીતે પાર પાડ્યું.*

*આ ઉપરાંત આ સમિતિ સમક્ષ યુધ્ધ કેદીઓનો પણ પ્રશ્ન હતો જે તેણે સારી રીતે હલ કર્યો.* 1922*માં જુદાં જુદાં ૨૬ રાષ્ટ્રોના કુલ ચાર લાખ કરતાં વધારે યુધ્ધ કેદીઓને તેમના વતનમાં પાછા લાવવામાં આવ્યાં. રાષ્ટ્રસંઘનું આ કાર્ય ખરેખર ઉમદા હતું.*

### 17.5.3 આરોગ્ય સંબંધી કાર્ય

*ઈ.સ. 1923માં રાષ્ટ્રસંઘના આગ્રહ નીચે એક આરોગ્ય સંસ્થાની સ્થાપના કરવામાં આવી જેણે ટાઈફોઈડ, કોલેરા, શીતળા જેવા ચેપી રોગોનાં કારણો તથા તેમને નિવારણ અંગે ઉઘાયો શોધવા માટે સંશોધન કેન્દ્રો સ્થાપ્યાં. તે ઉપરાંત તેણે મેલેરિયા તથા ક્ષય જેવા રોગોની નાબૂદી અર્થે આંતર રાષ્ટ્રીય ઝુંબેશ શરૂ કરી હતી. આ અંગે ગ્રીસ તેમજ ચીનમાં આ સંસ્થાએ 'મેડિકલ મિશનો' પણ મોકલ્યા હતાં. જે આશીર્વાદરૂપ સાબિત થયાં.*

### 17.5.4 સામાજિક ક્ષેત્રે કાર્ય

*રાષ્ટ્રસંઘે બોલાવેલા સંમેલનોમાં દુનિયામાંથી વેઠ તથા ગુલામી પ્રથા નાબૂદ કરાવવા અને બાળકો તથા સ્ત્રીઓ પાસે કરાવવામાં આવતાં અનીતિના ધંધા તથા લોહી વેપાર નાબૂદ કરાવવા માટે ભલામણો કરવામાં આવી હતી. તેજ રીતે બાળકો માટેના કલ્યાણ કાર્યો હાથ ધરવામાં અને વેશ્યાવૃત્તિ નાબૂદ કરાવવા માટે પણ પ્રયત્નો કર્યા હતાં. આ ઉપરાંત જુદાં જુદાં દેશોમાંથી બિભત્સ સાહિત્ય દૂર કરાવવામાં તથા તેની ઉપર પ્રતિબંધ મૂકાવવામાં તેની સારી સફળતા મળી હતી. તેની ભલામણોને કારણે 60 જેટલા દેશોએ અફીણ તેમજ અન્ય માદક પીણાના વેપાર પર અંકુશ મૂકવાનું સ્વીકાર્યુ હતું. આ ઉપરાંત તેણે એક 'આંતર રાષ્ટ્રીય અફીણ અંકુશ પંચ'ની પણ રચના કરી હતી. તેના આ પ્રયત્નોને કારણે ઈથિયોપિયા, લાઈબિરિયા, નેપાળ તેમજ બર્મામાં ગુલામી નાબૂદી કાર્યક્રમને સફળતા મળી હતી.*

### 17.5.5 શૈક્ષણિક ક્ષેત્રે પ્રવૃત્તિઓ

*માણસના માનસમાં પડેલ યુધ્ધના ખ્યાલને નિર્મૂળ કરવા માટે કેળવણીનો વ્યાપક પ્રચાર થાય તે માટે રાષ્ટ્રસંઘે એક 'આંતર રાષ્ટ્રીય બૌધ્ધિક સહકાર સમિતિ'ની રચના કરી. મેડમ ક્યુરી અને આઈન્સ્ટાઈન જેવા વિશ્વ વિખ્યાત વૈજ્ઞાનિકો તેના સભ્ય હતાં. આ સંસ્થાએ ચર્ચા સભાઓ, પરિસંવાદો અને શૈક્ષણિક પર્યટનો યોજ્યાં. સાચા સહિષ્ણુ ઈતિહાસનું પ્રકાશન કર્યુ તેમજ સામૂહિક સલામતી, નિઃશસ્ત્રીકરણ, આંતરરાષ્ટ્રીય સહકાર વગેરે વિષયો અંગે પોસ્ટરો પ્રસિધ્ધ કરીને આંતર રાષ્ટ્રીય સંઘર્ષ ઓછો કરવા તથા વિશ્વશાંતિ માટેનું વાતાવરણ સર્જવા માટે તેણે પ્રજામત જાગૃત કર્યો હતો. આ બધાને કારણે રાષ્ટ્રસંઘનું આ ક્ષેત્રનું કાર્ય અત્યંત પ્રશંસાપાત્ર નીવડ્યું હતું.*

## 17.6 સોંપવામાં આવેલા પ્રદેશોના વહિવટ અંગેનું કાર્ય

### 17.6.1 સાર પ્રદેશનો વહીવટ

*જર્મનીના કોલસાની ખાણોવાળા આ સમૃદ્ધ પ્રદેશ ઉપર ફ્રાન્સની નજર હતી, પરંતુ પેરિસની શાંતિ પરિષદે તેને ફ્રાન્સના હાથમાં નહીં સોંપતાં, રાષ્ટ્રસંઘના વહીવટ નીચે મૂક્યું, તથા ત્યાંની કોલસાની ખાણો ઉપર ફ્રાન્સની માલિકી રાખી.*

1920માં રાષ્ટ્રસંઘની કારોબારી સમિતિએ સારના વહીવટ માટે પાંચ સભ્યોની એક સમિતિની નિમણૂક કરી, જેનો પ્રમુખ ફ્રાન્સનો વિક્ટર રૌલ્ત હતો. આને કારણે સારમાં રહેતા જર્મનોના મનમાં આ વહીવટી સમિતિ પ્રત્યે પૂરતી શ્રદ્ધા ન રહી. આ ઉપરાંત વહીવટી સમિતિનાં કેટલાંક કાર્યો જેવા કે, સારમાં પ્રતિનિધિઓની ચૂંટણી કરાવવામાં ઢીલ, જર્મન પ્રજા કરતાં ત્યાં વસતા ફ્રેંચોને શિક્ષણ તથા અન્ય બાબતોમાં અપાતી વધારે સગવડ, સ્થાનિક સશસ્ત્ર પોલીસને બદલે કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે ફ્રેંચ સૈનિકોનો ઉપયોગ, જર્મન હડતાળિયા મજદૂરો ઉપર દમન, અખબારો ઉપર કડક અંકુશ વગેરેથી સારની જર્મન પ્રજાના મનમાં આ સમિતિ પ્રત્યે ભારે રોષ હતો. 1923માં જર્મનીની ફરિયાદ ઉપરથી રાષ્ટ્રસંઘની કારોબારી સમિતિએ એક તપાસપંચ નીમ્યું; તેની તપાસમાં જર્મનોએ કરેલા આક્ષેપોમાંના ઘણાખરા સાચા નીકળ્યા. તેથી સારમાં વહીવટી સમિતિના વડા તરીકે ફ્રેન્ચ રૌલ્તને હઠાવીને તેની જગ્યાએ પહેલાં કેનેડાના જ્યોર્જ ડબલ્યુ. સ્ટીફન્સને અને તે પછી અંગ્રેજ સર અર્નેસ્ટ વિલ્ટનને મૂકવામાં આવ્યા.

વર્સેલ્સની સંધિમાં એક જોગવાઈ એવી કરવામાં આવી હતી, કે સંધિનાં 15 વર્ષ પછી સારમાં જનમત લઈને તેના ભાવિનો નિર્ણય (એટલે કે તેને રાષ્ટ્રસંઘનાં શાસન નીચે રહેવું છે, કે ફ્રાન્સ સાથે રહેવું છે, કે જર્મની સાથે તે) કરવો. તે પ્રમાણે રાષ્ટ્રસંઘની કારોબારી સમિતિએ 1935ના જાન્યુઆરીમાં, ત્યાં જનમત લેવાનું નક્કી કર્યું. તે માટે સ્વીટ્ઝરલેન્ડ, સ્વીડન તથા હોલેન્ડ જેવાં તટસ્થ રાષ્ટ્રોના સભ્યોની એક સમિતિ નીમવામાં આવી; જનમત – નિર્ણયના દિવસોમાં કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે આ પ્રદેશમાં 3,000 જેટલા બ્રિટિશ, ઈટાલિયન, સ્વીડીશ, તથા ડચ સૈનિકો રાખવામાં આવ્યા. જર્મની અને ફ્રાન્સ બંનેએ જનમતનો ચુકાદો સ્વીકારવાનું વચન આપ્યું હતું, તથા જર્મનીએ જો ચુકાદો પોતાની તરફેણમાં આવે, તો ફ્રાન્સને કોલસાને ખાણોના વળતર તરીકે 90 કરોડ ફ્રાન્ક આપવાનું પણ સ્વીકાર્યું હતું.

જનમત – નિર્ણયનો દિવસ (13મી જાન્યુઆરી) જેમ જેમ નજીક આવતો ગયો, તેમ તેમ સારમાં વાતાવરણ ઉત્તેજનાપૂર્ણ બનતું ગયું. જે સારવાસીઓ વિદેશ ગયા હતા તે મત આપવા માટે પાછા ફરવા લાગ્યા; જર્મનીમાં આ સમયે હિટલરનું વર્ચસ્વ હતું. તેનો પ્રચાર ઘણો જોરદાર હતો અને તેથી મોટા ભાગના સારવાસીઓ જર્મનીમાં રહેવાનું નક્કી કરશે, તે નિશ્ચિત હતું. મતદાનમાં નોંધાયેલા મતદારોમાંથી કુલ 98 ટકા મતદારોએ મત આપ્યો, જેમાંથી આશરે 90 ટકા મતો સારપ્રદેશને જર્મનીમાં ભેળવી દેવાની તરફેણમાં પડયા! પરિણામે, 1935માં સાર વિધિસર જર્મનીને સોંપી દેવામાં આવ્યું. આ રીતે સારનો વહીવટ તે રાષ્ટ્રસંઘ માટે આકરી અગ્નિપરીક્ષા સમાન નીવડ્યો, જેમાંથી તે મહદ્અંશે સફળતાપૂર્વક પાર ઊતર્યો.

### 17.6.2 ડાન્ઝિગનો વહીવટ

*પેરિસની શાંતિ પરિષદે પોલેન્ડના સ્વતંત્ર રાજ્યનું નિર્માણ કર્યું હતું, તથા તેને આર્થિક વિકાસ માટે યોગ્ય બંદર મળી રહે તે માટે જર્મનીના ડાન્ઝિગ નગરને જર્મનીથી સ્વતંત્ર બનાવી, તેને રાષ્ટ્રસંઘના વહીવટ નીચે મૂક્યું હતું; જ્યારે ડાન્ઝિગની આર્થિક વ્યવસ્થા પોલેન્ડને હસ્તક રાખવામાં આવી હતી. અલબત્ત, ડાન્ઝિગના નાગરિકો પોતાની ધારાસભા ચૂંટી શકતા હતા, પરંતુ શાસનની સર્વે સત્તાઓ રાષ્ટ્રસંઘે નીમેલા હાઈકમિશનરના હાથમાં હતી અને પોલેન્ડ તથા ડાન્ઝિગ વચ્ચેના મતભેદ કે ઝઘડાઓનો ચુકાદો તેણે જ આપવાનો હતો.*

*ડાન્ઝિગના બહુમતી નાગરિકો જર્મન હતા. તેથી તેઓ પોતાના અર્થતંત્ર ઉપર પોલેન્ડને મળેલા વર્ચસ્વથી અત્યંત નાખુશ હતા. તેને પરિણામે તે બંને વચ્ચે અનેક બાબતોમાં મતભેદ થયા કરતાં. અને પરસ્પરના સંબંધોમાં ઉત્તરોત્તર કડવાશ વધતી જતી હતી. થોડા સમય પછી પોલેન્ડે પોતાના પ્રદેશમાં આવેલા ગદિનિયા નામના નાનકડાં માછીમારોના ગામડાનો બંદર તરીકે વિકાસ કરતાં તે ડાન્ઝિગનું હરીફ બનવા લાગ્યું, તેથી પણ ડાન્ઝિગના જર્મનોનો રોષ વધી ગયો.*

*આ ઉપરાંત પેરિસની શાંતિ પરિષદે પોલેન્ડને, સમુદ્ર સુધી સ્વતંત્ર રીતે આવ-જા કરી શકાય તે માટે, જર્મનીના (પશ્ચિમ પ્રશિયા) પ્રદેશમાં ડાન્ઝિગની દક્ષિણ પશ્ચિમે, વિશ્ચુલા નદીના મુખ પાસે (તે જયાં આગળ સમુદ્રને મળે છે ત્યાં), નદીના બંને કાંઠાઓના પ્રદેશને આવરી લેતી, 280 માઈલ લાંબી અને 80 માઈલ પહોળી જમીનની પટ્ટી આપી હતી. તે 'પોલીશ ગલી' તરીકે ઓળખાતી અને તેનાથી જર્મનીના પશ્ચિમ પ્રશિયા અને પૂર્વ પ્રશિયા એવા બે ટુકડા પડી જતા હતાં. આ 'પોલીશ ગલી' ને કારણે પણ ડાન્ઝિગના જર્મનો તથા પોલેન્ડ વચ્ચેના સંબંધો અત્યંત ઉગ્ર બન્યા હતાં. આ જોતા રાષ્ટ્રસંઘનો ડાન્ઝિગનો વહીવટ બહુ સફળ થયો ગણાય નહી.*

### 17.6.3 રાષ્ટ્રસંઘની 'મેન્ડેટ' સંબંધી કામગીરી

*રાષ્ટ્રસંઘના ખરીતાની 22મી કલમમાં પરાધીન પ્રજાઓના સંબંધમાં આંતરરાષ્ટ્રીય જવાબદારીનો નવો ખ્યાલ રજૂ કરવામાં આવ્યો હતો. આ પ્રજાઓના ઉત્કર્ષ તથા આબાદીની જવાબદારી સુધરેલા અને સમૃદ્ધ દેશોની છે તેવો સિદ્ધાંત તેના પરથી પ્રતિપાદિત કરવામાં આવ્યો. પરંતુ સુધરેલા અને સમૃદ્ધ દેશોએ રાષ્ટ્રસંઘ વતી જે વહીવટી 'બોજ' વહન કરવાની જવાબદારી લીધી હતી તેની પાછળ યુદ્ધ દરમિયાન મહાસત્તાઓ વચ્ચે થયેલી કેટલીક ગુપ્ત સંધિઓ જવાબદાર હતી. બ્રિટન, ફ્રાન્સ,જાપાન અને ઈટાલી જેવી મહાસત્તાઓ જર્મનીનાં સંસ્થાનોને અને તુર્કીના પ્રદેશોને પોતાના સામ્રજ્યમાં ભેળવી દેવા માગતી હતી. આમ મેન્ડેટ પદ્ધતિ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે સામ્રાજ્યવાદી હેતુઓ સાથે આદર્શવાદના મિશ્રણના પરિણામરૂપ હતી.*

*જર્મની અને તુર્કી ના પરાજય પછી જર્મનીનાં આફ્રિકા અને દૂરપૂર્વનાં સંસ્થાનો તેમ જ તુર્કીના ઓટોમન સામ્રાજ્યના પ્રદેશો તેમની પાસેથી લઈ લેવામાં આવ્યા. પરંતુ યુદ્ધ દરમ્યાન સાથી – રાજ્યોએ આરબ પ્રજાનો ટેકો મેળવવાના હેતુથી તેમને કેટલાંક*

*વચનો આપ્યાં હતાં. વિલ્સનની જાહેરાતો મુજબ પણ સંસ્થાનો અને પરાધીન પ્રજાઓના ભાવિ અંગે જે નિર્ણય લેવામાં આવે તે ન્યાયી અને સંસ્થાનોની પ્રજાના હિતમાં હોવો જરૂરી હતો; જ્યારે બીજી બાજુ યુદ્ધ દરમ્યાન સાથી – સત્તાઓ વચ્ચે થયેલી ગુપ્ત સંધિઓ મુજબ આ પ્રદેશોની તેમની વચ્ચે વહેંચણી કરવામાં આવી હતી. આમ, હારેલી સત્તાઓના પ્રદેશો અને સંસ્થાનો અંગે એકીસાથે આત્મવિરોધી એવા ઘણા પ્રશ્નો ઉપસ્થિત થયા. પરંતુ તેનો ઉકેલ આ મેન્ડેટ પદ્ધતિ દ્વારા લાવવામાં આવ્યો.*

### 17.6.4 મેન્ડેટ પધ્ધતિ પાછળનો ખ્યાલ

*રાષ્ટ્રસંઘના આદેશ હેઠળ હારેલી સત્તાઓના પ્રદેશ અને સંસ્થાનોનો વહીવટ રાષ્ટ્રસંઘના સભ્ય – રાજ્ય દ્વારા ચલાવવાની પદ્ધતિ વિશેનો ખ્યાલ 1918માં જનરલ સ્મટ્સે આપ્યો હતો તેને ખરીતાની 22મી કલમમાં વણી લેવામાં આવ્યો. ૨૨મી કલમ મુજબ હારી ગયેલી સત્તા દ્વારા સુપરત કરવામાં આવેલા પ્રદેશો અને સંસ્થાનાોના લોકો કે જે હજી આંતરરાષ્ટ્રીય ગૂંચવાડા અને ઔદ્યોગિક ક્રાંતિને લીધે સર્જાયેલી દબાણવાળી પરિસ્થિતિમાં પોતાને પગભર ઊભા રહેવા માટે શક્તિમાન ન હતા તેમને આગળ વધેલાં રાષ્ટ્રોના રક્ષણ હેઠળ રાખવામાં આવે. આ રાષ્ટ્રો રાષ્ટ્રસંઘ વતી તેના આદેશ મુજબ વહીવટ ચલાવે અને તે માટે રાષ્ટ્રસંઘને જવાબદાર રહે. આમ, ૨૨મી કલમમાં મેન્ડેટ પદ્ધતિની જોગવાઈ કરવામાં આવી હતી પરંતુ આ પ્રદેશો અને સંસ્થાનોનો વહીવટ કઈ સત્તાને અને કેવી રીતે સુપરત કરવો તેનો ઉલ્લેખ ખરીતામાં કરવામાં આવ્યો ન હતો. પરિણામે, આ પ્રદેશોના વહીવટ અંગેની વહેંચણીની જવાબદારી મુખ્ય સત્તાઓએ યુદ્ધ દરમિયાન ની ગુપ્ત સંધિઓ મુજબ નક્કી કરી લીધી જેને રાષ્ટ્રસંઘની કાઉન્સિલે બહાલી આપી. આમ, કાઉન્સિલે 1920માં 'કાયમી મેન્ડેટ્સ કમિશન' દ્વારા આ પ્રદેશોનો વહીવટ મહાસત્તાઓને સુપરત કર્યો.*

### 17.6.5 મેન્ડેટ હેઠળના પ્રદેશોનું ત્રણ ભાગમાં વર્ગીકરણ

*રાષ્ટ્રસંઘના ખરીતામાં રાષ્ટ્રસંઘ હેઠળના આ પ્રદેશોનું વર્ગીકરણ તેમની પ્રજાઓના રાજકીય વિકાસના તબક્કા, ભૌગોલિક સ્થાન અને આર્થિક સ્થિતિને ખ્યાલમાં રાખીને કરવામાં આવ્યું અને એ રીતે આ પ્રદેશોને – અ, બ, અને ક પ્રકારમાં અનુક્રમે મૂકવામાં આવ્યા.*

### (અ) અ પ્રકારના પ્રદેશો

*અ પ્રકારના પ્રદેશોમાં તુર્કી સામ્રાજ્યની કેટલીક બિન તુર્કી પ્રજાઓના પ્રદેશોને મૂકવામાં આવ્યા. ખરીતામાં આ પ્રદેશોની પ્રજાઓને લગભગ સ્વતંત્ર રાષ્ટ્રો તરીકે તેમની સ્વીકૃતિ થાય એટલી કક્ષાના રાજકીય વિકાસના તબક્કે પહોંચેલી પ્રજાઓ તરીકે ગણવામાં આવી. ખરીતામાં એ સ્પષ્ટતા પણ કરવામાં આવી કે રાજકીય વિકાસની દષ્ટિએ આ પ્રજાઓ લગભગ સ્વતંત્ર થવાની અણી ઉપર આવેલી હોવાથી જ્યાં સુધી તેઓ સંપૂર્ણ*

*સ્વાવલંબી ન થાય ત્યાં સુધી તેમને વહીવટી સલાહ અને સહાય આપનાર મેન્ડેન્ટરી સત્તા ( રાષ્ટ્રસંઘના આદેશ મુજબ વહીવટ ચલાવનાર સત્તા)ની પસંદગી પણ આ પ્રજાઓ પોતે જ કરશે. પરંતુ હકીકતમાં રાષ્ટ્રસંઘે મેન્ડેટરી સત્તાની પસંદગી અંગે આ પ્રજાઓની ઈચ્છા જાણવાનો પ્રયાસ જ કર્યો ન હતો કારણ કે યુદ્ધ દરમિયાનની ગુપ્ત સંધિઓ મુજબ એ આરબ પ્રદેશોનું ભાવિ નક્કી કરવામાં આવ્યું હતું. આમ, 1920માં સાન રીમો ખાતે ભરવામાં આવેલી પરિષદમાં બ્રિટનને ઈરાક, પેલેસ્ટાઈન અને ટ્રાન્સજોર્ડનના પ્રદેશના વહીવટ માટેની જવાબદારી આપવામાં આવી. ફ્રાન્સને સીરિયા તથા લેબેનનના પ્રદેશ સુપરત કરવામાં આવ્યા. 1932માં ઈરાક, 1941માં સીરિયા તથા લેબેનન, 1946માં ટ્રાન્સજોર્ડન અને 1948માં ઇઝરાયલ (પેલેસ્ટાઈન ) સ્વતંત્ર થતાં મેન્ડેટરી સત્તા તરીકે બ્રિટન અને ફ્રાન્સના આ પ્રદેશો પરના વહીવટનો અંત આવ્યો.*

**(બ) બ પ્રકારના પ્રદેશો**

*બ પ્રકારના પ્રદેશોમાં મધ્ય આફ્રિકાનાં જર્મન સંસ્થાનોનો સમાવેશ થતો હતો. આ પ્રદેશના લોકો વિકાસના એ તબક્કામાં હતા કે તેમના રક્ષણની વિશિષ્ટ જવાબદારી વહીવટ ચલાવનાર મેન્ડેટરી સત્તાને આપવામાં આવી હતી. જાહેર વ્યવસ્થા અને નૈતિકતાને ખ્યાલમાં રાખીને આ પ્રદેશોની પ્રજાની ધાર્મિક સ્વતંત્રતા જાળવવા ઉપરાંત દારૂ અને ગુલામીના વ્યાપાર જેવી બદીઓથી આ પ્રજાને મુક્ત કરવાની જવાબદારી મેન્ડેટરી સત્તાની હતી. વળી મેન્ડેટરી સત્તા આ પ્રદેશોમાં કાયદો, વ્યવસ્થા અને સંરક્ષણના હેતુ સિવાય લશ્કરી થાણાં કે નૌકા મથકો સ્થાપી ન શકે તે સાથે મેન્ડેટરી સત્તાને સૂચના આપવામાં આવી હતી કે રાષ્ટ્રસંઘના બધા સભ્યોને આ પ્રદેશોમાં વ્યાપાર - ધંધા માટે સમાન સુવિધા આપે.*

*બ પ્રકારના પ્રદેશોમાં પણ મુખ્યત્વે બ્રિટન તથા ફ્રાન્સને જ વહીવટી જવાબદારી સુપરત કરવામાં આવી. જે મુજબ બ્રિટનને ટાંગાનિકા, કેમેરુન્સનો છઠ્ઠો ભાગ અને ટોગોલેન્ડના ત્રીજા ભાગનો પ્રદેશ આપવામાં આવ્યો. ફ્રાન્સને બાકીનો ટોગોલેન્ડ અને કેમેરુન્સનો પ્રદેશ મળ્યો. બેલ્જિયમને રુઆન્ડા – ઉરન્ડીનો પ્રદેશ આપવામાં આવ્યો.*

**(ક) ક પ્રકારના પ્રદેશો**

*ક પ્રકારના પ્રદેશોમાં દક્ષિણ – પશ્ચિમ આફ્રિકા અને દક્ષિણ પેસિફિક વિસ્તારના કેટલાક ટાપુઓનો સમાવેશ થતો હતો. જૂજ વસ્તીવાળા.નાનું ક્ષેત્રફળ ધરાવતા અને સુધરેલી દુનિયાથી દૂર આવેલા આ પ્રદેશોની પ્રજાની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક ક્ષેત્રના રક્ષણની જવાબદારી મેન્ડેટરી સત્તા પર નાખવામાં આવી હતી. વળી આ પ્રદેશો ભૌગોલિક દષ્ટિએ જે મેન્ડટરી સત્તાના પ્રદેશ નજીક હોય તે મેન્ડેટરી સત્તાના પ્રદેશના અંતર્ગત ભાગ તરીકે તેના કાયદા મુજબઆ પ્રદેશોનો વહીવટ ચાલે તે પ્રકારની સૂચના રાષ્ટ્રસંઘે આ મેન્ડેટરી સત્તાઓને આપી હતી. મેન્ડેટ પધ્ધતિ હેઠળના ક પ્રદેશોમાં મેન્ડેટરી*

*સત્તા બીજા રાષ્ટ્રોને વ્યાપારને લગતી સમાન સુવિધા આપવાની ન હતી. પ્રકારના પ્રદેશોમાં દક્ષિણ આફ્રિકાના સંઘ રાજયને દક્ષિણ-પશ્ચિમ આફ્રિકાનો જર્મન સંસ્થાનોનો પ્રદેશ આપવામાં આવ્યો. પેસિફિક વિસ્તારમાં જર્મન સામોઆ નામનો ટાપુ ન્યુઝીલેન્ડને મળ્યો. ૯ ચો. માઈલના વિસ્તારવાળો નોરા ટાપુ બ્રિટન, ઓસ્ટ્રેલિયા અને ન્યુઝીલેન્ડના સંયુક્ત વહીવટ હેઠળ રાખવામાં આવ્યો. વિષુવવૃત્તની દક્ષિણે આવેલા બાકીના જર્મન ટાપુઓ ઓસ્ટ્રેલિયાને આપવામાં આવ્યાં. વિષુવવૃત્તની ઉત્તરે આવેલા જર્મન પેસેફિક ટાપુઓ જાપાનને સુપરત કરવામાં આવ્યાં.*

*આમ, મેન્ડેટ પધ્ધતિ હેઠળ બ્રિટનને* 1,77,83,400*ની વસ્તીવાળા અને* 5,50,016 *ચો. માઈલના વિસ્તારવાળા પ્રદેશો મળ્યા. ફ્રાન્સને* 69,20,000 *વસ્તીવાળા અને* 2,65,602 *ચો. માઈલ જેટલા વિસ્તારવાળા પ્રદેશો મળ્યાં.*

**તમારી પ્રગતિ ચકાસો** (ક)

1. **ખાલી જગ્યા પૂરો**
    1. *રાષ્ટ્રસંઘની સ્થાપના* ___________________ *માં થઈ.*
    2. *રાષ્ટ્રસંઘના સભ્યપદની સંખ્યા ઈ.સ.* 1935 *માં* ______ *હતી.*
    3. 1924-25 *માં* ________ *નામના પરગણા પર તુર્કી અને ઈરાકના દાવાને લીધે સંઘર્ષ ઉભો થયો હતો.*
    4. ______________ *ના પ્રમુખપણા હેઠળ નિર્વાસિતો પ્રજા પ્રશ્નો હલ કરવા માટે એક સમિતિની રચના થઈ.*
    5. *રાષ્ટ્રસંઘની 'આરોગ્ય સંસ્થા' ની સ્થાપના* ___________ *માંથઈ.*
2. *રાષ્ટ્રસંઘના હેતુંઓ જણાવો.*

_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________

3. *રાષ્ટ્રસંઘની આરોગ્ય વિષયક પ્રવૃતિઓ ચર્ચો.*

_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________
_______________________________________________________________

## 17.7 રાષ્ટ્રસંઘની નિષ્ફળતાઓ

### 17.7.1 મંચુરિયા પર જાપાનીસ આક્રમણ

*રાષ્ટ્રસંઘની સામૂહિક સુરક્ષા પદ્ધતિમાં પ્રથમ ગાબડું 1931માં પડ્યું. સપ્ટેમ્બર, 1931માં જાપાને પોતાની સામ્રાજ્યવાદી ભૂખ સંતોષવા માટે મંચુરિયા પર આક્રમણ કર્યું અને દક્ષિણ મંચુરિયન રેલવેના મુખ્ય મથક મુકડનનો કબજો લીધો. જાપાને તે માટે એ બહાનું આપ્યું કે ચીની લશ્કરે દક્ષિણ મંચુરિયન રેલવેના પાટાને ઉડાડી દેવાનો પ્રયાસ કર્યો હતો. તેથી દક્ષિણ જાપાને મુકડન શહેરની ઉત્તરે આવેલાં બીજાં શહેરો પર પણ કબજો જમાવ્યો. નવેમ્બર 1931 સુધીમાં જાપાને ઉત્તર મંચુરિયામાં પોતાનો અંકુશ મજબૂત કર્યો. ચીને તરત જ રાષ્ટ્રસંઘની કાઉન્સિલને પગલાં લેવા માટે વિનંતી કરી. કાઉન્સિલે 30મી સપ્ટેમ્બરે ઠરાવ દ્વારા જાપાનને લશ્કરી દળો પાછાં ખેંચી લેવા અનુરોધ કર્યો છતાં પણ જાપાનનું આક્રમણ ચાલુ જ રહ્યું. રાષ્ટ્રસંઘ જાપાનના વિરોધને લીધે તેની સામે પગલાં લેવામાં નિષ્ક્રિય રહ્યો. છેવટે રાષ્ટ્રસંઘે લોર્ડ લિટનના અધ્યક્ષપદે એક તપાસ પંચ નીમ્યું. આ તપાસપંચ પોતાનો અહેવાલ આપે તે પહેલાં તો જાપાને મંચુરિયા જીતી લીધું અને ફેબ્રુઆરી, 1933માં મંચુકુઓ નામના નવા મંચુરિયાના પ્રજાસત્તાકની જાહેરાત કરી. આ વખતે રાષ્ટ્રસંઘના કેટલાક સભ્યોએ અને યુ.એસ.એ.એ ચીન તરફ સહાનુભૂતિ જાહેર કરી. યુ.એસ.એ.ના વિદેશમંત્રી સ્ટમ્સને જાપાનની જીતને સ્વીકૃતિ ન આપવાનો સિદ્ધાંત જાહેર કર્યો અને રાષ્ટ્રસંઘે તેનો સ્વીકાર કર્યો. પરંતુ જાપાન સામે કડક પગલાં લેવા માટે રાષ્ટ્રસંઘે કોઈ પ્રયાસ ન કર્યો. લિટન તપાસપંચે તેનો અહેવાલ નવેમ્બર, 1932માં આપ્યો. એ મુજબ ચીનમાં મંચુરિયાને અલગ સ્વાયત્ત પ્રદેશ રચવાની ભલામણ કરવામાં આવી અને જાપાનના મંચુરિયા પરના આક્રમણનો સ્વીકાર કરવામાં આવ્યો. 1933માં રાષ્ટ્રસંઘની એસેમ્બલીએ આ અહેવાલની ભલામણનો સ્વીકાર કર્યો અને જાપાનીઝ આક્રમણને વખોડી કાઢ્યું. તેથી જાપાનીઝ પ્રતિનિધિએ જાપાનના રાષ્ટ્રસંઘના સભ્યપદના ત્યાગની જાહેરાત કરી. આમ, મંચુરિયાનો બનાવ રાષ્ટ્રસંઘને આંચકો આપનાર પ્રથમ બનાવ હતો. 1933 પછી ઈટાલી અને જર્મની એ આક્રમક નીતિને અંકુશમાં મૂકવા માટે રાષ્ટ્રસંઘને મજબૂત બનાવવાના પ્રયાસ કર્યો પરંતુ પશ્ચિમી સત્તાઓએ તે તરફ પૂરતું ધ્યાન આપ્યું નહીં.*

### 17.7.2 એબિસીનિયા પર ઈટાલીનું આક્રમણ

*1935માં ઈટાલી એ એબિસીનિયા પર આક્રમણ કર્યું. એબિસીનિયા પણ રાષ્ટ્રસંઘનું સભ્ય હતું. એબિસીનિયાએ ઈટાલીના ખુલ્લા આક્રમણ પહેલાં 1934માં વાલવાલના સરહદી સંઘર્ષ વખતે ખરીતાની 11મી કલમ હેઠળ રાષ્ટ્રસંઘને મદદ કરવા વિનંતી કરી, પરંતુ આ વખતે હિટલરની વધતી જતી તાકાત પર નિયંત્રણ મૂકવાના ઈરાદાથી ફ્રાન્સ તથા બ્રિટનને મુસોલિનીના સહકારની જરૂર હોવાથી તેઓ ઈટાલીને અસંતુષ્ટ બનાવવા તૈયાર ન હતાં. પરંતુ 1935થી ઈટાલીના એબિસીનિયા પરના આક્રમણમાં વધારો થતાં રાષ્ટ્રસંઘની કાઉન્સિલે માર્ચ, 1935માં સમાધાન અને લવાદ માટે એક કમિશન નીમ્યું. સપ્ટેમ્બર, 1935માં આ કમિશને અહેવાલ પ્રગટ કર્યો. એ મુજબ*

*બંને પક્ષોમાંથી કોઈ પણ પક્ષ આ બનાવ માટે દોષિત ન હતો. આમ, ઈટાલીને આ કમિશનના અહેવાલથી ઉત્તેજન મળ્યું. ત્યાર પછીના રાષ્ટ્રસંઘના બધા પ્રયાસોને ઈટાલીએ નિષ્ફળ બનાવ્યા. તેથી ખરીતાની* 16*મી કલમ હેઠળ રાષ્ટ્રસંઘે તેના બાવન જેટલા સભ્યોના ટેકાથી ઈટાલી સાથે આર્થિક સંબંધો તોડી નાખીને શસ્ત્રસામગ્રીની આયાત પર પ્રતિબંધ જાહેર કર્યો પરંતુ યુ.એસ.એ. સહિત બ્રિટન અને ફ્રાન્સ ઈટાલીને પોતાનું દુશ્મન બનાવવા માગતાં ન હતાં. આમ, એબિસીનિયા જેવા નિ:સહાય રાષ્ટ્રની રાજકીય સ્વતંત્રતા અને પ્રાદેશિક અખંડિતતા ટકાવવા માટે રાષ્ટ્રસંઘે ગંભીરતાપૂર્વક પ્રયાસ જ ન કર્યો. સ્વતંત્ર રાષ્ટ્ર તરીકે એબિસીનિયાના વિલીનીકરથ સાથે શાંતિ ટકાવવાની સંભાવના ઘટી તે સાથે રાષ્ટ્રસંઘનો મૃત્યુંઘંટ પણ વાગી ચૂક્યો. ૧૯૩૬માં ઈટાલીએ એબિસીનિયાની જીત પૂરી કરી અને ઈટાલીના રાજાને એબિસીનિયાના સમ્રાટ તરીકે જાહેર કર્યો (મે,* 1936*).*

**17.7.3 સ્પેનનો આંતરવિગ્રહ**

*રાષ્ટ્રસંઘની સામૂહિક સુરક્ષાના માળખાને નબળું પાડવા માટે બ્રિટન અને ફ્રાન્સ જેવી મહાસત્તાઓ પણ જવાબદાર હતી. તેમણે હિટલરના ભયથી ઈટાલી તરફ તુષ્ટીકરણની નીતિ અપનાવી અને રાષ્ટ્રસંઘનું મહત્ત્વ ઘટાડ્યું. આમ, જ્યારે રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠામાં ઓટ આવી હતી તે વખતે જ સ્પેનમાં આંતરવિગ્રહ શરૂ થયો. સ્પેનની પ્રજાસત્તાક સરકાર સામે* 1936*માં જનરલ ફ્રાન્કોના નેતૃત્વ હેઠળ બળવો થયો. સ્પેનનાં આ ફાસીવાદી તત્ત્વોને મુસોલિની અને હિટલરે સંપૂર્ણ ટેકો આપ્યો. સ્પેનના પ્રજાસત્તાક તંત્રે રાષ્ટ્રસંઘને આ આંતરવિગ્રહમાં દરમિયાનગીરી માટે વિનંતી કરી પરંતુ બ્રિટન તથા ફ્રાન્સે આ બાબતમાં નિષ્ક્રિયતાની નીતિ અપનાવી હોવાથી રાષ્ટ્રસંઘ પણ મૂંગો જ રહ્યો. આ વખતે સોવિયેટ રશિયાએ રાષ્ટ્રસંઘને સ્પેનના આંતરવિગ્રહમાં દરમિયાનગીરી કરવા માટે અનુરોધ કર્યો અને તેણે સ્પેનના પ્રજાસત્તાક તંત્રને સક્રિય ટેકો આપ્યો. આ વખતે બ્રિટન અને ફ્રાન્સના પ્રયાસથી સ્પેનની આંતરિક બાબતમાં દરમિયાનગીરી ન કરવા માટેની એક આંતરરાષ્ટ્રીય કમિટી રચવામાં આવી અને આંતરયુદ્ધમાં સામેલ થનાર બંને પક્ષોની શસ્ત્રસામગ્રીની આયાત પર પ્રતિબંધ મૂકવામાં આવ્યો. હકીકતમાં પશ્ચિમી સત્તાઓને સ્પેનમાં સામ્યવાદના ફેલાવાની બીક હોવાથી તેમણે પરોક્ષ રીતે ઈટાલી અને જર્મની દ્વારા જનરલ ફ્રાન્કોને મળતા ટેકાનો વિરોધ ન કર્યો. સ્પેનની બાબતમાં બિનદરમ્યાનગીરીને કમિટીની સ્થાપના થયા પછી પણ પ્રજાસત્તાક તંત્રને મળતી બધી મદદ બંધ થઈ. આમ, પશ્ચિમી સત્તાઓની ફાસીવાદી સત્તાઓ તરફની તુષ્ટીકરણની નીતિને લીધે છેવટે જનરલ ફ્રાન્કોનો વિજ્ય થયો પરંતુ રાષ્ટ્રસંઘ આ બાબતમાં તદ્દન નિષ્ક્રિય રહ્યો. તે સાથે રાષ્ટ્રસંઘની પ્રતિષ્ઠા પણ નષ્ટ થઈ.*

1937*માં જાપાને ચીનના પ્રદેશો પર વ્યાપક પ્રમાણમાં આક્રમણ શરૂ કર્યું. આ વખતે ચીને રાષ્ટ્રસંઘને મદદ માટે વિનંતી કરી પરંતુ રાષ્ટ્રસંઘે શાંતિ જાળવવા માટે ઠરાવો*

*પસાર કર્યા સિવાય કંઇ ન કર્યું. આમ, ફાસીવાદી આક્રમણ સામે રાષ્ટ્રસંઘે મૌન ધારણ કર્યું. 1939માં જનરલ ફ્રાન્કોએ સ્પેન પર પોતાનો અંકુશ સંપૂર્ણ બનાવ્યો અને હિટલરે પોલેન્ડ પર આક્રમણ કર્યું. આ વખતે રાષ્ટ્રસંઘના અસ્તિત્વની પણ કોઇને ચિંતા ન હતી. જો કે નવેમ્બર,1939માં જ્યારે રશિયાએ ફિનલેન્ડ પર આક્રમણ કર્યું તે વખતે બ્રિટન અને ફ્રાન્સના ટેકાથી રાષ્ટ્રસંઘે રશિયાને સભ્યપદેથી બરતરફ કર્યું ( ડિસેમ્બર 1939); પરંતુ તે બુઝાતા દીવાના છેલ્લા પ્રકાશ જેવુ હતું. 8 એપ્રિલ, 1946ને દિવસે રાષ્ટ્રસંઘની છેલ્લી બેઠક મળી. હજી પણ તેના સભ્યોની સંખ્યા 34 જેટલી હતી. 18મી એપ્રિલે એસેમ્બલીમાં જાહેર કરવામાં આવ્યું કે 19મી એપ્રિલ,1946થી રાષ્ટ્રસંઘનો અંત આવે છે.*

*આમ, રાજકીય પ્રશ્નોને હલ કરવા માટે રાષ્ટ્રસંઘ નિષ્ફળ ગયો. તે છતાં રાષ્ટ્રસંઘ પાછળના વિશ્વશાંતિ અને આંતરરાષ્ટ્રીય સહકારના ખ્યાલનું મહત્ત્વ તો રાષ્ટ્રસંઘના અંત પછી પણ એટલું જ રહ્યું. વાટાઘાટ દ્વારા આંતરરાષ્ટ્રીય પ્રશ્નને હલ કરવાનું કાર્ય કેટલું દુષ્કર છે તેનો ખ્યાલ માનવજાતને પહેલી વખત થયો. હજી દુનિયાનાં રાષ્ટ્રો નવા સિદ્ધાંતો મુજબ પોતાના પ્રશ્નો હલ કરવાનું શીખ્યાં ન હતાં; પરંતુ તેનું બીજું પરિણામ એ આવ્યું કે દુનિયાનાં રાષ્ટ્રોએ ભ્રામક આદર્શવાદને બદલે તેમની વાસ્તવિક મર્યાદાનો સ્વીકાર કર્યો. આમ, આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે લોકશાહીનો સિદ્ધાંત અપનાવવાનો રાષ્ટ્રસંઘ દ્વારા જે પ્રયાસ કરવામાં આવ્યો તેમાં નિષ્ફળતા મળ્યા છતાં પણ માનવજાત આંતરરાષ્ટ્રીય વ્યવહારમાં એક ડગ આગળ વધી.*

**તમારી પ્રગતિ ચકાસો (ખ)**

1. *નીચેના વિધાન સાચાં (✓) અથવા ખોટાં(×) છે તેની નિશાની કરી જણાવો.*
   1. *જાપાને મંચુરિયા પર ઇ.સ.1930 માં આક્રમણ કર્યું.* ( )
   2. *સ્પેનની પ્રજાસ્તાક સરકાર સામે 1936માં જનરલ ફ્રાન્કોની આગેવાની હેઠળ બળવો કર્યો.* ( )
   3. *રાષ્ટ્રસંઘ સરપ્રદેશનો વહીવટ સંભાળ્યો હતો.* ( )

2. *ઇટલીએ એલિસીનીયા પર શા માટે આક્રમણ કર્યું ?*

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

3. *સ્પેનમાં આંતરવિગ્રહ કયા કારણોસર થયો ? સમજાવો*

____________________________________________________________

____________________________________________________________

____________________________________________________________

## 17.8 સારાંશ

*આ એકમમાં તમે જોયુ ને....*

1. *કેવા સંજોગો વિશ્વયુદ્ધ બાદ વિશ્વમાં યુદ્ધ અટકાવવા માટે અને શાંતિ – સલામતીનું વાતાવરણ ઉભુ કરવા માટે પ્રયત્નો થયા તે જોઈ શકાયું.*
2. *જે હેતુંસર રાષ્ટ્રસંઘની રચના થઈ હતી તેમાં તેને કેટલાક અંશે સફળતા મળી હતી.*
3. *યુરોપના રાષ્ટ્રોની સ્વાર્થ વૃતિને કારણે કેટલીક બાબતોમાં રાષ્ટ્રસંઘ નિષ્ફળ ગયો હતો તે જોઈ શકાશે.*
4. *રાષ્ટ્રસંઘે યુરોપમાં સામાજિક સમસ્યાઓ જેમાં ખાસ કરીને ગુલામના વેપારને રોકવામાં સફળ રહ્યો. આરોગ્ય ક્ષેત્રે સારી કામગીરી બજાવીને યુરોપના રાષ્ટ્રોના નાગરિકોને જીવલેણ બિમારીથી બચાવી શકાયું હતું.*

## 17.9 ચાવીરૂપ શબ્દો (Key Words)

5. *સ્ખતપત્ર : બંધારણ*
6. *વર્સાઈની સંધિ : પ્રથમ વિશ્વયુદ્ધ બાદ હારેલા રાષ્ટો સાથે કરવામાં આવેલ સંધિ.*
7. *મંચુરિયા : ચીનનો એક પ્રદેશ.*
8. *આંતરવિગ્રહ : જેતે રાષ્ટ્રની સ્થાનિક સરકાર સામે પડકાર ફેકવો ( બળવો )*
9. *મેન્ડેટ : હારેલી સત્તાઓના પ્રદેશ અને વહીવટ ચલાવવાની પધ્ધતિ એટલે મેન્ડેટ.*

## 17.10 તમારી પ્રગતિ ચકાસોના જવાબો

1. *(ક)*

(1) 10 *જાન્યુઆરી*, 1920 (2) 62 *(૩) મોસલ* (4) *ડો.નાન્સેન*
(5) 1923

2. *જુઓ પાન નંબર............*
3. *જુઓ પાન નંબર............*

*તમારી પ્રગતિ ચકાસો*

1. *(ખ)*

(1) × (2) ✓ (3) ✓

2. *જુઓ પાન નંબર…………*

3. *જુઓ પાન નંબર…………*

## 17.11 સંદર્ભ પુસ્તકો


- *દેવેન્દ્ર.વૃ.ભટ્ટ - 'યુરોપનો ઈતિહાસ', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *આર.એલ. રાવલ - 'આંતરાષ્ટ્રીય સબંધો, ભાગ*-1, (1901 *થી* 1945)*, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *આર.બી. દેસાઈ – 'આંતરરાષ્ટ્રીય સબંધો* (1870 *થી* 1914)*, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- *રાજેશભાઈ ડી. જોશી – 'આંતરરાષ્ટ્રીય સંગઠન', યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ*
- Thompson,Devid,History of Europe,Since Nopolean.
- Gokhale B. K. History of Modern World (1900-1960) Himalay, publishing House, (Bombay, Delhi, Nagalpur)
- *દિનાનાથ વર્મા – 'આધુનિક યુરોપ કા ઈતિહાસ', જ્ઞાનદા પ્રકાશન, નઈ દિલ્લી.*

BAOU
Education
for All

## યુનિવર્સિટી ગીત

સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ
સ્વાધ્યાયઃ પરમં તપઃ

શિક્ષણ, સંસ્કૃતિ, સદ્‌ભાવ, દિવ્યબોધનું ધામ
ડૉ. બાબાસાહેબ આંબેડકર ઓપન યુનિવર્સિટી નામ;
સૌને સૌની પાંખ મળે, ને સૌને સૌનું આભ,
દશે દિશામાં સ્મિત વહે હો દશે દિશે શુભ-લાભ.

અભણ રહી અજ્ઞાનના શાને, અંધકારને પીવો ?
કહે બુદ્ધ આંબેડકર કહે, તું થા તારો દીવો;
શારદીય અજવાળા પહોંચ્યાં ગુર્જર ગામે ગામ
ધ્રુવ તારકની જેમ ઝળહળે એકલવ્યની શાન.

સરસ્વતીના મયૂર તમારે ફળિયે આવી ગહેકે
અંધકારને હડસેલીને ઉજાસના ફૂલ મહેંકે;
બંધન નહીં કો સ્થાન સમયના જવું ન ઘરથી દૂર
ઘર આવી મા હરે શારદા દૈન્ય તિમિરના પૂર.

સંસ્કારોની સુગંધ મહેંકે, મન મંદિરને ધામે
સુખની ટપાલ પહોંચે સૌને પોતાને સરનામે;
સમાજ કેરે દરિયે હાંકી શિક્ષણ કેરું વહાણ,
આવો કરીયે આપણ સૌ
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ...
દિવ્ય રાષ્ટ્ર નિર્માણ...
ભવ્ય રાષ્ટ્ર નિર્માણ

**DR. BABASAHEB AMBEDKAR OPEN UNIVERSITY**
(Established by Government of Gujarat)
'Jyotirmay' Parisar,
Sarkhej-Gandhinagar Highway, Chharodi, Ahmedabad-382 481
**Website : www.baou.edu.in**